Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) • समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ સપ્ટેમ્બર : ૨૦૨૫ અંક : ૩ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




greenfibre

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Gandhidham • Gandhinagar • Godhra
Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan
Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra greenfibre.com | jadeblue.com

समानो मन्त्रः (ઋગ્વેદ) | समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ | સપ્ટેમ્બર : ૨૦૨૫ | અંક : ૩

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી** પ્રમુખ | **યોગેશ જોષી** ઉપપ્રમુખ | **સમીર ભટ્ટ** મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ**– ૨૦ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **બે ગઝલ** – હર્ષ બ્રહ્મભટ્ટ, ૮ ● **એક અછાંદસ** – ઈશાન દોશી, ૯ ● **બે ગઝલ** – વિકી ત્રિવેદી, ૧૦ ● **ગઝલ** – આબિદ ભટ્ટ, ૧૧ ● **ગીત** – વિનોદ ગાંધી, ૧૧ ● **ગઝલ** – પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ, ૧૧ ● **બે કાવ્ય** – વિરલ શુક્લ, ૧૨ ● **પાંચ ગઝલ** – ચંદ્રેશ મકવાણા 'નારાજ', ૧૩ ● **બે ગઝલ** – દિનેશ ડોંગરે "નાદાન", ૧૫, ● **અછાંદસ** હીરલ વ્યાસ 'વાસંતીફૂલ', ૧૫ ● **અછાંદસ** – હર્ષદ દવે, ૧૬ ● **ગઝલ** – રીના વિ. પરીખ, ૧૭ ● **ગઝલ** – સુધીર પટેલ, ૧૭

◈ **અનૂદિત કવિતા :**

● **'ઋચાની કવિતા'** – પ્રતિભા કટિયાર, અનુવાદ : દીપક રાવલ, ૧૮

◈ **ટૂંકી વાર્તા :**

● **કંઈ બચ્યું નથી!** – રઈશ મનીઆર, ૧૯

● **હાથ કરતી સ્ત્રી** – ધર્મેશ ગાંધી, ૨૮

● **સ્પાઈડર મેન** – પ્રવીણ સરવૈયા, ૩૪

◈ **લઘુકથા :**

● **સંતોષ** – પંકજ ત્રિવેદી, ૪૦

◈ **નિબંધ :**

● **વટેમાર્ગુ** – રાઘવજી માધડ, ૪૧

◈ **અભ્યાસ :**

● **ન સંભળાતા અવાજોને ઝીલતી કવિતા** – પ્રવીણ પંડ્યા, પ્રતિષ્ઠા પંડ્યા, ૪૬

● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી - ૭ (સાહિત્યવિશેષ : માલાર્મે)** – સુમન શાહ, ૫૭

◈ **સર્જક સાથે સંવાદ :**

● **કવિ રાજેશ પંડ્યા સાથે વાતચીત : 'મેં માંગ્યું'તું પાણી તેને બદલે આપી વાણી'** – અજય સરવૈયા, ૬૩

◈ **સર્જકનાં સગડ :**

● **લાઠી : યાદી ભરી ક્યાં આપની?** – લલિત ખંભાયતા, ૭૩

◈ **રસદર્શન :**

● **વીજળીના ચમકારે - ૮** – દર્શના ધોળકિયા, ૭૬

◈ **અંજલિ :**

● **...ને પડદો પડે છે : અલવિદા, રતન થિયમ** – અજય રાવલ, ૭૮

● **ક્ષેત્રકાર્યના પ્રવાસી ડૉ. શાંતિભાઈ આચાર્ય** – પિંકી પંડ્યા, ૮૧

◈ **સંપાદકીય :**

● **.........તો પછી કિમ વાચવ્યમ્?** – કિરીટ દૂધાત, ૮૫

● **સાભાર સ્વીકાર** – ૮૭

● **પરિષદવૃત્ત** - ઇતુભાઈ કુરકુટિયા, ૮૮

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૨

● **આ અંકના લેખકો** – ૯૬

◈ **આવરણ ચિત્ર :** Dushyant Patel-Pipal-Oil on canvas-72 x 60 inches-2022

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

## પ્રમુખીય

# મથામણ – ૨૧

હર્ષદ ત્રિવેદી

આપણે સહુ જાણીએ છીએ કે - ગુજરાતી સાહિત્ય પરિષદ, સ્વૈચ્છિક અને સ્વાયત્ત સંસ્થા છે. છેલ્લાં એક સો વીસ વર્ષથી, એને નભાવવાની અને કાર્ય કરતી રાખવાની જવાબદારી હરકોઈ ભાષા-સાહિત્યપ્રેમીએ ઉપાડીને એની બનતી સેવા કીધી છે. ગરવી ગુજરાત આ વાત ખૂબ સારી રીતે સમજે છે. વખતોવખત પરિષદના ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોના પ્રયત્નોને કારણે, થોડુંઘણું વહેલુંમોડું થાય તોપણ કોઈ મહત્ત્વનું કાર્ય અટક્યું નથી. એનો યશ ઉમદા શ્રેષ્ઠીઓ અને શબ્દપ્રેમી દાતાઓને જાય છે. આપણી અપીલને પણ પ્રમાણમાં ઘણો સારો પ્રતિસાદ મળતો રહ્યો છે.

હમણાં આપણને ભાવક શ્રેષ્ઠ અને મુક્તહસ્ત સાહિત્યરસિક શ્રી રોહિતભાઈ બોડીવાલા તરફથી 'પરબ'ના પ્રકાશન માટે રૂપિયા એકાવન હજારનું બિનશરતી દાન પ્રાપ્ત થયું એનો આનંદ છે. રોહિતભાઈ સાથેની અનૌપચારિક વાતચીતમાં એમણે જણાવ્યું કે ગુજરાતીમાં કાવ્યાસ્વાદની પ્રવૃત્તિને વિકસાવવી જોઈએ. એમનો ઇશારો સ્પષ્ટ હતો કે ઘણી ઉત્તમ કવિતાઓમાં રહેલું કાવ્યતત્ત્વ અને કેટલીક માર્મિકતાઓ સામાન્ય ભાવક સુધી ક્યારેક પહોંચતી નથી, અથવા એને સમજવાની સજ્જતા બધા ભાવકોમાં કદાચ ન પણ હોય. આપણે ત્યાં ઘણાં સામયિકોમાં કાવ્યાસ્વાદો પ્રગટ થતા હોય છે. ઉમાશંકર જોશી અને સુરેશ હ. જોષીથી માંડીને અનેક વિદ્વાનોએ આવા કાવ્યાસ્વાદોને મહત્ત્વ આપ્યું છે. 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' (સં. સુરેશ હ. જોષી), 'અર્વાચીન ગુજરાતી કાવ્ય-સંપદા : આસ્વાદો' (સં. મધુસૂદન કાપડિયા) વગેરે પુસ્તકો જાણીતાં છે. વિમલ દવે, રાજેશ વ્યાસ 'મિસ્કીન', ઉદયન ઠક્કર, સંજુ વાળા, અશોક ચાવડા, હરદ્વાર ગોસ્વામી, શોભિત દેસાઈ, અંકિત ત્રિવેદી, લતા હિરાણી અને આર.પી. જોશી જેવાં કેટલાંક અભ્યાસીઓ પોતાના બ્લોગમાં કે અખબારી કૉલમમાં પણ કાવ્યાસ્વાદો કરાવતાં હોય છે. મારાં પોતાનાં પણ બે પુસ્તકો 'કાવ્યાસ્વાદ' (સંપાદન) અને 'કંકુચોખા' નામે પ્રગટ થયાં છે.

ચર્ચાગોષ્ઠિઓમાં ઘણી વાર કેટલાક કવિઓ પૂછતા હોય છે કે 'મારી ફલાણી કવિતા કેમ પસંદ ન પડી? શું ખૂટે છે એમાં?' છંદોલયની દૃષ્ટિએ બધું બરાબર હોય તોપણ કાવ્યમાં શું ખૂટે છે એ આંગળી ચીંધીને બતાવી શકાય એવી બાબત નથી. તો સામે પક્ષે, શું ઉમેરવાથી કવિતા પૂર્ણત્વને પામે એ બતાવવાથી પણ કોઈ વાત બનતી નથી. ક્યારેક કવિતા કવિના ચિત્તમાં પૂરેપૂરો આકાર ધારણ કરતી હોય છે તો ક્યારેક રચાતાં રચાતાં જ સૌન્દર્યમંડિત આકાર સુધી પહોંચતી હોય છે. બહુ અટપટી હોય છે કાવ્યસર્જનની પ્રક્રિયા! આ સિવાય પણ આપણે ન જાણતા હોઈએ એવી જુદી જુદી રચનારીતિ હોઈ શકે. કવિએ

કવિએ ને કાવ્યે કાવ્યે, અકલ્પ્ય એવી ચૈતસિક-સાહિત્યિક યુક્તિ-પ્રયુક્તિઓનો વિનિયોગ એમાં થતો હોય છે. વળી, એવું પણ ખરું કે ઉત્તમ કવિતા એક વાર રચાઈ જાય પછી એમાંનો એક શબ્દ પણ આઘોપાછો ન થઈ શકે. ખુદ કવિ ધારે તોય એમાં વિક્ષેપથી વિશેષ કશું ઉમેરી ન શકે. એટલે ઉત્તમ કવિતા એ કે જે અ-ખંડ અને પૂર્ણનો અનુભવ કરાવે. પછી એનો વિષય ભલે કોઈ પણ હોય, છંદોલય-અલંકારો ઇત્યાદિ જુદા જુદા પ્રકારના હોય. કાવ્યાનુભવ પણ એક અર્થમાં સાચો જવાબ નથી, કેમ કે કાવ્યે કાવ્યે ને ભાવકે ભાવકે એનો અનુભવ જુદેરો હોઈ શકે! ટૂંકમાં કવિતા એ આસ્વાદનો, પંચેન્દ્રિયથી પામવાનો વિષય છે. રચનાના કવિ કરતાં આસ્વાદકને કંઈ જુદું જ દેખાય એ પણ શક્ય છે. અલબત્ત એનાં કારણો કાવ્યમાં ને આસ્વાદકની મનઃસ્થિતિ તથા સજ્ઞતામાં પડેલાં હોય છે.

સમજો ને કે કોઈ કવિતા વિશેનો આસ્વાદલેખ ક્યારેય આખરી નથી હોતો. જે તે ક્ષણ કે સમયનો પ્રતિભાવ હોય છે. ક્ષણ પછી તમામ મોરચે કંઈક જુદું બનવા-સમજવાની શક્યતાઓ એમાં રહેલી છે. એટલે જ કવિતાને પૂરેપૂરી પામવાનું ક્યારેક દુર્ગમ બની જતું હોય છે. આમ છતાં, એ પણ સત્ય છે કે એક વાર જે ઝબકાર થયો તે થયો! એનું સૌન્દર્ય પણ આગવું અને અનેરું. જેનો જે અનુભવ તે એનો પોતાનો. એ કદી બીજાનો થઇ ન શકે. બીજો મુદ્દો એ કે કાવ્યાસ્વાદલેખન કોને માટે? સાહિત્યના વિદગ્ધ ઉપરાંત સામાન્ય વાચક કે જે સહૃદય છે, સંવેદનશીલ છે અને સાહિત્ય પ્રત્યે રસ-રુચિ અને આદર ધરાવે છે એમને માટે લખવાનું હોય છે. આપણે ત્યાં મોટે ભાગે આવા આસ્વાદો સાહિત્યના અભ્યાસીઓને ધ્યાનમાં રાખીને લખાતા હોય છે અને એ સ્વાભાવિક જ પરિભાષાયુક્ત હોય છે. કાવ્યાસ્વાદના ઉપક્રમમાં વિવેચનનો કે પરિભાષાનો કે શાસ્ત્રીયતાનો નકાર નથી હોતો. અનેક પંડિતોનાં વર્ષોનાં તપ અને અભ્યાસના પરિપાક રૂપે સાહિત્યશાસ્ત્ર અને સિદ્ધાંતો નીપજી આવ્યાં છે. અભ્યાસનો ચોક્કસ મહિમા પણ છે એટલે આસ્વાદક્ષેત્રે એનો નકાર તો કોઈને પાલવે પણ નહીં.

વિવેચન-આસ્વાદ-સંશોધનની નવી નવી દિશાઓ ખૂલતી રહે એવું તો સહુ કોઈ ઇચ્છે. સ્કૉલરશિપનો પણ નકાર નથી હોતો. પરંતુ, ઘણી વાર આપણે જોયું છે કે મૂળ કાવ્ય કરતાં એનો આસ્વાદ વધારે અઘરો ને દુષ્કર હોઈ શકે છે! તો સામેપક્ષે, અનેક કાવ્યો વિદ્વાનોએ કરાવેલા આસ્વાદને કારણે, ભાવકચિત્ત સામે અપૂર્વ રીતે ઊઘડ્યાં છે અને એનું ઐશ્વર્ય બતાવ્યું છે. કવિશ્રી નિરંજન ભગત અને લાભશંકર ઠાકરે ગુજરાતી સાહિત્ય પરિષદમાં કવિતાઓ અંગે આપેલાં વ્યાખ્યાનો તરત જ યાદ આવે. એટલે આવા ઉપક્રમમાં બને ત્યાં સુધી, સાદી-સરળ ભાષામાં કાવ્યનો મર્મ પકડી બતાવાય તો કાવ્ય અને આસ્વાદ એમ બંને ક્ષેત્રે ભાવકોનો પ્રવેશ સહજ બની રહે. અને આ રીતે કાવ્યપ્રેમીઓની રુચિને ઘડવામાં પણ વ્યાપક મદદ મળી રહે. શ્રી રોહિતભાઈએ જે કાવ્યાસ્વાદની અપેક્ષા કરી છે એની પાછળ આવી કોઈક ભૂમિકા હોઈ શકે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

---

**સર્જકોને વિનંતી** : હાલ 'પરબ' માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ હોવાથી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી રચનાઓ ન મોકલવા વિનંતી છે.

# બે ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ

## (૧) સચ્ચાઈ છે.

કોઈ તનસુખ, કોઈ મનસુખ, કોઈ ધનસુખભાઈ છે,
ક્યાં નિયત ને નિયતિ તો નામમાં સંતાઈ છે?

કોઈની અહીં જિંદગી સીધી સરળ ચોપાઈ છે,
કોઈને સાખી-દુહામાં પણ સખી દેખાઈ છે.

કોઈ સંસારીની દૃષ્ટિ પાર જઈ ખોવાઈ છે,
કોઈ ત્યાગીની નજર જ્યાં ત્યાં બધે ડોકાઈ છે.

કોઈના હરપળ પ્રયત્નો કે જૂઠાણાં મહેકતાં,
કોઈની સાદી હવા જેવી સહજ સચ્ચાઈ છે.

આમ આ એકેક ટીપાથી મહાસાગર થયો,
આમ, ક્ષણભંગુરતામાં શાશ્વતી વ્હેંચાઈ છે.

## ૨. પી ગયો

ઝેર તેં આપ્યાં હળાહળ પી ગયો,
ને કરીને શુંય અટકળ પી ગયો.

રંગની — ખુશબૂની જાદૂઈ અસર,
ફૂલને ચૂમીને ઝાકળ પી ગયો.

પત્ર વાંચ્યો, અક્ષરો જોતો રહ્યો,
એ તરસ કેવી કે કાગળ પી ગયો.

બેઉ કાંઠે ગામ આ કોનાં વસ્યાં?
હું વહીને રોજ ખળખળ પી ગયો.

આજ જો પાણી મળ્યું તો થાય છે.
આજ લગ કેવાં હું મૃગજળ પી ગયો!

સર્વને કાયમ હસાવ્યા કૈં ગજબ,
આંખથી વ્હેતાં રહ્યાં જળ પી ગયો.

કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટને નરસિંહ મહેતા ઍવોર્ડ પ્રાપ્ત થવા બદલ હાર્દિક અભિનંદન.

## ખાબોચિયાંનો માણસ | ઈશાન દોશી

એક હોત તો સમજી શકાય
આ તો અનેક અને
દરેકની અંદર જુઓ તો
અલગ અલગ પણ અમારી જ દુનિયા
ઊંધી દેખાય.

ચાર કલાક ઉકાળેલી
નાગોરી ચા જેવું દેખાતું પાણી
એની અંદર ઊભો હું
પોતાની જાતને જોતો
ઊંધો લટકતો
મારી ઊંધી દુનિયા એને સીધી લાગતી હશે?

છેક વાદળોમાંથી નીચે
પડતું એક ટીપું
લટકતા પ્રતિબિંબની દુનિયા હલાવી નાખે
પછી એવાં અનેક ટીપાં મને ભીંજવે
સામસામે ભીંજાયેલા અમે બે હસીએ
પાણીના છાંટાથી થતી
ગલીપચીના લીધે

આગળ જતાં બીજા
પછી ત્રીજા
એમ કરતાં કરતાં
આ શહેરનાં બધાં જ ખાબોચિયાંમાં
ઊંધો હું પોતાનો પીછો કરતો
પકડાપકડી રમતો
પોતાના જ બાળપણના
પડછાયાનો આનંદ માણતો

એક ખાબોચિયા ઉપરથી
કૂદકો મારતાં મારો પગ
પડ્યો મારા જ ઊંધા પગ ઉપર.
મેં ભૂંસી નાખ્યું મારું અસ્તિત્વ
નિરાશાથી હું આગળ ચાલ્યો
એવો જ નિરાશ હું
મને ઊંધો દેખાયો.

એને ભૂંસવાના પ્રયત્નો વ્યર્થ રહ્યા
એમ જ ચોમાસું પસાર થયું
ખાબોચિયાં બધે સુકાઈ ગયાં.

હવે આવતા ચોમાસે ખબર પડશે
જ્યારે ફરી અલગ
પણ અમારી જ દુનિયા ભરાશે
ત્યારે ખાબોચિયાંમાં કયો માણસ
દેખાશે?

◈

ગયા અંકમાં કાવ્ય વિભાગમાં પૃષ્ઠ ૮ પર કમલ વોરાના કાવ્ય ગુચ્છનું શીર્ષક
'ડાઇનિંગ ટેબલ : એક દશ્યકવિતા' વાંચવા વિનંતી છે.

# ગઝલ | વિકી ત્રિવેદી

(૧)

નાના નાના સુખ સામે ભયનો ફેલાવો ના કર ને,
એક દુઃખ આવ્યું એને જોઈ ‘બાવો બાવો’ ના કર ને.

રૂપ બદલીને ફરતાં દુઃખ પણ એમાં આવી જાશે દોસ્ત,
સઘળા સુખને આવી રીતે ‘આવો આવો’ ના કર ને.

લોકોને તો પ્રેમ પરત ના આવ્યો એવું પણ થયું છે
તું પૈસા પાછા ના આવ્યાનો પસ્તાવો ના કર ને.

અંધ હૃદય, વરસાદ નથી એ આંસુ છે મારાં આંસુ,
એમાં ખોટું ‘સપનાં વાવો, સપનાં વાવો’ ના કર ને.

જેને તેને ચાવીને ખાવાનું કહે છે શી રીતે?
સૌનું ચાવી જાનારા તું ‘ચાવો ચાવો’ ના કર ને

ખુદ વારે આવે તો બચશે, ખુદને ચીસો પાડ ભીતર,
બહાર નકામું ‘કોઈ બચાવો, કોઈ બચાવો’ ના કર ને.

ચોર અગર પકડાય તો દુનિયા મારી નાખે છે એને,
તારું દિલ ચોર્યું પણ દુનિયા સામે છાવો ના કર ને.

ધરતી ઉપર લાખો લોકો ભૂખ્યા સૂતા હોય પ્રભુ,
‘પાન નથી હલતું’નો પેલો પોકળ દાવો ના કર ને.

(૨)

મને જીવન ઉડાડે છે ખરેલા પાંદડા માફક,
છતાં પણ હું બધા માટે રહું છું છાંયડા માફક.

હવે મોટા મળે તોપણ કોઈ એનું કરે પણ શું?
હવે આવી ગયાં છે સૌને હૈયાં સાંકડા માફક.

આ શું પાછા અલગ થાવું અને પાછા ફરી મળવું,
હવે ભેટે મને તો ભેટ મારા ચામડા માફક.

ફલાણા જન્મનાં પાપોની કોઈ ગ્રાન્ટ ના દીધેલ
દુઃખો બેસી ગયાં છે જિંદગીમાં બાંકડા માફક.

રમત એની, નિયમ એના, મળે છે રન તો ઈશ્વરને,
મનુષ્યોને તો ખાવાના છે ફટકાઓ દડા માફક.

નથી એકે ગઝલ ઊતરી કદી સહેજે સરળતાથી,
જીવન કાયમ મને ફેરવતું રે’ છે ચાકડા માફક.

‘વિકી’ બ્રહ્માંડ દરિયો છે, આ ધરતી માછલી એની,
ને સારા માણસોનું હોવું ખૂંચે આંકડા માફક.

## ગઝલ | આબિદ ભટ્ટ

કૈંક કરવી કમાલ સાધોજી,
કરની કરજો મશાલ સાધોજી!

ચાલવું માર્ગ સાચનો પકડી,
આયનાની મિસાલ સાધોજી!

આંખડી એક પણ નથી કોરી,
બ્હાર કાઢો રૂમાલ સાધોજી!

મન નશાખોર થઈ જવા માગે,
આંખ કરશોને લાલ સાધોજી?

છોડ, જે પ્રેમ માર્ગમાં આડે,
વેરના સૌ ખયાલ સાધોજી!

જિંદગી માત્ર એક પરપોટો,
શીદ કરવી ધમાલ સાધોજી?

◈

## ગીત | વિનોદ ગાંધી

આ તમે કહ્યું જે એ જ બરાબર,
અમે કહ્યું એ નહીં!!
આ તમે લખ્યું જે એ જ બરાબર,
અમે લખ્યું એ નહીં!!

આ તમે રચ્યું આકાશ, આ તમે રચી જે ધરા,
આ તમે રચેલી નદીઓ, આ દિશા જે સચરાચરા,
આ તમે ગૂંથ્યું જે એ જ બરાબર,
અમે ગૂંથ્યું એ નહીં!!
આ તમે કહ્યું જે એ જ બરાબર,
અમે કહ્યું એ નહીં!!

અમે બહારથી ફટકી ગ્યા ને તમે ભીતર જઈ ફોર્યા,
અમે દ્વારથી અટકી ગ્યા ને તમે ભીતર જઈ મ્હોર્યા,
તમે વર્યું જે એ જ બરાબર,
અમે વર્યું એ નહીં!
આ તમે કહ્યું જે એ જ બરાબર,
અમે કહ્યું એ નહીં!!!

◈

## ગઝલ | પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ

પ્રતીક્ષાની ગોઝારી ક્ષણમાં જીવી છું,
હું તરસ્યા ને ધગધગતા રણમાં જીવી છું.

સમયચક્ર ફરતું રહે વાત ખોટી,
ખસ્યું ના કદી એ ગ્રહણમાં જીવી છું.

વમળ સઘળા વિદ્રોહના દિલમાં દાબી,
સમર્પણ હું તારા શરણમાં જીવી છું.

હતા ખાસ હાથોના મોંઘા ઉઝરડા,
હું પંપાળી રાખેલા વ્રણમાં જીવી છું.

ભલે આવરણ સ્મિતનું મેં ચઢાવ્યું,
વ્યથાના સતત આક્રમણમાં જીવી છું.

◈

## તૃપ્તિ | વિરલ શુક્લ

તડોતડ પૅન્ટ અને ચપોચપ ટીશર્ટ પણ ઢીલાં પડી રહે
એટલો સુકાયેલ દેહ...
પાંખા ભૂખરા વાળને ધરાહર પથરાવીને ઝૂલફાં જેવું રચેલું.
નિષ્પ્રાણ અધરો પર, ગાલ પર સસ્તા મેકઅપના થર.
પોતાના વ્યવસાયની ઓળખ ચિત્કારી રહેલી આંખો...

એક તરફ કુતૂહલ, જિજ્ઞાસા ભરી નજરોથી પીંખાતો દેહ
અને અવહેલના, તિરસ્કાર તો કાયમીના હતા જ ને...

એક સદ્ગૃહસ્થથી ન રહેવાયું.
"સાલી... રાં....ચાલ ભાગ અહીંથી... હજાર વખત ના પાડી છે ને અહીં ઊભવાની..."
કોઈ જ ઉત્તર નહીં...ચૂપચાપ પ્રસ્થાન.

સદ્ગૃહસ્થ બબડતા જ રહ્યા...
"ખબર નહીં આવી કેટલી ફરે છે ગામમાં...સપરમા પરબે મગજ ફેરવી નાખ્યું"
અને ગતિશીલ હાડકાં પર ચોંટેલા નિતંબોને ક્યાંય સુધી જોતા જ રહ્યા...

પણ આગળના ચોકે વિક્રય થયો જ...

પછી તો...
આઠ વરસનું એ બાળક કાગળની ડિશમાંથી સ્વાદિષ્ટ ભાત જમી રહ્યું...
ખોળામાં લીધેલ નવજાત શિશુ માટે ટીશર્ટ ઊંચું થયું...

દૂર નાદ ગુંજ્યા...

પૂનમે કુંભ ભર્યો, કે સાંભળજો કરુણા...
મા સાંભળજો કરુણા...

◈

## ચકલીનું ગીત | વિરલ શુક્લ

મારા ઝાડવામાં સુકાયલ ડાળ ઉપર પરભાતે નાનકડી ચકલીએ આવીને હળવેથી
લીલપની વારતાયું કીધી.

હતો કાળઝાળ તાપ ઊનો વૈશાખી ઘામ;
પછી ઊગ્યો અષાઢ મારા તૂટ્યાં કમાડ...
પછી ચીં ચીંની ચાસણીના ડબરા છલકાણા
એ..ય ધોબે ને ખોબે ઈ પીધી.

એની વાદળના પોલ જેવી પાંખું...
પાંખું તો ચકલીની પાંખું ને કાંઈ
એમાં નીતરે હળવાશ, એમાં છલકે કુમાશ, બસ થઈ જાતું હાશ...
હાથમાં જે વક્ક્રર શી લીટીયું હતી ને?
એય પલળી ગઈ ચકલીને હાથમાં જ્યાં લીધી...

આંખું તો ચકલીની આંખું ને કાંઈ
એમાં નદીયુંની મોજ, એમાં આતમના ઓજ, એમાં કેટલુંય હોય અને કાંઈ નઈ...
રોગું વરસાવે વહાલ જાણે ફોરમનો ફાલ કોઈ ગેબી કમાલ......
એની વાદળના પોલ જેવી પાંખું પસવારો તો આંખુંથી જુવે છે સીધી...
એ..ય ધોબે ને ખોબે ઈ પીધી.

ચકલી તો ચકલીના જેવી અસ્સલ; સાવ નાનકડી, અંગૂઠા જેવડી.
એમાં પરીયુંનાં રૂપ, એમાં અમ્મરના કૂપ એને સાકર કહું કે પછી શેરડી.
એના ટહુકા તો કાનમાંથી સોંસરવા જાય પછી વળગે જાણે કે કોઈ વેલડી.
હતું જાહલ ઈ ઝાડ, એને કાંટાની વાડ, એનું સુકાયલ હાડ, એમાં પીડના પહાડ,
એમાં ફૂંક્યા તે પ્રાણ, નવા ઊભરે નવાણ, જાણે કેટલીય રાત પછી વાયા છે વાણ
એ...ય ચકલી તું એટલું તો કહેજે મને કે તને કોણે આ ઝાડવાની વાટ્યું છે ચીંધી!

પછી ચીં ચીંની ચાસણીના ડબરા છલકાણા...
એ..ય ધોબે ને ખોબે ઈ પીધી.

◈

## પાંચ ગઝલ | ચંદ્રેશ મકવાણા 'નારાજ'

(૧)

એક વેળા આપણે બાઝી પડ્યા'તા યાદ છે?
ધ્રુસકે ને ધ્રુસકે બન્ને રડ્યા'તા યાદ છે?

કાકડી, તડબૂચ, કોઠમડા અને છલ પોપટા...
કાતરા ખાવા તો ઓ ટોચે ચડ્યા'તા યાદ છે?

ગામ આખાના ઉકરડા સાંજ લગ ખૂંદ્યા પછી
એક જાંબુડીને બે આંબા જડ્યા'તા યાદ છે?

બા ગઈ'તી બહાર ત્યારે શાક દાઝી ગ્યું હતું
રોટલા પણ આપણે કેવા ઘડ્યા'તા યાદ છે?

એ સી ડી બી થઈ જતાં પકડ્યા'તા કેવા અંગૂઠા?
આંકડા મૌખિકમાં કેવા નડ્યા'તા યાદ છે?

આળથી પંપાળથી કે લાડથી ના આવડ્યા
એ જ ઘડિયા એક ધોલે આવડ્યા'તા યાદ છે?

◈

### (૨) કોરોના કાળની ગઝલ

ખભે કોથળો કેડે બાળ
મળે નહિ રસ્તાની ભાળ

દેખનહારા દૂરથી દેખી
દેતા મા દીકરીની ગાળ

પંદર વ્હેત જગા તો આપો
અમે ચણ્યા છે પંદર માળ

ભૂખ વણે છે આંતરડાંમાં
કરોળિયાની જાણે જાળ

પડતું મેલ્યું પાટા માથે
બૈરા છોરા બન્યા વરાળ

એક તરફ ફેંકાઈ રોટી
બીજી તરફ ઢોળાઈ દાળ

ધૂબકો માર્યો ધબ્બ કૂવામાં
માએ કાપી નાખી નાળ

શિયળ વેચવા ચાલી મમતા
વિખરેલા ગૂંથીને વાળ

સરહદ પર વીંઝાયા દંડા
કંકુવરણું થયું કપાળ

ઈશ્વર અલ્લાહ થયા છૂમંતર
સ્મશાન થઈ ગઈ ધરા વિશાળ

જજો તારું નખ્ખોદ કરમડા
થજો શેઠિયા શઠ કંગાળ

### (૩) દ્રૌપદી

બનાવી તેં અશ્વોની રાણી મને
છતાં રાખી ખુદથી અજાણી મને

"કહ્યું ફોક" કુંતી કહી ના શક્યાં?
સ્ત્રી થઈને સ્ત્રીએ પણ ના જાણી મને

ધરી મિજબાની રૂપે ભાઈમાં
કરાવી તેં જબરી ઉજાણી મને

છું ક્યાં જાનકી કે ધરા માર્ગ દે
ઓ દરિયા તું લઈ જાને તાણી મને

સુકાવાની અંતિમ ક્ષણે આવીને
આ છાંટી ગયું કોણ પાણી મને?

### (૪) આવે છે

જ્યારે જ્યારે તું આવે છે
અજીબ શી ખુશ્બૂ આવે છે

આજ સૂરજ એવો સળગ્યો કે
ઝાકળમાંથી લૂ આવે છે

વાત કરે બે આંખ તો વચ્ચે
હિન્દી કે ઉર્દૂ આવે છે?

તું જ ટપાલી વાંચી લેજે
વળતો ઉત્તર શું આવે છે?

હેવી ટ્રાફિક જામ હો જ્યારે
ત્યારે આડો હું આવે છે?

મારા પર કોઈ હસે છે ત્યારે
મને તો બહુ હસવું આવે છે?

### (૫) થઈ ગયું

બાવડાનું બળ બિચારું થઈ ગયું
નાવમાં નખ જેવું બારું થઈ ગયું

મેં મને મહુડો કર્યો જાહેર ને
ગામ આખ્ખું દારૂ દારૂ થઈ ગયું

એમણે અમથું જ પૂછ્યું, 'કેમ છો?'
એટલામાં અમને સારું થઈ ગયું

માએ સાર્યા બે'ક ટીપાં આંસુ ત્યાં
આખ્ખુંયે ઘર ખારું ખારું થઈ ગયું

હું ગયો નારાજ દાંડી પીટવા તો
આ જગત મૂંગું નગારું થઈ ગયું

◈

## વધેરું | દિનેશ ડોંગરે "નાદાન"

(૧)

શબ્દનો મહિમા જરા સમજાય તો શ્રીફળ વધેરું;
અર્થ એનો કંકુવરણો થાય તો શ્રીફળ વધેરું.

ભીડ કેવળ ભીડ હો ચારેતરફ ને તે છતાં;
પોતીકું એકાદ જણ દેખાય તો શ્રીફળ વધેરું.

આંખને દૃષ્ટિ મળે ને ટેરવાંને સ્પર્શ સાચો;
સત્ય પરદા પારથી ડોકાય તો શ્રીફળ વધેરું.

હાથ હો નરસિંહનો કે હોય મીરાંનો કટોરો;
સૌ હરિના રંગમાં રંગાય તો શ્રીફળ વધેરું.

કોણ છે કોના વગર એ વાત અસ્થાને મૂકીને;
હાજરી એની અહીં વર્તાય તો શ્રીફળ વધેરું.

જન્મથી મૃત્યુ સુધીની આ નિરંતર જાતરાનો;
આપમેળે ભેદ ઊકલી જાય તો શ્રીફળ વધેરું.

જ્યાં સુધી પ્હોંચે નજર નાદાન નફરતનું ચલણ છે;
પ્રેમનાં પણ ગીત કોઈ ગાય તો શ્રીફળ વધેરું.

(૨)

ભીતરે મારા સતત સળગે અગન;
તું જ ટાઢી પાડ આવીને સજન.

તું હવે ઓઢાડ આવીને કફન;
લાશ ઇચ્છાની કરી દઉં હું દફન.

ટોચ પર ટકવાનું કૈં સહેલું નથી;
આંખ સામે હોય છે કાયમ પતન.

ફૂલની ખુશ્બૂ જ આકર્ષિત કરે;
તે છતાં દોષિત ઠરે કેવળ પવન.

તે પછીથી ઊંઘ ના આવી કદી;
જ્યારથી લાગી મને એની લગન.

બે વિકલ્પો છે હૃદયની શાંતિના;
કાં ગઝલ સર્જન કરું હું કાં ભજન.

શી રીતે એ ઘર ઉજાડું હું હવે?
જિંદગીભર જેનું કીધું છે જતન.

શક્ય છે "નાદાન" એ સાચું પડે;
પ્હોરમાં આવી ચડ્યું'તું જે સપન.

## "બ્રેઇન ડેડ"
## હીરલ વ્યાસ 'વાસંતીફૂલ'

સાવ મૃતપ્રાય બનેલું,
બસ ખાલી શ્વસતું હતું,
બ્રેઇન ડેડ થયેલા દર્દીની જેમ.

મૃત સ્ત્રીના શરીર પરથી,
ઉતારીએ એક એક ઘરેણાં,
એમ જ,
દીવાલ પરથી ઉતાર્યાં,
ફોટો ફ્રેમ, કૅલેન્ડર,

ઈશ્વરના ફોટા સુધ્ધાં.

છેલ્લે,
રસોડાની ગૅસ પાઇપનો
નૉબ બંધ કર્યો ત્યારે;
વૅન્ટિલેટર પર રહેલા
દર્દીનું હૃદય બંધ થાય
એમ જ,
ઘર અટકી ગયું!

## ડેલીબંધ મકાન | હર્ષદ દવે

ડેલી ઝીલે છે કાળની થપાટો
થપાટો ટકોરા મારે છે
પણ ખૂલતી નથી ક્યારેય ડેલી
ન અંદરથી, ન બહારથી
વર્ષો પહેલાં જેમ હતું
એ જ હાલતમાં ઋતુઓને સહન કરે છે
ડેલીબંધ મકાન.

મકાનનાં બારી, બારણાં
સજ્જડ રીતે જકડાયેલાં છે ભીંતો સાથે
અને ભીંતો જમીનમાં ખૂંપેલી.
રુક્ષ ચૂનાના પથ્થરોને વળગી છે લીલ
દેશી નળિયાં એકમેકમાં ઓતપ્રોત
ફળિયાની માયા છોડતાં નથી સૂકાં પાંદડાં
એટલે આમતેમ ઊડાઊડ કરે છે
અરે, સુકાયેલો તુલસીક્યારો પણ ઝઝૂમે છે
મરવા વાંકે જીવતાં બેચાર પાંદડાંની ઓથે.

જીર્ણશીર્ણ પથારીમાં કણસે છે એક સ્વપ્ન.
બે હાથમાં એવી તાકાત ક્યાં
જે બદલાવી શકે હથેળીની રેખાઓને ?
ચીલો ચાતરીને ઓળંગી શકે ઉંબરો
એવો થનગનાટ રહ્યો નથી પગમાં
ક્યાં ગયો ગળું ફાડીને બહાર આવવા મથતો આક્રોશ ?
થાકી ગયું છે લાવારસ ઓકતું પેટ
પોલાદને પિગાળી નાખે એવું ખુન્નસ
બે આંખોમાં હવે નથી.

ખપાટિયામાંથી ઝરતી ખેપટ
ચાંદરણું બની ચીતરાય ઓકળીઓ પર
સપનાંનો લંબાતો હાથ
ચાંદરણાંને પસવારે
ટેરવાંમાંથી લોહીનો ટશિયો ફૂટે
પંચેન્દ્રિયો રેલાય, ફેલાય
હવડ ઓરડામાં.

ઓઘરાળા આયનામાં ઇચ્છાઓ તરવરી ઊઠે
ધૂપેલની શીશીમાંથી નીતરતી ગંધ

તીવ્ર ઝડપે ફેલાય ફેફસાંમાં
કંકુ, કાજળની ડબી સાથે દડી પડે સ્મૃતિઓ
મનમાંથી નાસી જાય અંધકાર
ઝાંખી આંખોમાં અંજાય ચમકારો.

સમાંતરે દીવો પ્રગટે ઓસરીના પાણિયારે
ભીંતેથી નાગલા કંકુભીના થઈ સળવળે
એ સળવળાટ વહેતો થઈ
દેહસોંસરો પહોંચે છાતીના ખૂણે
અચાનક છત ભણી ઊંચકાય હાથઃ
"ક્યાં છે આકાશ?
આકાશ ક્યાં છે?
મારે..."

(પુણ્યસ્મરણ : જનક ત્રિવેદીનો નિબંધ : 'શેષ')

◈

## ગઝલ | રીના વિ. પરીખ

તડકાની સપાટી પર પથરાય ધીરે ધીરે,
ધુમ્મસનાં વમળ આછાં સર્જાય ધીરે ધીરે.

દુષ્કાળગ્રસિત આંખો ઊભરાય ધીરે ધીરે,
સંવેદનાનો પાલવ લહેરાય ધીરે ધીરે.

પડદાની કરચલીમાં આબાદ પ્રવેશીને,
દેખીતાં બધાં દશ્યો સંતાય ધીરે ધીરે.

તૂટી શકે છે કાંઠા, ડૂબી શકે છે કંઈ પણ,
ઈશ્વર કરે આ સરવર છલકાય ધીરે ધીરે.

હળવેથી કરી અંતર, લાંબી તેં સજા આપી,
એવું બને કે તું પણ પસ્તાય ધીરે ધીરે.

ઇચ્છા હતી કે એની હું આંગળી ના છોડું,
સપનાંના જગતમાં જે લઈ જાય ધીરે ધીરે.

ઓચિંતું મળે કોને? ઊંડાણ સફળતાનું,
ઓ મરજીવા! આ દરિયો ખેડાય ધીરે ધીરે.

કાજળ બને છે ચંદન આંજે તું કદી ત્યારે,
સૌ દશ્યમાં શીતળતા ઘૂંટાય ધીરે ધીરે.

◈

## ગઝલ | સુધીર પટેલ

છે તીર એના નામનું મારી કમાનમાં,
એથી ફર્યા કરું છું સતત હું ગુમાનમાં!

આઘા ને પાછા સૌ ભલેને થાય બીકમાં,
મેં તો મને જ રાખ્યો છે કાયમ નિશાનમાં!

વર્ણન કરું એ રૂપનું તો કઈ રીતે કહો?
કોઈ રહ્યું છે એને જોઈ ભાન-સાનમાં?

ખોટો-ખરો તો અર્થ એનો પણ ઘટાવશે,
મૂકીશ હું તો મૌન મારું બસ વિધાનમાં!

આદેશ કે કોઈ અરજને સ્થાન ક્યાં 'સુધીર'?
હો વ્યક્ત કેવળ પ્રેમ ગઝલોની જુબાનમાં!

◈

## ‘ઋચાની કવિતા’ | પ્રતિભા કટિયાર, અનુવાદ : દીપક રાવલ

તને
એવી આશા તો નહિ જ હોય કે
પાકેલા ઘામાંથી નીકળતા
પરુની જેમ વહી આવીશ.
આમ દુર્ગંધ લઈને
તેં તો હંમેશાં સૂંઘ્યો હતો
અત્તરમાં ડૂબેલો દેહ.
તને એવી આશા તો નહિ જ હોય ને
કે સૂરજ આથમી જાય પછી રસ્તા પર
મેકઅપ વિના મળીશ.
તેં તો પથારીમાં કલ્પી હશે
તારી સાથે
તને એવી આશા તો નહિ જ હોય ને
કે બદનામીની પરવા કર્યા વિના
આબરૂની વાત કરીશ.
તેં જ તો મને ચુપ કરી દીધી હતી
જ્યારે તારી સામે જ ફુઆ છેડતી કરી ગયા.
તને એવી આશા તો નહિ જ હોય ને
માથું મૂંડાવી નાખીશ
લાકડી ખાઈ લઈશ
ધમકીઓ સહન કરીશ
અને ટકી રહીશ.
તને એવી આશા તો નહિ જ હોય ને
એટલે તો બધું જોર લગાવી દીધું
ઘણા દિવસથી ઘા પાકતો હતો
દુઃખતો હતો
પીળો પીળો ફદફદતો હતો.
પરુ ટપકવાનું હતું
પરંતુ
તને એવી આશા તો નહિ જ હોય ને
પરંતુ તારી આશા અને મારું લક્ષ્ય
સાવ અલગ છે
તું લાશ ઇચ્છે છે
હું શ્વાસ.

*

(‘જનમત’ ઑક્ટોબર, ૨૦૧૭માં
પ્રગટ થયેલા હિન્દી કાવ્યનો અનુવાદ)

# કંઈ બચ્યું નથી!

રઈશ મનીઆર

આમ તો મને વાતો ન કરે એવા વાળંદ પાસે વાળ કપાવવાની ઓછી મજા આવે. પણ દિનેશનો અપવાદ મેં સ્વીકાર્યો હતો, કેમ કે એની કલામાં એ માહેર હતો.

દિનેશના મોંમાં કાયમ પાનનો માવો હોય, એટલે વાળ કાપતી વખતે વધુ બોલે નહીં. પરાણે બોલવું જ પડે એમ હોય તો બોલવા માટે મોં-માથું ઊંચું કરીને હોઠ વિચિત્ર પ્રકારે વાંકા કરીને બોલવાની કળા એણે વિકસાવી હતી, આમ કરીને મોંમાંથી માવો ઉડાડ્યા વગર ટૂંકા જવાબ એ આપી શકતો.

દિનેશને કંઈ પૂછું તો જવાબ આપવા માટે એ એના આસિસ્ટંટ રામદાસને ઈશારો કરે. દિનેશ વતી રામદાસ જવાબ આપે. એ કદીક ભળતો જવાબ આપે એટલે દિનેશ અકળાય. બહાર માવો થૂંકીને આવે અને પહેલાં રામદાસને 'ડોબો છે!' એમ કહે, પછી મને સાચો જવાબ આપે. હું આઠ વરસ પહેલાં નવા ફ્લૅટમાં રહેવા આવ્યો ત્યારથી જ દિનેશની દુકાન મારી ફેવરિટ. દિનેશ કુશળ કારીગર હતો. એરિયામાં વસ્તી વધતી ગઈ તેમ તેમ દિનેશ પાસે વાળ કપાવવા માટે વેઈટિંગ આવવા લાગ્યું. મારે રાહ જોવી પડે તો દિનેશ કહે, "સાહેબ, આજે રામદાસ પાસે કપાવી લેશો?" નવાસવા શિખાઉ દેખાતા વાળંદ રામદાસ પાસે વાળ કપાવવાની હું ના પાડું, એ રામદાસ ફિક્કા સ્મિત સાથે વીલા મોંએ જોયા કરતો.

મારે ત્રણ માસ માટે વિદેશ જવાનું હતું, દિનેશ બહારગામ હતો. એ દિવસે મારે મજબૂરીથી રામદાસ પાસે વાળ કપાવવા પડ્યા. વિદેશમાં વાળ કપાવવાનો ખરચો ન આવે એ માટે ખૂબ ટૂંકા વાળ કાપવા કહ્યું. પણ એણે જેટલા શોભે એટલા જ ટૂંકા કર્યા. પછી તો હું રાજીખુશીથી રામદાસની ખુરશી પર બેસી જતો. ધીરે ધીરે મને ખ્યાલ આવી ગયો કે માલિક દિનેશ કરતાં રામદાસ વધુ કુશળ છે.

પછી તો એના દિનેશ શેઠની ખુરશી ફ્રી હોય તોય હું રામદાસની રાહ જોતો. ધીરે ધીરે રામદાસે મારા જેવા નિયમિત અને વફાદાર ઘરાકો ઊભા કરી લીધા. થોડા સમય બાદ એના સાહસિક શેઠે નવા એરિયામાં બીજી દુકાન ખોલી. રામદાસને આ દુકાન ૫૦ ટકા ભાગ પર આપી. તોયે રામદાસના એ જ હાલહવાલ. આછું ભૂરું ચોળાયેલું શર્ટ, ધોવાઈને ખવાઈ ગયેલું ગ્રે પૅન્ટ, સાંધેલી સ્લિપર અને આવા હાલહવાલ સાથે ન શોભે એવું અજબ પ્રકારના સંતોષનું નમ્ર સ્મિત.

એકલે હાથે દુકાન સંભાળતો થયો પછી રામદાસની જીભ સહેજ ખૂલી તો ખરી, પણ તોય કદી એ કોઈ ઘરાકની સાથે લાંબી વાત ન કરતો. ચાર વરસને અંતે રામદાસ મારી સાથે ખપપૂરતી વાત કરતો થયો. રામદાસ એનું ગામ, પત્ની અને બાળકને છોડીને, રોજગારી માટે અહીં સુરત રહેતો હતો. પછી તો એના દીકરાને દસમા પછી ડિપ્લોમામાં ઍડમિશન બાબતે માર્ગદર્શન પણ મેં આપેલું.

મેં જોયું કે રામદાસ પોતાની વાત કરવાનું ટાળતો, પણ રામદાસ પાસે બીજાઓ વિશેની વાતોનો ખજાનો હતો. પહેલી નજરે ગરીબ અને દયામણો લાગે પણ મારી સાથે વાત કરવા બેસે ત્યારે પોતાની લઘુતા ભૂલી જાય. પછી તો હું ખાસ શનિવારે એની દુકાને જતો. શનિવારે ભાગ્યે જ કોઈ વાળ કપાવવા આવે. હું એ દિવસે વાળ કપાવવા ઉપરાંત તેલ-માલિશ, ફેસિયલ વગેરે પણ કરાવી લેતો. દેખાવે ગરીબ લાગે પણ એક વાર મને વાતવાતમાં ખબર પડી કે એણે ગામની શાળામાં નાનું વૉટરકૂલર ભેટ આપેલું. ત્યારથી મને એને માટે માન વધ્યું.

આમ ઘરોબો વધતાં એની વાતોનો ખજાનો ખૂલતો ગયો. ભાતભાતની કથા કહે, એના ગામના કોઈ નગરશેઠની દીકરીની પ્રેમકથા, આફ્રિકા ગયેલા કોઈ મુસ્લિમ પૉલ્ટ્રીવાળાની સાહસકથા, કોઈ રબારણની ભૂતકથા.. ગયા શનિવારે એણે મને 'રેમો'ની વાત કરી.

*

રામદાસે વાત શરૂ કરી.

"અમારા ગામમાં એક રેમો હતો. ચકચકતા બૂટ! કડક ઇસ્ત્રીવાળું વ્હાઇટ પૅન્ટ. વિદેશી બ્રાન્ડનું શર્ટ. શર્ટનાં ઉપરનાં બે બટન ખુલ્લાં, છાતીના વાળ દેખાય એ રીતે. કાનમાં ઇયરફોન, હાથમાં મોંઘી ઘડિયાળ, ખિસ્સામાંથી અડધું બહાર દેખાતું મોંઘી સિગારેટનું પાકીટ અને એથી કીમતી લાઇટર અને એથી વધુ ઠાઠભરેલી એની લાઇટર પેટાવી પહેલો કસ લેવાની અદા!

ફક્ત બે-ત્રણ કસ લઈ પોણી સિગારેટ ફેંકી દેતો એટલે ગરીબ-મવાલી છોકરાઓ એની આજુબાજુ મંડરાતા રહેતા. ખિસ્સામાં પરચૂરણનો એને ભાર લાગે તેથી કોઈ દુકાનેથી પરચૂરણ પરત આવે તો એ લે જ નહીં, જતું કરે. નવાપુર ટાઉનના સ્ટેશન વિસ્તારમાં એનો દબદબો હતો. એના હાથમાં કાયમ દસ-દસની ત્રણચાર નોટ સહુને દેખાય એમ પકડેલી હોય. ગરીબ, રાહદારી, લારીવાળા, શાકભાજીવાળા, વેઇટરો, નોકરો કોઈને પણ છૂટથી આ દસની નોટની લહાણી કરતો. એના મોં પર કદી સ્માઇલ ન આવે પણ એની આ દસની નોટની ભાષા સહુ સમજતા, તેથી બધા દસની નોટની આશામાં એની આજુબાજુ તહેનાતમાં રહેતા. એ કારમાંથી આવે એટલે નાના ટાઉનના સાંકડા રસ્તા પર કોઈ એને પાર્કિંગ કરવામાં મદદ કરે. એ ગાડીમાંથી ઊતરે એટલે કોઈ એની બૅગ ઊંચકી લે. રસ્તે કીચડ હોય તો એના બૂટ અને એનું સફેદ પૅન્ટ ન બગડે એ માટે કોઈ કીચડમાં ઈંટ પણ મૂકી આપતું. રેમો માત્ર ત્રણચાર દસની નોટ હાથવગી રાખે, બાકી બધું કામ આપમેળે થઈ જતું. દુકાનનો દરવાજોય જાતે ખોલવો ન પડે." રામદાસે શ્વાસ લીધો.

"ગર્ભશ્રીમંત હશે. બાપાના પૈસે જલસા કરતો હશે. ઊંચી જાતનો હશે. દરબાર કે શેઠ.."

"ના, રેમો અમારી જ જ્ઞાતિનો. એના બાપા જયરામભાઈ વાળંદ થોડું ભણેલા એટલે એમને ખાનગી શાળામાં શિક્ષકની નોકરી મળેલી. પણ ખાનગી શાળાના પગારમાં કંઈ મા-બાપ, પત્ની અને ચાર બાળકોનું પોષણ થાય? એટલે નિશાળ જતાં પહેલાં અને નિશાળથી આવીને ઘરના ઓટલે જ ખુરશી અને અરીસો મૂકી હજામતની દુકાન ચલાવતા. હજામતનો ધંધો પણ શિક્ષકના વ્યવસાયની જેમ ચીવટથી અને ચોખ્ખાઈથી કરતા. દીવાલ પર અરીસાની બન્ને તરફ લાલ-ભૂરા ચોકથી સુવાક્યો લખેલાં હોય. દુકાને 'જલારામજ્યોત' અને 'જનકલ્યાણ' જેવાં મૅગેઝિન આવે. ઘરાકો પણ બધા ગાંધીવાદી જેવા. પણ રેમોને એના આ પારિવારિક વ્યવસાયની બહુ શરમ લાગતી. કદી પોતાની દુકાને ન બેસે. સ્કૂલમાં જ્યારે જયરામ સર 'બે વત્તા બે ચાર શીખવે' ત્યારે છોકરાઓ 'વતાં'(હજામત) શબ્દનો બીજો અર્થ વિચારી હસે. પણ જયરામ સરને કશો ફરક ન પડે."

"તો આવા સાલસ પિતાને ત્યાં રેમો જેવો કપાતર પાક્યો. બાપાના પૈસે.."

"ના, ના, રેમોએ પોતે પણ કમાણી કરી."

"અચ્છા? તો તો રેમો સારું ભણ્યો હશે!"

"ના, જયરામભાઈ રેમોને કહેતા, તારે શિક્ષક બનવાનું છે. પણ રેમોને ભણવામાં રસ નહીં. અમારા નવાપુરની સ્કૂલમાં એ સમયે બધાં ચોરી કરીને પાસ થાય. શિક્ષકો જ પેપર લખાવી દે. અમારા નવાપુરમાં દસમા ધોરણનું સો ટકા પરિણામ આવતું. આવી સવલત છતાં રેમો દસમામાં ફેલ થયો.

જયરામભાઈએ 'કોઈ વાંધો નહીં' એમ કહી ઓટલા પરની દુકાન સંભાળી લેવા કહ્યું. રેમોએ રટ પકડી, 'બજારમાં સારી સલૂન અપાવો તો બેસું. ઓટલા પરની દુકાનમાં ન બેસું! જાતે વતાં નહીં કરું, કારીગર રાખીને કામ કરાવીશ.' જયરામભાઈ તો માન્યા નહીં પણ રેમોની માએ રડી-કકળી ઘરેણાં વેચી, પાઘડી આપીને બજારમાં એક સાવ કૅબિન જેવડી ખોલી ભાડે લેવડાવી. રેમોએ દુકાને બેસવાનું શરૂ કર્યું. એક કારીગર રાખ્યો.

બજારમાં બીજી અનેક સલૂન હતી. આ નવી દુકાનમાં કોણ આવે? રેમોને થયું, ચાર રસ્તા પાસે એ.સી કૉમ્પ્લેક્સ બની રહ્યું હતું, એમાં દુકાન લેવાય! દુકાન ચકાચક હશે, તો ઘરાક આવશે.

એણે જયરામભાઈને વાત કરી. કૅબિનનું બે મહિનાનું ભાડું ચડેલું હતું. એ ચૂકવવાને બદલે રેમો જીદ કરતો હતો કે નવી દુકાન માટે લોન લો અને એ માટે બાપદાદાનું ઘર ગિરવે મૂકો.

જયરામભાઈ રેમોની વાત સાંભળી બહાર નીકળી ગયા. મંદિરે જઈને બેઠા. રેમો ઘરે બે દિવસ જમ્યો નહીં. માનું દિલ પીગળી ગયું. એણે ઘરનાં કાગળિયાં દીકરાને આપી દીધાં. જેમતેમ લોન લીધી, થોડી ઉધારી કરી અને રેમોએ એ.સી. કૉમ્પ્લેક્સમાં દુકાન લીધી. રેમોએ દુકાનના ઉદ્‌ઘાટનમાં બસો માણસોને આઇસક્રીમ ખવડાવ્યો. જોકે કોઈ 'દુકાન કેવી ચાલે છે?' એમ પૂછે ત્યારે એ ટોકતો, 'આ દુકાન નથી, સલૂન છે!' બસ આમ ને આમ, સલૂન ચાલુ થઈ ગઈ, પણ આવક કઈ રીતે થાય એ શીખવાનું બાકી હતું."

"પછી? પછી શું થયું? દેવાળું ફૂંક્યું રેમોએ?" જોકે મારો સવાલ વાહિયાત હતો. કેમ કે રામદાસ પહેલાં જ એ રેમોના વૈભવનું વર્ણન કહી ગયો હતો. મેં તરત સવાલ બદલ્યો.

"રેમો કઈ રીતે સેટલ થયો?"

"એક દિવસ એની દુકાનમાં એક અજબ ઘરાક આવ્યો. ચકચકતા બૂટ! કડક ઇસ્ત્રીવાળું બ્રાઉન પૅન્ટ. લાલ ટીશર્ટ. કાળા ગોગલ્સ, હાથ અને ગળામાં મોંઘી ચેઇન, અને હાથમાં પાકીટ જેમાં નોટો દેખાય. જાણે લોકોને પૈસા ચૂકવવા જ એનો જન્મ થયો હોય. રેમોએ નવાપુર ગામમાં અઢાર વરસ કાઢ્યાં હતાં પણ આવા દબદબાવાળી બીજી કોઈ વ્યક્તિ જોઈ નહોતી.

'આ હિતેશભાઈ ખત્રી!' સાથે આવેલ એક ભાઈ ઓળખાણ કરાવી નીકળી ગયા.

એ વ્યક્તિ એટલું જ બોલી, 'શેવિંગ.. સ્પેશ્યલ!' પછી તો રેમો એની પાસેથી જ શીખ્યો દરેક ઑર્ડરની પાછળ 'સ્પેશ્યલ' શબ્દ ઉમેરવાથી બહુ ઓછા ખર્ચે એક આગવો વટ પડે છે!

રેમોએ એના કારીગરને કહ્યું, "શેઠની દાઢી બનાવો."

"નોપ્, કોઈ કારીગર મને ટચ નહીં કરે! યૂ ડુ ઇટ!"

રેમોને એના પિતાજીએ કેશકર્તનકલા બરાબર શીખવી હતી. આવા વી.આઈ.પી. ગ્રાહકની હજામત કરવામાં એને છોછ ન થયો.

"બિઝનેસ ચાલે છે બરાબર?" નૅપ્કિનથી મોં લૂછતાં હિતેશ ખત્રીએ પૂછ્યું.

પોતાના 'ધંધા'ને 'બિઝનેસ' જેવા માનવાચક શબ્દથી સંબોધ્યો, એટલાથી જ રેમો રાજીનો રેડ થઈ ગયો. મોટી ઉધારીમાં હોવા છતાં રેમો ખોટું બોલ્યો, "બસ, ખર્ચો નીકળી જાય છે સાહેબ!"

હિતેશ ખત્રી હસ્યો, દાઢી કરાવવાના પૈસા ઉપરાંત દસની એક નોટ રેમોને બક્ષિસ તરીકે આપી નીકળ્યો. એ દિવસે હિતેશે દુકાનમાંથી તો વિદાય લીધી પણ રેમોના મનમાં એણે કાયમી નિવાસ કરી લીધો. રેમોના મનમાં એમ કલ્પના આવી કે જાણે ભગવાને એક જ મટીરિયલમાંથી એક જોડકું બનાવીને હિતેશ અને રેમો એમ બે વ્યક્તિઓને દુનિયામાં મોકલ્યા ન હોય! અને જોડકામાંથી એક હિતેશને તો એના નસીબનું બધું આપી દીધું, પરંતુ હવે બન્ને અડધિયાં ભેગાં થયાં હતાં. એ વાતે રેમોને ભારે ઉત્તેજના હતી.

બીજા દિવસે દુકાન જઈને આજુબાજુના દુકાનદારોને હિતેશ ખત્રી વિશે પૂછ્યું. હમણાં હમણાં નવાપુરમાં એની અવરજવર વધી હતી. સૌને એટલો તો ખ્યાલ હતો કે હિતેશ રાજ્જા માણસ છે.

રેમો બીજા દિવસથી જ હિતેશની રાહ જોવા લાગ્યો. છેક અઠવાડિયા પછી એ ફરી આવ્યો. હિતેશે કહ્યું, "કોઈ ફ્રૅન્ડની સાથે સુરત કારમાં જવાનું છે, પરંતુ એને આવતાં હજુ અડધો કલાક લાગશે, એટલે માત્ર અહીં તારી સલૂનમાં બેસવા આવ્યો છું!"

'હિતેશ ખત્રી જેવો માણસ પોતાની દુકાનમાં માત્ર કામ વગર બેસવા આવ્યો છે' એ જાણીને રેમોને પોતાનું સન્માન વધી ગયેલું લાગ્યું. સામે બોર્ડ લટકતું હતું 'અહીં કામ વગર બેસવું નહીં' હિતેશે ત્યાં આંગળી ચીંધી અને પછી ખડખડાટ હસ્યો, "મને કાઢી તો નહીં મૂકે ને!" રેમોએ શરમાઈને બોર્ડ ઉલટાવી દીધું.

હિતેશે પૂછ્યું, "દુકાનનું ભાડું કેટલું છે?"

"ચાર હજાર.."

"કારીગરનો પગાર?"

"જે કામ કરે એના પર્સન્ટેજ! પણ કામ ન હોય તોય બે હજાર મિનિમમ આપવાના."

"હમ્મ.. છ હજાર! નીકળી રહે છે છ હજાર?"

"ના, હિતેશભાઈ, નવું નવું છે ને, ત્રણ સાડાત્રણ હજાર નીકળે છે."

હિતેશે સિગારેટ સળગાવી ઊંડો કસ લીધો, "ઓ.કે. તો એક કામ કરાય ને! મારો એક માણસ તારી દુકાને આ ખૂણામાં ટેબલ લઈને બેસે, એ એનું કામ કરશે, ઑર્ડર લેશે અને હું તને મહિને બે હજાર આપીશ."

"અરે! એટલાના શું પૈસા લેવાના? એ બહાને તમે આવશો!" રેમોએ વિવેક કર્યો.

"અરે ગાંડા, દોસ્તી દોસ્તીની જગ્યાએ, બિઝનેસ મિન્સ બિઝનેસ! મારે આમેય નવી ઑફિસ લેવાની હતી, મનેય ચાર હજાર થાત, એનાં કરતાં મારા બે હજાર બચશે. બન્ને માટે વિન-વિન!"

રેમોને યાદ આવ્યું, એના પિતાજી એને બાળપણમાં એક શ્લોક ગોખાવતા, "સંભવામિ યુગે યુગે!" "જ્યારે જ્યારે ધરતી પર તકલીફો વધી જાય ત્યારે ઈશ્વર અવતાર લે છે." રેમોને અચાનક લાગ્યું કે હિતેશ ખત્રી ઈશ્વર જ છે.

બીજા દિવસે એક ટેબલ આવી ગયું. એ ટેબલ પર બેસનાર માણસ આવી ગયો અને ખબર નહીં ક્યાંકથી એમના ઘરાકો પણ આવતા થયા; રેમોના ઘરાકો કરતાં સાવ જુદી જ દુનિયાના લોકો! પેલો માણસ રજિસ્ટરમાં કંઈ નોંધ કરતો અને આવનારને એક ચિઠ્ઠી આપતો, એક ચિઠ્ઠી પોતે રાખતો અને સાંજ પડતાં હેડઑફિસથી આવીને કોઈ આ બધી ચિઠ્ઠીઓ લઈ જતું. રેમો ધંધો બંધ કરી દે પછી પણ બે કલાક હિતેશનો માણસ બેસતો. બધું શાંતિથી ચાલતું. મહિનો પૂરો થાય એ પહેલાં જ હિતેશ ખત્રીએ બે હજાર રોકડા આપી દીધા. પછી એક દિવસ હિતેશ ખત્રીએ કહ્યું, "મારે ગામમાં આવાં ચારેક સેન્ટર ખોલવાં છે અને પછી આજુબાજુના ગામમાં પણ આ બિઝનેસ ડેવલપ કરવો છે."

રેમોને થયું કે આ હિતેશ ખત્રી નવાપુરમાં નવો છે, એને કોણ મદદ કરશે? એને કોણ જગ્યા આપશે? રેમોએ દોસ્તીદાવે ચારેક જગ્યા શોધી આપી. બીજા મહિનાના અંતે હિતેશે દરેક દુકાન દીઠ રેમોને પાંચસો આપ્યા.

ચાર મહિના પછી રેમોએ પોતાની મા માટે સાડી લીધી ત્યારે માની આંખમાં હરખનાં આંસુ હતાં. જયરામભાઈને એટલો ખ્યાલ આવ્યો કે રેમોને આ કમાણી દલાલી પ્રકારની કોઈ આવક થઈ છે. સમજાયું નહીં એટલે એ પોતાની નારાજગી કે રાજીપો સ્પષ્ટપણે વ્યક્ત કરી શક્યા નહીં. રેમો સાથે હવે એમને સીધી વાત થતી નહીં. રેમોની મા તો દીકરાની પ્રગતિથી રાજી રાજી હતી.

રેમોએ પછી તો નવાપુરની આજુબાજુની આઠ-દસ જગ્યાએ હિતેશ ખત્રીને ભાગમાં દુકાનો અપાવી. છેક છઠ્ઠા મહિને કોઈક જાણભેદુએ એને કહ્યું કે હિતેશ આ બધી

દુકાનોમાંથી મટકાનો ધંધો ચલાવે છે અને દુકાનમાં બેસીને એના માણસો સટ્ટાના આંકડા લખે છે. ઘરાકોને એની ચિઠ્ઠી આપે છે. રોજ સાંજે આંકડા ખૂલે ત્યારે જેનો સટ્ટો લાગે એને પૈસા ચૂકવવાના થાય. ધીરે ધીરે આ વિસ્તારના લોકોને સટ્ટાની લત લાગી રહી છે અને હિતેશ ખત્રી આમાંથી કરોડપતિ થઈ ગયો છે.

રેમોએ જરા અચકાઈને હિતેશને પૂછીને ખાતરી કરી, "શું આ બધી દુકાનોમાંથી આપણે કરીએ છીએ, એ ધંધો સટ્ટાનો ધંધો છે?"

"તને ચિંતા શેની છે એ કહે ને! તારો બાપ સતની પૂંછડી છે, એની બીક લાગે છે ને?" હિતેશ બેફિકરાઈથી બોલ્યો.

રેમોએ કહ્યું, "ના રે, ડોહાઓની રીતે જીવવા જઈએ તો ભિખારી બનીને જીવવું પડે!"

"તો પછી?"

"મારી મા કહે છે, ખોટું કામ કરીને પૈસા ન કમાવાય!"

"આપણે આમાં કયું ખોટું કામ કરીએ છીએ? કોઈનું ખૂન કરીએ છીએ? બધા પોતાની મરજીથી આવે છે, એમની નીરસ જિંદગીમાં થોડો રસ લાવવા સટ્ટો રમે છે, આપણે ઈમાનદારીથી રસીદ આપી એમના પૈસા લઈએ, જે જીતે એને ઈમાનદારીથી પૈસા ચૂકવીએ છીએ. આપણે આપણી સાખ જમાવી છે, આપણને નફો થાય છે. ધંધો છે, આમાં ખોટું શું છે?"

પોતાનું અડધિયું જેને માનતા હો, એ મિત્ર આટલા વિશ્વાસથી વાત કરે તો કોના ગળે ન ઊતરે? છતાં રેમોએ દલીલ કરી, "પણ આ કામ કાયદેસરનું તો નથી ને!"

"તારે વેદિયા થઈને કાયદો પાળવો છે કે તને ખાલી પોલીસની બીક છે?"

"પોલીસની બીક લાગે. જેલ જવાનું થાય તો ઇજ્જત જાય!"

"ડી.એસ.પી. સાથે વાત કરવી છે તારે?"

"આ વાતમાં ડી.એસ.પી ક્યાં આવ્યા?" એવું રેમો વિચારે એ પહેલાં તો હિતેશ ખત્રીએ ડી.એસ.પી.ને ફોન લગાડ્યો, "સાહેબ! વ્યારા મલ્ટિપ્લેક્સમાં નવી ફિલ્મ આવી છે, તમારા માટે રિક્લાઇનિંગ સીટની ચાર ટિકિટ રાખેલી છે. મેડમને અને કિડ્સને પણ લેતા આવજો! હું બપોર સુધી ટિકિટ ઘરે પહોંચાડું!" આમ કહી હિતેશે ફોન ખિસ્સામાં મૂક્યો, પછી ખિસ્સા પર હાથ ઠપકારી કહ્યું, "આખા જિલ્લાનું પોલીસ ડિપાર્ટમેન્ટ મારા ખિસ્સામાં છે!"

"એટલે બીવા જેવું કંઈ જ નથી? આમાં કોઈ જ રિસ્ક નથી? એમ ને?"

"રિસ્ક નથી, ઇશ્ક જ ઇશ્ક છે! આ મહિનેથી તને પાર્ટનર બનાવીશ બસ! મહિને વીસ હજાર પાકા! વરસમાં લખપતિ અને દસ વરસમાં..."

"પણ મારા બાપાને ખબર પડી જાય તો કજિયો કરશે.."

"કરે એ તો! બાપા ગુજરી જાય ત્યારે એમના નામે એક સ્કૂલ બનાવજે બસ! એમનો આત્મા પણ સદ્‌ગતિ પામશે!"

પછી તો રેમોની હિંમત ખૂલી. સટ્ટામાં જીતનાર લોકો પૈસા ક્યાં ખર્ચે છે એ રેમોએ તપાસ કરવાનું શરૂ કર્યું, કેમ કે પરસેવાની કમાઈવાળા તો બહુ ચિંગૂસ હોય. પણ સટ્ટાખોર દિલદાર હોય! અમુક સટ્ટાખોરો રકમ જીતે ત્યારે મોજમજા કરવા માટે મહિને મહિને મુંબઈ જતા. રેમોને મુંબઈમાં મોજમજાના સ્થળ તરીકે ગેટવે ઑફ ઇંડિયા અને જુહુના દરિયાનો જ ખ્યાલ હતો. પણ આ બધા મોજમજા કરવા બીજે ક્યાંક જતા. રેમોને ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે આ મોજમજા એટલે શું? રેમોએ બજારમાં એક ગેસ્ટ હાઉસમાં ભાગીદારી કરી અને એ ધંધો પણ ધમધોકાર ચાલવા માંડ્યો.

આવક શરૂ થઈ એટલે રેમોએ લોન ભરી ઘરનાં કાગળિયાં છોડાવ્યાં. દસ વરસમાં ત્રણ ગાડી ખરીદી, એક નવો ફ્લૅટ લીધો, લોન પર. આ દરમિયાન પોતાની જ જ્ઞાતિમાં ઊંચા કહી શકાય એવા પરિવારમાં લગ્ન પણ થયાં. દીકરો જન્મ્યો. એને અંગ્રેજી માધ્યમની મોંઘી સ્કૂલમાં મૂક્યો. રેમો સ્કૂલમાં પણ પ્રિન્સિપાલથી લઈ પ્યૂન સુધી સૌને નાનીમોટી ગિફ્ટ આપી ખુશ રાખતો."

"પછી શું થયું? ક્યાં લોચો પડ્યો?" મને પોતાને જ થયું કે મેં સરસ સમયસર સવાલ કર્યો.

"આ બધું બરાબર જ ચાલતું હતું ત્યાં જ હિતેશ ખત્રીને એની મુંબઈ હેડઑફિસ સાથે પૈસાની બબાલ થઈ. હિસાબમાં દસ લાખ રૂપિયાની ભૂલ આવતી હતી. હિતેશ ખત્રી એ ચૂકવવા તૈયાર નહોતો. એક-બે વાર મુંબઈથી વસૂલાત કરવા માટે થોડા હટ્ટાકટ્ટા માણસો પણ આવ્યા હતા, પરંતુ નવાપુરમાં એમનું કંઈ ઊપજ્યું નહીં.

હિતેશે પછી તો મુંબઈના બીજા અલગ સટ્ટાવાળા સાથે ભાગીદારી કરી અને ફરીથી એનું નેટવર્ક બરાબર શરૂ થઈ ગયું.

હિતેશને એમ હતું કે મૅટર પતી ગઈ, પરંતુ મુંબઈવાળા આમ કંઈ દસ લાખ જવા દે? એમણે પોલીસ ડિપાર્ટમેન્ટમાં ઉપરથી દબાણ કરાવ્યું, એટલે ડી.એસ.પી.એ હિતેશના હપતાની શરમ મૂકીને રેડ પાડવી પડી. રેડ પડી ત્યારે જ ખબર પડી કે જ્યાં જ્યાં સટ્ટો ખેલાતો એ તમામ દુકાનોમાં પેટાભાડૂતનો કૉન્ટ્રાક્ટ હિતેશ ખત્રીના નામે નહીં, પરંતુ રેમોના નામે હતો. હિતેશને ઊની આંચ ન આવી પણ રેમો સામે મજબૂત કેસ હતો અને આખરે એણે જેલમાં જવું પડ્યું. હિતેશની નજરો સામે જ રેમોને હાથકડી લાગી. હિતેશે હસીને કહ્યું, "ડોંટ વરી યાર! બે દિવસમાં છોડાવી દઈશ." હિતેશ એક વાર એના વકીલને લઈને પોલીસસ્ટેશન આવ્યો પણ ખરો, પરંતુ પછી અકળાયેલા મુંબઈવાળાઓએ હિતેશ પર હુમલો કરાવ્યો. એટલે એ એરિયા છોડીને ગાયબ જ થઈ ગયો.

રેમો જેલમાં હતો અને અહીં એના વૃદ્ધ પિતા જયરામભાઈ વકીલો પાસે દોડતા થઈ ગયા. જયરામભાઈ શહેરના મોટા વકીલ પાસે ગયા અને એમણે મોટી ફી લઈ, સેટલમેંટ કરી, જેમતેમ કરી છ મહિને રેમોને જેલમાંથી છોડાવ્યો.

જેલમાંથી બહાર નીકળ્યો ત્યારે રેમોના તમામ ધંધા પર તાળાં લાગી ચૂક્યાં હતાં. લોન ચૂકવાઈ નહોતી એટલે એનો ફ્લૅટ બૅન્કે જપ્ત કર્યો. ગેસ્ટ હાઉસ ત્રણ વરસના ભાડાપટ્ટે લીધેલું, દુકાન વેચીને એ રકમ ચૂકવવી પડી. વકીલોની ફીના ખર્ચા માટે જયરામભાઈએ પોતાનું ઘર ફરી એક વાર ગિરવે મૂક્યું હતું.

રેમો જેલમાંથી છૂટ્યો ત્યારે એનાં માતા-પિતા એને લેવા આવ્યાં હતાં, જિલ્લા મથકથી બસમાં ત્રણ જણાની નેવું રૂપિયા ટિકિટ થઈ. કંડક્ટરને સો રૂપિયા આપેલા. ઊતરતી વખતે જયરામ સર બાકી રકમ માંગવાનું ભૂલી ગયા. રેમોએ યાદ કરાવ્યું, "દસ રૂપિયા લેવાના બાકી છે."

રેમોએ જોયું કે છ મહિનામાં નવાપુર બસસ્ટૉપ પાસે ખાસ કંઈ બદલાયું નહોતું. બસ, પોતાની દુકાન પર કોઈ બીજું બોર્ડ લાગી ગયું હતું.

નવાપુરની જે બજારમાં ચકચકતા બૂટના ચમચમાટનો દબદબો રહેતો એ આખું બજાર આજે એને કુતૂહલથી પરંતુ અંતર રાખીને જોતું રહ્યું, આજે તો નજર નીચે રાખીને ચાલવાનું હતું. આંખ ઢાંકવા માટે આજે ગોગલ્સ પણ નહોતા, આજુબાજુનાં ગરીબ બાળકોને આપવા માટે ૧૦-૧૦ની નોટ પણ નહોતી અને કોઈ એ નોટ માટે રાહ જોઈ રહ્યું હોય એવું પણ નહોતું. છ મહિનામાં રેમો પોતે જાણે દસ વરસ કરતાં વધુ વર્ષ પાછળ પડી ગયો હતો.

એને થયું કે આ બજારમાં એણે વિતાવેલાં દસ વરસ જાણે છ મહિનામાં વીતી ગયાં ન હોય! અને એની સજાના છ મહિના એટલા લાંબા લાગ્યા જાણે દસ વરસની જેલ ન થઈ હોય! રેમો જેલમાં વારંવાર આપઘાતનો વિચાર કરતો હતો, પણ માંડ કાબૂ મેળવતો. પણ આજે રેમોને માટે આ રસ્તે ચાલવું મોતથી કપરું હતું.

રસ્તે એના ફ્લૅટવાળું ઍપાર્ટમેંટ આવ્યું. ત્યાં બાલ્કનીમાં કોઈ બીજો પરિવાર દેખાયો. રેમોનાં પત્ની-બાળકો પિતાજી સાથે જૂના ઘરમાં રહેવા આવી ગયાં હતાં. દીકરાને અંગ્રેજી માધ્યમની શાળામાંથી ઉઠાડીને સરકારી શાળામાં મૂકવો પડ્યો હતો. એ જેલમાં ગયો, એ પહેલાં ઘરે કચરા-પોતા-વાસણ માટે કામવાળી આવતી હતી, હવે એની પત્ની પોતે આજુબાજુનાં બે-ચાર ઘરોનાં વાસણ કરતી હતી.

આખરે ઘર આવ્યું. જાણે સ્મશાનથી નરક સુધીનો રસ્તો એણે કાપ્યો. એક એક ડગલે પોતાના જ મૃતદેહનો ભાર પોતાના ખભે ઊંચકતો હોય એમ એનાં ચરણ પડતાં હતાં. નજર સામે ઘર વધુ જર્જર દેખાતું હતું.. જે ઘરથી ભાગવા માટે એણે બજારની ચમકદમકનો રસ્તો લીધેલો, એ ઘર સિવાય હવે બીજું કોઈ ઠેકાણું એની પાસે હતું નહીં.

ઘરે પહોંચી અનિચ્છાએ બે-ચાર કોળિયા મોંમાં ઠૂંસ્યા. દીવાલનો ટેકો લઈ અંદરના ઓરડા સુધી પહોંચ્યો. પોતાના રૂમમાં ખાટલા પર આડો પડ્યો. જયરામભાઈ પાછળ પાછળ આવ્યા. ઉકળાટ હતો એટલે પંખો ચાલુ કરી એ બહાર ગયા.

બાળક નિશાળમાં હતું. પત્ની બીજા ઘરોનાં વાસણ કરવા ગઈ હતી, પત્નીનો દુપટ્ટો ખાટલા પર પડ્યો હતો અને ઉપર પંખો ધીમે ધીમે ફરી રહ્યો હતો. જેલમાં પંખો તો હતો. દુપટ્ટો નહોતો. અહીં દુપટ્ટો હાથવગો હતો. રેમોએ વિચાર્યું, પત્ની અને બાળક આવે એ પહેલાં જ.. બસ, પણ હિંમત ક્યાંથી લાવવી?

"કંઈ બચ્યું નથી! કંઈ બચ્યું નથી!" એણે પોતાના જ ગાલ પર એક જોરદાર તમાચો માર્યો, સટ્ટાનો ધંધો કરવા તરત હિંમત એકઠી થઈ...અને... હવે આ હિંમત નથી થતી?" એણે હિંમત કરી દુપટ્ટો હાથમાં લીધો.

ત્યાં જ જયરામભાઈએ બૂમ પાડી.

હાથમાં પકડેલા દુપટ્ટાથી આંસુ લૂછી, રેમો પરાણે બહાર ગયો.

જયરામભાઈએ પૂછ્યું, "ઘરાક છે, વાળ કાપશે?"

રેમોએ પાટિયા પર પિતાજીના ચોખ્ખા અક્ષરમાં લખાયેલું બોર્ડ વાંચ્યું, અરીસાની ડાબી બાજુ ભાવપત્રક અને જમણી બાજુ સુવિચાર. આજે લાંબા સુવિચારની જગ્યાએ બે જ શબ્દો દેખાયા એટલે એણે વાંચવાનું કષ્ટ લીધું. પાટિયા પર લીલા-ભૂરા ચોકથી લખ્યું હતું, "નવી શરૂઆત!"

"ઊભા રહો, હું પંખો બંધ કરીને આવું!"

રેમોએ પંખો બંધ કર્યો. એની ડાબી-જમણી આંખમાં અક્ષરો તરવરી રહ્યા હતા... ભાવપત્રક અને સુવાક્ય.. દસ રૂપિયા.. નવી શરૂઆત..!

રેમોએ ગડી વાળીને દુપટ્ટો મૂક્યો. બહાર આવી ઘરાકના વાળ કાપ્યા.

જયરામભાઈ આખી ક્રિયા જોતા રહ્યા. ઘરાકે દસ રૂપિયા રેમોના હાથમાં મૂક્યા. જયરામભાઈ ખુશ થયા. "દીકરા! હજુ વાળ કાપતાં તો બરાબર આવડે છે, સરસ કાપ્યા!"

નિશાળેથી આવેલા દીકરાને ઊંચકતાં રેમો બોલ્યો, "બસ.. મને પણ તમારી જેમ ચોખ્ખા અક્ષરે લખતાં શીખવી દો!"

દીકરાએ પહેલી વાર ભણતરમાં રસ દાખવ્યો એટલે જયરામભાઈની અંદરનો શિક્ષક તત્કાળ જાગી ઊઠ્યો.

પૌત્રના દફતરમાંથી સ્લેટ કાઢી અને રેમોના હાથમાં ચોક આપ્યો, "લખ તારું નામ ચીવટથી.. ચોકસાઈથી.. ચોખ્ખાઈથી.."

સામે શેરીમાંથી એની વહુ ઉતાવળે પગલે આવી રહી હતી.

રેમોએ સ્લેટમાં પોતાનું અસલી નામ લખ્યું, "રામદાસ!"

■

મણિલાલે ૨૪૦ પુસ્તકોનાં અવલોકનો કરેલાં છે. વિવેચ્ય ગ્રંથના વિચારની ઊણપ પૂરીને તેને શુદ્ધ કરવો તે સમીક્ષક તરીકેની તેમની પહેલી વિશિષ્ટતા. ઉ.ત., છોટાલાલ નરભેરામ ભટ્ટકૃત 'રસશાસ્ત્ર'નું અવલોકન કરતી વખતે તેઓ સાહિત્યતત્ત્વના શાસ્ત્રીય ગ્રંથના પ્રયત્ન માટે લેખકને અભિનંદન આપે છે. પણ સાથે લેખકે વિશ્વનાથ, મમ્મટ, આદિનાં વાક્યોને સમજવામાં કરેલી ભૂલોને સુધારે છે અને રસશાસ્ત્રની ચર્ચાને શુદ્ધ અને વિશદ કરી આપે છે. આર્યધર્મની મહત્તા સ્થાપવાના હેતુથી લખાયેલ 'રાજર્ષિ' નામના પુસ્તકનાં અપ્રમાણ અને ભ્રામક વિધાનોવાળી દૂષિત વિચારશ્રેણી અને ભ્રામક ભાષાની તેમણે સખત ઝાટકણી કાઢતાં કહ્યું છે કે 'આવા સનાતન ધર્મરક્ષકો પોતાનો સનાતન ધર્મ સાચવીને બેસી રહે તો બહુ છે.'

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# હાથ કરતી સ્ત્રી

ધર્મેશ ગાંધી

દરવાજો ચૂપ હતો. ક્યાં સુધી એની બંધ અવસ્થાને તાક્યા કરું? મોડી સાંજનો ઊગી રહેલો આછો અંધકાર અને આથમી ચૂકેલા દિવસનો વિદાય લઈ રહેલો ઉજાસ, બંને વચ્ચે અટવાતો હું નજીકથી પસાર થઈ રહેલાં વાહનોને જોઈ રહ્યો. દરેક જણ પોતપોતાના ઘરભેગું થઈ રહ્યું હતું; પેલી સ્ત્રીની જેમ. ચહેરા વગરની એ સ્ત્રીએ પાછળ ફરીને જોયું નહોતું; જોયું હોત તોપણ શું, ચહેરો જોઈ શકાવાનો હતો? ઓઢણીનું ચુસ્ત આવરણ ગૃહપ્રવેશ બાદ જ હટતું હશે. ઘરમાં ગયાં પછી તો એનાં બધાં જ આવરણો દૂર થઈ જતાં હશે! બહારનો નકામો ભાર એક ઝાટકે ફગાવી દઈને એ એના ઘરની જ થઈ જતી હશે.

મેં હેલ્મેટનો કાચ નીચે ઉતાર્યો. એક રજકણના પ્રવેશથી રાખોડિયા કાચની અંદર ગોંધાયેલી મારી આંખો માટે બહારનું દૃશ્ય ઝાંખું થઈ ગયું હતું. સાંજની વેળાએ કાચ ઉપર જીવાતો અથડાયા કરતી હોવાથી ઘસરકા પડી ગયા હતા. મેં સ્કૂટર ચાલુ કર્યું. ખેતરો વચ્ચેથી પસાર થતી સડકની બંને તરફ, ગમે ત્યાંથી પોષણ મેળવી લેતા આકડા-ધતૂરા જોતો હું આગળ વધી ગયો. ઑફિસેથી નીકળીને સીધો હું ઘરે જ જતો. રસ્તામાં ક્યાંય સ્કૂટર ઊભું રાખતો નહિ. તે દિવસે પણ જો હાઇવે ઉપર ચેકપોસ્ટ બનાવીને પોલીસ જતા-આવતાને રોકીને તપાસી રહી ન હોત તો હું આ રસ્તા ઉપર અધવચ ક્યારેય ઊભો રહ્યો ન હોત. એક તો પેલી ફૅક્ટરી – રસાયણોની દુર્ગંધ તો ઠીક, પણ એમાંથી નીકળતી ગટરની બદબો અકળાવી મૂકતી. એમાં વહી જતી ગંદકી એમાં જ કામ કરતા લોકોએ પેદા કરી હતી. વળી એ વિસ્તારમાં જો વાહન જરા ધીમુંય કરીએ તો સ્ત્રીઓનું ઝુંડ ઘેરી વળે. આવી સ્ત્રીઓ વિશે મેં ઘણું સાંભળ્યું હતું. કોઈ ખુલ્લા વાળવાળી, કોઈ ઢાંકેલા ચહેરાવાળી; કોઈ લાલ સાડીમાં, કોઈ પીળા સલવાર-કમીઝમાં તો કોઈ જીન્સ-ટીશર્ટમાં; કોઈ ઘઉંવર્ણી, કોઈ કાળી તો કોઈક તદ્દન કાળી... સ્કૂટર પાછળની, માત્ર એક વ્યક્તિને સમાવી શકે એવી સીટ ઉપર પણ બે જણીઓ ખિખિયાટા ભરતી બેસી જાય. એમાં કોઈ જરા અલ્લડ હોય એ વચ્ચે એવી રીતે બેસી જાય જાણે ઘોડેસવારી કરવા નીકળી હોય. જે થોડી અતડી હોય, આ રસ્તા ઉપર નવીસવી હોય, પણ ઘેર જવાની ઉતાવળ હોય, એ સૌથી પાછળ બેસે. બે અજાણી સ્ત્રીઓનો મઘમઘતો ભાર જો વેંઢારી ન શકીએ તો ચોક્કસપણે સંતુલન ખોરવાય. એમનો તો નિયમ જ જાણે – કોઈ પણ વાહન પસાર થાય, હાથ કરી મૂકવાનો. હું ક્યારેય આ હાથ કરતી સ્ત્રીઓના ઇશારે ઊભો રહેતો નહિ. આવી સ્ત્રીઓને બેસાડવાવાળા મિત્રો ઘણી વખત ચા-સમોસાંની લારીએ ગરમાગરમ ચર્ચા

કરતા. એમનાં એ સફરનામાં કોઈક પરાક્રમની જેમ રજૂ થતાં, જેમાં બંને પક્ષે વિજય થયો હોય, બંને તરફ ખુશી છલકાઈ ઊઠી હોય.

પણ તે દિવસે...

'સૉરી હેં... જીરીક મોળું થેઈ ગેયલું છે,' એક સ્ત્રીસ્વર મારી એકદમ નજીક, મારી સાથે મારા સ્કૂટરની પાછલી સીટે પણ અનુભવ્યો. મેં પાછળ ફરીને જોયું. રાખોડી રંગની સાડીમાં ઢંકાયેલા એક શરીરે ચહેરો ઓઢણીમાં છુપાવી રાખ્યો હતો.

'અરે, પણ...' હું બોલવા જતો હતો. એણે પરવાનગી નહોતી માગી, સીધી પાછલી સીટ ઉપર બેસી ગઈ હતી. એટલામાં પોલીસનો દંડો બોલ્યો. પાછળ ટ્રાફિક વધી રહ્યો હતો. ડામરની સડક ઉપર ડંડાને એણે એ રીતે ઠપકાર્યો કે જાણે ચરવા આવેલાં ઢોરને આગળ ખસવાનો હુકમ આપતો હોય.

'વિરાવલ પાટિયે ઉતારી દેહો કે, ભાઈ, પ્લીઝ!' વાહનોના હૉર્નના ઘોંઘાટ વચ્ચે મને રાખોડી સાડીનો અવાજ ધીમેથી સંભળાયો.

રોજ સાંજે ફૅક્ટરીમાંથી છૂટીને બધી થોડાં થોડાં અંતરે ટોળકી બનાવીને ઊભી રહી જાય. કોઈક આખા દિવસની ભેગી થયેલી વાતોમાં મશગૂલ હોય, તો કોઈ વળી ફૅક્ટરીમાં લાગી ગયેલો મેલ ઘેર જતાં પહેલાં સાફ કરી નાખવા મથતી હોય એમ ચહેરો, ગરદન, હાથ ચોળતી ઊભી હોય. આ બધી પ્રક્રિયાઓ દરમ્યાન પણ રસ્તા પરથી પસાર થતાં વાહનો આગળ હાથ લાંબો કરવાનું ચૂકતી નહિ. કારવાળો તો કોઈ ભાગ્યે જ ઊભો રહે, એમને ક્યાં આ બધામાં રસ હોય; અથવા ગાડી ગંદી થઈ જવાનો ભય હશે. કોઈક ટૂ-વ્હીલરવાળો ઊભો રહી જાય તો ઝુંડ એની પાસે સૌથી પહેલાં પહોંચી જવા માટે દોટ મૂકતું. હાથ કોણે કર્યો કે કોનો હાથ જોઈને પેલો ઊભો રહ્યો એ મહત્ત્વનું નથી; ઊભો રહ્યો એટલે જે પહેલું પહોંચે એણે બેસી જવાનું. પેલો પસંદગી કરે કે કોને બેસાડવી કે કોને નહિ, એ પહેલાં તો એની પાછલી સીટ ભરાઈ ગઈ હોય.

પાછલી સીટ ઉપર બેસી ગયેલી સ્ત્રી સાથે હું ધીમે ધીમે આગળ વધવા માંડ્યો. મેં રિઅર-વ્યૂ મિરરમાં નજર કરી. એનો ચહેરો મારી તરફ હતો. ઓઢણી એ ચહેરાના ભાવોને છુપાવી રહી હતી. મને લાગ્યું જાણે અમે એક સ્કૂટર પર સાથે બેસીને, પોતપોતાની સીટ ઉપર એકલા છીએ. હવે પછીના ઘટનાક્રમ અંગે મને જાણ હતી – એક હાથ ધીમેથી મારા ખભે અડશે; પછી હાથની સૌથી નજીકનાં અંગો... મારી જગ્યાએ કોઈક બીજી વ્યક્તિ હોત તો આટલી વારમાં તો રસ્તે આવતા નાના ખાડાઓને મોટું સ્વરૂપ આપવાનું શરૂ કરી દીધું હોત. જરૂરિયાત કરતાં વધુ દબાણથી બ્રેક મારવી; આંચકો લાગે એમ ઓચિંતી ગતિ વધારી દેવી; હૉર્ન વગાડીવગાડીને પાછલી સીટનું ધ્યાન આગલી સીટ તરફ ખેંચવું... પણ મેં આમાંનું કશું કર્યું નહિ. મિત્રોએ મને આવી સ્ત્રીઓની ઓળખાણ સારી પેઠે કરાવી દીધી હતી. કામ કઢાવી લેવામાં માહેર સ્ત્રીઓ. કામમાં એટલું કે ફૅક્ટરીથી ઘર સુધીના વાહનવ્યવહારની મફતમાં સગવડ કરવી. બદલામાં એમણે કરવાનું ખાસ કશું નહિ, બસ વાહનચાલકની પીઠ સાથે ક્ષણિક સુખની વહેંચણી.

જમણા ખભે મેં એક મુલાયમ સ્પર્શ અનુભવ્યો. સતત વિચારોમાં ગતિ કરતું મારું મન વિકલાંગ બની જઈને ત્યાં જ થંભી ગયું. મનમાં મારાથી હસાઈ ગયું. જે સંભવિત

ઘટનાક્રમ આકાર લઈ રહ્યો હતો એના પ્રથમ તબક્કાના વાસ્તવિક રૂપની શરૂઆત થઈ ચૂકી હતી. સ્કૂટરની ઝડપ રોજ કરતાં મેં વધારી દીધી. અડધે સુધી અમે પહોંચી ગયા હતા

'જીરીક સ્કૂટર ઊભું રાખહો કે?' સ્ત્રી પાસે ચહેરો નહોતો, માત્ર શબ્દો હતા; એના ઉપયોગથી એ કયું કામ કઢાવવા માગતી હતી, મને સમજાયું નહિ. અપેક્ષિત ઘટનાક્રમમાં બીજા જ પગથિયે બદલાવ આવી ગયો હતો. મેં રસ્તાની એક બાજુ પર સ્કૂટર ઊભું રાખ્યું. હાઈવે ઉપરની અવરજવર નિયમિત હતી. વાતાવરણમાં રોજ કરતાં વધુ બફારો હતો. સડક પહોળી હતી. જતાં-આવતાં લોકોને છૂટા પાડતું, વચ્ચે એક ડિવાઈડર હતું. સડકની બંને તરફ ખેતરો હતાં. ક્યાંય ઝૂંપડું કે કામચલાઉ આશ્રયસ્થાન નજરે પડતું નહોતું. તો પછી આણે સ્કૂટર કેમ ઊભું રખાવ્યું? એ મને ક્યાં લઈ જવાની હશે?

સ્કૂટર પરથી ઊતરીને, કશું પણ બોલ્યા વગર એ સડકની મધ્યે પહોંચી ગઈ. એની ચાલમાં મેં ઉતાવળ નોંધી. એક પળ માટે મને સ્કૂટર હાંકી મૂકવાનો વિચાર આવ્યો. મેં એને ડિવાઈડરની પાળી ઉપર ચઢતાં જોઈ. ઢળતી સાંજના ઠંડા પવનમાં બધી કરેણ ઝૂમી રહી હતી. પીળાં ફૂલોને ચૂંટી લેવા માટે સ્ત્રીએ બંને હાથ ફેલાવી દીધા. સાડીના છેડાને છાબડીનું સ્વરૂપ આપી દીધું હતું. અમારી વચ્ચેના રસ્તા ઉપરથી વાહનો સડસડાટ પસાર થઈ રહ્યાં હતાં. જે હૂંફાળો પવન એની સાડીને શરીરથી અળગી કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, એ જ પવન સ્કૂટર હાંકી મૂકવાના મારા વિચારને દૂર ફંગોળવા માંડ્યો હતો. નવી બનેલી કોઈક પ્રતિમાનું અનાવરણ થઈ રહ્યું હોય એમ હું એક દર્શક બનીને એની ઉઘાડ-બંધ થઈ રહેલી કમરને તાકી રહ્યો હતો. કમર ફરતે બંધાયેલો કાળો દોરો બરાબર એની નાભિ ઉપરથી પસાર થઈ રહ્યો હતો, જાણે પૃથ્વીની ધરીની મધ્યેથી પસાર થતી વિષુવરેખા. એટલામાં ધૂળનું એક વાદળ મને ઘેરી વળ્યું. મારા હાથ, મોં, આખા શરીર ઉપર ધૂળ પથરાઈ ગઈ. ધૂળ તો સામેની તરફ પણ ઊડી રહી હતી, પણ એ સ્ત્રીનો ચહેરો સુરક્ષિત હતો. આ રસ્તે ઊડતી ધૂળથી ખરડાઈ નહિ જવાય એની પૂરતી તકેદારી સાથે જ એ પોતાના ઘરેથી નીકળતી હશે!

એને એકીટશે તાકી રહેલી મારી નજરમાં કશુંક સળવળી ઊઠ્યું. ડિવાઈડર ઉપરના છોડનાં લીલાં પાંદડાંઓ વચ્ચે... સાપ? મેં આંખો ચોળી. ફેણનો આકાર મને સ્પષ્ટ દેખાયો. કાળો નાગ ફૂંફાડા મારી રહ્યો હતો. સ્ત્રીની નજર ફૂલ ઉપર હતી. પાછળ સળવળી રહેલા સર્પ ઉપર એનું ધ્યાન જ ન હોય? જાણે કે જાણતી ન હોય, કે આવી જગ્યાએ તો સાપ ને વીંછી હોવાના જ! આપણે કામ પૂરતું કામ; બચીને નીકળી જવું. જ્યાં સુધી આપણે સામેથી કશું ન કરીએ, સલામત. એકતરફી રસ્તાની આ પારથી હું એને પેલી તરફ ઇશારો કરી રહ્યો હતો. મને લાગ્યું, ફક્ત હું એને જોઉં છું; એનું મારા તરફ ધ્યાન નથી! સાડીના છેડે ફૂલોની પોટલી વાળીને એ ફરીથી મારી તરફ આવવા માંડી.

'તમને તકલીફ આઈપી હેં...' નજીક આવીને એ બોલી. 'ખબર કે..? કરેણનાં ફૂલ મા'દેવને તો ચ'ળાવાય જ, પણ એમ કેય કે દવા બનાવવા હારુ હો કામ લાગે!' ઓચિંતી આવી ચઢેલી હવાની તેજ લહેરમાં મને દવાની તીવ્ર વાસ આવી. એ મારી લગોલગ આવી ગઈ હતી. કાળી ઓઢણી તળે અદશ્ય થઈ ગયેલા ચહેરા પરની બે આંખો કળણમાં ખૂંપી રહેલી ખિસકોલીની આંખો જેવી લાગતી હતી. હું એમાં કશુંક ખોળવા માંડ્યો હતો. એક ગાડીના હૉર્નથી હું ચોંકી ગયો. એની કમર ઉપર ઊપસી આવેલા દોરાના સળ તરફ જોતાં

મેં સ્કૂટર ચાલુ કર્યું. એ ફરીથી પાછલી સીટ ઉપર બેસી ગઈ. કદાચ એણે મારો આભાર માન્યો હોય; એન્જિનના ધડધડાટ હેઠળ એનો આભાર ચગદાઈ ગયો હશે! પછી લાંબા સમય માટે એવી ઘડીઓ વીતવા માંડી જેમાં કશું બનતું નથી.

થોડું આગળ જતાં મારા ખભે ફરી એનો હાથ દબાયો, પહેલાં કરતાં વધુ દબાણથી. ઊતરવા માટેનો ઇશારો. મોઢેથી એ બોલી પણ હોય, પણ શહેરમાં પ્રવેશતાં જ વધી ગયેલા શોરબકોરે એનો અવાજ મારા સુધી પહોંચવા ન દીધો હોય! કદાચ બે સીટ વચ્ચે અંતર રાખીને એ બેઠી હોય! હું થંભી ગયો. સરકારી બસમાંથી ઊતરી હોય અને ડ્રાઇવર સાથે કશી લેવાદેવા ન હોય એમ એણે પોતાના ઘર તરફ ચાલવા માંડ્યું. આગળથી હું એને બરાબર જોઈ શક્યો નહોતો. ચાની લારી ઉપર મિત્રો દ્વારા કરાયેલ સંશોધન-ચિંતન મને યાદ આવ્યાં – આવી સ્ત્રીઓ કોઈની પણ પાછળ બેસી જાય. અને હું મારા ઘર તરફ રવાના થઈ ગયો.

ઘર સામે ઊભા રહીને મેં મારા જ ઘરને ક્યાંય સુધી જોયા કર્યું. ઘર નિઃશબ્દ હતું; નિદ્રાધીન હતું. હું ઘરમાં એવી રીતે પ્રવેશ્યો કે જાણે પ્રવેશ્યો જ ન હોઉં. દવાઓની તીવ્ર વાસ મને ઘેરી વળી. ઘર બીમાર પણ હતું. બે નાનકડા ઓરડાઓથી બનેલા ચણતરને ઘર તરીકેનો દરજ્જો મળ્યાને અડધો દાયકો પસાર થઈ ચૂક્યો હતો. સવારે હું જે અવસ્થામાં એને અને એની દરેક વસ્તુને છોડીને જતો, રાતે પાછો વળું ત્યારે એમાં લેશમાત્ર ફરક જણાતો નહોતો. ફરક હોય તો માત્ર એટલો કે જતી વખતે હું સવારનો અજવાશ છોડીને જતો, ને આવતો ત્યારે મારા સ્વાગતમાં કંટાળી ગયેલા અંધકારના ઓળા ટૂંટિયું વાળીને પડ્યા હોય.

ઘરની તથા શરીરની જરૂર પૂરતી સાફસૂફી કરીને મેં રસોઈ બનાવી. થાળી તૈયાર કરીને હું એ ઓરડામાં ગયો જેમાં બેસવાનું તથા ઊંઘવાનું કામ થતું હતું. ઓરડાની એકમાત્ર બારી બંધ હતી. એ રવિવારે ખૂલતી; ત્યારે હવા અને ઉજાસનું પૂર આખા ઘરમાં ધસી આવતું, જાણે અઠવાડિયાથી અંદર આવવાની પ્રતીક્ષામાં બહાર એકઠું થયું હોય. ખૂણાના ટેબલ ઉપર ડૉક્ટરોની ફાઇલો એકબીજા ઉપર ખડકાઈને રાફડાની માફક ઊંચી થઈ રહી હતી. ટેબલ ઉપર જગ્યા કરીને મેં થાળી મૂકી; પછી મીરાને ઢંઢોળી, 'ચાલ, ખાઈ લે થોડું. ભૂખ્યા પેટે દવા નહિ લેવાય.'

મીરાએ આંખો ખોલી, એવી રીતે કે જાણે બંધ જ હોય. ભૂખ તો મને લાગી હતી. ઘરે આવતાં, રસ્તે નાસ્તાની ઘણી લારીઓ આવતી. સસ્તી છતાં મસાલેદાર વાનગીઓની સોડમ મને ઉત્તેજિત કરી મૂકતી. પણ રોજ રોજ પૈસા ખરચીને ભૂખ સંતોષવી પોષાય એમ નહોતું; ને મફતમાં કોઈ ખાવાનું ધરવાનું નહોતું. મેં જોયું કે મીરા પડખું ફરી ગઈ હતી. હું એની નિર્લેપ પીઠને તાકતો ઊભો રહ્યો. થાળી તરફ એક ભૂખી નજર નાખીને હું ફરસ ઉપર ગોદડી પાથરીને આડો પડ્યો.

બીજે દિવસે સાંજે ઑફિસેથી ઘરે આવતાં, ફૅક્ટરી પાસે મારું સ્કૂટર ધીમું પડ્યું. ઘણા હાથ ઊંચા થયા. મેં સ્કૂટર ઊભું રાખ્યું તો ચારપાંચ સ્ત્રીઓ દોડતી આવી પહોંચી. મારી નજર ગઈ કાલવાળી સ્ત્રીને શોધતી હતી. ચહેરા વગરની એ સ્ત્રીને ઓળખવી કઈ રીતે? કોઈને પૂછું તો પણ શું, કે કાલે જેને હું બેસાડી ગયેલો એ સ્ત્રી… કે પછી

મોટેથી બૂમ પાડું – કાલે કરેણનાં ફૂલો ચૂંટવા ગયેલી એ સ્ત્રી હાજર થાય..? મારી નજર એ દોડી આવેલી સ્ત્રીઓની કમર ઉપર ઝડપભેર ફરવા માંડી. કોઈની કમરે કાળો દોરો નહોતો. મેં નીચે ઊતરીને સ્કૂટરને થોડું નમાવ્યું. તદ્દન નજીક આવતાં અટકી ગયેલી એ બધી ખિખિયાટામાં બોલી ઊઠી, 'લાગતું છે કે ભાઈનું પેટ્રોલ પતી ગીયું...' એકાદ વળી એવુંય બોલી, 'નીં રે, સર્વિસ નીં કરાવતો ઓહે!' તાળીઓની આપ-લે કરતી એ બધી ફરી પોતપોતાની જગ્યાએ જતી રહી. લાગ્યું હશે, હું એમના કામનો નથી. થોડું આગળ ખેંચી જઈને મેં સ્કૂટર હાંકી મૂક્યું. ફરી એક વખત હું જેવો નીકળેલો એવો જ ઘરે પરત થયો.

એ રોજ આવતી-જતી નહિ હોય? સવારે ઑફિસ માટે નીકળતાં પહેલાં ચા બનાવતી વખતે મને વિચાર આવ્યો. મેં મીરાને ઉઠાડી. ચા-નાસ્તા સાથે દવાનો ડબ્બો સોંપ્યો. મોંમાં બિસ્કિટનો એક ટુકડો મૂકતાં એને ખાંસી આવી ગઈ. હું એને પાણી આપીને ઘરની બહાર નીકળ્યો. પોતાની જાતને મેં એક નવી શરૂઆત માટે આગળ ધકેલી દીધી.

પંદરેક દિવસ પછી, ઑફિસેથી ઘરે જતાં, એ મને દેખાઈ ગઈ. હાથ કરતી બધી સ્ત્રીઓ ઊભી રહે છે ત્યાં નહિ, દૂર એક વળાંકમાં, જ્યાં ફૅક્ટરીની દુર્ગંધ પહોંચી શકતી નહોતી. સ્કૂટર ઊભું રાખીને મેં એને ઓળખવાની કોશિશ કરી, પણ અમારી ક્યાં કોઈ ઓળખાણ થઈ હતી! હું નખશિખ એને તાકી રહ્યો. એ મને ઓળખી ગઈ હશે. મારા સ્કૂટરની પાછલી સીટ હંમેશની માફક ખાલી હતી. એ બેસી ગઈ. અમે આગળ વધવા માંડ્યાં.

'થૅન્ક યૂ હેં કે,' મારા વિચારોને વેરવિખેર કરી નાખતો અવાજ મેં સાંભળ્યો. 'મેં મા'દેવની માનતા માનેલી ઉતી; બે અઠવાળિયાં હુધી ચાલીને ફૅક્ટરીએ જવા, ને વળતાં હો પાછી ચાલતી જ...'

મેં ગરદન ઘુમાવી. બોલ્યો કશું નહિ. બોલ્યો હોત તોપણ હેલ્મેટની અંદરનો મારો અવાજ એ સાંભળી શકી હોત ખરી!

'વરને પીવાની લત પળી ગેયલી. કામે નીં જતો. આખો દા'ળી લુખ્ખાઓ હાથે ભટઈકા કરે. બો દવા કઈરી. કેય કે હાત દા'ળામાં દારૂ છોળાવો; પણ કંઈ ફેર ની પઈળો. દા'ળેના દવા પીય ને રાતે દારૂ... છેલ્લે મંદિરે જેઈને બાધા લીધેલી.'

આટલા દિવસોમાં એ મને ક્યારેય રસ્તામાં દેખાઈ નહોતી. કદાચ મેં ચાલીને જતા લોકો તરફ ધ્યાન ન આપ્યું હોય!

'હાંજે કારખાનેથી વે'લ્લી નીકળી આવતી,' મારા મનની વાત સાંભળી લીધી હોય એમ એણે ફરી બોલવાનું ચાલુ કર્યું, 'ચાલતા ઘેરે પોંચતા અંધારું થેઈ જાય એટલે.. અ'વે એ હુધરી ગીયો એવું લાગતું છે. નોકરી પાછી ચાલુ કરેલી છે. મોઢું હો ગંધાતું નથી. આજે ઉં કારખાને ઇ'સાબ કરવા જ ગેયલી. તણેક મ'ઇના નોકરી કરી મેં. એકે તો કામ કરવું પળે ને! અવે છોળી મૂઈકી. ઘર હાચવવાનું, એને હાચવવાનો, પોરીને ભણાવવાની... અંઇયેથી બપોરે જ ઉં તો નીકળી જતે. ઇ'સાબ થેઈ ગેયલો; પણ તમને મળવા હારુ હાંજ હુધી રોકાઈ. તી દા'ળે તમારો આભાર માનવાનો રેઇ ગેયલો...'

એકધારું બોલ્યા પછી એ શાંત થઈ ગઈ. દૂર સુધી એન્જિન સિવાય કોઈ કશું બોલ્યું નહિ. ઓચિંતો એણે મારો ખભો હચમચાવી નાખ્યો. હું ડગમગી ગયો. 'ઉં તમારી હાતે

બો આગળ નીં આવી હકા હેં!' એ હસવા માંડી. એની વાત પૂરી થઈ ગઈ હતી. મારો આભાર પણ માની લીધો હતો. હું ઘણો આગળ નીકળી આવ્યો હતો. સ્કૂટર રોકાતાં જ એ એવી ઝડપે ઊતરી ગઈ કે જાણે ચાલુમાં કૂદી ગઈ હોય. એ સામે આવીને ઊભી રહી. પર્સમાંથી ચાર-પાંચ પીળાં ફૂલો કાઢ્યાં. મારા પેટ ઉપર લટકતી મારી બૅગમાં સરકાવતાં બોલી, 'કોઈ હગું-વા'લું ઘેરે માંદું ઓ'ય તો મા'દેવની માનતા માનજો, જલદી હાજું થેઈ જહે.' એ ચાલવા માંડી. ઊતરી જવા માટે જ બેઠી હોય એમ એણે એક વાર પણ પાછળ ફરીને જોયું નહિ. જોયું હોત તોપણ એનો ચહેરો હું ક્યાં જોઈ શકવાનો હતો! હું એની પીઠને અપલક તાકી રહ્યો. એના ઘરનો દરવાજો ખુલ્લો જ હતો. એ અંદર પ્રવેશી. એના ગૃહપ્રવેશથી ઘર ઝગમગી ઊઠ્યું. કદાચ એના પતિએ કે દીકરીએ, કે બંનેએ, અંદરથી બત્તી સળગાવી હશે. એ એના ઘરમાં ખોવાઈ ગઈ. મારી સમક્ષ મારું ઘર એક રાફડાની જેમ ઊભું થવા માંડ્યું હતું.

મોડી સાંજનો ઊગી રહેલો આછો અંધકાર અને આથમી ચૂકેલા દિવસનો વિદાય લઈ રહેલો ઉજાસ, આ બંને વચ્ચે ભીંસાતો હું ક્યાંય સુધી ત્યાં જ બેસી રહ્યો. હેલ્મેટના કાચ ઉપર પડેલા ઘસરકા જાણે કહી રહ્યા હતા, કાચ બદલી નાખવાનો સમય થઈ ગયો છે.

મેં સ્કૂટર ચાલુ કર્યું. જતાં જતાં મેં એના ઘર તરફ નજર કરી નહિ. એ ક્યારની પોતાના ઘરે જઈ ચૂકી હતી. મને મારા ઘરે પહોંચવામાં ઘણો સમય લાગી ગયો.

■


## અગત્યની સૂચનાઓ

(૧) 'પરબ'નું લવાજમ હવે નીચે આપેલા QR કોડથી ભરી શકાશે.
લવાજમ : રૂા. ૧૫૦/- (એક વરસના)
સંસ્થાકીય લવાજમ : રૂા. ૩૦૦/- (એક વરસના)
આજીવન સભાપદ : વ્યક્તિ દીઠ રૂા. ૩,૦૦૦/-
સંસ્થા આજીવનસભ્ય પદ રૂા. ૫,૦૦૦/-
લવાજમ ભર્યા પછી તમારું સરનામું, સંપર્ક નંબર Whatsapp થી શ્રી ચંદ્રકાન્ત ભાવસારને નીચેના નંબર પર જાણ કરવી. પોતાના નંબરથી ૯૭૭૩૨૨૨૪૨૫

(QR કોડ)

(૨) ટપાલની અનિયમિતતાને કારણે કેટલાક ગ્રાહકોને 'પરબ'ના અંકો મળતા નથી. જે ગ્રાહકો ટપાલને બદલે કુરિયર દ્વારા અંક મેળવવા માગતા હોય તેમણે લવાજમ ઉપરાંત બીજા વાર્ષિક રૂા. ૨૫૦-૦૦ મોકલવાના રહેશે. આપ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આ રકમ જમા કરાવશો પછીથી કુરિયર દ્વારા પ્રતિમાસ અંક મોકલવામાં આવશે. મોબાઇલ નંબર અવશ્ય મોકલવો.

## ટૂંકી વાર્તા

# સ્પાઇડરમૅન

પ્રવીણ સરવૈયા

રોહિતકુમાર પોતાનો તાસ પૂરો કરી આચાર્યની ઑફિસમાં આવીને ખુરશી પર બેઠા કે એક યુવક મોબાઇલ ફોનમાં વાત કરતાં અંદર પ્રવેશ્યો. રોહિતકુમારને ફોન ધરતાં એ બોલ્યો, "લ્યો, તો સાહેબ, મારા કાકાનો જન્મતારીખનો દાખલો કાઢવાનો છે. જરાક વાત કરી લો."

રોહિતકુમારે અણગમા સાથે ફોન લઈ વાત કરી. પેલો કાકો જન્મતારીખ ઘટાડીને દાખલો કઢાવવા માગતો હતો. પણ રોહિતકુમાર ટસના મસ ન થયા. આવેલ યુવાનને ખોટો દાખલો નહીં નીકળે એવું સમજાવવા ઘણો પરસેવો પાડ્યો. ખોટા દાખલા કાઢે તો પોતાની આચાર્ય તરીકેની નોકરી જોખમાય ત્યાં સુધી કહ્યું. તોય પેલો તો સુધારાવાળા દાખલાનો આગ્રહ રાખતો હતો. રોહિતકુમાર થોડા ગરમ થયા કે પેલો 'હમણાં તમારા ઉપર સરપંચનો ફોન આવશે...' એમ બબડતો બહાર નીકળી ગયો.

"આવાં ને આવાં હાલી જ નીકળ્યાં છે ને કાંઈ! જાણે બાપાની પેઢી ન હોય?" રોહિતકુમાર મનોમન ન બોલવાનું ઘણું બધું બોલ્યા.

એવામાં તેમને 'ખી... ખી... ખી...' એવો કોઈના હસવાનો વિચિત્ર અવાજ સંભળાયો. રોહિતકુમાર આમતેમ જોવા લાગ્યા. અવાજ કઈ દિશામાંથી અને કોનો આવે છે એનો કંઈ ખ્યાલ ન આવ્યો. અવાજ કંઈક નવીન પ્રકારનો પણ લાગ્યો. ખુરશી પર થોડા ઊંચાનીચા થઈ, નાકની દાંડી પરથી ઊતરી ગયેલાં ચશ્માં ઠીક કરીને પોતાના કામમાં ગૂંથાયા.

વળી એ જ વિચિત્ર અવાજે કોઈ બોલ્યું : "એય... એય... રોહિતકુમાર! કેમ છો? શું થયું મિસ્ટર? એમ વાતવાતમાં ગરમ થયે નહીં પોસાય. ઑફિસમાં સરસ્વતી માનો ફોટો રાખો છો. કાચ હેઠળ ભગવાનને રાખો છો. તો પછી આવું બોલાય? મગજ પર બરફ રાખીને કામ કરો મિસ્ટર!"

રોહિતકુમારે થોડી વાર પહેલાં આવેલા હસવાના અવાજ સાથે હમણાં જ આવેલા અવાજને મેળવ્યો. બંનેનો મેળ બેસતો હતો. ઑફિસમાં એના સિવાય બીજા કોઈની હાજરી ન હતી. રોહિતકુમારે ડોકને મરડાય એટલી મરડી અને ખુરશીમાં બેઠા બેઠા જ પાછલી બારીમાંથી બહાર નજર ફેરવી. બારી બહાર પણ કોઈ નથી. હમણાંથી તેઓને ભૂલી જવાની ટેવ પડતી જાય છે, એવું ચેતના કહ્યા કરતી હતી. પણ અત્યારે તો એને ખોટા ભ્રમ થયા કરવાની ટેવ પણ પોતાનામાં વિકસતી જતી લાગી.

ભગવાનના ફોટા વિશે કોઈ બોલ્યું એટલે એ બાજુ એના વિચારો ઘૂમવા લાગ્યા : ફોટા રાખવાથી મગજ પર કાબૂ આવી જતો હોત તો તેઓ આખો ઓરડો દેવદેવીઓની તસવીરોથી ભરી દેત. એઓ સમજતા હતા, આ તો બધું ઠીક મારા ભાઈ!

ભ્રમિત થયેલા રોહિતકુમાર કામમાં મન પરોવવા કોશિશ કરવા લાગ્યા. પણ કાગળિયાના થપ્પામાં એનો જીવ બરાબર ન ચોંટ્યો. તેઓ ઊભા થઈને ઑફિસના દરવાજા સુધી ગયા. બધાં રૂમોમાં નીરવતા જણાઈ રહી હતી. કોઈ ક્યાંય આઘુંપાછું ન હતું. પોતાની ગોઠવાયેલી સિસ્ટમ બરાબર કામ આપી રહી છે એવો અહેસાસ થતાં રોહિતકુમારને સંતોષ થયો. પણ પેલો અવાજ કે અવાજનો ભ્રમ યાદ આવતાં જ રોહિતકુમારનો સંતોષ ગાયબ થઈ ગયો ને તેનામાં બેચેનીએ કાયાપ્રવેશ કરી લીધો. તેમણે ઑફિસની બીજી બારીમાં ડોકિયું કરી જોયું. ઑફિસ અને વરંડાની દીવાલ વચ્ચેની ગૅલરી પણ સૂમસામ હતી, તો અવાજ આવ્યો ક્યાંથી?

રોહિતકુમાર ગણિતમાં એક્કા હતા. સમીકરણો અને કૂટપ્રશ્નો રચવાનો અને ઉકેલવાનો તેઓને વર્ષોનો બહોળો અનુભવ હતો. પંથકમાં એના જેવું ગણિત બીજા કોઈનું જાણ્યામાં નહોતું. પણ અત્યારનો અવાજનો કોયડો તેઓની સમજણ બહારનો હતો.

અસ્વસ્થ રોહિતકુમાર વળી પાછા ખુરશી ઉપર બેઠા કે પેલા પરિચિત અવાજે એને ચોંકાવ્યા. “મિસ્ટર, આ બાજુ! અહીં જુઓ!”

અવાજની દિશા હવે નક્કી હતી. ખુરશીની નીચેથી તીણો અવાજ આવતો હતો. રોહિતકુમારે વાંકા વળીને જોયું. સારી પેઠે વપરાઈ ગયેલી રિવૉલ્વિંગ ચૅરના પાઇપ પર મોટો બધો કરોળિયો જોઈને રોહિતકુમાર હબકી ગયા. ઝટ પગને ઊંચા લઈને ખુરશી પર પલાંઠીની મુદ્રામાં ગોઠવી દીધા. પહેલાં તો એને વીંછી જ લાગ્યો. પછી કરોળિયો જણાતાં થોડી હાશ થઈ. ટેબલ પર પડેલી સ્ટીલની ફૂટપટ્ટી તેમણે ઉપાડી. ફૂટપટ્ટીથી કરોળિયાને ડરાવીને ભગાડવો હતો. પણ જેવી ફૂટપટ્ટી કરોળિયા તરફ લઈ ગયા કે કરોળિયો કૂદીને ફૂટપટ્ટીને વળગી ગયો. રોહિતકુમારને ખબર હતી કે કરોળિયો કરડે નહીં. પણ ડિસ્કવરી ચૅનલની સાચી અને અંગ્રેજી ફિલ્મ ‘સ્પાઇડરમૅન’ની જૂઠી કહાની યાદ આવતાં તેઓ થોડા ગભરાઈ ગયા. તેમણે ફૂટપટ્ટી પર વળગેલા કરોળિયાને નજીકથી જોવા અને એ એની જગ્યાએથી જરાકે’ય આઘોપાછો થાય તો ફૂટપટ્ટીનો ઘા કરી દેવાની તૈયારી સાથે પ્રયત્ન કર્યો.

ત્યાં તો કરોળિયાએ એના આઠ પગમાંથી એક ટાંગો ઊંચો કરીને રોહિતકુમારને રીતસરની સલામ ભરી. રોહિતકુમારને લાગ્યું’ય ખરું કે એ હસી રહ્યો છે. ઢગલાબંધ વાર્તાઓ તેમણે બાળકોને કહેલી. કેટલીક સાચી ને કેટલીક કપોળકલ્પિત. પણ આજની આ ઘટના કોણ સાચી માનશે?

“એય મિસ્ટર, કોઈ સાચું માને કે ન માને એવી ચિંતા કરો મા અને મારી સાથે વાતો કરો.”

અવાજનો કોયડો ઉકેલાઈ ગયો, પણ માન્યામાં ન આવે એ રીતે.

રોહિતકુમારે હતી એટલી હિંમત એકઠી કરીને કહ્યું, “તું કોણ છો?”

"બસ, તમે જે જોઈ રહ્યા છો તે જ છું હું. વર્ષોથી અહીંયાં જ છું. આ ખુરશી પર તમે ચોથી વ્યક્તિ છો. ત્યારનો અહીં જ છું. બોલો, તમારા પહેલાં રજનીકાંત, એના પહેલાં રમણલાલ, એના અગાઉ કેશવચંદ્ર. ખરું કે નહીં?"

"લે, તને વળી આ બધી કેમ ખબર?"

"મિસ્ટર, મને તમારી બહારની અને અંદરની બધી ખબર છે. હું તમને બધી વાતો કરીશ. પણ હા, કોઈને કહેશો તો દોસ્તી ખતમ!"

રોહિતકુમાર ઉવાચઃ "દોસ્તી? મેં તને ક્યાં દોસ્ત કહ્યો છે? હજી હું નક્કી નથી કરી શક્યો કે તું બોલે છે કે હું તંદ્રામાં છું! એમાં તેં મને દોસ્ત પણ ધારી લીધો?"

"ચાર પેઢીથી અહીં હું એક દોસ્તની શોધમાં તપ કરતો હતો. સારા માણસની ખોજમાં હતો. હવે વિચારવાનું તમારે મિસ્ટર! બાકી તમારા પેલા રોજના સાથીદાર જેવો નમકહરામ હું નહીં બનું. તમારો પાક્કો અને સાચો દોસ્ત બનીશ. તમને ગમશે ત્યાં સુધી વાતો કરતાં રહીશું. મજા આવશે!"

રોહિતકુમાર પાણી પાણી થઈ ગયા. મિત્રોની ક્યાં તેઓને તાણ હતી? તેઓની આસપાસ બહોળું ફ્રેન્ડસર્કલ હતું. વૉટ્સએપ તથા ફેસબુક પર પણ અગણિત હિતેચ્છુઓ હતા. એમ છતાં તેઓ કાયમ તણાવમાં જ રહેતા હતા. મિત્રો-સ્વજનોથી ઘેરાયેલા અને વગવાળા લોકો સાથે સારો એવો ઘરોબો ધરાવનાર રોહિતકુમારને સંતોષ નામની ચીજનો સ્પર્શ નહોતો થયો.

આ બધાંની વચ્ચે તેના હંમેશના સાથીદાર; જમણા હાથ સમા દોસ્ત હિતેષ કરતાંય એક તુચ્છ કરોળિયો અત્યારે વધારે મજબૂત મિત્ર લાગ્યો.

"બસ, હવે ઝાઝું વિચારો મા. મને મારી જગ્યાએ છોડી દો. બહારથી કોઈ આવી રહ્યું છે. આપણે ફરી મળશું."

રોહિતકુમારના હોશ ઊડી ગયા. આ તે કેવી વિચિત્રતા! કરોળિયો તે કંઈ બોલે? પણ, હા. એ બોલતો હતો. તેઓ જોતા હતા. તેમણે ધીમે'કથી ફૂટપટ્ટી નીચે રાખી કે કરોળિયો તરત ખુરશીના લોખંડના પાઇપમાં સરકી ગયો.

બરાબર આ સમયે ઑફિસમાં છોકરાઓનું નાનું ટોળું એક રડતા છોકરાને પકડીને ધસી આવ્યું. રડતા છોકરાના કપાળમાંથી લોહી નીકળતું હતું. રોહિતકુમારે જોયું. તેમને લાગ્યું કે લોહી એના પોતાના કપાળમાંથી જ નીકળી રહ્યું છે! રિસેસમાં છોકરાઓ રમતા હોય ત્યારે આવી સામાન્ય ઈજાઓના ઇલાજ માટે તેઓ ફર્સ્ટ-એઇડની પેટી ઑફિસમાં રાખતા. રોહિતકુમારે છોકરાની સારવાર કરવા માંડી. છોકરો છાનો રહી ગયો એટલે તેઓને નિરાંત થઈ.

છોકરાઓના ઝઘડા હોય, સ્ટાફના અંદરોઅંદરના બખેડા હોય, ગામના પ્રશ્નો હોય કે ઉપલી ઑફિસે માગેલ કામનું ભારણ હોય... તેઓ આ બધાંના ઉકેલ માટે મથતા અને પીડા ભોગવતા.

તેમણે છોકરાઓને કેટલીક સૂચનાઓ આપીને બહાર રવાના કર્યા.

પછી તરત ખુરશી નીચે 'એય, એય...' કહીને સાદ પાડવા લાગ્યા.

કરોળિયો તરત બહાર આવ્યો. "તમે મને કોઈ નામથી બોલાવી શકો છો મિસ્ટર રોહિતકુમાર!"

"એ તો મેં 'એય એય' કહ્યું ત્યારે જ વિચાર આવેલો. 'સ્પાઇડર ફેન' કહું?"

"ચાલશે... પણ, લાંબું નહીં પડે?"

"ચાલ, એ પછી વિચારીને કહીશ. અત્યારે તો આપણે બીજી વાતો કરીએ."

"બોલો, શું કહેવું છે?"

"કાંઈ નહીં, આ જરા સરપંચનો ત્રાસ છે, તો થયું કે તારી સાથે વાત કરીને મનને કંઈક હળવું કરું. કંઈક ઉપાય શોધું."

"ઉપાય? ઉપાય તો તમે શોધેલો જ છે! હજી ગઈ કાલે જ પ્રાર્થના કરતી વખતે એનું મોત ઇચ્છતા હતા!"

"લે, લે.... એ કાંઈ ઉપાય છે ખરો? માણસ છું તે એવા વિચાર પણ આવી જાય!"

"ને પેલો કાયમ આખી સોસાયટીને રંજાડતો બબલુ... ખોટા પંચર કરીને પૈસા પડાવતો પંચરવાળો અહેમદ.... પૂરેપૂરો ભાવ આપવા છતાં હંમેશાં મિલાવટવાળું દૂધ આપતો ગોપાલ... આ બધાના ઉપાયો તમે અનેક વાર વિચારેલા છે. ધારો કે તમે વિચાર્યું છે એ પ્રમાણે બધું થાય તો?"

રોહિતકુમાર રોમાંચિત થઈ ગયા. સરપંચની સ્મશાનયાત્રામાં સૌથી છેલ્લે, ટુવાલમાં મોં ઢાંકીને મનોમન મલકાતા જઈ રહ્યા હોય એવો તેમને ભાસ થયો... સોસાયટીનો પેલો અણગમતો માણસ કોઈ બિલ્ડિંગ ઉપરથી પડેલો લોહીલુહાણ હાલતમાં દેખાયો... હંમેશાં ખોટું કરતો પંચરવાળો વ્હીલચૅરમાં લાચાર નજરે જાણે તેઓને જોઈ રહ્યો હોય એવું લાગ્યું... ક્યારેય ચોખ્ખું દૂધ ન આપતો દૂધવાળો કોઈ ગુના સબબ જેલમાં રોતો દેખાયો.

"જોઈ લીધું મિસ્ટર! મજા પડી ગઈ ને? આપણને ગમતું ને આપણું ધાર્યું જ બધું થાય તો દુનિયા જીવવા જેવી લાગે એમ તમે માનો છો ને?"

રોહિતકુમાર કાંઈ કહેવા જાય ત્યાં શાળાસમય પૂરો થયાના તીવ્ર બેલે તેના આખા શરીરમાં કંપારી લાવી દીધી. રોજ આ બેલ ગમતો. આજ કોઈએ ઉતાવળ કરી નાખી હોય એમ લાગ્યું. તેમણે ઘડિયાળ સામે જોયું. બરાબર સમયે જ બેલ પડી રહ્યો હતો. હમણાં એક પછી એક સૌ ઑફિસમાં આવશે, કેટલાક વછૂટશે, કેટલાક છૂટશે. સૌને ઝટ ઘરે પહોંચવાની ભારે ઉતાવળ હશે.

રોહિતકુમારે નીચે જોયું. કરોળિયાએ એક પગ ઊંચો કરીને 'બાય' કહ્યું હોય એવું લાગ્યું. રોહિતકુમારને વૉટ્સએપ અને ફેસબુકનો અંગૂઠો દેખાયો. એવી જ મુદ્રા તેમણે પણ બતાવી, કે કરોળિયો વળી પાછો પાઇપમાં સમાઈ ગયો.

આજ રોહિતકુમારે ધરાઈને વાળું કર્યું. કાયમ તો જમતાં જમતાં રોજેરોજની પળોજણની ચેતના સાથે ચર્ચા કરતા... પણ... આજ ? આજ નવી ફિલ્મની.... ક્યા રેસ્ટોરન્ટનો કેવો

ટેસ્ટ છે એની... ક્રિકેટમૅચની ને બસ... એવી એવી મજાની જ વાતો થઈ. ચેતનાથી રોહિતકુમારની ખુશી અછતી ન રહી.

રોહિતકુમારને ઇચ્છા થઈ આવી કે એ 'સ્પાઇડર ફેન'ની ચેતનાને વાત કરે. પરંતુ સ્પાઇડર ફેનની વાત કોઈને ન કરવાની ખુદ સ્પાઇડર ફેને જ ના કહી હતી. રોહિતકુમાર ઊંઘવા ગયા ત્યાં સુધી કરોળિયા તરફનું ખેંચાણ અનુભવતા રહ્યા. એ ત્યાં સુધી કે તેઓને પોતાનાં ઘર-બાર, સંતાનો અને પોતાની અર્ધાંગિની ચેતના કરતાંય કરોળિયો વધુ સારો અને સાચો સ્વજન જેવો લાગ્યો. તેમને લાગ્યું કે આ અતિશયોક્તિ છે. પણ ના. રોહિતકુમારને એની વિચારશક્તિ પર પૂર્ણ ભરોસો હતો.

રોજ મોડે સુધી પડખાં ઘસતા રોહિતકુમાર પડ્યા ભેગા જ નસકોરાં ખેંચવા લાગ્યા. ચેતના આજ રોહિતકુમારના ખુશમિજાજને કારણે હળવાશ અનુભવતી હતી. તેણે રોહિતકુમારને ઢંઢોળ્યા. પણ એ તો ઊંઘમાં જ પડખું ફેરવી ગયા. ચેતનાએ એને એમ જ ઊંઘવા દીધા.

રોહિતકુમાર લીલીછમ ટેકરી ઉપર ફૂલોથી મહેકતા મહાસાગરમાં જાણે તરી રહ્યા હતા. બે સારસ પંખીઓ ફૂલોની સાંકળવાળો હીંચકો પોતાની મજબૂત ચાંચોમાં પકડીને ઊડી રહ્યાં હતાં. રોહિતકુમાર વાસ્તે જ એના તરફ હીંચકો આવી રહ્યો હતો. તે હીંચકા પર ઝૂલતા રોહિતકુમાર ઝૂલવા લાગ્યા. તેઓ ફૂલોની ફોરમમાં નાહી રહ્યા હતા. સ્વચ્છ આકાશમાં બીજના વિશાળ ચંદ્રની વાંકી ધાર પર બેઠેલી કોઈ પરી'શી નમણી હાથમાં મોગરાની માળા લઈ ઝૂલતી ઝૂલતી રોહિતકુમાર તરફ આવી રહી હતી. શુભ્ર પાણીદાર વસ્ત્રમાં સજ્જ એ નાજુક રમણી રોહિતકુમારની પાસે આવી. તેણે રોહિતકુમારની ડોકમાં ફૂલોની માળા પહેરાવી દીધી. રોહિતકુમાર મદહોશ થઈ ઊઠ્યા. રમ્યાને પોતાના અંકે લઈને રોહિતકુમાર એને ચુંબનોથી નવડાવી રહ્યા. લલિતા પણ એટલી જ ઉત્સુકતાથી પિયુ વિરહણીની જેમ રોહિતકુમાર પર વારી ગઈ.

રોહિતકુમારની આ અનુભૂતિ તેમણે કલ્પેલા સ્વર્ગથી જરાય કમ નહોતી. તેમની આંખો બંધ હતી. બંધ આંખો પાછળ સ્વર્ગ હતું.

જન્નત શી દુનિયામાં મહાલતા રોહિતકુમારની રમણીય, ભવ્ય, અતિભવ્ય, દિવ્ય રજનીનો અચાનક ગુંજી ઊઠેલા વહેલી સવારના એલાર્મે અંત આણ્યો.

આ રમ્યતા અને દિવ્યતા પાછળ તેમના નવાસવા દોસ્ત પેલા 'સ્પાઇડર ફેન'નો જ હાથ હશે એવું તેમને લાગ્યું.

બીજી ખાસ વાત એ હતી, રોહિતકુમારને આજ લાગ્યું કે તેઓ તૈયાર જ છે! નહીં છાંટેલ છતાં, સસ્તામાં ઑનલાઇન ખરીદેલ બૉડી સ્પ્રેની સ્મેલ તેઓના શરીરમાંથી સ્ફુરી રહી હોય એમ પણ તેમને લાગ્યું. છતાં ચેતનાને કોઈ અણસાર ન આવે એવી કાળજીથી તેઓ તૈયાર થયા.

ચેતનાએ ટિફિન તૈયાર કર્યું અને આપતાં પહેલાં રોહિતકુમારનો હાથ પકડ્યો... "તમે કહો તો ખરા, ગઈકાલના કેમ આટલા બધા ખુશ છો? શું છે?"

રોહિતકુમારને કહેવું નહોતું તોપણ ચેતનાની આંખોમાં આંખ પરોવી કે તેઓ જુઠ્ઠું બોલી ન શક્યા. ''ચેતના, શું કહું તને? એક કરોળિયો મારી સાથે વાત કરે છે! સારી સારી. દોસ્તીની. બોલ!''

ચેતના હસવું ખાળી ન શકી. "અરે તમે આ શું વાત કરો છો? તમારું... આમ.. ઠેકાણે તો છે ને?"

રોહિતકુમારે વધુ ચોખવટ કરવાનું હમણાં યોગ્ય ન માન્યું.

"અત્યારે મારે ઉતાવળ છે. પછી વાત." કહી તેઓ ટિફિન પકડી ઝટપટ નીકળી ગયા.

બાઇક જાણે હવામાં ઊડી રહ્યું હતું. રોહિતકુમારને જલદીથી સ્પાઇડર ફેનને મળવું હતું. ગઈ રાતની વાત કરવી હતી. એ પહોંચી ગયા.

હજી ઑફિસમાં પ્રવેશ્યા કે મોબાઇલ ફોનમાં રિંગ રણકી. અજાણ્યા નંબર પરથી આવેલ કૉલ ગાંધીનગરની સરકારી કચેરીનો હતો. વાત આમ હતીઃ આજે અગિયાર વાગે ઉપલી કચેરીના વાહનમાં નવું ઑફિસ ફર્નિચર આવી રહ્યું હતું. જૂનું પરત કરવાનું હતું.

નવું ફર્નિચર આવી રહ્યું છે એનો રોહિતકુમારને કશો હરખ ન થયો. ઊલટાના તેઓ હાંફળાફાંફળા થઈ ગયા. સ્પાઇડર ફેનથી મળેલ નવી ઊર્જા ઘડીભરમાં વિલાઈ જતી અનુભવાઈ. શરીર ઢીલુંઢફ થતું લાગ્યું. રોહિતકુમારની ખુશી હણાતી હોય એમ તેમને લાગ્યું. હજી ઑફિસમાં તેમના સિવાય બીજું કોઈ આવ્યું નહોતું. બેચેની સાથે તેમણે સ્પાઇડર ફેનના નામની બૂમ મારી. ટેબલના ખાનામાંથી સ્ટીલની ફૂટપટ્ટી બહાર કાઢી, કરોળિયો બહાર આવે કે તરત એને બીજી સલામત જગ્યાએ મૂકવા માટે. પણ કરોળિયો બહાર ન નીકળ્યો. તેમણે ઝડપથી ખુરશી ઊંધી કરી. પાઇપ થપથપાવ્યો. સ્પાઇડર ફેનને ફરી સાદ પાડ્યો. પણ કશો રિસ્પૉન્સ ન મળ્યો.

તેમણે કબાટમાંથી પાનાં-પક્કડ કાઢીને ખુરશીની ઉપલી સીટ ખોલી નાખી. હવે પાઇપ આગળપાછળથી ચોખ્ખો દેખાતો હતો.

કરોળિયો ક્યાંય ન હતો.

ને રોહિતકુમાર આકુળવ્યાકુળ થઈને નીચે બેસી પડ્યા.

■

મહોટો ફિલૉસોફીનો વિષય હોય તોપણ ચેતન, જડ, પ્રકૃતિ, આત્મા, અભેદ, ઇત્યાદિ શબ્દો વાપરવા નહિ, એવી રીતે લખવું કે એ શબ્દોના જે પારિભાષિક અર્થ તે લખાણમાં જ સમજાઈ જાય. આમ કહેવાનો અર્થ શો થયો એટલો જ કે તે તે શાસ્ત્રમાં આજ સુધીના પંડિતોએ જે વિચાર કર્યા હોય તે બધા ભૂલી જવા, અને આપણે જો તે વિષયે લખવા બેઠા તો આપણે જ જાણે આજ તે વિષય નવો કાઢ્યો હોય તેવી ઢબથી લખવા માંડવું. આમ કરવું એ વાચકોની અક્કલને અપમાન આપવા બરાબર છે એ તો ઠીક જ છે, પણ જગતમાં જે વિચાર ચાલી ગયા તેની સાથેનો સંબંધ જે પરિભાષાથી સચવાય છે તેને પણ ભૂલી જઈને હજારો વર્ષથી મળેલો જ્ઞાનનો વારસો પાણીમાં ગુમાવી દેવો!!

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# સંતોષ

પંકજ ત્રિવેદી

રસ્તા પર કેટલાક લોકો જઈ રહ્યા હતા, સરઘસ જ હતું એમ માની લો. હાથમાં ત્રિશૂલ અને તલવારો લઈને. રસ્તાના કિનારે એક છોકરો જઈ રહ્યો હતો. કોઈએ એને ધક્કો માર્યો. કહી દીધું; "સાલ્લા, થોડી વાર ઊભો નથી રહી શકતો? અમે પસાર થઈ રહ્યા છીએ.... તલવારથી કાપી નાખીશ."

છોકરાએ કહ્યું; "તમે મને કાપી નાખશો તો હું હલાલ કરી દઈશ."

"એમ? આટલી હિંમત?" એક યુવાને તલવાર ઉગામી.

ત્યારે એ છોકરો બોલ્યો; "જો હું તને હલાલ કરી દઉં તો તારી અંત્યેષ્ટિ કેવી રીતે કરવી છે? દફનાવી દઉં કે સળગાવી દઉં?"

એ યુવાને કહ્યું; "જો હું તને કાપી નાખું તો તારી અંત્યેષ્ટિ કેવી રીતે કરવી છે, કહી દે..."

છોકરાએ કહ્યું; "કાંઈ ફેર નથી પડતો. દફનાવીશ તો અબ્બાને સંતોષ મળશે અને અગ્નિદાહ આપીશ તો માને સંતોષ થશે."

સાંભળીને યુવાન સરઘસની સાથે ચાલ્યો ગયો અને એ છોકરો સ્મિત કરતો આગળ વધી ગયો.

■

ગુજરાતમાં અનેક પુસ્તકો, અનેક પ્રકારનાં લખાય છે, એ તો નિર્વિવાદ છે. સરકારી રીપોર્ટમાંથી જણાય છે કે મરાઠી કરતાં પણ ગુજરાતીમાં ઘણાં પુસ્તક લખાય છે; અને તે ઘણાંમાંથી બેચાર જ ઉત્તમ ગ્રંથના નામને પાત્ર હોય છે એમ પણ ગવર્નમેન્ટ રીપોર્ટર પોતે આપણને દર વર્ષે કહે છે. બીજી પાસા હેન્ડબિલોનો પાર નથી. પુસ્તકનાં વખાણ વાંચી ખરીદ્યા પછી તેમાંથી તત્ત્વ નીકળતું નથી. આવા અુભવો પણ વાંચવાનો શોખ રાખનાર સુજ્ઞજનોને થયાં જાય છે. મૂલે ગુજરાતમાં વાંચવાનો શોખ હજી તાજો છે, ઊછરતો છે, ને તેવામાં લોકોને વાચન ઉપર કહીં કહીં અરુચિ થવા લાગી છે. ત્યારે લેખકોના પ્રયાસ સફલ થાય તે અર્થે તેમને વાચકો મળવા જોઈએ, ને વાચકો મળે તે અર્થે વાચકોએ કયા લેખને કેવા ગણવા એ માટેનાં કાંઈક ધોરણ પણ સમજવાં જોઈએ.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

## નિબંધ

# વટેમાર્ગુ

રાઘવજી માધડ

કોઈ વટેમાર્ગુ જેમ એક ગામેતી જણ, અમારી ડહેલી આગળથી પસાર થતાં થતાં ઊંચા સાદે કહી ગયો હતો : 'એ...તમારી વાડીએ સિંહ આવીને બેઠો છે!'

આ જાસો હતો કે જાણકારી...એ પાઘડીના વળ માફક કળવું કે સમજવું અઘરું હતું. પણ કહ્યું જ એવી રીતે હતું, જાણે કોઈ જાણીતા ને માનીતા મહેમાન આવીને બેઠા હોય!

ગામલોકોની આવી બોલી કે કહેણીથી હું જરાય અજાણ નહોતો. એક સમયે મારું બોલવું પણ આવું વ્યંગસભર જ હતું. પણ નવાઈ સિંહનું કહ્યા અંગેની અનુભવાઈ હતી.

વાડી-ખેતરમાં હરણ, નીલગાય...ને ભૂંડ આવી ચઢે છે. ઊભા પાકને નુકસાન કરે છે...અહીં સુધી તો ઠીક પણ સિંહ આવે તે નવાઈ પડતું હતું. પણ છેલ્લા એકાદ દાયકાથી સિંહે પોતાની અંગત આણ ને મર્યાદા ઘટાડી છે ને વસવાટનો વિસ્તાર વધાર્યો છે. ગાંડી ગીરનાં અડાબીડ ઝાડી-ઝાંખરાં છોડી, ગામતળનાં શેરી-પાદર સમેત સીમ-ખેતરમાં મનમોજી સફર ખેડવા લાગ્યા છે.

– ગામમાં સિંહના ખોરાક સમાન બાંડી બકરી પણ કોઈના ફળિયામાં બાંધી હોતી નથી, છતાંય સિંહ શિકારના સગડમાં વનવગડો વટી-વળોંટી છેક ગામતળમાં આંટો મારે છે!

એક તો ગામમાં કોઈ પાલતું પશુનું ન હોવું અને સિંહનું હોવું...આ બંને બાબતો ભલે વિરોધાભાસી કે અતિશયોક્તિમય લાગે પણ સૌરાષ્ટ્રના અમુક વિસ્તારમાં આ હકીકત છે.

પણ આ બધું કહેતાં પૂર્વે, વનરાજ એવા સિંહનો ખુદના ખેતરમાં સાક્ષાત્કાર થઈ રહ્યો છે તે જાણી રોમાંચ થયો, જીવ ઝાલ્યો રહ્યો નહીં ને પગ ઉપાડ્યા વાડી તરફ...

જોકે સિંહને ખબર જ હશે, વાડીમાં હવે પોતાના ખાધાજોગું-અશાકાહારી કાંઈ જ રહ્યું નથી. એક સમયે વાડીમાં ગાય, ભેંસ, બળદ...બાંધવામાં આવતાં હતાં. પણ ત્યારે સિંહ વાડી સુધી આવતા નહોતા.

આ તકે પ્રશ્ન થાય, પશુનું મારણ સાવ રેઢું પડ્યું હશે તે સિંહ નિરાંતે ભોજન આરોગે!

પણ સિંહ માટે હા. મારણ કરવા જતા સિંહને રોકવો કે ટોકવો એ જરાય સહેલું કે સરળ હોતું નથી.

–સિંહ કોઈ પશુ પર ત્રાટકે ત્યારે કોની દેન છે કે, તેને રોકે! દૂર ઊભા રહી હાકલા પડકારા કરે. પણ એમ ભાગે તો વનરાજ શેનો? હા, ગીરનું જંગલ હોય તો વાત જુદી છે. એ ખડતલ ને ખમીરવંતા લોકો પોતાના માલ-ઢોરને બચાવવા માટે મરણિયા થાય. સામે સિંહ પણ એ લોકોના સ્વભાવને સારી પેઠે સમજે..ક્યારેક સમય પારખી, મોંમાં આવેલો કોળિયો છોડીને ચાલતો થાય..એમ સમજુ પણ ખરો!

અહીં ઝવેરચંદ મેઘાણીની 'ચારણકન્યા'નું સ્મરણ થયા વગર રહે નહીં. પણ એ વાત જરા જુદી છે. મેઘાણીને ફરી એ નેસ પર જવાનું બાકી જ રહ્યું...તેવી નોંધ વાંચવા મળે છે.

પણ સિંહ ક્રોધાયમાન થયા પછી તેનું વિકરાળ સ્વરૂપ દેખાડે તો ભલભલાના છક્કા છૂટી જાય!

જંગલમાં મારણ કર્યા પછી સિંહ સમૂહમાં મિજબાની માણતા હોય ત્યારે શિયાળ, ઝરખ...જેવાં નાનાં પશુઓ દૂર ઊભાં લાળી કરે – એક જાતની યાચનાવૃત્તિ દાખવે ત્યારે ખુદ-કોઈ દાનવીર રાજવી માફક શિકાર તેમના હવાલે કરી દે!

શેત્રુંજી નદીકાંઠા વિસ્તારમાં સિંહ-પરિવાર પરોણા પેઠે આવ્યા છે અને કાઠિયાવાડની પરોણાગત હજુ લીલીછમ રહી છે. હા, મહેમાનગતિ સંદર્ભે ક્યાંક સમયનો લૂણો લાગ્યો છે. પણ સઘળું તળિયાઝાટક થયું નથી. સાવ છેવાડાના રહેણાકોમાં, ભલે ગરીબાઈ આંટો વાઢી ગઈ હોય છતાંય મહેમાન આગળ પ્રાણ પાથરવામાં પાછી પાની કરે નહીં... એવા હેતાળવા ને મળતાવડા મબલખ મનેખનો મેળો આજે પણ છે.

કોઈને પૂછો તો કહે, ઢોર પાળવાં હવે પોસાતાં નથી. વાત કાઢી નાખવા જેવી પણ નથી. જમીનોના ટુકડા થઈ ગયા. તળમાં પાણી નથી. લીલા ઘાસચારાનું ક્યાંય વાવેતર જ નથી. બહારથી આવતો ઘાસચારો ખરીદવો મોંઘો પડે છે. તેમાં વળી કોઈને વાડીમાં પાણી ને વાવેતર હોય તો ઢોરની માવજત કરવાનું ગમતું કે ફાવતું નથી. વહેલી સવારે ઢોરને નીરણ-પૂળો કરવો, છાણ-વાસીદું કાઢવા, દૂધ-દોહવું...અરે ખુદનાં જણ્યાં જોગવવામાં પણ ઘણી બાઈઓને જોર આવે છે. ત્યાં પશુની માવજત કરવાનું પૂછવું જ શું? વહુની વ્યાખ્યા બદલાઈ ગઈ છે અને હાથવગો, ઘરઆંગણે વિકલ્પ મળી ગયો છે – કોથળીનું દૂધ... ઝીંદાબાદ!

એક સમયે ગામડામાં દૂધ-ઘીની નદીઓ વહેતી હતી... એ હવે ચોપડીઓમાં ચિતરાયેલું જ સાચું છે.

સિંહને જોવા રસ્તેથી પસાર થતા લોકો ખેતરના શેઢે ચઢ્યા હતા. તેમાં મારો ઉમેરો થયો.

ગીરમાં વસવાટ કરતા સિંહ હવે દલખાણિયા, ધારીથી શેત્રુંજી નદીના આડા-ઊભા વિસ્તારમાં છેક મારા ગામ દેવળિયાના પાદર લગી આવી ગયા છે. હા, દેવળિયા સફારીપાર્ક એ પાછું જુદું છે. સિંહને જંગલ કે ગામનો છોછ રહ્યો નથી. તેનાં કારણો ને તારણો સાબૂત છે, પણ શેત્રુંજી નદીના ઉપરવાસથી લઈ છેક પાલિતાણાના પછવાડા સુધી સિંહ વરસાટ કરતા થઈ ગયા છે. નદીની ઓથ ને ઓઢમાં રહે છે. જ્યારે નદીમાં પૂર

આવે ત્યારે મુશ્કેલીમાં મુકાઈ જાય છે. પણ અંતે તો જંગલના જીવ, કુદરતી સમસ્યાનો સામનો કરવો તેમને સ્વભાવગત હોય છે!

સિંહની પ્રકૃતિ મુજબ ભૂખ્યો ન થાય ત્યાં સુધી લગભગ આરામ જ કરે. પણ ભૂખ્યા થાય એટલે મારણ માટે સીમ છોડી છેક ગામના પાદર ને શેરી લગી લટાર મારે...ભલે ગામમાં ઢોર ન હોય!

પણ જે દિવસે સિંહ સેલફોનનો ઉપયોગ કરતો થશે ત્યારે શિકારનું લોકેશન પણ શોધી કાઢશે!

–શિકારનો જ મુદ્દો છે ત્યારે, આજકાલ ગામડે ગામડે આખલાઓનો ઉપદ્રવ વધવા લાગ્યો છે. ગાય જણ્યાં વાછરડાંઓનો બળદ તરીકેનો ઉપયોગ ઘટીને લગભગ મટી ગયો છે. તેથી ખસીકરણ વગરના બળદ ઉર્ફે આખલા સિંહના ધ્યાન બહાર નથી. એકાદ પણ ઝપટે ચઢી જાય એટલે બેડો પાર. સાગમટે બેચાર દિવસની ભૂખ ભાંગી નાખે!

જોકે પાલતું પશુ નથી રહ્યાં તે કરતાં ગામડામાં માણસો પણ રહ્યા નથી તે કહેવું વધારે સારું ને સાચું છે. ગામડું ઉલેચાઈને સુરત જેવાં શહેરોમાં વસવા લાગ્યું છે. મોટાં મોટાં ઘર ખાલી થયાં, સયુંક્ત પરિવાર વિભક્ત થયા, ખેતી તૂટી ને હાથથી છૂટી. ઝાંખીપાંખી નજરે જુઓ તોપણ ખ્યાલ આવે–ગામડાનું આખું કમઠાણ જ બદલાઈ ગયું છે. પાયામાં ખેતી આધારિત રોજગારી હતી તે બંધ થઈ ગઈ છે. જે છે તેમાં સ્થાનિકોએ કામ કરવું નથી. મધ્યપ્રદેશ...બાજુના મજૂરોએ ખેતી અને ઘરઘરેલું બીજું ઘણુંબધું સંભાળી લીધું છે.

સિંહને ખોરાક માટે સીમનાં ઝાડી–ઝાંખરાંમાં ભટકતાં હરણ, રોજડા એટલે કે નીલગાય અને ચરિયાણ માટે ધણ લઈને નીકળેલા માલધારીનાં પશુઓનો ભેટો થઈ જાય...કહેવત માફક : દાંત હોય એને ચાવણ મળી રહે.

જોકે સિંહને પૂછો તો બે આંખોની શરમ રાખ્યા વગર સાવ ઉઘાડું કહી દે : ‘આ કહેવત હવે ખોટી પડવામાં છે. અમે અમારું વતન કાંઈ અમસ્થા જ છોડ્યું નથી!?’

–સિંહ કહે : ગીરની ગરવાઈ ને નરવાઈ ટાણે–કટાણે સાંભરી આવે છે પણ શું કરીએ!

હા, ઘરઆંગણમાં પાલતું પશુનું ચલણ ગયું પણ માલધારીઓએ મર્યાદા મૂકી નથી. નિજી કરમ–ધરમ જાળવી રાખ્યાં છે. અનેક અગવડો વચ્ચે પણ એકસાથે અનેક ઢોરને પાળે ને પોષે છે.

નદીના કાંઠે કાંઠે પરદેશી બાવળની ગાઢી રાંગ રહેલી છે. બાવળની આ અડાબીડ ગીચતામાં સિંહ–પરિવાર ઓથ લે છે. પણ માતાના ખોળા જેવી ગીરની ગોદ જેવું તો ફાવે જ નહીં. બાવળની શૂળોના લીધે ધોળા દિવસે પણ સિંહ એ સ્થળ છોડી ગામતળમાં ટહેલવા નીકળે છે. તેમના માટે હવે સબ ભૂમિ ગોપાલકી જેવું થયું છે.

જંગલી પશુઓ જંગલ છોડી અહીં આવી ગયાં છે. તેમાં ચિત્તા, દીપડા...વગેરેનો પણ સમાવેશ થાય છે. પણ સિંહની વાત જુદી, નિરાળી છે. સિંહ ક્યારેય સામેથી માણસને

હેરાન કરતો નથી. માણસ એને છંછેડે અથવા તેની પ્રકૃતિદત્ત પ્રવૃત્તિમાં અવરોધક થાય તો નાછૂટકે વળતો હુમલો કરે.

હાલ તો એવી સ્થિતિ ઊભી થઈ છે કે, સિંહને જુએ એટલે માણસ વીડિયોગ્રાફી કરી, વાયરલ કરે. પણ તેમાં આરક્ષિત જીવ પ્રત્યેની જો કોઈ હરકત નજરે ચઢે તો કાયદા-કાનૂન લાગુ પડ્યા વગર રહે નહીં.

જોકે ફોટા ને વીડિયોગ્રાફી કરવામાં માણસ સિંહની મુક્ત એવી મહામૂલી મસ્તીને માણવાનું ચૂકી જાય છે, કારણ કે વિહરતા સિંહને જોવો, માણવો એ એક લીધા જેવો લહાવો છે.

એક સમયે કોડીનાર તાલુકો એ અમરેલી જિલ્લાનો હિસ્સો હતો. ઈ.સ. ૧૯૯૫માં કોડીનાર તાલુકાના કેળવણી નિરીક્ષકનો ચાર્જ હતો. ત્યાં જતાં રસ્તામાં દલખાણિયાથી જામવાળા સુધી લગભગ ચાળીશ કિલોમીટર જેટલું ગીરનું જંગલ આવે. મચ્છરના લીધે સિંહ ખુલ્લી જગ્યા એટલે કે રસ્તા વચ્ચે ધામા નાખે. તેથી રડ્યો-ખડ્યો વાહનવ્યવહાર અટકી જાય. જંગલનો રાજા, પરિવાર સાથે બેઠો હોય એટલે ઊભાં થવું હોય તો થાય.. નહિતર કલાક-બે કલાક પણ બેસી રહે! આ ગાળામાં, સિંહ-દર્શનનો ભરપૂર લહાવો લીધો છે. વળી સિંહ ઊભા થયા પછી આળસ મરડે, ચારેબાજુ જુએ..પછી કોઈની પણ નોંધ લીધા વગર સીધા રસ્તે ચઢે...એ પણ પોતીકી રાજવી અદાથી ચાલે! પાછળ ગમે એટલી ધડબડાટી બોલતી હોય તોપણ તેના શરીરનું રુંવાંટું ફરકે કે થડકે નહીં. અરે પાછું વાળીને જુએ પણ નહીં. આ તેની ખુમારી, મગરૂબી...

શેઢે ચઢીને જોયું તો, સિંહ વાડીપડામાં સબમર્સિબલ મોટરના થાળા પાસે બેઠો હતો. ત્યાં પાણી છે. પાણી પીવા આવ્યો હશે. નદીમાં રહી શકાય એવું છે. ખોરાક મળી રહે... પણ ઉનાળામાં નદીમાં પાણીનો પ્રવાહ ટૂકી જાય એટલે પ્રશ્ન થાય. પછી તરસના લીધે સિંહ જાણી-અજાણી જગ્યાએ આવી ચઢે!

ખેતરના બીજા શેઢેથી રોડ પસાર થાય છે. અનેક વાહનો નીકળે છે. ઊભાં રહે છે, હૉર્ન દ્વારા કાળો કર્કશ કકળાટ કરે છે. પણ 'ડોન્ટ ડિસ્ટર્બ મી'નું ભલે ક્યાંય બોર્ડ માર્યું ન હોય પણ જાતે પ્રતિપાદિત કરતો હોય એમ જ વનરાજ જરા પણ થડક્યા વગર બેઠો રહે છે.

- થયું, રોડ, રસ્તામાં કોઈ ઢોર નીકળે તો...મારણ જોવાની મઝા પડી જાય.

જે તે સમયે, જંગલમાં સિંહને મારણ કરતાં જોયા છે. હાથી જેવી ભેંસના બરડા પર પંજાનો પવનવેગી પ્રહાર કરી, ભેંસના પગના ચારેય ગુડા ભાંગી નાખે. મદમસ્ત ભેંસ ભોંયભેળી થઈ જાય પછી તેને ખુદની પીઠે લાદીને વાડા, તબેલાની વાડ કૂદી જાય!

સિંહ જોવાની ભીડ સાથે ગોકીરો પણ થવા લાગ્યો. જાતભાતનાં બણગાં ફૂંકાવા લાગ્યાં. કોઈ કહે : 'આ સાવજ જેવા સાવજ પણ હવે શિયાળ જેવા થાવા લાગ્યા છે!' તો સામે કોઈએ જ્ઞાનનો ફુવારો ઉડાડ્યો : 'પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે, મારા ભાઈ!'

વાત ખોટી પણ નથી. જગત ઝડપથી બદલાઈ રહ્યું છે. વસવાટના વિસ્તાર સાથે વિચારો, પ્રવૃત્તિ ને પ્રકૃતિમાં બદલાવ આવે. જે સિંહનો જન્મ ગીરની ગોદના બદલે અહીં,

બાવળની કાંટમાં થયો હશે... તેનામાં અહીંનો પ્રભાવ ઝિલાય તે સ્વાભાવિક છે. પણ અસ્સલ ઓળખ જેવી સાર્દૂળી ડણક ન ભૂલે તે પણ એટલું જ સાચું છે.

કોઈ અટકચાળા જણને કાંકરીચાળો કરવાનું મન થઈ આવ્યું હોય એમ ટોળામાંથી આગળ નીકળી જઈ, વાંકા વળી નીચેથી નાનકડો પથ્થર ઉઠાવ્યો...

ઝડપથી આગળ જઈ તેને રોકી લીધો : 'શું કરવા ઘા કરવો છે!?'

તે મારા પર ક્રોધ વરસાવતો ગયો. તેના સાથે, ધીમે ધીમે અન્ય જોનારાઓ પણ એક પછી એક કરતા ઓછા થવા લાગ્યા. છેલ્લે હું એક જ રહ્યો. પછી એક ઊંચી જગ્યા પર નિરાંતે બેઠો...

દોઢ-બે કલાકે સિંહ ઊભો થયો. ચારે બાજુ ખુદે 'સિંહાવલોકન' કર્યું. બે-ચાર પળ માટે હું પણ તેના કૅમેરાના લેન્સમાં કેદ થયો...ધ્રૂજી જવાયું. આજુબાજુ કોઈ નહોતું તેથી વધારે ડર લાગ્યો.

પણ પછી ધીમે ધીમે ચાલતો, શેત્રુંજી નદી તરફ જતા ઊંડા કેડામાં તે ઊતરી ગયો.

ઊંડા ને સાંકડા કેડાને અહીં નેળ કહે છે. થયું, એ નેળમાં કોઈ એકલદોકલ વટેમાર્ગુ સામે મળશે તો સિંહ શું કરશે...?

જવાબને તો સંજોગો પર છોડી દેવો રહ્યો!

■

જે વિષય પોતાના મનમાં જ ઊતરી શકતો નથી તેને એક વાર દોડાદોડથી વાંચી જઈ, સમજાય નહિ એટલે ભાષા કઠિન છે કરી દૂર મૂકવો એ કેવું અણસમજનું કામ છે? અમને ખાતરી છે કે જે જે પુસ્તકોની ભાષા કઠિન કહેવાય છે તે તે પુસ્તકનાં ગમે તે પાંચ-સાત પત્ર લેઈએ તો તેમાં ભાગ્યે જ ૫-૭ શબ્દ એવા આવતા હશે કે જેનો ખુલાસો ગ્રંથકાર પોતા તરફથી અથવા સાધારણ રૂઢિથી થયેલો ન હોય. તથાપિ પણ વિચારની ગહનતાને લીધે તે લખાણનું તત્વ ગ્રહણ ન કરી શકનાર લોક ભાષાને માથે દોષ ચઢાવી પોતાનું જ્ઞાન તો સર્વ વાત જાણવાને પૂર્ણ છે એમ ખોટી મગરૂરીમાં આનંદ માની અજ્ઞાની રહે છે. કોઈ પણ વાત સમજવા માટે અને તેનો યથાર્થ રસ ગ્રહણ કરી તેની તુલના કરવા માટે જે બુદ્ધિ, રસજ્ઞતા અને તન્મયતાની જરૂર છે તે પ્રાપ્ત કર્યા સિવાય જે વાત પોતાના ધ્યાનમાં ન ઊતરી તેને ભાષા ખરાબ છે વગેરે દોષનો આરોપ કરી દૂર મૂકવી એ કેવલ વાંચનારનું જ અજ્ઞાન સૂચવે છે. જેને આપણે સારા વિદ્વાન ધારી શકીએ તેવા પણ આ ભૂલમાં નથી પડતા એમ ન કહી શકાય. શકાય.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩,**
**સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# ન સંભળાતા અવાજોને ઝીલતી કવિતા
## (આસ્વાદમૂલક અવલોકન)

પ્રવીણ પંડ્યા, પ્રતિષ્ઠા પંડ્યા

(નરસંહારના સમયમાં પ્રેમ, કાવ્યસંગ્રહ, પ્રતિષ્ઠા પંડ્યા, પ્રકાશક : zen opus, મૂલ્ય : ૩૦૦ રૂપિયા )

***"સૂર્યના પ્રકાશનો પડદો પડે છે અને એક દુનિયા ઢંકાઈ જાય છે"***

(રવીન્દ્રનાથ ટાગોર 'વિશ્વનો પરિચય')

દરેક સમયે સહિત્યાકાશમાં એક એવો સૂર્ય વિદ્યમાન હોય છે જે ઘણું બધું બતાવે છે અને ઘણું બધું ઢાંકી પણ દે છે. આ અણદેખ્યું, અણસુણ્યું, અણબોલ્યું કે અણસ્પર્શ્યું રહી જતું ક્યારેક ક્યારેક કોઈક કવિ પોતાની કાવ્યસૃષ્ટિમાં ઉતારે છે. ક્યારેક આવી કવિતાઓ ધ્યાન ખેંચે છે, તો ક્યારેક મુખ્ય ધારામાં એ પાતળી રેખા દેખાતી નથી. આટલી ભૂમિકા પ્રતિષ્ઠા પંડ્યાના કાવ્યસંગ્રહ માટે એટલે પણ જરૂરી બને છે, કેમ કે અત્યારે જે સૂર્ય સાહિત્યાકાશમાં વિદ્યમાન છે એનો પ્રકાશ; રવીન્દ્રનાથ કહે છે તેમ, એક દુનિયા પર પ્રકાશનો પડદો પાડી દે છે. નરસંહારના સમયમાં પ્રેમ, સંગ્રહની કવિતાઓ એ દુનિયાને ઉજાગર છે.

ગુલામ મહંમદ શેખના 'કહત કબીર-૩'નું પેઇન્ટિંગસંગ્રહનું મુખપૃષ્ઠ બન્યું છે જે સૂચક છે. સંગ્રહનાં ૧૯૯ પાનાંમાં ૧૨૦ રચનાઓ છે; જે સમય, પ્રેમ, સંબંધ, ચીતરેલાં કૂંડાળાં, કવિતાનું કૂંડાળું એવા પાંચ ખંડોમાં વહેંચાયેલી છે. એટલે મુખ્યત્વે દરેક ખંડમાંથી કેટલીક પસંદગીની રચનાનો આધાર લઈ મારે કવિતાનાં વિષયવસ્તુ અંગે ટૂંકમાં વાત કરવાની છે અને કવિકર્મ દ્વારા નિર્મિત રસસ્થાનોનો આછો અણસાર આપવાનો છે. તો કવિ સિતાંશુ કહે છે તેમ આપણે પ્રશ્નો, પ્રતિવાદ અને સંવાદ કરતા કરતા કવિતાની સફરે નીકળવાનું છે. પણ એ પહેલાં....

નરસંહાર (genocide) શું છે તે સમજવું રહ્યું. રાફેલ લેમકિન; (૧૯૦૦-૧૯૫૯, પૉલિશ વકીલ) એમણે ૧૯૩૯માં આ કાયદાની પરિભાષાનો શબ્દ આપણને ઘડી આપ્યો, હિટલરના શાસને જે રીતે જર્મન રાષ્ટ્રીયતાના ઉન્માદમાં યહૂદીઓની વીણી વીણીને સામૂહિક નૃશંસ કત્લેઆમ કરી એના સંદર્ભે આ શબ્દ કાયદાની કિતાબોમાં સ્થાન પામ્યો, એટલું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય અદાલતમાં એને અપરાધની શ્રેણીમાં મૂકવામાં આવ્યો. કોઈ પણ ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્રીયતા, રંગ, જાતિ, વર્ગ કે લિંગ ધરાવતા સમૂહને બીજા સમાજ કે શાસન દ્વારા જુદા તારવીને ક્રૂરતાપૂર્વક હણવા એટલે નરસંહાર....આ કાવ્યસંગ્રહના સંદર્ભે આટલું પૂરતું છે.

પ્રતિષ્ઠા કવિહૃદય છે એટલે માત્ર નરસંહારની વાત નથી કરતાં પણ નરસંહારમાં પ્રેમની વાત કરે છે. આપણે એનો અર્થ એવો લેવો રહ્યો કે એ સહરાના પ્રખર તાપની સાથે સાથે તેઓ એમાં વહેતી એક ટાઢી લહેરખીની પણ વાત કરે છે. પહેલી કવિતામાં યુદ્ધરત દેશના, કોઈ ધ્વસ્ત થતા નગરના એક યુગલની અંતરંગ ક્ષણોને નિરૂપતાં કહે છે;

'શાંતિ નાના નાના હપતાઓમાં આવે છે/ એક-બે બપોર અને અડધીપડધી રાતો વચ્ચેના/ ટુકડાઓમાં વહેંચાયેલી,/ જેમાં એક અંધારા રૂમમાં એ બંને/એકમેકને પ્રેમ કરે છે.'

આ પ્રેમની ક્ષણોના નેપથ્યમાં ત્રણ ફૂટ છેટેથી ચાલતા ટેલિવિઝનમાંથી દુનિયાભરમાં ચાલતાં નરસંહારનાં બિહામણાં દૃશ્યો વહી રહ્યાં છે એનું વર્ણન છે. આ બધું કવિતામાં એવી રીતે આવે છે જાણે સિનેમાના પડદા ઉપર આ ચાલી રહ્યું હોય અને આગળના અંધારામાં બે પાત્રો પ્રેમ કરતાં હોય! કવિતાના અંતે યુગલમાંની સ્ત્રી પલંગ પાસેના તૂટેલા અરીસામાં જુએ છે અને દેખાય છે;

'એકમેક સાથે સહજતાથી ગૂંથાયેલાં, પ્રેમ કરતાં / અસ્ત થઈ રહેલાં અજવાળાં સામે ઝઝૂમતાં / ગાહનિક*ના ચિત્રમાંથી બહાર સરી પડેલી/ કોઈ ઝીણી વિગત જેવાં - બે શરીર. / એ પુરુષ કંઈ ગણગણતો લાગે છે / બહાર બહુ અવાજ છે / પણ એ જાણે છે કે/ એ ચોક્કસ પ્રેમની વાતો કરતો હોવો જોઈએ / નરસંહારમાં પ્રેમ' (પેજ-૨, *ગાહનિક, પાબ્લો પિકાસોનું વિખ્યાત ચિત્ર, ૧૯૩૭)

'સમય' નામના ખંડમાંની આ રચનાઓ જુદી જુદી રીતે, વિવિધ દેશ-કાળમાં ચાલતા સ્થૂળ અને સૂક્ષ્મ નરસંહારો સામે ભાવકને ખડો કરી દે છે. આ કવિતાઓની સફર વાસ્તવિક વેદનાના અંગારભર્યા પ્રદેશમાં અડવાણે પગે મુસાફરી કરવા જેવી છે. રૂંવે રૂંવે ઝાળ તો લાગવાની જ છે, પગમાંના ફોલ્લાઓ આંખના અંગાર બનવાના છે, નરસંહારના સમયમાં જીવી જવા કોશિશ કરતાં માનવજીવનનાં કેટલાંક ચિત્રણ જુઓ;

'માળામાં ખદબદતા અંધકારને / પાંખો તળે સંકોરીને / સૌ કોશિશ કરી રહ્યાં છે / આજની રાતે બે ઘડી ઊંઘવાની / દૂર ક્યાંક પહાડ પર / ફાટ્યો છે એક જૂનો જ્વાળામુખી. / રાતને ચીરતી નારંગી કિકિયારીઓ / ઊછળે છે એના ગર્ભમાંથી / સળગાવતી આકાશ ને પછી ખેતરો / ને પછી આખેઆખી ભોંય./' (કોશિશ, પેજ- ૪)

નરસંહારના સમયમાં મથામણ છે; જુલમ અને હિંસાચાર વચ્ચે જીવી જવાની, ટકી જવાની, વિરોધ કરવાની, લડવાની. ઑલિવનું ઝાડ, સૂરજમુખીનાં ખેતરો, એક સીધી લીટી, ઉપદ્રવ, મોક્ષ, તીડનો બળવો, સાક્ષી, તિરાડો, ચારણકન્યા, દલિત છોડીઓ, રાજા સુપડકન્નો, લાલ કીડીઓ, ચાર સિંહ ને એક ચક્ર, હે રામ, કમાટીપુરા જેવી રચનાઓમાં આ બધું બખૂબી ઊતરી આવ્યું છે. પણ સમય અને સ્થાનસંકોચને કારણે કેટલીક રચનાઓ વિશે થોડી વાત કરીએ.

"નકશા નવા હિન્દુસ્તાનના" કવિતાના આરંભે વિદ્રોહને મોંમાં ડૂચો દઈને રાષ્ટ્રભક્તિનાં ગીતો ગવડાવવાની; એક રીતે જોઈએ તો અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, આઝાદી અને બંધારણે આપેલા અધિકાર પર સત્તા દ્વારા થતા હુમલાનું નિરૂપણ છે. આના પ્રતિકારમાં કવયિત્રી કહે છે;

... ના વેચીશ મારી સર્જકતા / નફરતના બજાર મહીં / આગા શાહિદ અલી થઈ / અખરોટિયા તારા હૈયે કરીશ / નમણી, ખોકરદર કોતરણી / મારા શબ્દોનાં ટાંકણાંની ધાર પર / ખીલશે જંગલો, કૈં ભોજપત્ર ચિનારનાં /.. .. ને શબ્દોના લયમાંથી જ વહી આવશે / નીર નિર્મલ જેનબ, ચેનાબનાં/ અહીં જ બનશે હવે / નકશા નવા હિન્દુસ્તાનના. /

કવિતા એક એવો પ્રદેશ છે જ્યાં અસહમતી માટે કે મતમતાંતરો માટે પણ પૂરતો અવકાશ છે. સાહિત્યનુ લોકતંત્ર સત્તાકેન્દ્રી, ધર્મકેન્દ્રી કે મતકેન્દ્રી ન હોઈ શકે.

આ કવિતામાં આવતો પ્રસિદ્ધ ‘ભરતવંશી’ (!) અમેરિકન કવિ આગા શાહિદ અલી કિઝિલબાશ(૪ ફેબ્રુઆરી, ૧૯૪૯ – ૮ ડિસેમ્બર, ૨૦૦૧)નો સંદર્ભ અને ચિનાર, જેલમ, ચેનબ જેવા ઉલ્લેખ આપણને કવયિત્રીની સજ્જતાનો પરિચય આપે છે. હૃદયને ‘અખરોટિયું હૈયું’ કહી એને મગજનો આકાર અને ડિઝાઇન તો આપ્યો જ છે પણ આ ટૅક્નિકથી સત્તાની સંવેદનહીનતા પણ ચોટદાર રીતે મૂકી દીધી છે. જોકે મોટે ભાગે બોલચાલના શબ્દોની વચ્ચે અહીં આવતો ‘મહીં’ શબ્દ ખટકી જાય છે. નરસંહાર એટલે માત્ર યુદ્ધમાં, હુલ્લડોમાં મરાતા માણસો જ નહીં. એનાં બીજાં રૂપો; સંસાધનોની લૂંટફાટ છે, અધિકારોનું હનન, દલિત અત્યાચાર અને સ્ત્રીઓ પર થતા બળાત્કારો પણ છે, ‘રામ જાણે’ રચના સાથે આ સમય નામના ખંડની સફર આપણે પૂરી કરીશું.

‘બાજરીના લીલાપીળા ખેતરમાં / ઊગ્યો કેવો આ / કેવો તે લાલ લાલ ફાલ / રામ જાણે! નીચી નમીને હું તો / વીણતી’તી ઘાસ લીલું / મા ને સહેલી સંગાથ / એ ઘાસ પાસે હોવી જોઈએ / દાતરડા જેવી કોઈ મૂંગી / પણ તેજ તેજ ધાર / નહીં તો ઊભેઊભી મને / કોણ વાઢી ખાય ખચાખચ / જોયું ના કોઈએ લગાર / રામ જાણે! પાછળથી આવી / દીધો ટૂંપો ગળામાં / બાંધી કચકચ ગુલાબી આકાશ / આંખોમાં ઊતર્યાં ભરબપ્પોરે અંધારાં / રૂંવે રૂંવે નીતર્યા વીંછીના ડંખ / શું વાડના કાંટાળા થોરિયાએ / ચૂસી લીધો છોકરીનો પ્રાણ? / ના અવાજ, ના ચીસ / ચૂપચાપ શેનાં જોઈ રહ્યાં ત્યારે / બાજરીનાં ખેતર સૂમસામ? રામ જાણે!’

રચનામાં શબ્દચિત્રો, વાતાવરણ અને ક્રિયા રચે છે, લય એને વેગ અને ભાવ આપે છે, રામ જાણે ઉદ્‌ગાર બાકીનું કામ સફળતાથી કરી જાય છે અને ભાવકના મનમાં રોજબરોજ ઘટતી બળાત્કાર જેવા અપરાધની ઘટના ખૂલે છે. આગળના બંધોમાં એવી વ્યંગ્યોક્તિ પણ છે કે આ કરનાર જો માણસ હોત તો મારા દેહમાંથી આવતી નીચલા વરણની વાસને કારણે મને છોડી મૂકત! પણ આ તો પશુ છે.

*

*Our love was born*
*outside the walls,*
*in the wind,*
*in the night,*
*in the earth,*
*and that's why the clay and the flower,*

*the mud and the roots*
*know your name."*
**– Pablo Neruda**

પ્રેમ દીવાલોની બહાર જન્મે છે. દરેક વ્યવસ્થા મનુષ્યને સીમાઓમાં બાંધવા ચાહે છે. અને એટલે જ મહદંશે કવિઓમાં વિદ્રોહ અને પ્રેમ અડોઅડ ચાલતા જોવા મળે છે. દરેક સમયમાં કવિઓએ એને પારિભાષિત કરવાની ભરપૂર કોશિશ કરી છે. એનું સ્વરૂપ દરેક સમયે; દરેક કવિમાં, જુદી જુદી રીતે પ્રકટ થયું છે. હવે આપણે કવયિત્રીના પ્રેમ નામના ખંડમાં દાખલ થઈ રહ્યા છીએ. આ ખંડમાં ૫૦ રચનાઓ છે. કાવ્યસંગ્રહનો મોટો ભાગ આ ખંડ રોકે છે, અલબત્ત, આ પ્રેમ પણ ચાલે છે તો નરસંહારના સમયમાં જ. આ રચનાઓમાં પ્રેમીપાત્રો; સ્ત્રી કે પુરુષ કેવાં હોવાં જોઈએ, પ્રેમ કેવો હોવો જોઈએ, અભિવ્યક્તિ કેવી હોવી ઘટે, સ્ત્રીઓની સ્થિતિ, પ્રેમની સાથે બંધન નહિ પણ ખીલવાની મુક્તિ, વિરહ, વિચ્છેદ, વેદનાભર્યું દાંપત્યજીવન, એ બધી બાબતોનું નિરૂપણ છે. વિષય-વસ્તુની એકવિધતાથી કવિતાને બચાવવી એ પડકારનો સામનો કવિએ કરવાનો રહે છે. અહીં કવયિત્રી સતત રચનારીતિ બદલીને એમ કરવામાં સફળ થાય છે. કેટલીક કવિતાઓ લયબદ્ધતા, વેગવાન ભાવાત્મકતા, પ્રવાહી-રસાળ ભાષાશૈલી અને પ્રતીકના સ્તરે ગીત કવિતાની લગોલગ નીકળે છે, પણ કવયિત્રી; જેમ બ્રેખ્ત નાટકને વચ્ચેથી તોડી નાખી ભાવકને ચોટ પહોંચાડે છે એમ લયને તોડી નાખે છે.

'એક દિવસ ઠૂંઠા એક ઝાડને / એક પંખીથી થઈ ગયો પ્રેમ / ને ટહુકા કરી કરીને બોલાવ્યા કરે / એની ડાળીઓ પછીથી પંખીને / એના મનમાં પેસી ગયો જે દિ'થી આકાશ હોવાનો વહેમ. /

અહીં 'પ્રેમ' અને 'વહેમ' જેવા પ્રાસ. ઝાડમાં ટહુકા ફૂટવા જેવું પંખીપણું આવવું- આ બધું ગીતરચનાની અડોઅડ છે. આગળનો એક ખંડ જોઈએ;

'ઊડવું તો ઊડવું હવે એની સંગાથ / નહીં તો રહી જવું થઈ તૂટ્યો એક માળો / વેંઢારાતો નથી હવે એનાથી / આ ટટ્ટાર કાયા ને સૂકી ડાળીઓનો ભારો / (પ્રેમ, પેજ-૬૭)

અહીં પણ 'માળો' અને 'ભારો' સ્વરમેળ પ્રાસ રચે છે. શૈલી ગીતની પામી શકાય છે. આવી પરંપરાગત પ્રેમની અભિવ્યક્તિ એ કવયિત્રીનું લક્ષ્ય નથી. પ્રેમના દરેક પાસા સાથે એક જાગૃત નારીચેતના જોડાતી દેખાય છે. બાંધી મૂકે, પૂરી દે, સીમિત કરી નાખે, એવો પ્રેમ સ્ત્રી માટે શા કામનો? એની અપેક્ષા પ્રેમની સાથે મુક્તિની છે, એની ચાહના પ્રેમની સાથે સન્માનની છે, એની મહત્ત્વાકાંક્ષા લિંગભેદને વાળોટીને મળતી સમાનતા પામવાની છે. આ બધું અહીં કહેવાયું છે.

'ના બનાવી મૂક મને / તારા હૈયાના તરછોડાયેલા / એક નાના ખૂણામાં પડ્યો, મલકતો / આકરા તાપથી સુરક્ષિત, / સરસ મઝાનો ઇન્ડોર પ્લાન્ટ!' /.. .. હું કંટાળી ગઈ છું તારી બૉન્સાઈ બનીને / તારા ખાલી ખૂણાઓને ભરતી / વિષાદના એક કૂંડામાંથી બીજામાં ઠલવાતી / બનવા દે મને હવે મધુમાલતી / (મધુમાલતી, પેજ-૭૫)

પ્રેમ એવા કાચ જેવો ન હોવો જોઈએ જ્યાં સ્ત્રી ઊભી છે એ બાજુ અપારદર્શક હોય અને બીજી બાજુ જ્યાં પુરુષ ઊભો છે ત્યાંથી જગત જોઈ શકાય એવી પારદર્શકતા

હોય. 'બૉન્સાઈ' શબ્દ ઘણું કહી જાય છે. પુરુષ કેવી સ્ત્રી ચાહે છે પ્રેમ કરવા? કવયિત્રી એ વિશે કહે છે;

'એને સ્ત્રીઓ ગમતી / તમામ સ્ત્રીઓ / દેખાવડી, ચતુર, નીચી, ઊંચી, / કાળી, ધોળી, યુવાન, ઘરડી / નગ્ન અને સાડી પહેરેલી, /

આમ અનેક જાતની સ્ત્રીઓનાં વર્ણન પછી કવયિત્રી કહે છે કે -

એ એક સ્ત્રીને મળ્યો /

જે-એને-જાણ્યા-પિછાણ્યા-વિના-બસ-પ્રેમ-કરે-એવી સ્ત્રી / જે-ક્યાં-સુધી-એ-જાણ્યા-વિના-એને-પ્રેમ-કરે-એવી-સ્ત્રી / જે-રામ-જાણે-કેમ-ને-કેમ-આટઆટલો-એને-પ્રેમ-કરે-એવી સ્ત્રી /...... જે-એવા-સમયની-કલ્પનામાં-રાચતી-હોય-કે-જેમાં-એ-બંને-સાથે-હોય-હંમેશ-માટે-શરમ વિના-સંતાપ વિના-એવી સ્ત્રી. (સ્ત્રીઓ, પેજ-૬૧)

અહીં 'એવી સ્ત્રી' શબ્દની આગળ લાંબી-હાયફનની નિશાની વાળી સૂચિ છે જે બતાવે છે કે પુરુષને કેવી સ્ત્રી જોઈએ છે! મુશ્કેલ છે. ફૅન્ટસી લાગે, પણ હકીકત છે. દરેક પુરુષ આવી સ્ત્રી શોધે છે અને એને મળે પણ છે! આ રચનાની પ્રયુક્તિ ધ્યાન ખેંચે એવી છે. સ્ત્રીને કેવા પ્રેમની, કેવા પુરુષની અને કેવા વ્યવહારની આશા હોય છે.

'મૂકી દે કોશિશ મારા તારણહાર થવાની / આટલા ભલા, આટલા પતિતપાવન. / સાચ્ચું, હું સક્ષમ છું મારા વધસ્તંભને ઉઠાવવા જાતે / સહન કરવા બધાય ખીલાઓને / જીવવા દિવસો મારાં પાપોની ઓથમાં / કોઈ ફરિયાદ વિના, / કોઈ દમનકારી દેવીને રીઝવવા, તૃપ્ત કરવા / જખ મારીને આપેલાં તારાં બલિદાનોની જેમ ધારેલી / તારી મન વગરની સહાનુભૂતિ / ને ક્ષણજીવી ફિકર વિના. /'

તો સ્ત્રીને નથી આવો પ્રેમ કબૂલ, કે નથી કબૂલ આવો પ્રેમનો ભ્રામક વ્યવહાર. ઈસુનો 'વધસ્તંભ' ઉઠાવવાનો કે 'ખીલા' ખમવાનો સંદર્ભ કવયિત્રી પોતાની સાથે જોડે છે તે એનામાં રહેલી ઈસુ સમકક્ષ પહોંચવાની સક્ષમતા પણ દર્શાવે છે. રચનાને અંતે કવયિત્રી કહે છે;

'જો હિંમત હોય તો થઈ બતાવ મારો પ્રેમી / ઝીલ તારી છાતી પર આ અગનઝાળને / કર પ્રેમ મને, જો કરી શકે તો મોતના અંતિમ પડાવ લાગી. /(કર હિંમત, પેજ-૫૫)

પ્રેમના નામે પ્રેમ જેવું ઘણું બધું મળી જાય છે જીવનમાં. કવિઓથી વધારે આ વિષયમાં કોણ કહી શકે? અને છતાં પણ 'અકથ કહાની પ્રેમ કી' છે.

'तुम मुझे प्रेम करो जैसे मछलियाँ लहरों से करती हैं / जिनमें वे फँसने नहीं आती / तुम मुझे प्रेम करो जैसे मैं तुम्हें करता हूँ।' (शमशेर बहादुर सिंह, १९११-१९९३)

અહીં પ્રેમની વિવિધ રચનાઓમાં દરેક વર્ગની સ્ત્રીઓને; એમનાં જીવનને, એમના પ્રેમને, એમની પીડાને એમની અપેક્ષાને કવયિત્રી પોતાની વાચા આપે છે.

'મેં જોઈ છે સ્ત્રીઓ / મારવાના વાંકે જીવતી / સાડીનો કછોટો વાળી / લઈ ઊંડા એક-બે શ્વાસ / સવાર-સવારમાં મીંચી આંખો ઝપકાવતી / કોઈ અજાણ્યા દરિયાના / પથરાળ તળિયે / વાઢિયાભર્યા પગે / લણતી ભીની, લિસ્સી, લીલી આવતી કાલ / એનાં કકળતાં, ઊંઘ-ભૂખ્યાં છોકરાં માટે. /

આ સંઘર્ષરત સ્ત્રીઓના કઠોર જીવનના વર્ણનના અંતે કવયિત્રી કહે છે;

મેં જોઈ છે સ્ત્રીઓ/ મારાથી સાવ અળગી ને છતાંય.. / અદ્દલ મારા જેવી સ્ત્રીઓ. /
(મારા જેવી સ્ત્રીઓ, પેજ-૯૪)

આ રચના વાંચતી વખતે પ્રથમ ખંડની 'કમાટીપુરા' રચના યાદ આવે. જેમાં સેક્સવર્કર સ્ત્રીઓનું જીવન ઉજાગર થયું છે. બીજાની વાચા બનવું કઠિન છે. આ ખોટનો વેપલો તો કલાકાર જ ખુશી ખુશી કરે અને એમાં કમાણી પણ કરે!

'ઘસાયાં તો અમેય ઘણું / આ પથ્થર પર / પરસેવાનાં ટીપાં પાડી પાડી / લસોટ્યા કરી આ શરીરની કાઠી / પણ એમ કરતાંય / ના કોઈના ઓરડા મહેક્યા / ના પહોંચી કોઈના હૈયે ટાઢક / ના ચમક્યાં કોઈનાં દૈવી લલાટ / ના ઉજ્જ્વળ થયા કોઈ ચહેરાઓ..../ ખાલી ઘસાઈ જવાથી કોઈ ચંદન થોડું થઈ જાય છે!' (ચંદન, પેજ-૧૦૧)

પ્રેમના આ મલકમાં; દેશી શણ, ખરતલ વૃક્ષ, હાથ, અગાશી, ભૂંસવું, એરોમસ, છેવટ સુધી, ચૂપચાપ, છેલ્લું પાંદડું, તપસ્યાભંગ, ભ્રૂણહત્યા એવી ઘણી નોંધપાત્ર રચનાઓ છે. આશા છે ભાવકો ત્યાં સુધીની યાત્રાનો આનંદ જાતે લેશે.

*

***હર નવો સંબંધ એ ખીલી રહેલું પુષ્પ છે,***
***હર નવો દિન ફૂલને લાગી રહેલો કાટ છે.*** (જગદીશ વ્યાસ, ૧૯૬૦-૨૦૦૬)

હવે આપણે જે ખંડમાં પ્રવેશી રહ્યા છીએ તેમાં સંબંધની કવિતાઓ છે. સંબંધ; માત્ર મનુષ્યનો મનુષ્ય સાથે જ નહીં, પણ વસ્તુઓ-જીવનશૈલી-પારિવારિક પરંપરાઓ અને સમાજ-દેશ-કાળ સાથેનો સંબંધ. સંબંધની શૃંખલા માનવસભ્યતાનું, સમાજનું, પરિવારનું, પરંપરાઓનું સાતત્ય જાળવે છે. આજે પણ કોઈ ઘરમાં નવું બાળક જન્મે તો એનાં મુખભાવોમાં આપણે દાદા-પરદાદા કે નાની-દાદીઓને શોધીએ છીએ અને એની એકાદ મુખરેખામાં તો આપણને કોઈક ને કોઈક પૂર્વજ મળી જ આવે છે. અહીં કવયિત્રી સંબંધોનાં જુદાં જુદાં રૂપોને, એની સંકુલતાને, એમાં રહેલ વેદનાઓ-ભાવનાઓને નિરૂપે છે. કવયિત્રી પોતાના વ્યવસાયે વકીલ પિતાને યાદ કરે છે, જેમનું જીવન સતત કાગળ સાથે વહેતું રહ્યું છે;

'પપ્પાની ઑફિસમાં માંડ એકાદી દીવાલ દેખાય / જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ, બ્રીફો, ને કાગળિયાં / લેજર પેપર, સ્ટૅમ્પપેપર, લેટરપેડ / કોઈ લખેલા, કોઈ ટાઇપ કરેલ, કોઈ સાવ કોરા /.. ..

આમ પપ્પા, કાગળો સાથે જીવતાં જીવતાં એમની સ્મૃતિ ભરેલો કાગળ બનીને રહી જાય છે. આ વ્યક્તિના ગયા પછી એનું વસ્તુ સ્વરૂપે સ્મૃતિમાં સચવાઈ જવું છે. રચનાને અંતે કવયિત્રી ભૂરો કાગળ બની સચવાઈ રહેલા પપ્પા વિશે કહે છે;

'વાંચતાં પહેલાં ઝાલી લઉં હું નાકની પાસે / ને ભરું એક શ્વાસ ઊંડો / તો આવે જેમાંથી ધસમસ વહેતી મારાં / પિયરિયાંની વાસ, એ કાગળ પપ્પા. / ઘણા કોડ કરીને રાખું માની રેશમની સાડીની વચમાં/ ને તોય રોજે કણકણ થઈ વિખરાય/ એ કાગળ પપ્પા./ (કાગળના પપ્પા, પેજ-૧૨૦)

આવી જ એક અન્ય રચના છે ‘માનાં ચશ્માં’. અહીં ચશ્માં જૂના સામાનમાંથી અનાયાસ હાથ લાગે છે. રચનાનો આરંભ આ રીતે થાય છે;

‘બે વર્ષ થયાં / એમણે આંખો ગુમાવે / આઠ થયાં / એમણે આ દુનિયાના/ રોજબરોજના બનાવોની પરવા કરવું છોડી દીધું /...... (માનાં ચશ્માં, પેજ-૧૩૦)

આમ ચશ્માં જાણે સજીવ થાય છે, એમાંથી સજીવ થાય છે મોઝેકની લાદી પર સૂઈ ‘ભૂમિપુત્ર’માં મરાઠી વાર્તા વાંચતી માનું જીવન, અને સાથે સાથે પપ્પાનું પણ. રચનામાં ડ્રામેટિક ટેક્નિક છે. ચશ્માંમાંથી મા-બાપનું જીવન ઊપસે છે અને એ ચશ્માં કવયિત્રી પોતાની આંખે ચડાવી પોતાનું મા સાથેનું જીવન યાદ કરે છે. માએ પિતાની આંખો પર પોતાનાં ચશ્માં મૂકી બોલાયેલા સંવાદ યાદ કરે છે, અને ચશ્માં પાછાં ખોખામાં મૂકી દે છે. આવી જ રચના ‘હોડી.. હોડી’ છે જેમાં કવયિત્રી માની જેમ હોડી બનાવવા કોશિશ કરે છે પણ અદલ એવી નથી બનતી. અહીં પણ મા જીવંત થઈ ઊઠે છે. એ જ રીતે પિતા સાથે ‘ સી-શોર’ જેને ગુજરાતીમાં ચિચૂડો કે ઊંચક-નીચકની બગીચાનાં સાધન પર રમાતી રમત કહીએ છીએ. અહીં પણ સામે છેડે બેસેલા પપ્પાનું પલ્લું હવામાં ઊંચકાય છે અને નીચે.. પિતાના જવાનો સંકેત - એનું દુખ એ રીતે વ્યક્ત થાય છે. માનવીય સંબંધોની આવી જ રચના છે મારી ફઈ;

‘મારામાં જીવે મારી ફઈ / ને મારી ફઈમાં જીવે છે મારી મા / મારી માની તે અંદર / એની માનીએ મા / હું તો કોની તે મા કહે થઈ / હું તો લાકડાના પેટેથી તૂટેલી ઢીંગલી / મારી અંદર છુપાઈ ઢીંગલીઓ કંઈ / નાનાથી નાની ને મોટાથી મોટી /’

આ માત્ર સંબંધોનું અનુસંધાન નથી. સ્ત્રીઓની વર્તુળમાં ચાલતી - છેડા વિનાની જીવન-શૃંખલાનું નિરૂપણ છે. અહી ‘લાકડાના પેટેથી તૂટેલી ઢીગલી’ જેવું રમકડાંનું પ્રતીક સ્ત્રીજીવનની વિડંબના પણ વ્યક્ત કરે છે. વાર્તાની જેમ એક ઝટકો રચનાને અંતે આ રીતે આવે છે;

‘એકની અંદર એક ભરી તોય એકલી / હું સાવ અટૂલી થઈ ગઈ / હું લાકડાની ઢીંગલી થઈ ગઈ / અંદરના ખાલીપા અંદર ધરબી / પહેર્યા મેં લકડિયાં સ્મિતો / જોતજોતામાં હું મારી દીકરી, / મારી ફઈ, મારી મા, / મારી માનીએ મા થઈ ગઈ./

(મારી ફઈ, પેજ-૧૨૮)

અહીં પણ ફઈ-ગઈ-થઈ જેવા પ્રાસ રચનાને બાળકવિતાની જેમ રમતિયાળ બનાવે છે. રમત રમતમાં; ઊંડી વેદનાની, પરંપરાઓની જટિલતાની, કરુણ જીવનની વાતો કહેવાનો કસબ પ્રતિષ્ઠા પાસે છે. ‘દીવાલો’ જેવી સામાન્ય લાગતી રચના પણ ઉકેલીએ તો ખબર પડે છે કે; માણસ, માણસથી કેવી રીતે દૂર કરી દેવામાં આવી રહ્યો છે, દીવાલો ઊભી કરીને - આ નરસંહારના સમયમાં. આ ખંડની અન્ય રચનાઓ પણ વાંચવા-સમજવા જેવી છે. પણ મારે ખંડની સફરમાં ભાવકને અહીં સુધી જ લઈ જવાના છે.

*

***वान गॉग के अंतिम आत्मचित्र से बातचीत***

***एक पुराने परिचित चेहरे पर***

*न टूटने की पुरानी चाह थी*
*आँखें बेधक तनी हुई नाक*
*छिपने की कोशिश करता था कटा हुआ कान*
*दूसरा कान सुनता था दुनिया की बेरहमी को*
*व्यापार की दुनिया में वह आदमी प्यार का इंतज़ार करता था।*

(अनीता वर्मा, १९५९, झारखंड)

કવિતા અને ચિત્ર વચ્ચે એકબીજાને ઘેર જઈ શકાય – એકમેકના ઘરમાં રહી શકાય એવો આંતરસંબંધ છે જે ‘ઇન્ટર ડિસિપ્લિનરી’ની વ્યાખ્યા આવ્યાં પહેલાંથી છે. ચિત્રકાર કવિ, અને કવિ ચિત્રકાર દરેક ભાષામાં જોવા મળે છે. ગુલામ મહંમદ શેખ જેટલા ચિત્રકાર છે તેટલા જ કવિ પણ છે. પીયૂષ ઠક્કર પણ ચિત્રકારકવિ છે. ચિત્રકાર અતુલ ડોડિયાએ લાભશંકર, સિતાંશુ જેવા કવિઓની કવિતાઓ ચિત્ર દ્વારા રજૂ કરી છે. એમણે કવિતા લખી પણ છે. હિંદી કવિ શમશેર બહાદુરસિંહ પણ કવિ–ચિત્રકાર હતા. ‘ચીતરેલાં કૂંડાળાં’ શીર્ષકમાં કવયિત્રીએ વિન્સેંટ વાન ગૉગ, પાબ્લો પિકાસોનાં ચિત્રો પરથી પંદર કવિતાઓ સર્જી છે. ચિત્રને વાંચવાનો કે શબ્દ દ્વારા વ્યક્ત કરવાનો આ પ્રયાસ રસપ્રદ છે. ઘઉંનાં ખેતરો ચિત્ર પરની રચના જોઈએ;

‘જરૂર કંઈક છે આપની બારીની બહાર વિસ્તરતાં આ ખેતરોમાં, / ઘડી ઊઠતાં, ઘડી ઝૂકતાં, / દોડીને પેલા ભૂખરા, જાંબુડી પહાડો સુધી પહોંચી / ક્ષિતિજને ઢાંકી દેતા એમના સોનેરી વ્યાપમાં, / એમના બદલાતા રંગોમાં. / (ઘઉંનાં ખેતર, પેજ–૧૪૯)

આ રચનામાં ખેતરોની સાથોસાથ એમાં કામ કરતાં કામદાર સ્ત્રી–પુરુષોનું જીવન પણ ખૂલે છે. કલાકાર પોતાના પ્રશ્નોના જવાબ શોધવા, અસ્તિત્વનાં રહસ્યો–પામવા–સમજવા બીજાનાં જીવનમાં પ્રવેશે છે, એટલે કે બીજાનાં જીવનનું ચિત્રણ કરે છે. પણ આ ઘઉંનાં ખેતરોમાં કામ કરતાં સ્ત્રી–પુરુષો પાસે એટલો સમય જ ક્યાં છે કે તેઓ આ બાબતો અંગે વિચારે? રચનાને અંતે ઘઉંનાં ખેતરો કવયિત્રીને એ કામદારોની આંખોમાં દેખાય છે જેનો એની બારી સાથે સંબંધ છે. આમ ફ્રેમમાં રહેલું ચિત્ર કવિતામાં આવે છે ત્યારે ફ્રેમની બહાર રહેલું પણ એમાં ઊતરી આવે છે; અલબત્ત એ કવિની નજર છે જે આ બધું જુએ છે અને બતાવે છે. વાન ગૉગના ‘બૂટ’ ચિત્ર અંગેની પણ આવી જ રચના છે;

‘રગડાઈ, ઘસાઈ ગયેલાં / તૂટું તૂટું કરતાં આ બૂટનાં / અંદરનાં કોહવાયેલાં અંધારાંને/ જે પગે પોતાનાં કર્યાં હશે / હૂંફાળાં કર્યાં હશે / એ પગને આપણે બંને / ઓળખતા નથી વિન્સેન્ટ!’

આમ કવિ કવિતામાં બૂટની ભીતરના જીવનમાં પ્રવેશે છે, એ પણ વિન્સેન્ટ સાથે. બંનેનો કળા કરવાનો હેતુ અહીં જોડાઈ જાય છે. આપણે સહુ જાણીએ છીએ કે વાન ગૉગે વ્યક્તિની પીડા અને સમાજના કચડાયેલા વર્ગનાં જીવનને કેન્વાસ પર ઉતાર્યાં છે; એમ જ, જેમ આપણો રાવજી જેવો કવિ પોતાની કવિતામાં વ્યક્તિગત પીડા ‘મારી આખે કંકુના સૂરજ આથમ્યા’ કહી વ્યક્ત કરે કે પછી સમાજની વર્ગ–વિષમતા નિરૂપવા માટે ‘અમે લજવાતી પાછલી રવેશ’ કહે. અહી કવયિત્રી વિન્સેન્ટનાં ચિત્રો પસંદ કરે છે, એના પર

કવિતા લખે છે તો એની પાછળ પણ આ સમ-સંવેદન કામ કરે છે. રચનાને અંતે આ સમ-સંવેદન કે સહિયારી સોચ આ રીતે ઉઘાડ પામે છે;

‘.... આપણે બંને નીતરતી આખે / નીરખ્યા કરીએ છીએ આ બૂટને / માનીએ છીએ / આપણી નજરમાત્રથી / આપણે ચાહી લઈશું / ઉગારી લઈશું / શણગારી લઈશું / બૂટની અંદરથી પસાર થઈ ગયેલી / કંઈકેટલીય વેરવિખેર જિંદગીઓને. /

(બૂટ, A pair of shoes, ૧૮૮૬ વાન ગૉગના ચિત્ર પરની રચના, પેજ-૧૫૮/૧૫૯)

આવી જ એક રચના પાબ્લો પિકાસોના ચિત્ર પરની છે;

‘તું ચાહે છે એ રડતી સ્ત્રીઓને? / કે પછી એનો રડતો ચહેરો / તને એટલો જ કદરૂપો ને અનાકર્ષક લાગે છે / જેટલાં એના રડવા પાછળનાં કારણો? /

(રડતી સ્ત્રી, પેજ-૧૭૦)

અહીં પણ પિકાસોની ચિત્રમાંની અભિવ્યક્તિ કવયિત્રીની રચનાત્મક માનસિકતા સાથે જોડાય છે તેથી કાવ્યરૂપ પામે છે, અને કવયિત્રી એમાંથી સ્ત્રીનાં જીવનની કરુણાને શબ્દદેહ આપે છે. આમ આ ‘ચીતરેલાં કૂંડાળાં’માં ભલે ચિત્ર પરથી કવિતા રચવાનો પ્રયોગ હોય પણ એ પ્રયોગમાં ભારોભાર પ્રગતિશીલતા સમાહિત થતી જોઈ શકાય છે.

*

ज्यों-ज्यों हमारी वृत्तियों पर सभ्यता के नए-नए आवरण चढ़ते जाएँगे त्यों-त्यों एक ओर तो कविता की आवश्यकता बढ़ती जाएगी, दूसरी ओर कवि-कर्म कठिन होता जाएगा।

- **आचार्य रामचंद्र शुक्ल** (1884-1941)

હવે આપણે પાંચમા ખંડ; ‘કવિતાનું કૂંડાળું’માં પ્રવેશ કરીએ. અહીં કવયિત્રી કવિતા-કાવ્યસર્જનનાં પ્રયોજન, પ્રક્રિયા, પરિણામ આ બધા વિષયોને કવિતા સ્વરૂપે મૂકે છે. આવા સંકુલ-અંતહીન-બહુચર્ચિત વિષય-વસ્તુ પર કવિતાઓ લખવાનું એમનું સાહસ ગમી જાય એવું છે.

‘કવિતા એટલે / કોઈએ કાળી વિદ્યા વાપરી / રસ્તાની વચ્ચોવચ કર્યું એક મંત્રેલું કૂંડાળું / સાચવી-સાચવીને ચાલો તો ઠીક / પણ જો ભૂલથી પગ પડ્યો અંદર / તો ધોળે દહાડે, ભરબજારે / તમને ઉતારી જાય અંદર એ કૂંડાળું, / (કૂંડાળું, પેજ-૧૭૬)

એટલે કવિતાનું આ કૂંડાળું એવું છે જે તમને જગત સાથે ભેળવી દે છે. બીજા અર્થમાં પછી તમે, તમે નથી રહેતા. પ્રથમ રચનામાં જ કવિતા એટલે જાતનું જગતમાં ભળી જવું એવું કવયિત્રી કહે છે. પણ આવું છે નહીં. આ દ્વૈત તો રહેવાનું જ. પછી સર્જનપ્રક્રિયાની વાત કરતાં કહે છે;

‘સાવ પથ્થર આ અંધારું / ને બીજી આ જડભરત કલમ / ઘસ્યા કરું હું એકમેક સાથે સતત / કે ચકમક થઈ ઝરે / જરી અજવાળું’ (ચકમક, પેજ-૧૭૭)

અહીં સર્જનપ્રક્રિયા, ઉદ્દેશ્ય અને પરિણામ બધું - ‘અંધારું’ અને ‘અજવાળું’ જેવા પ્રાસ સાથે પ્રકટ થાય છે. કવયિત્રીનો આશાવાદ ગમી જાય એવો છે.

'कविता क्रांति ले आएगी, ऐसी ख़ुशफ़हमी मैंने कभी नहीं पाली, क्योंकि क्रांति एक संगठित प्रयास का परिणाम होती है, जो कविता के दायरे के बाहर की चीज़ है।'

- **केदारनाथ सिंह** (1934-२018)

અલબત્ત કવયિત્રી આ હકીકતથી વાકેફ જ છે. નરસંહારથી માણસનું કલ્પનાજગત અને બાહ્ય જગત બંને ત્રસ્ત છે. હિંસાથી રૂબરૂ થવાની પીડા સર્જક અનુભવે છે;

'આંખ બંધ કરું છું ને / સામે એનો ચહેરો આવે છે / આંગળીના ટેરવાના વિશ્વાસે / હાથ લંબાવીને એના ચહેરાની સુંવાળપ પામવા જાઉં / તો જૂની દીવાલના પોપડાની જેમ / ખરી પડે છે એના ચહેરાની ચામડી / સાવ ભુક્કો થઈ થઈને. / એનાં ચશ્માંના જાડા કાચ તળે / ભૂખરી આંખોમાં હજુય ઝળહળતા / જળમાં પખાળીને હૈયું / વહેવડાવી દઉં બધી વ્યથા આ જનમની / પણ એ તો ઝાંઝવાની જેમ સરી જાય છે દૂર. / એ મને કંઈક કહેવા મથે છે / જેમાંનું કંઈ જ હું સાંભળી શકતી નથી. / નથી કળી શકતી એના હોઠનો ફફડાટ / બસ સંભળાય છે ઘોંઘાટ / લાઠીઓનો, તલવારોનો, બંદૂકોનો, ટોળાંનો, બુલડોઝરનો,/' (ચાલ એક નવી કવિતા લખ, પેજ-૧૭૮/૭૯)

આ નરસંહારનાં દશ્યો કવયિત્રીને બહેરી અને એની ભાષાને મૂંગી કરી મૂકે છે. પૃથ્વી કહો, સંસ્કૃતિ કહો, પ્રકૃતિ કહો કે માતા, એની ભાષા અળપાઈ રહી છે. 'મારી માની ભાષા' રચનામાં માની ભાષાનું અપહરણ થઈ રહ્યું છે. ભાષા સુધ્ધાંમાં વિષ ફેલાઈ રહ્યાનો અનુભવ કવયિત્રી કરે છે. આજના સમયમાં સર્જકની સહુથી મોટી મુશ્કેલી એ છે કે શબ્દો પણ કવિ સાથે દગો કરી રહ્યા છે! આપણે સહુ અત્યારે કવિતાને એ અવઢવમાં ઊભેલી જોઈ રહ્યા છીએ જ્યાંથી એક રસ્તો લોકપ્રિયતા તરફ ફંટાય છે; સત્ય-શિવ અને સૌન્દર્યથી વિરુદ્ધ, અને બીજો એ કવિતા તરફ જેને ગળે ટૂંપો દેવાઈ રહ્યો છે. કવયિત્રી સર્જકની આ મથામણને 'હરામી' રચનામાં વ્યક્ત કરે છે જ્યાં અભિવ્યક્તિ ખુદ સર્જક સાથે દગો કરી રહી છે, છંછેડાયેલી કવયિત્રી શબ્દોને 'હરામી' વિશેષણથી નવાજે છે! પણ મહત્ત્વની કવિતા છે 'કવિતા કેમ લખવી' જેનો આરંભ આવો છે;

'મને 'થોડી શરમ તો રાખ' કહેવાનું બંધ કર / નહીં કહે મને મારી જીભને કાબૂમાં રાખવાનું / હું ઉતારીને ફેંકું છું તારી કવિતાઓની પરંપરાઓ./

આ કવિતામાં નરસંહાર સામે ફાટતો પુણ્યપ્રકોપ છે. જે ઉચિત પણ છે. કવયિત્રીની આ અભિવ્યક્તિ જવાબી કારવાઈ જેવી છે;

'જો મને આ શણગાર વિનાના, / ઘવાયેલા, ચૂંથાયેલા શબ્દોને / ચત્તાપાટ અહીં તારી આ પવિત્ર જગ્યા પર ગોઠવતી / પેલી બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓનાં શરીર જેમ- / કુકી, મૈતેઈ, દલિત, ક્રિશ્ચિયન, આદિવાસી, હિન્દુ, મુસ્લિમ / બધી એકમેકની અડખેપડખે. / નહીં શિખવાડ મને આજે કે / કવિતા કેમ લખવી. /

(કવિતા કેમ લખવી, પેજ-૧૯૦)

તો - 'નહીં શિખવાડ મને આજે કે કવિતા કેમ લખવી' આ અંતિમ વાક્ય સાથે કાવ્યસંગ્રહ પૂરો થાય છે. પણ હું સંગ્રહના યાત્રા-માર્ગમાં કેટલીક જગ્યાએ જે રોડાં નડ્યાં છે અને ઠેસ આવી છે એ વિશે વાત કરીશ. અંગ્રેજી ભાષા લાંબાં વાક્યોની ભાષા છે પણ ગુજરાતી ટૂંકાં વાક્યોની છે. ઘણી જગ્યાએ એક શબ્દની છણાવટ માટે બીજા એટલા

શબ્દો આવે છે કે મૂળ વાત ભુલાઈ જાય. ઘણાં સ્થાને કલ્પનોનો એવો અંબાર લાગી જાય છે કે કવિતા દબાતી હોય એવું લાગે. તો ક્યાંક એકસાથે વધુ ક્રિયાપદ ઊલટસૂલટ આવવાથી અર્થગ્રાહ્યતા નંદવાય છે, જેમ કે; 'અને જિંદગી થઈને રહી ગઈ શકી હોત એક ખાલી ચિલમ' (બાંધી મુઠ્ઠી - પેજ-૧૫૧) જોકે કવિએ છેલ્લી કવિતા સુધી ભાષા સાથે મથામણ કરવાની જ હોય છે.

कवि तो समय की परिधि में नहीं बँधता, उसकी रचना अनंत काल के लिए होती है और इसीलिए उसके काव्य से ऐसे अर्थ भी सिद्ध होते हैं जो उसकी अपनी कल्पना में नहीं होते। यही उसके काव्य की पूर्णता और विशेषता है। - **महात्मा गांधी** (1869-1948)

■

આ સંધિએ મુખ્ય જરૂર એક વાતની છે : સખ્ત તપાસ કરે તેવી દરેક પુસ્તકની ચર્ચા થવી જોઈએ. ચર્ચા કરનાર સામયિક પત્રનો આપણામાં અભાવ છે, પણ તેની જ હવે ખરી જરૂર છે. કોઈ ગ્રંથકારનાં લખાણની કિંમત તે વિના થતી નથી; ને તેમ ન થાય ત્યારે શ્રીમાન્ લોક તેમને મદદ કરતા નથી. ઇંગ્લંડ જેવા દેશોમાં આમ થવાથી જ ગ્રંથકારની સંખ્યા વધે છે, ને ખરા લેખકો તૈયાર થઈ સરસ્વતીના ભજનમાં ને દેશસેવામાં જ જન્મ ગુજારે છે. દરેક સ્થળે સંસારવ્યવહાર કામના વિભાગ કરીને જ નીભે છે. વ્યાપારી લોક સર્વ વસ્તુ પૂરી પાડી પોતાનો લાભ સાચવે છે, ખેડૂત લોક ખોરાક ઉત્પન્ન કરી આપી પોતાને જરૂરની જણસો મેળવી લે છે, રાજા સર્વનું રક્ષણ કરી પોતાને યોગ્ય સુખસામગ્રી પ્રાપ્ત કરે છે, એમ પરમાર્થ ને સ્વાર્થ એક જ કામમાં સમાયેલા રહે છે ને સ્વાર્થ પણ પરમાર્થ સાધે છે ને પરમાર્થમાં પણ સ્વાર્થ થતો ચાલે છે. વિદ્યાના લાભ અને તે પ્રાપ્ત થવાથી થતાં સુખની મહત્તા જણાવવી પડે તેવી નથી. વિદ્વાનો પોતાની માનસિક કૃતિ લોકને આપે તે માટે તેમને પણ સામાન્ય સુખનાં સાધન પ્રાપ્ત થવાં જોઈએ. વિદ્યાના પરમ મદમાં પડેલા જ્ઞાનીઓ લાભાલાભ તરફ જોતા નથી, પણ સ્વભાવથી જ પરમબોધ કરવે પ્રવૃત્ત રહે છે એ ખરી વાત છે. પણ વિદ્વત્તા માત્રને મૂલથી ઊછરીને એટલે સુધી આવવા માટે તો કહી તેવી જ વ્યવસ્થાની પૂરેપૂરી અપેક્ષા છે.

**- મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩,**
**સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી – ૭ (સાહિત્યવિશેષ : માલાર્મે)

સુમન શાહ

દેરિદાના Dissemination પુસ્તકમાં આત્મચિન્તનની પદ્ધતિએ લખાયેલી પ્રસ્તાવના, Outwork, Prefacing અને Plato's Pharmacy એમ બે ખણ્ડો છે, ઉપરાન્ત, માલાર્મેના Mimique અને A Throw of the Dice Will Never Abolish Chance એ બે કાવ્યો વિશેનો એક બીજો ખણ્ડ છે, The Double Session. પુસ્તકમાં, Dissemination શીર્ષક હેઠળ એક ત્રીજો સૂચક ખણ્ડ પણ છે.

મને માલાર્મેનાં કાવ્યોની વાત કરવાની ઉતાવળ છે, તેમ છતાં, એ સૂચક ખણ્ડ વિશે થોડીક વાત કરું :

Dissemination :

દેરિદા અહીં 'se•mé'ને નિરંકુશપણે ફેલાયે જતા અર્થતત્ત્વ માટે પ્રયોજે છે. (સમજવા ખાતર મજાકમાં કહું કે દેરિદા-વ્યાખ્યાયિત અર્થતત્ત્વ 'ગાંડા બાવળ' જેવું છે). diffusion અર્થ ધરાવતા સંસ્કૃત 'વિસરણ' શબ્દને 'અર્થ' સાથે જોડીને 'અર્થવિસરણ' કરું, તો એ, મને લાગે છે કે dissemination માટેનો બહુશઃ ઉપકારક પર્યાય ઠરશે.

આ ખણ્ડમાં દેરિદા પોતે અર્થવિસરણ કરતા લાગે એ રીતે એમણે Philippe Sollersની નવલકથા Nombresનું વિઘટનશીલ વિશ્લેષણ કર્યું છે. આ પ્રયોગશીલ નવલકથાની text શકલોમાં વેરવિખેર છે, સ્વ-સંદર્ભી છે. એની સંરચના અને અનોખી સર્જનાત્મક યન્ત્રણાને પરિણામે એમાં અતિ અર્થ ઉભરાયા છે. એટલે, દેરિદા જણાવે છે કે રચનામાં અર્થનું અનિયન્ત્રિત વિસરણ થયું છે અને તેથી છેવટના નિર્ણય લગી પ્હોંચવાનું અશક્ય બની ગયું છે. અર્થવિસરણને કારણે કૃતિમાં અર્થાવશેષો, અગમ્ય સન્ધાનો અને અનિર્ણયનીય અર્થઘટનો અહીં તહીં વેરાયેલાં પડ્યાં છે. દેરિદા દર્શાવે છે કે પરમ્પરાગત કથાનિરૂપણરીતિ અને સુગ્રથિત અર્થ તેમજ 'સંદેશ'નો કૃતિ કેવો તો પ્રતિકાર કરે છે. કૃતિનું પૂર્ણ ગ્રહણ કરી લેવાના પરમ્પરાગત સાહિત્યસમીક્ષાના મનોરથને પણ એ અર્થવિસરણ પડકારે છે.

બીજું, હેગલની ફિલસૂફીમાં વિચારવિમર્શની પદ્ધતિનું રૂપ dialectic હતું, પક્ષ-વિપક્ષ, સંશ્લેષણ-વિશ્લેષણ, એક તર્કપૂત શોધ. પણ દેરિદા અર્થવિસરણને non-dialectical કહે છે. કેમકે સત્યનું પ્રકાશન કરી આપતા નક્કી સંશ્લેષણને અર્થવિસરણ પડકારે છે, અને તદર્થે થનારા closure અથવા પૂર્ણ વિરામ કે સમાપ્તિને ય નકારે છે. અર્થવિસરણ ખરેખર તો તફાવતોની અન્ત વગરની લીલા ચીંધે છે, જે એકમાં નહીં

ઠરનારા એકથી વધુ અર્થનું નિરન્તરનું પ્રસરણ હોય છે. ખરું કારણ એ છે કે, નથી એમાં પૂર્વનિર્ધારિત લક્ષ્ય, કે નથી અન્તિમ મુકામ; એટલે કે teleology નથી. એ કારણે પણ દેરિદા અર્થવિસરણને વધારે ધ્યાનપાત્ર ગણે છે.

દેરિદાએ કરેલા નવલકથાના વાચનનો સાર એ સમજાય છે કે નવલ પોતે જ પોતાનું વિઘટન કરે છે કેમકે નિર્ધારેલા અર્થને એ પોતે જ પકડી શકતી નથી. તેમ છતાં સરવાળે લાભ એ કે અર્થવિસરણ જેવું ભાષાનું એક પ્રમુખ સ્વભાવ-લક્ષણ એથી પ્રકાશિત થાય છે.

The Double Session :

આ ખણ્ડ પ્રયોગશીલ અને અપ્રતિમ પ્રતીકવાદી ફ્રૅન્ચ કવિ Stéphane Mallarméનાં (1842-1898) બે કાવ્યો વિશે છે : 1876માં પ્રકાશિત Mimique અને 1897માં પ્રકાશિત A Throw of the Dice Will Never Abolish Chance.

**Mimique :**

હું એને ગદ્યકાવ્ય કહું છું, કેટલાક વિદ્વાનો એને નેબિન્ધ કહે છે. એમાં માલાર્મે Paul Margueritteના આધુનિક શૈલીના પૅન્ટોમાઇમ Pierrot, Murderer of his Wifeની પ્રસ્તુતિ અથવા રજૂઆત અથવા performanceને વર્ણવે છે. Pierrotનું પાત્ર માલાર્મેએ સરજ્યું નથી, એ તો Italian commedia dell'arteથી ખ્યાત અને પૂર્વે ઇટાલિ તેમજ ફ્રાન્સ ખાતે ભજવાયેલા અનેક ખેલમાં આવી ચૂકેલું એક stock character છે. એ કારણે લોકો એને જોતામાં જ ઓળખી જતા હોય છે.

આ માઇમમાં Pierrot -પ્યેરો- એની પત્ની કોલમ્બાઈનના પગના તળિયે ગલીપચી કરી તેનું ખૂન કરે છે, એટલે કે, અભિનયથી પોતે જ કોલમ્બાઇન બનીને કોલમ્બાઇનની હત્યા આકારે છે. દેરિદા એ સર્રીયલ હત્યાના અભિનેતામાં tickler અને tickled, કર્તા અને કર્મ, વાંચે છે. પ્યેરોએ પણ ભૂતકાળ અને ભવિષ્યમાં પ્રસરીને નર અને નારી, આક્રમણકાર અને ભોગ બનનાર, એમ દ્વન્દ્વાત્મક ભૂમિકા નિભાવી છે.

દેરિદાએ એ દશ્યના અનુલક્ષમાં દર્શાવ્યું છે કે ઓળખ, લેખન અને રજૂઆતના સંદર્ભોમાં અર્થ કેવા તો સરકી જતા હોય છે. મૂક અભિનયને કારણે પ્યેરો એક silence figure બની રહે છે. એની રજૂઆતને દેરિદાએ 'શારીરિક હાવભાવની મૂક સ્વગતોક્તિ' કહી છે. પરન્તુ પત્નીના શબ પાસે બેસી પોતાના કૃત્ય વિશે એ વિમાસણ પણ કરતો હોય છે. ટૂંકમાં, પ્યેરોમાં ક્રૂરતા અને નિર્દોષતા બન્ને છે.

માલાર્મે કહે છે કે આ માઇમ, હજી જે પર કશું લખાયું ન હોય એ કોરા કાગળ જેવું છે. એ કોરાપણા પર રજૂઆતની ક્રિયાથી લેખન થાય છે. માઇમ મૂક અભિવ્યક્તિ છે. ઘણું સૂચવતું અર્થસભર મૌન છે. એમના શબ્દો છેઃ silence, the sole luxury after rhyme, which it is the poet's challenge to translate!... a silence no less lovely to compose than verse: કાવ્ય કે પ્રાસાદિક સિદ્ધ થઈ જાય એ પછીનો સુખદ આરામ માત્રમૌન હોય છે. પણ આ મૌનને, દશ્ય ભાષાને, વ્યક્ત કરવાનું સર્જનકર્મ કવિ માટે પડકાર કહેવાય. તો પણ, માલાર્મેને કાવ્યના સર્જન જેટલો જ એ પડકાર રસપ્રદ વરતાય છે.

દેરિદા કહે છે કે કોરા શ્વેત કાગળ પરનું એ માઇમ દૃશ્ય નિશાન વિનાનો છતાં ઘણું કહેતો અભિલેખ છે. માઇમની શ્વેત-તા એ બહુ-સંકેતક લેખનનું રૂપક છે. એ કોરાપણું ખાલી નથી પણ એક સમર્થ જગ્યા છે, માલાર્મેના કાવ્યની જેમ એમાં અવકાશ અને અનુપસ્થિત વચ્ચે લીલા ચાલે છે. માઇમ મૂગું છે અને નથી કેમકે મૌન અને હાવભાવથી એ ઘણું કહે છે.

માલાર્મે અનુસાર, માઇમ વાસ્તવિકતા કે પૂર્વે ઘટી ચૂકેલી ઘટના કે ઉપસ્થિતિની નકલ નથી. ખરેખર તો એ કશાક વિચારનું ઇંગિત રચે છે. હાવભાવથી એ બીજાને નહીં પણ પોતાને જ દેખાડે છે. દેરિદા એને નિદર્શન વિનાની નકલ કહે છે, copy without model. બાકી, પરમ્પરાગત માઇમમાં તો ભૂમિકા અને તે જેને માટે હોય એ વિષય, બન્નેનો ચૉક્કસ સંદર્ભ હોય છે. આ માઇમને દેરિદા એક એવી રજૂઆત કહે છે જે અર્થ તો ચીંધે છે પણ પોતાનો મૂળાધાર નથી બતાવતી. એટલે એને તેઓ મૂળિયા વિનાની કલમ કહે છે - graft without root.

દેરિદાએ આપેલી મુલાકાતોના સંગ્રહ Points...: Interviews, 1947-1994ના Scribble (Writing-Power) નિબન્ધમાં, પ્યેરોની રજૂઆત વિશે એમણે કેટલાક ઉલ્લેખો કર્યા છે. એમાં એમને ‘ઉપસ્થિતિનો વ્યર્થ દેખાડો’ જોવા મળ્યો છે. સાથોસાથ, એને તેઓ ‘કથાસર્જનનું શુદ્ધ માધ્યમ’ ગણે છે. એમાં ‘બરફ કે દર્પણનો કાચ તોડ્યા વિનાનો અનન્તરાય આભાસ’ રચાયો છે. તેઓ પ્યેરોને પોતાના આત્મા આગળ સ્વગતોક્તિનું મૂક અર્પણ કરતો અને nothingની રજૂઆત ન કરતો છતાં nothingને જ રજૂ કરતો phantom કહે છે. દેરિદા ઉપસ્થિતિના વ્યર્થ દેખાડામાં અને નિરન્તરના આભાસમાં Différance, મૂક સ્વગતોક્તિમાં trace અને absence, વગેરે જાણીતી વિભાવનાઓ તો વાંચે જ છે, પણ રંગમંચ પરની રજૂઆતને લેખન અને વાસ્તવિકતાના સમ્બન્ધ સાથે જોડે છે.

માલાર્મે પોતાના Divagations (1897) પુસ્તકમાં પ્યેરોની રજૂઆતના દૃશ્ય સંદર્ભે લખે છેઃ The scene illustrates only the Idea, not an actual action, in a hymen (from which the Dream proceeds), vicious but sacred, between desire and fulfillment, the act and its memory: here anticipating, there recalling, in the future, in the past, under the false appearance of the present.

hymen એટલે સ્ત્રીશરીર-રચનામાં યોનિચ્છદ અથવા કૌમાર્યપટલ. પરન્તુ માલાર્મેને એ અર્થ અભિપ્રેત નથી. એમણે તો જ્યાં જોડાણ સંભવે છે એ જગ્યાના અર્થમાં એને એક પ્રતીક તરીકે પ્રયોજ્યું છે. એ કારણે મેં એને ઉમ્બર કે પરદો કહેવાનું પસંદ કર્યું છે.

અહીં દૃશ્ય તે માઇમ, પણ એ કોઈપણ કલાત્મક કે કાવ્યાત્મક નિર્મિતિનું પ્રતીક છે. માલાર્મે દૃશ્ય hymenમાં ઘટે છે એમ કહે છે ત્યારે તેઓ એનો અર્થ ઉમ્બર કે પરદો કરે છે, એક એવી જગ્યા જ્યાં બે વિરોધો સામસામે આવી ઊભા હોય છે. જેમકે, ઉમ્બર કે પરદાની આ બાજુ તે અંદર ને સામી બાજુ તે બહાર; જેમકે, દૂષિત અને પવિત્ર; જેમકે, ઉપસ્થિત અને અનુપસ્થિત; જેમકે, ઇચ્છા અને ઇચ્છાપૂર્તિ; જેમકે, ક્રિયા અને એ જેમાંથી

સંભવી તે સ્મૃતિ. એ વિરોધોના સહઅસ્તિત્વથી ઊભી થયેલી સંદિગ્ધતા વચ્ચે માઇમનું દૃશ્ય સરજાય છે. પરદાની બહારની બાજુએ ભવિષ્યની અપેક્ષા છે અને અંદરની બાજુએ ભૂતકાળનું સ્મરણ છે. વર્તમાનના દેખાવ હેઠળ ભૂતકાળ અને ભવિષ્ય સતત ઉજમાળા લાગે છે – કદાચ ખરું દૃશ્ય તો એ છે!

એક નોંધ ખાસ લેવી જોઈએ કે hymen સાહિત્યકૃતિનું ય રૂપક છે. કેમકે સાહિત્યકૃતિ પણ in-between ઊભી હોય છેઃ લેખક અને વાચક વચ્ચે, સંકેતિક અને સંકેતાર્થ વચ્ચે, તેમજ વાસ્તવ અને કલ્પના વચ્ચે.

માલાર્મેના પ્રતીકશીલ કાવ્યશાસ્ત્ર અનુસાર સ્વપ્ન એટલે કલાસર્જનનું સ્વપ્ન, એક ખયાલ, એક ધ્યર્થ – idea – કે એક કલ્પના. ટૂંકમાં, પરોક્ષપણે માલાર્મેએ માઇમનું કાવ્યશીલ સિદ્ધાન્તીકરણ પીરસ્યું છે. માઇમના દૃશ્યથી ઘટના નથી સરજાતી પણ સર્જનના સ્વપ્ન માટે રંગમંચ ઊભો થાય છે, અને જે કંઈ સંભવે છે એ પેલા ઉમ્બરની જગ્યા અથવા site પર સંભવે છે.

પોતાના absent art નામના સુવિદિત મન્તવ્યને યાદ કરતાં માલાર્મે કહે છે કે આ ભૌતિક જગતમાં અર્થ કે સૌન્દર્યનું ખરું સત્ત્વ સદા અનુપસ્થિત હોય છે; કવિતા વાસ્તવની રજૂઆત નથી પણ સદા અપૂર્ણ રહેનારા ખયાલની ઉદ્ભાવના છે; કવિતામાં વિશ્વ પારદર્શક નથી હોતું પણ હમેશાં વ્યંજનાનો વિષય બની રહેતું હોય છે.

### A Throw of the Dice Will Never Abolish Chance :

હું ગડમથલમાં છું : આ કાવ્યનો સાર આપવા બેસું કે શબ્દાન્તર કરવા જઉં? બન્ને અશક્ય છે કેમકે content છે જ નહીં. માત્ર formની વાત કરી શકું પણ ત્યારેય કાવ્યની ટાઇપોગ્રાફી અને કાગળ પર થયેલી તેની આલેખનાને ન વર્ણવી શકું કેમકે આ કાવ્યકૃતિ માત્રઉકેલી જવા માટે નથી, જોવા માટે પણ છે.

તેમ છતાં કાવ્ય એક અપૂર્વ અનુભવની શક્યતા વિશે તો છે જ. એમાં અસ્તિત્વ, સર્જન અને તક અથવા chance જેવાં તત્ત્વો વિશે કાવ્યશીલ પ્રશ્નાર્થ આકારાયો છે.

શીર્ષક બરાબર સૂચવે છે કે પાસા – dice – ફેંકીશું પણ ફેંકવા માટેની તક કદી નષ્ટ નહીં થાય, મળ્યા જ કરશે. જીત કે હાર પર માણસનો અંકુશ કદી હોતો નથી, ભલે એ ગમે એટલી વાર પાસા ફેંકે. ('પાસા ફેંકે જનો, દા દેવો હરિને હાથ છે', એ જાણીતી સૂક્તિ બરાબર છે; પણ માલાર્મે સૂચવે છે કે પાસા ફેંકયા કરો, ફેંક્યા જ કરો, એ તક કદી ખૂટશે નહીં.)

જીવન અન્તર્નિહિત અનિર્ણયનીયતા માણસના ભાગ્યનું વિધાન અને નિર્માણ કરે છે, એ સત્ય અહીં પ્રકાશિત થયું છે. જીવન એટલું બધું ઍબ્સર્ડ છે કે એને જિતાશે નહીં, એ બીજું સત્ય પણ અહીં પ્રકાશિત થયું છે. ટૂંકમાં, એક તરફ છે મનુષ્યનો સીમિત પુરુષાર્થ, અને બીજી તરફ છે અજ્ઞાત વિશ્વ. જોકે, આવું કંઈ માલાર્મે નથી કહેતા, કાવ્ય પણ નથી કહેતું, હું કે તમે કહીએ છીએ.

તો કેમ વાંચવું આ કાવ્યને? દેરિદા double session સૂચવે છેઃ પહેલું સત્ર કાવ્યકલાવિષયક વાચનનું અને બીજું ફિલસૂફીવિષયક વાચનનું.

અહીં કથન નથી પણ ક્રિયમાણ ચિન્તન છે. એક વિશાળ ગહન ક્રિયા - પાસા ફેંકવા તે - અથવા કશોક વિચાર આકારિત થયો છે કે થશે, તે. કાવ્યમાં અંધાધૂંધ અજ્ઞેયને આંબવાનો પ્રયાસ સૂચવાયો છે. ચિત્ત એ ક્રિયાનું કર્તા -master- છે અથવા એ કર્તા કવિ પોતે છે. એમ પણ સૂચવાય છે કે અન્તિમ જીત અશક્ય છે. RIEN (Nothing) દર્શાવે છે કે કાવ્ય ખાલી અવકાશ નથી પણ અનન્તને પ્રતિધ્વનિત કરતી સગર્ભ ફળદ્રૂપ ભૂમિ છે. નક્ષત્રમંડળના તારા સમા શબ્દો સમ્બન્ધોની ભાત જરૂર પ્રકાશિત કરે છે પણ સૂચવે છે કે દૃશ્ય પૂરું તો નથી જ ઊઘડવાનું.

તક, અનવસ્થા અને શૂન્ય જેવાં મૂળભૂત પરિબળો સાથે માનવચિત્ત જોડાય તે યોગ, અને કાયમ એમાં એને અન્તે મળે તે નિઃસારતા, કાવ્યની વ્યંજના છે. એ નિઃસારતા તો દૃશ્ય થાય જ છે પરન્તુ સાર માટે એમાં વ્યવસ્થિતિનું સર્જન કરવા મથનારને એ પરિબળોનાં પરમ રહસ્યોનો સાક્ષાત્કાર પણ થાય છે.

પરન્તુ કાવ્યના formને અને તેમાંય એના દૃશ્ય રૂપને પામવું એક અનિવાર્યતા છે. એ માટે એ પાનાંઓને એક વિશાળ કૅન્વાસ રૂપે કલ્પવાની જરૂર છે. જોઈ શકાશે કે એમાં પંક્તિઓ કે કણ્ડિકાઓમાં બધું ગોઠવાયેલું નથી પણ ગુચ્છમાં કે વેરવિખેર છે. કેટલાક શબ્દો ફૉન્ટની સાઈઝ પ્રમાણે મોટા કે નાના છે. એથી દૃશ્યાત્મક ઉચ્ચાવચતા સરજાઈ છે. એથી, જે જેટલું ભારપૂર્વક કહેવું જરૂરી છે તે તેટલું જ સૂચવાય એવાં સ્તર પ્રગટ્યાં છે - દાખલા તરીકે, વીજકડાકા કે દૂરવર્તી તારકોની ફુસફુસાહટ.

લખનાર વ્યક્તિ જાણતી હોય છે કે બે શબ્દ વચ્ચે જગ્યા રાખવાની હોય છે. માલાર્મેએ બે શબ્દ વચ્ચેની શાન્તતા અને શ્વેત અવકાશનો કાવ્યમાં સાભિપ્રાય વિનિયોગ કર્યો છે. એ વિશાળ અવકાશમાં બે શબ્દ વચ્ચેના પ્રતિધ્વનિને સાંભળી શકાય, અકથિતને વિશે ચિન્તન કરી શકાય તેમજ મનુષ્ય-વિચાર જેની સાથે સંઘર્ષ અનુભવે છે એ ગહન અગોચરની ઝાંખી કરી શકાય. (ચિત્રનાં વિવિધ વાનાં -elements- આસપાસની ખાલી જગ્યાને ચિત્ર અને ડિઝાઇનિન્ગની કલામાં negative કહેવાય છે, જેથી એ વાનાંની positive સીમાઓ પરખાય).

માલાર્મેએ જાણી કરીને વ્યાકરણને પણ લગભગ ભાંગલું રાખ્યું છે. શબ્દોના અમળાતા કે વળ ખાતા પ્રવાહમાં કેટલાક વિભાવો ફરી ફરીને આવે છેઃ 'HASARD' (chance), 'MAÎTRE' (master), 'OMBRE' (shadow), 'RIEN' (nothing). વગેરે. એમણે જુક્તિપૂર્વક કૅપિટલ લેટર્સ પ્રયોજ્યા છે. એને કારણે વાચનની રૂઢ પદ્ધતિ નથી બચી. વાચકને ફરજ પડે છે કે એ ધીમે ધીમે આગળ વધે.

કાવ્યશબ્દના સંગીતી ધ્વનિઓ અને શબ્દોનાં આલેખિત રૂપોના સમ્મિશ્રણરૂપ આ સંઘટ્ટનનું વિઘટન કરવા દેરિદા પ્રેરાયા એને હું સાહિત્ય + ફિલસૂફી જગતની નોંધપાત્ર ઘટના ગણું છું.

દેરિદા આ કાવ્યને ઉપસ્થિતિ અને અનુપસ્થિતિ તેમજ અર્થ અને ન-અર્થ વચ્ચેનો ઉમ્બર લેખે છે. કાવ્યની ટાઇપોગ્રાફીનું પ્રસરણ - ખાલી જગ્યાઓ વગેરે - ભાષામાં અર્થ રૈખિક નથી હોતા, વિલમ્બિત હોય છે, એ અર્થપ્રકૃતિને પ્રતિબિમ્બિત કરે છે. કાવ્ય આડુંઅવળું કે વિચિત્ર નથી પણ એમાં વૈચિત્ર્ય જરૂર પ્રયોજાયું છે, જેથી ભાષા અને

વિચાર વિશેના નિર્ણયવાદની મર્યાદાઓ પ્રકાશિત થઈ છે - એમ કે તમે એ પરત્વે નિર્ણય લગી પ્હોંચી શકશો જ નહીં. આ કાવ્યના દરેક વાચનનું બેવડું પરિણામ છે, એક વાર અર્થ નક્કી થાય, પણ બીજી વાર વિલમ્બિત રહે. તેથી માલાર્મેના આ કાવ્યનું છેવટનું અર્થઘટન અશક્ય છે. કાવ્ય કૃતિપરક અનિર્ણયનીયતાનું મોટું નિદર્શન છે.

કાવ્યની આ પંક્તિ - every thought emits a throw of the dice - દેરિદા માટે ધ્યાનપાત્ર હતી. તેઓ સૂચવે છે કે વિચારવું એ જ જુગાર છે - અનિશ્ચિતતાગમન! લેખન, અર્થઘટન, અને ફિલસૂફી સુદ્ધાં જોખમનાં કામો છે. **(ક્રમશઃ)**

**વિશેષ વાચન માટે સૂચિ :** Divagations (1897) / Mimique - wikisourcefr. wikisource.org Colby Chamberlain – “Mime, Murder, Meaning” Article in Art forum (2019).

■

ઘણાક અવલોકન કરનારમાં એક બીજો પણ દોષ નજરે પડે છે. તેઓ સમગ્ર ચિત્રને વિલોકી શકતા નથી; તેના કોઈ એક દેશને ગ્રહણ કરી વિચાર આપવા વળે છે. આપણે જાણીએ છીએ કે મનોહર સુંદર ચિત્ર, હૃદયના મર્મભેદક ભાવના આવિષ્કારયુક્ત વદનવાળું ચિત્ર, તે બનેલું તો અનેક રંગના લીટાલીટાનું જ હોય છે. એનાથી જે અસર થાય છે તે કહી શકાતી નથી કે તેના ચક્ષુના ભાવથી થાય છે, કે તેના વદનની આકૃતિથી થાય છે, કે તેની સ્થિતિના મરોડથી થાય છે! તથાપિ તે પ્રતિવસ્તુ જુદી જુદી લઈએ તો કાંઈ અસર કરતી નથી, ક્વચિત્ તુચ્છત્વનો વિચાર પ્રેરે છે. સમગ્ર જોતાં હૃદયમાં કેવાં ભવ્યતા, પ્રીતિ, તન્મયતા, આનંદ ઉદય પામે છે. લેખકોનાં પરિમાણ પણ ચિત્ર જેવાં છે. ચિત્રનો ચીતરનાર. તેની પીછી, તેના રંગ, કે તે ચિત્રના ભિન્ન ભિન્ન અવયવ, એ બધું જેમ વીસરી જવાનું છે, તેમ લેખનું પણ જાણવું. સમગ્ર ચિત્રમાત્ર જ કેવું છે? સમગ્ર વિષયનિરૂપણ કેવું છે? આટલો જ વિચારવાનો વિષય છે. ને તે વિચારનું ફલ બીજાને સ્પષ્ટ રીતે સમજાવવું છે. જેનો સ્વભાવ નિંદા કરવાનો હોય. જેને જાણીજોઈને દોષારોપમાં જ પ્રીતિ રાખવી હોય, તેને તો સુલભ માર્ગ છે, ચિત્રની રેખ રેખ લેવી એટલે તે પોતાને તેમ જોનારને કોઈને સુંદર, સુશ્લિષ્ટ કે શુદ્ધ લાગવાની નહિ. કાંઈ ન ચાલે તો ચિત્રકારને જ વળગવું એટલે નિંદાનો પ્રસંગ સંપૂર્ણ રીતે મળશે.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩,**
**સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# કવિ રાજેશ પંડ્યા સાથે વાતચીત : 'મેં માંગ્યું'તું પાણી તેને બદલે આપી વાણી'

અજય સરવૈયા

*ચારેકોર*
*અંધકાર છે*
*અમાસની રાત કરતાંય વધુ ગાઢ*
*આકાશની સીમા કરતાંય વધુ વિશાળ*
*પહાડ કરતાંય ઊંચો*
*દરિયા કરતાંય ઊંડો*
*એટલે*
*કાગળમાં*
*હું લખું છું દીવો*
*હું લખું છું સૂરજ*
*હું લખું છું કવિતા*

– **રાજેશ પંડ્યા** (૨૦૨૪)

*

રાજેશ પંડ્યા લગભગ ચાળીસેક વર્ષોથી કવિતા લખે છે, પણ એમના હજી સુધી બે જ સંગ્રહો આપણને મળે છે. એક, 'પૃથ્વીને આ છેડે' જે ૨૦૦૧માં પ્રકાશિત થયેલો. બીજો સંગ્રહ 'સુવર્ણમૃગ' ૨૦૧૩માં પ્રગટ થયેલો. (આ સંગ્રહમાં માત્ર એક જ દીર્ઘકાવ્ય હોવાથી મને એ સંગ્રહ જેવો લાગતો નથી. એથી હું એમને સલાહ આપ્યા કરતો હોઉં છું કે આ દીર્ઘકાવ્યને ફરી બીજા કોઈ કાવ્યસંગ્રહમાં સામેલ કરો. જોકે એ મારું માનશે એવું મને લાગતું નથી.) હજી ચાર-પાંચ સંગ્રહો થાય એટલી પ્રગટ કાવ્યસામગ્રી એમની પાસે છે; પણ સ્પૅનિશ નવલકથાકાર ઍનરીક વિલા-માતાસ જેને 'writers of no' કહે છે એવી રાજેશ પંડ્યાની પ્રકૃતિ હોવાથી એ સંગ્રહો ખરેખર પ્રગટ થશે કે કેમ એ બાબતે મને શંકા જ છે.

એક કવિ તરીકે વિષય અને સ્વરૂપ સંદર્ભે એમણે ઘણું વૈવિધ્ય દાખવ્યું છે. વિષયોમાં : લખવા વિશે, કીડી વિશે, સમુદ્ર વિશે, રાત્રિ વિશે, ઝાડ વિશે, પાણી વિશે, ગાંધીજી

વિશે, અન્ય કવિઓ વિશે, ભૂકંપ વિશે, પૂર વિશે, યુદ્ધ વિશે-એટલે કે જીવસૃષ્ટિ વિશે, સાંપ્રત ઘટનાઓ વિશે, પર્યાવરણના વિનાશ વિશે, કાવ્યપ્રક્રિયા વિશે એમણે ઊંડી સંવેદનાથી કાવ્યખેડાણ કર્યું છે. સ્વરૂપમાં અછાંદસ, છાંદસ, ગીત, લઘુકાવ્યો, આખ્યાન, ગઝલના આકારોય (forms) એમણે ખેડ્યા છે. વર્ષોના વહેણમાં કેટલાક કવિઓ આક્રોશ તરફ વળે, કેટલાક આશંકા તરફ, કેટલાક નોસ્ટાલ્જિયા તરફ, રાજેશ પંડ્યા અવસાદ તરફ વળ્યા છે. એમનો સૂર અવસાદમય થતો ગયો છે. ક્યાંક ઉસ્તાદ આમિરખાંસાહેબનો રાગ બૈરાગી એમની કવિતામાં ભળતો ગયો છે. સોન્ટેગ વોલ્ટર બેન્જામીન માટે saturnine ને meloncholic જેવાં વિશેષણો વાપરે છે જે રાજેશ પંડ્યાને પણ પૂરેપૂરાં લાગુ પડે છે.

ગીત, ગઝલ, છાંદસ કાવ્ય કે આખ્યાન વગેરેમાં ફૉર્મ (આકાર) એમના સ્ટ્રક્ચર-(સંરચના)માં જ નિહિત હોય છે. એટલે કે આ સ્વરૂપોની સંરચના જ ફૉર્મ પ્રદાન કરતી હોય છે, પણ અછાંદસ કાવ્યસ્વરૂપમાં ફૉર્મ અમૂર્ત હોવાથી એને પકડવું અત્યંત અઘરું છે. જેમ સંગીતના સૂરને પકડવો. પરિણામે ઘણા કવિઓ અછાંદસના ફૉર્મને પકડી શકતા નથી ને નિષ્ફળ જતા હોય છે. અછાંદસનું પોતાનું કોઈ ફૉર્મ હોતું નથી, એ કવિતા લખતાં લખતાં ઘડાતું જતું હોય છે, ને કવિએ સજાગ રહી એને પકડવું પડતું હોય છે. રાજેશ પંડ્યા અછાંદસના ફૉર્મને સાતત્યપૂર્ણ રીતે પકડી શક્યા છે. મને કવિઓ માટે વપરાતાં કેટલાંક વિશેષણો - નાનો-મોટો, યુવા-પ્રૌઢ, સારો-મહાન-માં બહુ રસ પડતો નથી. કવિને ફૉર્મની સમજ છે કે નહીં, ફૉર્મને પકડતાં આવડે છે કે નહીં, ફૉર્મ સાથે રમત કરતાં આવડે છે કે નહીં એ મહત્ત્વનું છે. રાજેશ પંડ્યાને એ આવડે છે, એથી એ આપણા અત્યંત અગત્યના કવિ છે. એમની કવિતા માત્ર ગુજરાતી કે ભારતીય સંદર્ભે મહત્ત્વની નથી, એ વૈશ્વિક સંદર્ભે પણ મહત્ત્વની બની રહે છે. એમનાં-લેખન વિશે, ગાંધીજી વિશે, અન્ય કવિઓ વિશે, યુદ્ધ વિશે, ઝાડ વિશે, ફળ વિશે, સત્ય અને ચક્રવ્યૂહ વિશે, રાત્રિ વિશેનાં ને બીજાં ઘણાં કાવ્યો વૈશ્વિક સંવેદનથી રચાયેલાં અને રસાયેલાં છે. (આ કાવ્યોનો અનુવાદ કરી કોઈ યુરોપિયન કે રશિયન કે લૅટિન અમેરિકન કવિનું નામ મૂકી દઈએ તો કોઈને ખ્યાલ પણ નહીં આવે કે આ કવિતા મૂળે તો કોઈ ગુજરાતી કવિએ લખેલી છે.) 'જળકમળ' ખાંડવદહન', 'સુવર્ણમૃગ' વગેરેમાં ગુજરાતી ફૉર્મ અને ભારતીય મિથ છે, પણ એનું થિમ તો વૈશ્વિક છે, પર્યાવરણનું વિસર્જન, પૃથ્વીના ભવિષ્યની ચિંતા, માત્ર મનુષ્યના ભવિષ્યની નહીં પણ સમગ્ર જીવસૃષ્ટિ-પ્રાણી, કીડી, જંતુ, વનસ્પતિ, પાણી વગેરે સહુનાં ભવિષ્યની ચિંતા. આ ચિંતા અને આવી વેદના, અવસાદ, વિષાદ એમને મહત્ત્વના કવિ બનાવે છે. આ મુલાકાતમાં એમની પર્યાવરણ સંબંધી કવિતાઓને કેન્દ્રમાં રાખી છે, અને આ કવિતાઓને સેલિબ્રેટ કરવાનો અભિગમ રાખ્યો છે, બીજું કંઈ નહીં.

**અજય સરવૈયા :** રાજેશભાઈ, તમે જે વિચારો છો એના કરતાં તમે જે કર્યું છે એના પર ધ્યાન આપીશું. એટલે કે તમે કવિતા વિશે જે વિચારો છો એના કરતાં જે કવિતા લખી છે એની ચર્ચા કરીશું. એ રીતે આપણે વિટગેન્સ્ટાઇનનો થોડો મહિમા કરીશું.

**રાજેશ પંડ્યા :** ભલે.

**અજય :** આપણને 'લખવું એટલે શું' કે 'શા માટે લખવું' એવા પ્રશ્નો પજવતા હોય છે. તમે 'લખવા વિશે' કાવ્યમાં 'મને સમજાતું નથી / કે કેમ હજી હું કવિતા લખું છું'

એવી શરૂઆત કરી છે. તમે લગભગ ચાળીસેક વર્ષથી કવિતા લખો છો, તો ‘આ નથી સમજાતું’ તે શું છે?

**રાજેશ :** ..... તે શું છે? તે નથી સમજાતું. આમ નાની નાની વાતે પ્રશ્નો કેમ થાય છે એ નથી સમજાતું અને જે જવાબો મળે છે તે તો સાવ નથી સમજાતા. આ ભાષાને કારણે છે કે મારે કારણે તેય નથી સમજાતું. તમે ભાષાવિદ્ છો એટલે ભાષાનાં કારણ વિશે તમે કહો ને મારા કારણે હોય તો કંઈક હું કહું, અરીસામાં જોઈને કે નદીકાંઠે પાણી પીવા નીચો નમું ને તરસ ભૂલી જાઉં, સ્વકારણ જોવા જતાં ડૂબી જાઉં એવુંયે બને તો..

... તો તમે બીજો સવાલ ન પૂછી શકો.

**અજય :** આમ તો બધી મથામણ જાતને ને જગતને સમજવાની હોય છે. તમે જાતને, કવિતાને ને જગતને છૂટા છૂટા નથી જોઈ શકતા, કદાચ એથી અણસમજ ઊભી થાય છે. જે લોકો આ બધું અલગ અલગ જોઈ શકતા હોય છે એમની સમજ સ્પષ્ટ હોય છે. તાર્કોવસ્કીએ એક મુલાકાતમાં કહેલું કે ફિલ્મમેકર ફિલ્મને પોતાનાથી જુદી જોઈ ન શકે. તમારી કવિતામાં એટલે જ મેલન્કલી/અવસાદ સેટલ થતો ગયો છે, જેમ કુમાર ગંધર્વના સંગીતમાં.

**રાજેશ :** કુમાર ગંધર્વના સંગીતમાં અને કબીરના શબ્દોમાં, ‘પૃથ્વીથી આકાશ સુધી ગગન મેં આવાજ હો રહી ઝીની ઝીની.’ કવિતા ને સંગીત વિશે કેટલું બધું વિચારાયું ને લખાયું છે, આપણે ત્યાં અને વિદેશમાં. પ્રાચીનથી અર્વાચીનકાળ સુધી. આધુનિક સમયમાં પણ. આ આખો ઈલાકો રસપ્રદ છે. માત્ર કવિતાકલા જ નહીં, બધી કલાઓનો સંગીત સાથે સૂક્ષ્મ સંબંધ લાગે છે. જુદી જુદી કલાના ઘણા કલાકારો કદાચ એટલે જ સંગીતરસિક હશે. ઘણા કવિઓ શબ્દના મૌનની વાત કરતા હોય છે એય આ દિશામાં જાય.

એક તો કવિતાની સમજ-અણસમજનો મુદ્દો ચાલતો હતો, એમાં સંગીત ને બીજી કળાઓ ભળતી ગઈ, અણસમજ વધતી ગઈ.

**અજય :** તમે ચિંતા ન કરો. આપણને ક્યાં પાછા વળતાં નથી આવડતું? કવિતા વિશેની તમારી એક કેફિયતમાં તમે એવું કંઈક લખ્યું છેઃ ‘કવિતા શું છે એની અમને જ ખબર નથી.’ તમે લગભગ પાંત્રીસ વર્ષથી કવિતા ભણાવો છો, એટલે તમે કવિતા વિશેની જુદી જુદી અને જુદા જુદા સમયની વ્યાખ્યાઓથી પરિચિત છો. તમે કવિતાઇતિહાસના ઊંડા અભ્યાસી પણ છો. એટલે કવિતાના ભાવક તરીકેની તમારી સમજ વિશે મને કોઈ શંકા નથી. બીજાઓની જેમ તમે પણ કવિતા વિશે નોખું કે અનોખું બોલી જ શકો છો. પણ એને બદલે તમે કવિ તરીકે, કવિતાલેખન બાબતે અણસમજને આગળ મૂકો છો. મને આ બહુ રસપ્રદ લાગે છે. તમે અણસમજને મેટાફર બનાવી મૂકો છો. એટલે કે તમે વાત કરતાં કરતાં કવિતા કરી મૂકો છો. થોડાક દિવસો પહેલાં આપણે ચા પીવા ગયા ત્યારે તમે કહેલું કે કવિતા સમજાતી નથી માટે જ નવી કવિતા લખીએ છીએ. એથી દરેક વખતે આ સમજણ-અસમજણ થોડી વધતી જ હશે.

**રાજેશ :** જો કવિતા સમજાઈ ગઈ હોય સાવ તો પછી બીજી કે નવી કવિતા કેમ લખાય? ને લખાય તો એ એની એ જ હોય, નવી ન હોય. કવિતા નથી સમજાતી એટલે

તો ફરી ફરી લખવી પડે છે. ફરી ફરી લખી કવિતાની શોધ કરવી પડે છે. તમે કવિતાશિક્ષક હોવાનું યાદ દેવડાવ્યું છે તો ઉમાશંકર જોશીનાં બે કાવ્યો ઉદાહરણ તરીકે ટાંકું. એક કાવ્ય એમણે કિશોરવયે લખેલું ૧૯૨૭માં, 'નખી સરોવર ઉપર શરત્પૂર્ણિમા.' એની છેલ્લી પંક્તિ છેઃ 'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.' અહીં પંક્તિના પૂર્વાર્ધમાં કાવ્યલેખનની શરત ને ઉત્તરાર્ધમાં તેનું પરિણામ સૂચવાય છે. છેલ્લો શબ્દ 'આપમેળે' તો કર્તૃત્વને બાદ કરી નાખે છે. બીજું કાવ્ય છે 'શોધ', ૧૯૫૯માં લખાયેલું, આગળના કાવ્યને બત્રીસ વર્ષ વીત્યા પછી પરિપક્વ વયે. એમાં એક પંક્તિ આવે છે : 'શબ્દ છે! છે છંદ પણ! ક્યાં છે તો કવિતા?' આમ ત્રણ દાયકા લાગલગાટ લખ્યા પછી પણ કવિને પ્રશ્ન થયો. જવાબ ન મળ્યો. એમણે એક ગેય ગીતરચનામાં પણ કહ્યું કે 'અમે સૂતાં ઝરણાંને જગાડ્યું, ઉછીનું ગીત માંગ્યું કે ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું'. આમ ઉછીઉધારાથી કવિનું ગાડું ના ગબડે. એણે તો બાવડાના બળે ઊંડાં અંધારાં કળણ ખાંપવાનાં હોય છે, રાતભર હલેસાં મારી મારી કાગળની હોડી હંકારવાની હોય છે. કોઈ એવા કાંઠે પહોંચવા કે જ્યાંનું લોક તમારા હાથમાં કલમ જોઈ એમ ન પૂછે કે આ રાસ રમવાનો ડાંડિયો ક્યાંથી લાવ્યા ભલાદ'મી? અજયભઈ, આ સાંભળીને આપણી અણસમજ વધે કે બીજું કંઈ.

**અજય :** સમજ સાથે કવિતા લખવાનું એ જ દુઃખ, કહો તો સુખ. 'ઝાડ અને કવિતા' એ કાવ્યગુચ્છમાં તમે કવિતા લખવાને ઝાડ વાવવાં સાથે સરખાવો છો. પછી આ મેટાફર આગળ વિસ્તરે છે : 'તમે કાવ્ય લખી / સામે અરીસો ધરી રાખો / તો તમને ઝાડ દેખાશે.' અદ્ભુત, મૅજિકલ ઘટના છે. પહેલાં પ્રક્રિયાની સરખામણી, એટલે કે કવિતા લખવી ને ઝાડ વાવવું; પછી વસ્તુઓ; કવિતા ને ઝાડ, સામસામે આવે અને એક થઈ જાય. આવું થાય ત્યારે એમ થાય કે કાવ્યતત્ત્વ પકડાયું, પછી પાછા અણસમજના વિસ્તારમાં, અવસાદના ઘેરામાં.

**રાજેશ :** અણસમજથી તો આપણે કુહાડો ચલાવીએ છીએ, આંખો મીચી આડેધડ ઝાડ કાપીએ છીએ. એક પછી એક ઝાડ કપાઈ જશે પછી આપણે તડકામાં ઊભા હશું ત્યારે ભાન થશે કે માથે છાંયો નથી. આપણે કારણે નથી. આ છે વિસર્જન. કવિતા છે સર્જન. એટલે ઝાડ વાવવું બરાબર કવિતા લખવી. એટલે અરીસા સામે કાવ્ય ધરીએ તો ઝાડ દેખાય. બિંબ-પ્રતિબિંબ ગણો, છાયો-પડછાયો ગણો, સાદ-પ્રતિસાદ ગણો છેવટે એક.

**છેવટે એક આડવાત :** થોડાક મહિના પહેલાં એક નાનકું કાવ્ય લખ્યું. જેમાં ઝાડના થડને અઢેલીને કુહાડો પડ્યો છે, ને ઝાડની ડાળ એના પર છાયો ઢોળે છે - એવું ચિત્ર છે. આપણી વાતચીતમાં જે રૂપક રચાતું વિકસતું આવે છે એને લઈને કહીએ તો અહીં સમજ-અણસમજ એકરૂપ(ક) થઈ ગઈ એમ કહેવાય.... કે નહીં?

**અજય :** કહેવાય, તમે આડવાત છેડી છે તો હુંય તમારી આગળની વાત તરફ જાઉં. સંગીતનું સૌથી મહત્ત્વનું લક્ષણ તે લય. બધી જ કળાઓ લય સાથે જુદી જુદી રીતે પનારો પાડતી હોય છે. કદાચ એ રીતે કળાઓ સંગીત સાથે જોડાયેલી હોય. વળી સંગીતમાં તલ્લીનતાની શક્યતા વધારે. આ તાદાત્મ્યને આપણે મૌન કહી શકીએ, મેટાફોરીકલી. એક રચનામાં ઝાડ ને કવિતા એકરૂપ થાય. પછી કવિતા અરીસામાં ઝાડ રૂપે દેખાય. બીજી રચનામાં કવિ ઝાડને કવિતા રૂપે નિરૂપે. આમ કવિતા ને ઝાડ એકલીન થઈ ગયાં

છે. જાણે તમારા દીર્ઘકાવ્ય 'સુવર્ણમૃગ'માં મૃગ અને સોનેરી ઘાસ એક થઈ જાય છે. જે બહુરૂપી છે તે એકરૂપી થાય એટલે મૌન, એવું કંઈક તમારી કવિતાથી સમજાય છે.

**રાજેશ :** આ તો, પહેલાં એકમાંથી બહુ થયા અને પછી બહુમાંથી એક થવાનું એવી લીલા થઈ.

**અજય :** આગળ તમે જે વાત કરી, કુહાડો ચલાવી ઝાડ કાપવાની, એ કાવ્યસર્જનની અણસમજથી જુદા પ્રકારની અણસમજ થઈ. જેને આપણે મૂઢતા કહીએ. વિસર્જન કરનારી અણસમજ. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વૉર્મિંગના સમયમાં ઝાડને લઈને તમે ઘણાં કાવ્યો લખ્યાં છે, જે બહુ મહત્ત્વની ઘટના છે. એ કાવ્યોમાં ઉમાશંકર જોશી ને નાગજી પટેલના સંદર્ભો એક તરફ, એક વ્યક્તિની (સં)વેદના ને અને બીજી તરફ અવસાદને આકાર આપે છે. પછી 'ખાંડવદહન'માં તો એ વેદનાનો સઘન વિસ્તાર થાય છે. 'પાણીનાં ગીત'માં પણ પર્યાવરણની–વિસર્જનની એવી જ વેદના વણાઈ છે. આ મૂઢતાના સમયમાં દરેક ઋતુનો સ્વભાવ બદલાઈ ગયો છે. દરેક જીવ માટે જીવવું કપરું બનતું ગયું છે. તમારી કવિતામાં જીવોના એ સંઘર્ષ અને રઘવાટને તમે પકડ્યો છે. તમે ઝાડ વિશે થોડાં ગીતો પણ લખ્યાં છે. પછી 'સુવર્ણમૃગ' અને 'ખાંડવદહન'માં મિથ તરફ વળ્યા. શા માટે?

**રાજેશ :** મારી માટે કહું તો સઘન વેદના માટે. તમારા માટે કહું તો વેદનાના વિસ્તાર માટે. બંને માટે કહું તો વેદનાને આકાર આપવા અને વેદના સમજવા માટે.

રહી વાત મિથની. મિત્ર, મિથ વિશે હું થોડુંક જુદું વિચારું છું. આપણે ત્યાં મિથની જે સમજ પ્રવર્તે છે તેથી જુદું. રામાયણ–મહાભારત–પુરાણના પ્રસંગો કે ખ્યાત કૃતિનાં પાત્રો એ જ મિથ નથી. એ તો ઇતિવૃત્ત–વૃત્તાંત કહેવાય. મિથ એથી પહેલાંની. પણ એ બધી વાતો કરવાની આ જગા નથી. તેને બદલે 'સુવર્ણમૃગ' કે 'ખાંડવદહન' પર આવું. આ રચનાઓમાં મિથનો વિનિયોગ થયો છે એમ કહેવું મને યોગ્ય લાગતું નથી. તેને બદલે મેં આ કથાનકોનું મારા સમયસંદર્ભમાં પુનર્વાચન કર્યું છે, એ કહેવું થોડુંક ઠીક કહેવાય. જો વિવેચક હોય તો એ લેખમાં મૂકે, પણ કવિ તો એની કવિતા કરે. સુવર્ણમૃગ - મૃગની જેમ રોજ કૂદકે કૂદકે વધતા જતા સોનાના ભાવને મિષે સુવર્ણ જેવી બધી જ ભૌતિક લાલસાને વિષય બનાવે છે. બજાર અને ગ્રાહકને લાલચમાં લલચાવવો એ તેનું ચાલકબળ છે. 'ખાંડવદહન'માં તો પર્યાવરણીય સમતુલાની ભૂમિકા કેન્દ્રમાં છે.

**અજય :** આ દીર્ઘકાવ્યોમાં વેદના આપણા સમયની છે, પણ વિષય–વસ્તુ–પાત્રો તથા રચનારીતિ અતીતની છે, તો આ સંકુલતાને જરા (છં)છેડીએ.

**રાજેશ :** બે સમય તમે બતાવ્યા. એક હું ચીંધું. ચેતવણી ભવિષ્યની છે. આમ સમય સળંગ છે કહો કે રાગ છેડીએ ત્યારે આલાપ–વિસ્તાર, વિલંબિતલય અને દ્રુતલયની ચીજ હોય એમ. સમયમાં પણ એવું અને કૃતિમાં પણ અદ્દલ તેવું.

**હવે બીજી વાત :** જેને આપણે સમર્થ કૃતિઓ કહીએ છીએ તેમાં ત્રિવિધ સમય અથડાતા હોય. એક તો કથાસૃષ્ટિનો સમય; બીજો કર્તાનો સમય અને ત્રીજો વાચકનો સમય. આ પણ સમયસંગમ. વાચક તો કૃતિનું વાચન વર્તમાનથી સૂચ્યગ્ર ક્ષણે કરતો હોય. એટલે અતીતમાં સાંપ્રત દાખલ થાય ને સંકુલતા રચાય. આ સંકુલતાને ભાષા–રચનારીતિનો પુટ ચડે. ઉક્ત બંને કૃતિને એ રીતે પણ છંછેડવી જોઈએ કે તેમાં કઈ

ગુજરાતી છે ને કઈ રચનારીતિ છે. પ્રાચીન-મધ્યકાલીન-અર્વાચીન એવા ત્રિભેદથી સહેલું કરીને સમજવાની આપણને આદત પડી છે.

**અજય :** 'સુવર્ણમૃગ'ને ગીતના તથા 'ખાંડવદહન'ને આખ્યાનના ઢાંચામાં કેમ ઢાળ્યું?

**રાજેશ :** આખ્યાન અને ગીત બે નિતાંત ગુજરાતી કાવ્યસ્વરૂપ. એય હજારેક વરસની સાતત્યભરી પરંપરાથી સમૃદ્ધ. બંને ગેય. બંનેય કથનોર્મિ માટે ઉપયુક્ત. એની યુક્તિ-પ્રયુક્તિનો નવેસરથી લાભ લીધો. લેખનની શરૂઆતમાં ગીતો લખેલાં. એક દાયકા સુધી. એ તાલીમ 'સુવર્ણમૃગ' માટે લેખે લાગી. આપણી લોકપરંપરામાં કથાગીત હતાં. 'સુવર્ણમૃગ'ને ગીતકથા કહી શકાય. માત્રામેળનો દેશી લય ગીતમાં ઊર્મિમય તો આખ્યાનમાં કથામય થાય. એ 'ખાંડવદહન'માં આળેખાય.

**અજય :** તમારાં પહેલાંનાં ગીતો અને હમણાંનાં ગીતો(વચ્ચે 'સુવર્ણમૃગ')માં શો ફેર?

**રાજેશ :** સાવ પહેલાંનાં ગીતો વધુ ચીલાચાલુ ને થોડાંક ફંટાતાં. ૨૦૧૩ પછી વળું બદલાયું. વિષય સંવેદનથી માંડી સ્વરૂપ ને ભાષાલયના નોખા અખતરા થયા, જરા હટકે. એમાં થોડાંક સાંપ્રત ગીતો છે, અને બીજાં હળવાં ગીતો પણ છે, હજી છપાયાં વિનાનાં. એમાં કોઈનાં ગીત, કીડીનાં ગીત, ઝાડનાં ગીત, પાણીનાં ગીત સાવ જુદાં. 'પાણીનાં ગીત'માં એક ગીત છે : 'મેં માંગ્યું'તું પાણી / તેને બદલે આપી વાણી'. જોઈએ છે પદાર્થ, પણ મળી રહ્યા છે શબ્દો. આ આયરની છે, માણસ જાતે ઊભી કરેલી ભાષાનું કમઠાણ છે. કવિતા પણ કમઠાણ જ છે. આ કવિતા પણ પાણીમાં ક્ષણિક ઉદ્‌ભવતો પરપોટો છે.

**અજય :** એ જ ગુચ્છના બીજા એક ગીતમાં આવે છે કે તરસ છીપવી શકાય એટલુંય પાણી નથી. સુકાઈ ગયું છે પાણી. પંખીની ચાંચ ખાલી છે. માછલીની આંખ કોરી છે. જંગલનાં ઝાડ સૂકાં છે. બધે માત્ર રાખ છે, અને ચારેકોર મૃગજળ. આ પણ આયરની. તરસ છીપવી શકે એવું પાણી નથી. તમારા 'જળકમળ' કાવ્યમાં પાણી છે, પણ એ પીવા પ્રશ્નોનો સામનો કરવાનો છે. અહીં નરસિંહ મહેતા, ભાગવત ને મહાભારતના તાણાવાણા વણીને તમે નવું કાવ્યકર્પટ રચ્યું છે.

**રાજેશ :** મૂળકથામાં તો કૃષ્ણ અને કાળીનાગ છે. એક વખત વીજળીનો ચમકારો થયો. બત્તી ઝબકી કે કાળીનાગ જે ધૂનામાં રહેતો હતો ત્યાં એના વિષને કારણે બધું પાણી કાળું થઈ ગયેલું. કાલિન્દીનાં કાળાં પાણી. આપણા સમયમાં એ પ્રદૂષિત જળ (polluted water) છે. આ ગીતમાં આજના બાળકૃષ્ણનો પ્રશ્ન છે કે આ તે કેવી પૃથ્વી અમને આપી જાવ છો? આમાં તે અમારાથી કઈ રીતે જિવાય?

**અજય :** તમે એ ગીત ગ્રેટા થનબર્ગને પણ અર્પણ કરેલું છે, એનો પણ એ જ પ્રશ્ન છે.

**રાજેશ :** ગ્રેટા પણ ત્યારે બાળક હતા. બધાં બાળક વતી એમણે કૃષ્ણ જેમ પ્રશ્નોનો સામનો કર્યો. આજે તેઓ યુવાન છે છતાં પરિસ્થિતિ એની એ જ છે. આજથી ૨૦ વર્ષ પછી શું? પૃથ્વી ઉપર આપણે એકલા નથી ને એકલા માણસની આ પૃથ્વી નથી. એક માણસને જેટલો જીવવાનો અધિકાર છે એટલો જ બીજા માણસનેય છે અને જીવજંતુનેય છે. તમે જણાવેલી ત્રણેય ટેક્સ્ટનું મારા 'જળકમળ'માં નવું રીડિંગ છે, નવું અર્થઘટન. સમયસંદર્ભે નવું વાચન છે. અહીં પણ એ જ કથા જૂની, પીડા નવી. ભવિષ્યમાં પણ

એ જ પ્રશ્ન રહે તો.... તો ભૂત-ભવિષ્ય-વર્તમાન એકરૂપ. બધું એકનું એક. એનું એ જ. ક્યાં ફેર પડે છે.

**અજય :** તમે માત્ર નવું વાચન-અર્થઘટન નથી કરતા, પણ invention કરો છો, એ રીતે નવી કથા ઘડો છો. નવું intervenetion કરો છો. નવું નૅરેટિવ, જે આજના સમય માટે મહત્ત્વનું છે. દિશા સૂચવનારું છે. એવું ન કહીએ તોપણ આપણે ક્યાં ઊભા છીએ એ દર્શાવનારું છે.

**રાજેશ :** મને પ્રશ્ન થાય કે આ રચના આગળ કેમ જશે? ભાગવતની મૂળકથા, એમાં મહાભારતની યક્ષ પ્રશ્નવાળી કથા જોડાય. યક્ષ પ્રશ્ન પૂછે. જે જવાબ આપી શકે એને જ પાણી મળે. જળના ભંડાર છે પણ પીવા જેટલાંય પાણી નથી મળતાં. પાણી પીવાય જવાબ આપવા પડે. જવાબ કંઠથી ન અપાય એ જ કંઠથી પાણી ન પીવાય. વાણી ને પાણી બેય ગયાં.

**અજય :** 'પાણીનાં ગીત'માં આવે છે તેમ-માત્ર મૃગજળ છે, જળ નથી. વળી આયરની. જળનો આભાસ છે, જેનાથી તરસ નહીં છિપાય. પરિવાર કહો કે રાજ્યતંત્ર કહો કે ઈશ્વર કહો – પાણીને બદલે વાણી(ઠાલાં વચન) મળે છે.

**રાજેશ :** પાણી તો સરળ છે, પણ જવાબ અઘરા છે. ભાગવત, નરસિંહ, મહાભારત બધાનો આધાર લીધો પણ કાવ્યના અંતે તો પ્રશ્નો જ છે. તમને શું જવાબ આપું???

**અજય :** આપણા એક કવિમિત્રને બે દાયકા પહેલાં એવું આશ્ચર્ય થયું હતું કે ગુજરાતી ભાષામાં હજી ફૂલ-પાન, ઝાડ-ઝરણાં-નદી પ્રકૃતિનાં કાવ્યો લખાય છે.

**રાજેશ :** એકવીસમી સદીના બીજા દાયકામાં ગ્લોબલ વૉર્મિંગનું પરિણામ જોવા મળ્યું. બાર વર્ષે બાવો ફરી બોલે તો હવે એ મિત્રને વાંધો નહીં હોય. કીડીનાં, ઝાડનાં, પાણીનાં આ ગીત માત્ર પ્રકૃતિનાં ગીત છે? પહેલાં જેવાં? આ મારા સમકાલીન કવિઓનાં ગીત જેવાં પણ નથી.

**અજય :** તમારાં અછાંદસ કાવ્યોની જેમ ગીતોમાં રોમાન્સ નથી, અવસાદ છે. રંગદર્શી ગીતસ્વરૂપ અને અછાંદસનો અવસાદ! એની અજબ અથડામણ આશ્ચર્યજનક છે. મને બહુ ખ્યાલ નથી પણ તમારાં આવાં કામની ચર્ચા થાય છે ખરી? કે પછી કમલ વોરા કહે છે તેમ ઉપેક્ષા ને ઉદાસીનતા?

**રાજેશ :** જળકમળ, ખાંડવદહન, સુવર્ણમૃગ કે અન્ય ગીતો કે જાતભાતનાં અછાંદસ કાવ્યોની ખાસ ચર્ચા કે ચિકિત્સા નથી થઈ. ઉમાશંકર જોશીએ એમના સમકાલીન કવિઓ પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત કે પ્રિયકાંત મણિયાર વિશે પ્રસ્તાવનાઓ લખી. રાવજી પટેલના કાવ્યનો આસ્વાદ કરાવ્યો. લાભશંકર ઠાકર ને સિતાંશુ યશશ્ચંદ્ર આદિની પ્રયોગશીલ દીર્ઘકૃતિઓ સંસ્કૃતિમાં હોંશભેર છાપી. ઉમાશંકર જોશીનું એ કાર્ય પરંપરા ન બન્યું. લોકપ્રિયતાનો પ્રસાર વધ્યો પણ લોકપ્રિયતાનું ફૉર્મ ડેવલપ ન થયું. મેઘાણીનીય લોકપ્રિય રચનાકલાનું અનુકરણ ન થયું.

**અજય :** તમારી આ રચનાઓ પર ઓછું ધ્યાન ગયું છે, કેમ?

**રાજેશ :** ધ્યાન જાય કે ન જાય, કોઈ લખે કે ન લખે, ચર્ચા કરે કે ન કરે, ઉષ્માથી આવકારે કે અજ્ઞાનથી દૂર રાખે, એ બધાથી આગળ છે આત્મપ્રતીતિ. એથી મહત્ત્વનું બીજું કંઈ જ નથી. કવિતા લખાય એ જ પુરસ્કાર. મુદ્દો એ છે કે ગંભીરલેખનનું આપણે ત્યાં સેલિબ્રેશન ઘટે છે.

**અજય :** આપણે ત્યાં જે થાય છે તે જમા-ઉધાર, લેતી-દેતી, પ્યોર accounting.

**રાજેશ :** નફા પર લક્ષ્ય હોય તો એ જ થાય. તેમાં સાહિત્ય-સંસ્કૃતિનો ભોગ લેવાય. અહીં લોકપ્રિય તે સરળ ને સાહિત્યિક તે દુર્બોધ એવો પ્રશ્ન નથી. કવિતા સરળ છે, એથી સમજાય છે એ માનવું ભ્રમ છે, લોકકવિતા કે મધ્યકાલીન કવિતામાંથી એવાં ઘણાં ઉદાહરણો ટાંકી શકાય. અને કવિતા સંકુલ છે એથી અઘરી છે એ માનવું પણ ભ્રમ જ છે. અર્વાચીન-આધુનિક કવિતામાંથી તેનાં પણ એકાધિક ઉદાહરણ અપાય. આપણે આવા ઘણા ભ્રમો પાળીએ છીએ ને કવિતાથી દૂર રહીએ છીએ. ઝીણું દળું તો ઊડી ઊડી જાય, જાડું દળું તો કોઈ ન ખાય. આમાં શું કરી શકાય?

**અજય :** તમારા લગભગ પાંચેક સંગ્રહો થઈ શકે એમ છે, પણ તમે શા માટે સંગ્રહો પ્રગટ નથી કરતા?

**રાજેશ :** સૌથી પહેલું કારણ છે કંટાળો ને આળસ. બીજું એ કે વ્યાવહારિક રીતે જુઓ તો ગુજરાતમાં કવિતાનું કોઈ સ્થાન છે ખરું? એથીય ઉદાસીનતા. જે મિત્રો વાંચવાના છે એ તો આમેય વાંચવાના. એથી બહુ મન નથી થતું. ત્રીજું કારણ આશંકા પણ ખરી. ને મૂંઝવણ કહો તો મૂંઝવણ એ કે આ બધી કવિતાઓ ગુજરાતી સ્તરે, ભારતીય સ્તરે કે વૈશ્વિક સ્તરે જુદી કે મહત્ત્વની છે ખરી?

**અજય :** મારા મુજબ તો તમારું કામ આ ત્રણેય સ્તરે અનોખું છે.

*

## રાજેશ પંડ્યાનાં ત્રણ કાવ્યો

### (૧) આપણી વાતો

પેટનાં જણ્યાંને ભૂખ્યાં રાખીને
એણે બચાવ્યા છે થોડા દાણા
ધરતીની કૂખમાં ઓરી શકાય એ માટે
જેથી અનાજ પાકે
ત્યારે પેટ ભરીને ધરવી શકાય સૌને
ને થોડું આપી શકાય પશુપંખીને
જીવજંતુનેય દઈ શકાય થોડું
થોડુંક ભૂખ્યાંદુઃખ્યાં સૌને
બાકી વધેલું બધું પાછું દઈ દેશે એ માણસજોગ
ક્યાં એકલા ખાઈ જવું છે એને.
આ બધાં માટે તો કાળઝાળ ઉનાળામાં
કૂવા ઊંડા ગયા ત્યારે
પરસેવો પાડી એણે ભીની રાખી છે જમીન

ચાર શેઢે હળ હાંકી નેજવે જોયું છે આકાશ
કોરી આંખે ઊડી જતા જોયા છે બગલા
કાળાં વાદળની આરપાર.

એ જીરવી શકે છે બધાં દુઃખ
પણ જોઈ શકતો નથી કોઈની ભૂખ
એટલે તો હજી જીવે છે એ.

પણ
આપણે જાણીએ છીએ એનો અંત
ભડભડતી પેટની આગમાં
રોટલા જેમ બળી જતો
દેખાય છે એ.

**(૨) ક્યાં? કોણ? ક્યારે? કેમ?**

આ મકાન બાંધનારા
ક્યાં સૂતા હશે રોજ રાતે
હું સૂતો સૂતો વિચારું છું
ઊંઘ આવતી નથી એટલે
હું વિચારું છું કે
તાજમહલ કોણે બાંધ્યો?
શાહજહાંએ કે સેંકડો મજૂરોએ?
યુક્રેન-રશિયાનું યુદ્ધ કોણ જીતશે?
સહસ્રલિંગ તળાવને કાંઠે
તરસ્યાં કેમ ટળવળે છે હજીય
જસમા ઓડણનાં સંતાનો?
કેમ ખેતરનાં પાણી બોઇલરમાં વરાળ થઈ જાય છે?
આવો કાળો જાદુ કોણ કરે છે?
અને કોણ ડરે છે જંતરમંતર પર?

આ બધા પ્રશ્નો कौन बनेगा करोड़पति માં પુછાતા નથી
એટલે હું કવિતામાં ઉઠાવું છું
તમને થશે આ તે કવિતા છે કે પ્રશ્નપત્ર?

હું કહું છું
જેમને પહેલેથી જ જવાબ આવડતા હોય
તેમણે આ કવિતા વાંચવી નહીં
એવાએ તો અર્થશાસ્ત્રમાં એમે કરવું

અથવા પોલિટિક્સમાં પીએચ.ડી. પણ કરી શકાય
જે બધા જ સવાલોના જવાબો જાણતા હોય પહેલેથી
તે માર્ગદર્શક પાસે.

અમને તો માર્ગ જ જડ્યો નથી
ત્યાં માર્ગદર્શક સુધી તો પહોંચી શકાય ક્યાં?
જેને ક્યાંય પહોંચવાનું હોતું નથી
એને માટે તો કવિતાનો રસ્તો જ સારો
એવું ઇતિહાસના માર્ગદર્શકો કહે છે
કવિતાના ઇતિહાસકારોનું પણ લગભગ આવું જ કહેવું છે.

એ બંનેવનું બે કાને સાંભળીને અમે
આ કવિતા વાંચવી અધૂરી જ છોડી દઈએ છીએ અધવચે
કોઈ અંત પાસે પહોંચે તે પહેલાં.

**(૩) કોરા કાગળ જેવી**

કોરા કાગળ જેવી
આ જિંદગી નથી કે જેમાં કવિતા લખી શકાય
કવિતાની ભાષા અને જીવનની ભાષા જુદી છે
કવિતાનો સૂરજ જીવનના અંધકારને દૂર કરી શકતો નથી.
કવિતાનું ઝાડ બળબળતા તાપમાં છાંયો આપી શકતું નથી.
કવિતાના આકાશમાં કોઈ પંખી ઊડતાં નથી સવારે કે સાંજે
કવિતાનું જળ કોઈનીય તરસ છીપવી શકતું નથી જરાય.

આપણે તો છીએ રણના મુસાફર
મિલના કામદાર મંડીના મજૂર લારીવાલા કે ફેરીવાલા
જે કોઈક વાર સાંજે બગીચાને બાંકડે બેસે છે બધાથી દૂર થાક ખાવા
ત્યારે પડખેના ઝાડની ડાળી સહેજ નમે છે એના પર થોડુંક
અને વહેતી હવાથી એના ચહેરાને તાજગી મળે છે કંઈક
ઘાસ પરના કીડીમંકોડા પણ એના પગે ચડે છે સમભાવથી
એની સામું જોઈ લગરીક મલકી રહે છે ચણાજોરવાળો ભૈયો

અને રંગબેરંગી લાઇટ સાથે ફુવારો નૃત્ય કરવા લાગે છે બગીચામાં
જેની ફરતે બધાં બાળકો વિસ્મયથી જોયા કરે છે એકીટસ
એ પણ પડખે જઈને ઊભો રહે છે ચમકતી આંખે ચૂપચાપ
ભીની ઝણઝણથી એનો ચહેરો ભીંજાય છે પછી
એ ધીમેથી પાછું ફરી ઘર તરફ ચાલતો થાય છે
બગીચાને દરવાજે બેઠેલા ફુગ્ગાવાળા પાસેથી એક ફુગ્ગો લઈ.

■

# લાઠી : યાદી ભરી ક્યાં આપની?

લલિત ખંભાયતા

'તમે જે મહેલ શોધો છો એ હકીકતે તો દરબારગઢ છે, જુઓ આ સામે દેખાય.'

લાઠીથી તો અનેક વખત નીકળવાનું થાય પણ એ દિવસે કલાપીયુગમાં જવાનું નક્કી કર્યું હતું. અગાઉ કલાપીના મહેલ તરીકે ઓળખાતા ખંડેરની ફોટોસ્ટોરી અખબારમાં લખી હતી. હેડિંગ આપ્યું હતું, 'કલાપી : દરબાર ગયા, હવે ગઢ પણ જશે!' એમાં વાત હતી કલાપીના દરબારગઢની, આજે કેવી અવદશા છે એની! એ પછી તો ઘણો સમય પસાર થયો.

હવે મને થયું કે ફરીથી લાઠીમાં કલાપી ક્યાં છે એ જોવું જોઈએ.

૨૦૨૪ની ૮મી નવેમ્બરે ફરીથી સંજોગો સર્જાયા. લાઠીમાં રહેતા પત્રકાર મિત્ર વિશાલ ડોડિયા અમારી સાથે જોડાયા. સાંકડી ગલીમાં ગાડી જરા દૂર પાર્ક કરાવી એમણે કહ્યું કે આવો. ગામનો ચોરો હોય એવી એ જગ્યા હતી. રસ્તો હતો પણ ત્યાં રાહદારીઓ ન હતા. દરવાજા ઉપર કમાન, કમાન ઉપર ત્રણેક માળનો ગઢ, પણ એમાં રહેનાર કોઈ ન હતું. રહેનાર તો ઠીક ત્યાં જનાર પણ કોઈ ન હતું. કેમ કે ગઢ કે બાંધકામ કે ખંડેર કે પછી કલાપીના અવશેષો.. જે કહો એ પડવા વાંકે ઊભેલું માળખું છે.

કલાપીકાળમાં આગળ ખાલી જગ્યા હતી એ આજે ખાલી હતી, પણ સાવ નહીં. કચરાના થોડા ઢગલા, એ ઉપર ઊગેલાં ઝાડી-ઝાંખરાંએ જગ્યા રોકી રાખી હતી. ઓટા જેવું એક જૂનું બાંધકામ પણ ખરું. જ્યાંથી એક સમયે રાજાની બગીઓ પસાર થતી હશે, જરકશી જામા સાથેનો રસાલો પસાર થતો હશે, દરવાનો સાવધાનની મુદ્રામાં ઊભા રહેતા હશે એ કમાન હવે ખાલી હતી. બાજુમાં લાલ બોર્ડ મારેલું હતું, ખોપરી અને હાડકાંનાં નિશાન સાથે લખ્યું હતું, 'ભયજનક મકાન હોવાથી સુરક્ષિત અંતર જાળવવું.'

બોર્ડમાં તો જ્યારે લખાયું હોય ત્યારે, પણ ગુજરાતીઓએ તો કલાપીના એ ગઢ સાથે વર્ષોથી સલામત અંતર જ રાખ્યું છે ને... પણ મારે એવું અંતર રાખવાની જરૂર ન હતી. ગઢ પર જવા માટે બહારથી પણ સીડી હતી. એ સીડી ચડીને જોયું તો ઉપર ખંડ દેખાયો. અલબત્ત, ભૂકંપ પછીની ભગ્નભૂમિ જેવો ઓરડો. બારીઓ તૂટેલી, છત લટકે, દીવાલો ઊખડેલી... એ વચ્ચેય એટલું સારું હતું કે બહારથી ખંડ જોઈ શકાય એમ હતો. એ ખંડ પૂરો થાય એટલે વળી બીજો ઓરડો, ત્યાંથી આગળ વળી કોઈ પરસાળ હશે ત્યાંથી આગળ વળી બીજા ખંડો પણ હશે... અને એક સમયે રાજવી કવિ, 'સુરતાની વાડીના મીઠા મોરલા' કલાપીનાં પગલાં ત્યાંથી પસાર થતાં હશે.

આજે તો ખાલી પડેલા કોઈ પણ મકાનમાં હોય એમ કૂતરાં, ઉપર કબૂતર, દીવાલે કરોળિયાનો વાસ હતો. 'રે પંખીડાં! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો...' એવું લખનારા કલાપીના ખંડેર દરબારગઢમાં ખરેખર પંખીડાં હતાં અને સુખથી રહેતાં હતાં. બસ ત્યાં ચણ નાખી શકાય એવી સપાટ જગ્યા ન હતી.

મકાનનો ગમે તે ભાગ ગમે ત્યારે પડી શકે એમ છે છતાં પણ જો બહારથી કોઈ સળી ન કરે તો પડતો નથી. એટલે જ ખંડેર વર્ષોથી ખંડેર તરીકે ઊભું છે. એક સમયે કલાપીનો દરબારગઢ હતો એ હવે ખંડેર છે, પણ ખંડેરે પોતાની ખંડેર તરીકેની ઓળખ ગુમાવી નથી. બારી, છજાં, ગોખલા, કમાન.. એ બધું એમ જ છે. 'ખુવારીમાં જ મસ્તી છે! તમે ના ચાખ્યો સ્વાદ એ...' કલાપીની એ પંક્તિ જાણે ખંડેરે આત્મસાત્ કરી હતી.

કલાપીનો દરબારગઢ જોયો. સુરસિંહનો જન્મ ૧૮૭૪માં થયો. એ વર્ષે જ મોટા ભાઈ ભાવસિંહનું નિધન થયું. ગાદી સુરસિંહના ભાગે આવી, પણ પોતાને રાજવી થવામાં રસ નથી એ વાતે કલાપી પહેલેથી સ્પષ્ટ હતા. બીજી તરફ ફરજ આવી તો નિષ્ઠાપૂર્વક નિભાવવા મુદ્દે પણ સ્પષ્ટ હતા. એટલે આ જ દરબારગઢમાં બેસીને એમણે રાજકાજ કર્યાં.

*

રાજવી, કવિ, પ્રવાસલેખક, પત્રલેખક, સંવાદસર્જક, ખંડકાવ્યસર્જક, મહાકાવ્યસર્જક, ગઝલકાર, સાહિત્યપ્રેમી, પ્રેમી અને પતિ... એમ વિવિધ રોલ જિંદગીના માત્ર ૨૬ વર્ષના આયખામાં જીવી જનારા કલાપીનું ગુજરાતી સાહિત્યમાં અમર સ્થાન છે.

એક રાજા, બે રાણી અને રાણી સાથે આવેલી દાસી(શોભના)એ સર્જી ઉદાસી..

એ કથા અજાણી નથી. પણ કલાપીના સાહિત્યને સ્થાન મળ્યું એટલું ધ્યાન લાઠી તરફ અપાયું નથી. જોકે દરબારગઢ, જ્યાં જેલ હતી એ જગ્યા, બીજા કેટલાક અવશેષોને ખંડેર તરીકે જોઈને ખાસ નવાઈ લાગતી નથી. મેઘાણી, ગોવર્ધનરામ, જેવા બે-પાંચ સર્જકોને બાદ કરતાં તેમનાં મકાન-મહેલ અવશેષો કયા ગુજરાતીઓએ સાચવ્યાં છે?

જોકે, કલાપીના કિસ્સામાં સાવ નિરાશ થવા જેવું નથી. લાઠીની પ્રજા કલાપીને ભૂલી નથી. એટલે લાઠીના ચાવંડ દરવાજા પાસે કલાપી તીર્થ નામે સંગ્રહાલય બનાવાયું છે. કલાપીનો જીવનક્રમ, રાજવી તરીકેની કામગીરી, રાજકાજની કહાનીઓ, પત્રો, ઢાલ-તલવાર, દૈનિક વપરાશની અન્ય ચીજો, લાઠીનો રાજવંશ, રાજગાદી... વગેરે અહીં સચવાયાં છે. લાઇબ્રેરી પણ છે, જેમાં કોઈ કલાપી જેવા શબ્દપ્રેમી આવે તો એટલું તો જરૂર કહી શકે 'યાદી ભરી ત્યાં આપની.'

'હવે ચાલો સમાધિએ...'

મ્યુઝિયમ જોઈ લીધા પછી અમે વધુ એક ખંડેર જેવી જગ્યાએ પહોંચ્યા. આગળ આંગણવાડી, એ પછી ઝાડી-ઝાંખરાં અને એ પછી દેરીઓની હારમાળા. સૌથી પહેલાં મહાદેવનું મંદિર, પણ અવાવરું હાલતમાં. એ પછી રાજવી પરિવારની સમાધિની દેરીઓ. એમાં એક દેરી પર લખેલું વંચાય છે, સુરસિંહ તખ્તસિંહ ગોહિલ.

સમાધિની દેરીમાં અંદર પગલાંનાં નિશાન અને દીવાલમાં એક-બે કોતરકામ સિવાય કંઈ નથી. ૯મી જૂન, ૧૯૦૦ના દિવસે રાતે મોત થયું ત્યારે અડધી રાતે જ કલાપીને

અગ્નિદાહ આપી દેવાયો હતો, કેમ કે સવાર પડે તો અંગ્રેજો વળી મૃત્યુને સંદિગ્ધ ગણીને તપાસની લપ કરે. રાજવી પરિવારને એ શોભે નહીં. માટે એ વાત રાતે જ પૂરી થઈ. સમાધિએ આજે દિવસે પણ રાત જેવો જ સૂનકાર હોય છે એ વળી અલગ વાત છે.

***મારી કબર બાંધી અહીં ત્યાં કોઈને સુવારજો!***
***હું જ્યાં દટાઉં ત્યાં ફૂલોને વેરશો કોઈ નહીં!***

કલાપી પોતે જ જ્યારે 'ત્યાગ' નામની કવિતામાં આવું લખી ગયા હોય ત્યારે તેના સમાધિસ્થળે તો હવે ફૂલો વેરાય પણ ક્યાંથી?

લાઠી નાનું નગર છે, પ્રવાસન આકર્ષણ કહી શકાય એવું ખાસ કશું નથી. કલાપીના મહેલો હતા ત્યાં આજે સોસાયટીઓ બની ચૂકી છે. લાઠી કલાપીનગરી તરીકે ઓળખાય છે. એક જૂની વાવ છે, જે ભૂતે એક રાતમાં બનાવી હોવાની વાયકા છે. તો બાજુમાં તાજમહેલના ગુંબજની યાદ અપાવે એવી મસ્જિદ છે.

ફૂલવાડી બંગલો, રાજવી પરિવારના અન્ય સભ્યોનાં મકાનો, ચાવંડ દરવાજો... એ વખતનાં જૂનાં આકર્ષક મકાનો... એવું તો ઘણુંય લાઠીમાં છે. એ બધાં વચ્ચે કલાપી દેખાય પણ ખરા, બાકી ગમે તેવા ગૌરવશાળી ઇતિહાસને ભૂલવી દેવાની આપણી ટેવ તો અચૂક દેખાશે જ.

■

રસવૃત્તિ જ્યારે કેવલ બીજરૂપે એટલે તીવ્ર લાગણી રૂપે જ હોય છે ત્યારે, ભૂલ થવાથી, તે સ્થૂલમાં તૃપ્તિ શોધે છે, તીવ્ર લાગણીથી થતા રક્તપ્રક્ષોભની શાન્તિ સ્થૂલ વ્યવહારમાંથી કરી લે છે, લાગણીની તીવ્રતા મંદ પડવાથી આનંદ ન આવે ત્યારે દારૂ, ગાંજો, આદિ કૃત્રિમ સાધનોથી પાછી તીવ્રતા પ્રાપ્ત કરવા મથે છે. આવો અનાચાર ઉપજાવનારી જે રસવૃત્તિ તે તો લાગણીમાત્ર જ છે, લાગણી તીવ્ર થાય, અને તીવ્ર થઈને સ્થૂલની પાર જોઈ શકે, ત્યારે તે રસરૂપે પરિપક્વ થાય છે. એવો રસ તે દીર્ઘ આયુષ ભોગવનારી ભવિષ્યવાદિની, જનસ્વભાવ સમજનારી, હૃદયને હલાવનારી, અને સત્યાનુયાયી, વાણીમાત્રનો પોષક છે. તેનો આનંદ ભવ્યતામાં, કાન્તિમાં, સૃષ્ટિલીલામાં, અને તેવા તેવા ભાવના ચિંતનમાં જ રહે છે. નીતિ, ચારિત્ર, સ્વાર્પણ, એ વ્યાવહારિક ભાવનાઓ તેમ કાન્તિ, સૌંદર્ય, ભવ્યતા, આદિક માનસિક ભાવનાઓ તેનાં ઉત્તમોત્તમ સ્વરૂપના વિશ્વમાં જ એ ઉત્તમ રસનું રમણ છે, ત્યાંથી જ તે જીવન ગ્રહે છે. કવિ અને તત્ત્વજ્ઞ ઉભયનો મેળાપ એ ભૂમિકા ઉપર જ બની શકે છે.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩,**
**સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# વીજળીના ચમકારે – ૮

દર્શના ધોળકિયા

***ઝંગી ઢોલ ઘણા ગડગડે, ત્યાંહાં ઝીણી વાત કાને ન પડે. (અખો)***

જ્ઞાની કવિ અખો માત્ર ગુજરાતીનો જ નહીં, ભારતીય સાહિત્યનો અનોખો અવાજ ધરાવતો કવિ છે. શ્રી ઉમાશંકર નોંધે છે તેમ, અખાના બ્રહ્મ લલકારને જો કોઈ સાથે સરખાવી શકાય તો તે કબીરની સાથે. મહાદેવભાઈ દેસાઈને મતે કબીર અને અખો આપણા વીર્યવંત કવિ છે.

અખાએ વૈચારિક જમાવટ તો કરી છે એના છપ્પામાં. છપ્પામાં પ્રગટતો અખો નથી તો એકલો જ્ઞાની કે નથી એકલો ભક્ત. તેની વિચારધારા સંપૂર્ણ સમન્વયવાદી છે. છપ્પામાં અખાએ પોતે પ્રાપ્ત કરેલી જીવતરની સમજણ બને એટલી પ્રાસાદિકતાથી વહેંચવા પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત પંક્તિમાં જાતને આગળ ધરતા, પોતાનું જ ગીત ગાયા કરતા, અહમવાદી લોક વિશે અરધી જ પંક્તિમાં અખાએ વ્યંગબાણ તાક્યું છે. પરાપૂર્વથી સમાજમાં આવા લોકોનું વર્ચસ રહ્યું છે. કીર્તિ, ધન, યૌવન આદિથી મદાંધ થયેલા આવા લોકથી જગત ભર્યું પડ્યું છે. આમાંના કોઈ દાની છે, કોઈ સત્તાધીશ છે, કોઈ કલાકાર છે, કોઈ સમાજના મોભી છે, કદાચ કોઈ મઠાધીશ પણ છે – આ સૌ પોતાને મળેલી આવી કોઈ પદવીને જોરે આ જગત પર રાજ કરે છે. આ સઘળાંની નશ્વરતાનું એમને ભાન જ હોતું નથી. વળી દુઃખ ને આશ્ચર્ય પમાડે એવી વાત એ છે કે લોક પણ આમનું માની લે છે. બલકે આવા લોકોનું છેક સુધી જગત પર શાસન પણ ચાલે છે.

સંત કવિ અખાને વિષાદ એ વાતનો છે કે આવા લોકોની વચ્ચે સૂક્ષ્મતાને આરાધતા, ખૂણે બેસીને ઝીણું કાંતતા કોઈ જાગેલા જણની ઝીણી વાત અહમવાદીઓના સતત વાગ્યા કરતા ઢોલની પછવાડે દબાઈ જાય છે.

અખાને ચિંતા છે, પરમની પ્રાપ્તિનો લેવા જેવો પંથ ચૂકીને લોક સંસારની આ વિષમતામાં ખેંચાઈ ન જાય. આથી પોતે જેને ચાહે છે એવા સાચા જણને પસવારતાં અને એને સંસારથી ખસેડતાં અખો આ મંત્રદીક્ષા આપે છે : 'છ દર્શનોને તું ઝઘડવા દે. એમાંથી બહાર નીકળીને ગુરુનું શરણ લે. અહીં મોટા ઢોલના ગડગડાટ વચ્ચે ઝીણે સાદે થતી વાતો સંભળાતી નથી. પણ તું અવાજોથી મુકત થા.'

કોઈ પણ સ્થળ-કાળ માટે અખાનું આ નિરીક્ષણ કેટલું તો સચોટ છે! ઓગણસમી સદીના ઋષિ રામકૃષ્ણ પરમહંસે પણ અખા જેવું જ નિરીક્ષણ કર્યા પછી આ વિષમતાનું નિરાકરણ શોધીને જણાવ્યું છે તેમ ઈશ્વરની નિકટ જવા માટે આવો કોઈ ગડગડાટ કામ લાગતો નથી, કેમ કે પ્રભુના કાન તો કીડીનાં ઝાંઝરને પણ સંવેદી શકે એટલા સરવા છે. આ કંઈ લોકનો દરબાર નથી. આ તો છે પ્રભુનું સામ્રાજ્ય. ત્યાં ઢોલ નહીં, ઝીણી વાતનું મૂલ્ય છે.

અખાને પણ કહેવું તો આ જ છે. તેને મતે વાસ્તવિક પરિસ્થિતિ તો જંગી ઢોલના પક્ષમાં છે, પણ સાધકે તો એનાથી અકળાયા – અમળાયા વિના એના એકલપંથે ચાલતા રહેવાનું છે.

આ નશ્વર દુનિયાની નાડને બરાબર પકડી શકેલા અખાની નિરીક્ષણશક્તિનો જવાબ નથી. એક સંત જ પકડી શકે એવી આ નાજુક ક્ષણને અખાએ પકડી જાણી છે. કોઈનુંય નામ લીધા વિના એક આખા વર્ગને અખાએ પોતાના સકંજામાં લીધો છે. દુનિયાની આ લીલા જોઈને હારી જતા કોઈ પણ નવા સાધક માટે અખાની આ પંક્તિ ઔષધનું કામ કરે છે. આવા સાધકની પીઠ પસવારતો અખો વ્યંજના દ્વારા જે કહેવા માગે છે તે સાધકે કરવાની અવાજના આ અતિક્રમણની સાધના, જેની સામે પાર સાધકનો પ્રિયતમ એની ઝીણી વાત કાને ધરવા હાજર જ છે.

અખાની એકેએક વાત જાણવા ઇચ્છતા જણ માટે મોંઘેરી જણસ જેવી છે. એ આજે પણ અકાલ સંત ઠર્યો છે તેનું કારણ છે તેનો ગુરુભાવનો અભાવ. બોધ આપવાની કોઈ લાલસા તેને સ્પર્શી નથી. તે પોતે જ કહે છે કે, જ્ઞાની કોઈનો ગુરુ હોતો નથી. એ તો આવ્યો છે પોતાની અનુભવ-મૂડી વહેંચવા. એનામાં રહેલી કરુણા એને એમ કરવા પ્રેરે છે. એટલે જ પોતે કરેલા સંવાદ પછી કોઈ એનાથી પ્રભાવિત થયું કે નહીં એની એને પડી હોતી નથી. એ તો હાથ ઝાટકીને નીકળી જાય છે. આ અણસમજુ દુનિયામાં એને જરાય રસ નથી. પણ એનું સંતત્વ એને પોતાનું દર્શન વહેંચ્યા વિના રહેવા દે તેમ નથી. એટલે જ આવી ઉત્તમ કવિતા આપ્યા પછી પક્ષીની જેમ એ અદશ્ય થઈ જાય છે. કોઈ સદ્ભાગી એના પારસ સ્પર્શથી સુવર્ણમાં રૂપાંતરિત થાય તો એ એનું સદ્ભાગ્ય; પણ અખો તો એનાથી નિસ્પૃહ.

■

'ગુજરાતના લેખકો' એ લેખ લખતી વખતે જ અમારા જાણવામાં હતું કે જે ક્ષુદ્ર લેખકોનો મહોટો વર્ગ આપણા વાચકવર્ગને હાનિકારક થઈ પડ્યો છે તેને ઉઘાડો કરવાથી તેને અમે ઘણું જ માઠું લગાડીશું. પણ જે વાત ફરજરૂપે કરવી પ્રાપ્ત થાય તેમાં કોઈને માઠું લાગે કે ન લાગે એનો હિસાબ કરવાનું કારણ નથી. વાચકવર્ગને યોગ્ય વિવેક કરી આપવાનું કામ કોઈએ પણ કરવું જ પડત; અને જે કોઈ તે કરત તેને અગ્નિ ઉપરથી રાખ ઉરાડવાને ફુંક મારવાની જરૂર પડત, ને ઊડતી રાખોડી શરીર ઉપર કે આંખોમાં પણ લેવી પડત. એ પ્રસંગ મારે ભાગ પડ્યો તેમાં કાંઈ ગ્લાનિ નથી, કેમકે એમ થશેજ એવું જાણીને આમ કરેલું છે, અને તેવી ક્ષુદ્ર લેખકોરૂપી રાખ આ પ્રકારે ઊડવા લાગી છે એ જોઈ મને સંતોષ થાય છે.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

# ...ને પડદો પડે છે : અલવિદા, રતન થિયમ

અજય રાવલ



પૂર્વોત્તરનું એક રાજ્ય મણિપુર. એની રાજધાની ઇમ્ફાલ. એના છેવાડે આવેલી એક નાટક કંપની કોરસ રેપર્ટરી કંપની, સ્થાપક રતન થિયમ. પાંચ દાયકાથી અવિરત ચાલતી આ નાટક કંપની દેશ અને દુનિયામાં પ્રખ્યાત બની, એના સ્વપ્નદ્રષ્ટા રતન થિયમને લીધે. રેપર્ટરી તો હજુયે ઊભી છે પણ....

રંગમંચના દિગ્દર્શકના જીવન પર પડદો પડી ગયો, ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ એના સ્થાપકે છેલ્લા શ્વાસ લીધા. બીજા દિવસે અસંખ્ય લોકોએ સજળ આંખે એના માસ્ટર્સને સૂર તાલ સાથે અંતિમ વિદાય આપી! અલવિદા, રતન થિયમ!

...પડદો ખૂલે છે.

પશ્ચિમ બંગાળનું નવાદીપ મણિપુરી નૃત્યકાર બેલડી તરુણકુમાર થિયમ અને વિશ્રાંતિ દેવી નૃત્યના પ્રવાસે છે ને બાળક જન્મે છે – નામ પડે છે નિમાઈ. રંગમંચ જ પારણું બને છે. નવલકથા, કવિતા સર્જે છે, ચિત્રકાર થવા પ્રવેશે છે પણ છેવટે નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીમાં પહેલી વીસીમાં નટ તરીકે તાલીમ પામે છે, દિગ્દર્શનના પાઠ ભણે છે શ્રી ઇબ્રાહિમ અલકાઝી પાસેથી. દિલ્હીથી દીક્ષિત નવયુવાન રતન થિયમ મણિપુરના ઇમ્ફાલના છેવાડે કોરસ રેપર્ટરી થિયેટરની સ્થાપના ૧૯૭૬ના વર્ષમાં કરે છે. એમની કલ્પનાનો રંગમંચ ઊભો કરે છે, એ મંચ ભારતના રંગમંચ પરથી વિશ્વમંચ સુધી વિસ્તરે છે. એમનાં નાટકો દુનિયાભરના રંગમંચ ઉપર કળાનો જાદુ પાથરે છે. જોનારા દર્શકો આશ્ચર્યચકિત થાય છે. પાંચ દાયકાથી ચાલતી આ રંગયાત્રા રતન થિયમનો જીવનધબકાર બની રહી! રતન થિયમનું નામ ભારતના ટોચના રંગકર્મીઓ જેવા કે મોહન રાકેશ, વિજય તેન્ડુલકર, બાદલ સરકાર, ગિરીશ કર્નાડ, હબીબ તનવીર, કે. પણિક્કર જેવા દિગ્ગજોની સાથે માનભેર લેવાય છે. એની વિદાયે ચિત્તમાં સચવાયેલી સાંજ સળવળી...



અમદાવાદમાં રતન થિયમની કંપનીએ ભારત રંગમંડપ મહોત્સવમાં મેકબેથ અદ્‌ભુત ઊર્જાનો અનુભવ કરાવતું આ નાટક એની પ્રભાવક પ્રસ્તુતિ–નટોનો અભિનય, પ્રકાશ અને સંગીતનો ગતિશીલ કાર્યસાધક વિનિયોગ વગેરેથી–સહૃદયોના ચિત્તને આહ્લાદનો અનુભવ કરાવનારી હતી મણિપુરી ભાષા અજાણી, પણ ભાવ છેક હૃદયને સ્પર્શી જાય એવો હતો ને અંતે રતન થિયમે રંગભૂમિ પર મસ્તક ઝુકાવી કરેલું અભિવાદન એમ બધું જ નજર સમક્ષ.

*

પૂર્વોત્તર ભારતના મણિપુરની સામ્પ્રત સ્થિતિ અશાંત છે. એની પીડા સંવેદનશીલ અનુભવે એવી છે. રતન થિયમ પણ એમાંથી બાકાત નથી. પણ એમની વાત જે તે સ્થળની નથી બલકે તેઓ કહે છે, “આધુનિક માણસની આ સ્થિતિ છે તમે ક્યાંય પણ રહો, પરંતુ તમારે દુનિયા વિશે વિચારવાની ફરજ પડે છે, કારણ કે તમે દુનિયાની સમસ્યાઓથી અલગ રહી શકતા નથી, દૂર રહી શકતા નથી, આ નાની જગ્યાએ હું જે વેદનાનો સામનો કરી રહ્યો છું તે બીજે ક્યાંય થઈ રહેલી વેદનાઓથી અલગ નથી. ધારો કે કુવૈત કે ઇરાકમાં હિંસા થાય તો તેનો અર્થ એ નથી કે મને કોઈ તકલીફ નહીં પડે, કારણ કે હું વિશ્વના બીજા ખૂણામાં છું, મણિપુરમાં બેસીને હું ગાઝા પટ્ટી વિશે વિચારું છું, હું ઇઝરાઇલ કે પેલેસ્ટાઇન વિશે વિચારું છું અથવા અમેરિકા વિશે, અફઘાનિસ્તાન વિશે, પાકિસ્તાન અને ભારત સાથેના તેમના સંબંધો વિશે, કાશ્મીર વિશે, બાલીમાં બૉમ્બવિસ્ફોટ વિશે, વૈશ્વિકીકરણ આધુનિક માણસ તરીકે તમારી સ્વ ઓળખ અને મૂળ ઓળખ પર પણ અસર કરે છે.”

ભારતમાં છઠ્ઠા દાયકા દરમિયાન લગભગ તમામ કલાઓમાં સ્વ ઓળખ અને મૂળ તરફ પાછા ફરવાની ચળવળ ચાલી. રંગભૂમિએ પણ ભારતીયતાની શોધમાં નવા પ્રયોગો કર્યા. હબીબ તન્વીર અને કે. એન. પનીક્કર જેવા દિગ્દર્શકોએ લોક અને કલાઓને જોડતી નવી રંગભૂમિ શરૂ કરી.

તો, રતન થિયમે કોરસ રેપર્ટરી થિયેટર, ઇમ્ફાલમાં આગવી કલ્પનાશીલ રંગભૂમિ ઊભી કરી ને નાટકો લખ્યાં, દિગ્દર્શન કર્યું એમાં મણિપુરનાં પરંપરાગત સ્વરૂપોનો વિનિયોગ કર્યો. કલાકારો નૃત્ય, અભિનય, સંગીત, માર્શલ આર્ટ્સ (થાન્ ગ તા), ગાયન ઉપરાંત સ્ટેજક્રાફ્ટ અને સેટ ડિઝાઇનમાં તાલીમ પામેલા છે. સમૂહ જીવન જીવે છે. આ બધાથી રતન થિયમનાં નાટકો સઘન અને સર્વાંગી પ્રતીત થાય છે. એમના નાટ્ય–પ્રયોગો સમગ્ર ભારતમાં તો એનો વિસ્તાર વિશ્વના ઉત્તમ ઇન્ટરનેશનલ થિયેટર ફેસ્ટિવલ સુધી થયો છે; જેમાંના પ્રમુખ છે એડિનબર્ગ, ગ્લાસગો, કાર્ડિફ, ડબ્લીન, એવિગ્રન પર્થ એડિલેડ, બોગોટા, રોમ, સ્વાર્ન્ટિનો, મિત્સુઈ અને ટોગા સહિતના આંતરરાષ્ટ્રીય નાટ્ય ઉત્સવોમાં પ્રસ્તુતિ કરી છે તો વિશ્વનાં પ્રમુખ શહેરો લંડન, પૅરિસ, બૅંગકોક અને તાઈ પેઈમાં અને ગ્રીસ, રશિયા, હોલૅન્ડ, ક્યૂબા, ફ્રાંસ, ઑસ્ટ્રેલિયા જેવા અનેક દેશોનો પ્રવાસ કરી નાટ્ય પ્રસ્તુતિઓ કરી છે ૧૯૮૬થી ૮૮ દરમિયાન ભારતના દિલ્હીસ્થિત નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાના ડિરેક્ટર તરીકેના કાર્યકાળ સિવાય રતન થિયમ મણિપુરની આ નાટ્ય કંપનીમાં સ્થિર થઈ રહ્યા.

તેઓ માને છે, “યુદ્ધ હંમેશાં સંસ્કૃતિઓનો વિનાશ કરનારું રહ્યું છે” અને તેથી રતન થિયમનું થિયેટર સામાન્ય રીતે યુદ્ધ અને શક્તિના અન્વેષણ દ્વારા માનવસ્થિતિનું પરીક્ષણ

કરી જ્ઞાન, સમાધાન અને શાંતિની શોધને પ્રતિબિંબિત કરે છે. તેમણે ૫૦થી વધારે મૌલિક નાટકસર્જન અને રૂપાંતરોનું દિગ્દર્શન કર્યું છે. એમના મૌલિક સર્જનમાં 'ચક્રવ્યૂહ' ૧૯૮૪માં રજૂ થયું જે તેમને દેશ અને દુનિયાના રંગમંચ પર લઈ ગયું. આ નાટકના ૧૦૦થી વધારે પ્રયોગો વિશ્વભરમાં થયા છે અને તેની કદર પણ વિશ્વમાં ઉત્તમ ગણાતાં પારિતોષિકો આપીને થઈ છે. જેમ કે ૧૯૮૭માં ઇન્ટરનેશનલ થિયેટર ફેસ્ટિવલનો ચેન્જ ફર્સ્ટ ઍવૉર્ડ ૧૯૯૦માં મેક્સિકોમાં ડિપ્લોમા અપ સર્વન્ટીસનો ઇન્ટરનેશનલ થિયેટર ફેસ્ટિવલનો ઍવૉર્ડ વગેરે એમાંના કેટલાક છે. ઑક્ટોબર, ૨૦૦૦માં ન્યૂયૉર્ક ટાઇલ્સના વિવેચક માર્ગો જેફર્સને રતન થિયમને 'જિનિયસ' કહીને ઓળખાવ્યા અને એમના પ્રયોગોને – ઉત્તર પ્રિયદર્શીને 'ઉત્તમ દશ્ય અનુભવ' ગણાવ્યો હતો. એવો જ અભિપ્રાય એમનાં નીવડેલાં નાટકો વિશે અધિકારી શ્રોતાઓ અને નાટ્ય અભ્યાસી આપતાં થાકતા નથી. જેમ કે ભરત દવેનો આ અભિપ્રાય : "થિયમનો રંગમંચ ફક્ત અગાઉથી છપાયેલા, મંચ પર બોલાયેલા સંવાદોથી બનેલો રંગમંચ નથી. માત્ર સંવાદોના અર્થોને થિયમ તેની કલ્પનાશીલ દશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ વડે ઓળંગી જાય છે. થિયમનાં નાટકો તેની દરેકેદરેક બાબતમાં સખત રીતે શિસ્તબદ્ધ, ચુસ્તપણે મંજાયેલાં જોવા મળે છે. અત્યાર સુધી તેમને ભજવેલાં યાદગાર નાટકોમાં મહાભારતના કથા પરનું 'ચક્રવ્યૂહ', ભાસનું 'કર્ણભારમ્', 'ઉત્તર પ્રિયદર્શી', કાલિદાસનું 'ઋતુસંહારમ્', ધર્મવીર ભારતીનું 'અંધાયુગ', ઇબ્સનનું 'વેન વી ડેડ અવેકન', 'નાઇન વેલી, વન વેલી', 'મેકબેથ' વગેરેનો સમાવેશ થાય છે. તેમને પસંદ કરેલા દરેક નાટકને તેની પોતાની વિશિષ્ટ ભાષામાં વિકસાવી શકાય તે રીતે તેનું જાતે જ પુનર્લેખન કરે છે. ૧૯૮૬માં તેમણે બ્રેખ્તના 'એન્ટિગની'ની રજૂઆત 'Lenghonei' નામે મણિપુરી શૈલીમાં કરેલી. આ નાટકમાં વણસેલી રાજકીય પરિસ્થિતિને સંભાળવામાં નિષ્ફળ નીવડેલા રાજકારણીના વ્યક્તિગત ઇરાદા અને વ્યવહારો કેટલા પ્રામાણિક હતા તેના વિશે ધારદાર ટકોર કરવામાં આવેલી.

રતન થિયમ મણિપુરની સ્થિતિ પરિસ્થિતિ વિશે સતત ચિંતિત રહ્યા છે અને ચિંતા એમના મણિપુરને કેન્દ્રમાં રાખીને લખાયેલા મણિપુરત્રયી(૧-પ્રોલોગ, ૨-નાઇન હિલ્સ વનવેલી, ૩-માય અર્થ, માય લવ)માં બખૂબી પ્રગટે છે મણિપુરની અશાંતિ, અસ્થિરતા અને ગરીબીને અહીં ઉજાગર કરવામાં આવી છે. તેઓ પૂછે છે : જ્યારે આપણી સાંસ્કૃતિક પરંપરાઓ ખોવાઈ જાય છે ત્યારે આપણે જાતને કેવી રીતે ટકાવી રાખીએ છીએ? કૃતિનું શીર્ષક નાઇન હિલ્સ, વનવેલી મણિપુરની કુદરતી સુંદરતા અને તેની ભૂગોળનું વર્ણન કરે છે, ભુતાન, બાંગ્લાદેશ અને બર્માની સરહદે આવેલો આ સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને રાજકીય રીતે અશાંત પ્રદેશ પૂર્વોત્તર ભારતના એક સ્થળ અને ત્યાંની પ્રજાની સમસ્યાઓનો કહો એક આસાન સમાજનો રાજકીય દસ્તાવેજ છે. એમના ગુરુ ઇબ્રાહિમ અલ્કાઝીએ આ નાટકની પ્રસ્તુતિ પછી કહ્યું હતું, "જ્યારે તમે શીખવેલ વિદ્યાર્થી કોઈ નિર્માણમાં તમારાથી આગળ નીકળી જાય ત્યારે તે હંમેશાં ખૂબ જ આનંદદાયક હોય છે. પરંતુ, આ એક નાટક સાથે, મને કહેતાં ખૂબ ગૌરવ થાય છે કે રતન થિયમ મારી આખી કારકિર્દીને પાછળ છોડી દીધી છે." આથી મોટું ઇનામ શું હોય? આવા રંગકર્મીને સલામ, આખરી સલામ! અલવિદા, રતન થિયમ!

■

# ક્ષેત્રકાર્યના પ્રવાસી ડૉ. શાંતિભાઈ આચાર્ય

પિંકી પંડ્યા

**ડૉ. શાન્તિભાઈ આચાર્ય : (૨૫/૧૨/૩૩ – ૨૮/૭/૨૦૨૫)**

ગુજરાતના વિવિધ વિસ્તારની પ્રાદેશિક બોલીઓના અભ્યાસને જીવન સમર્પિત કરનાર જાણીતા બોલીવિદ્ એટલે શાન્તિભાઈ આચાર્ય. જન્મ ૧૯૩૩માં કે ૧૯૩૬માં તે તો તેમને પણ ખબર નથી. 'ભણવું છે'ની ધૂન ધરાવતા ૧૧ વર્ષના ગરીબ બાળકે ઘર છોડ્યું હતું. કોઈ પણ કામ કરીને જાતે કમાવું, ફી ભરવી અને ભણવું–ની ધૂનને કારણે ડોલરરાય માંકડના પણ પ્રિય વિદ્યાર્થી બની રહ્યા. અત્યંત કડક અધ્યાપક કહેવાય તેવા ડૉ. પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ 'હાલારી બોલી' પર સંશોધન કાર્ય કરીને ૧૯૬૦માં પીએચ.ડી. થયા.

સંઘર્ષ અને મહેનત ઉપરાંત બે ઘટનાઓએ તેમના કાર્યક્ષેત્રને ઘડ્યું તેમ કહી શકાય. ૧. ગૂજરાત વિદ્યાપીઠના કોશ–કાર્યાલયમાં જોડાયાઃ નવા શબ્દો શોધવા અને અર્થ આપવાની પ્રવૃત્તિ સાથે સંકળાયા ૨. ડૉ. પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ બોલીનો ભાષાવૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કર્યો. બોલીનો અભ્યાસ અને કોશકાર્ય – તેમનું જીવનકાર્ય બની રહ્યું. બોલીના અભ્યાસ માટેનું ક્ષેત્રકાર્ય તેમને લોકસાહિત્યના સંપાદન તરફ ખેંચી ગયું, તે આ જીવનકાર્યની આડપેદાશ.

તેમના બોલીઅભ્યાસે તેમને ગુજરાતના ખ્યાતનામ બોલીવિદ્ તરીકેની નામના અપાવી. પણ તેમનું લક્ષ્ય કોઈ યશ, માન નહોતા. તેમને તો બોલીનો અભ્યાસ કરવાની ધૂન હતી. તેમના કાર્યની વિશેષતા એ હતી કે બોલીનો અભ્યાસ કરવાની સામગ્રી એકઠી કરવા અંતરિયાળ વિસ્તારોમાં ફર્યા, અજાણ્યા ભાષકો સાથે તાલમેલ મેળવવાની કોશિશ કરી. માન–અપમાન, અગવડ, ડર... જેવી કોઈ પણ બાબતની મનમાં ગાંઠ રાખ્યા વગર વાર્તા કહેનારને, બોલીઅભ્યાસ માટે ચાલે તેવા ભાષકને શોધતા રહ્યા. મીનાક્ષીબહેને એક પ્રસંગ વિશે જણાવેલું કે એકવાર ક્યાંક અજાણ્યા ગામડે ગયેલા, બહાર તેમના માટે ખાટલો નાંખ્યો અને પછી ઘરમાલિકે કહ્યું કે અહીં સાપ આવે છે, પણ ડરવા જેવું નથી. શાંતિભાઈ આખી રાત સૂઈ શક્યા નહોતા. (આ પ્રસંગ શાંતિભાઈએ હીરજીભાઈને તેમના ઇન્ટરવ્યૂમાં પણ જણાવ્યો છે.) ગામડાના અજાણ્યા માણસો તેમને પોલિસ કે સરકારી માણસ સમજીને તેમનાથી ડરે, વાર્તા કહેવાની વાત દૂર રહી, વાત કરવા પણ તૈયાર ન હોય. દૂર વિસ્તારમાં જવા માટે જે વાહન–વ્યવસ્થા મળે તેનો ઉપયોગ કરવાનો...(આને કારણે તેમને કેટલીક શારીરિક અસ્વસ્થતાઓ પણ કાયમી થઈ ગઈ) અર્થાત્, અજાણ્યા વિસ્તારોમાં, કોઈ સંપર્ક કે સંદર્ભ વગર જવાનું, વિશ્વાસ ઊભો કરવાનો, યોગ્ય ભાષક શોધવાનો અને તેની પાસેથી કથા મેળવવાની.

આટલાથી કામ પૂરું ન થાય તે સ્વાભાવિક છે. આ રેકોર્ડ કરેલી વાર્તાઓ લિપિબદ્ધ કરવી... એ પણ એક મોટું કામ. ક્યારેક ટેપરેકોર્ડરની તકલીફ થાય તો ક્યારેક કેસેટની. ભાષકે કરેલા ઉચ્ચારોને યોગ્ય રીતે સાંભળવા (કોઈને દાંત ન હોય તો પણ ઉચ્ચાર બદલાઈ જાય...), શક્ય છે કે માન્ય ભાષાના લિપિચિહ્નો કોઈ બોલીના તમામ ઉચ્ચારો માટે સંકેતરૂપ ન બની શકે – (જેમકે, હોડીનો હ અને સ-શને બદલે બોલાતો હ) તો એ વખતે કોઈ વિશિષ્ટ નિશાની કરવી (જેમકે, હ – હ઼), વાર્તા કહેનારની ઝડપ અને તેને લિપિબદ્ધ કરનારની ઝડપમાં તો ફેર પડે જ... આવી અનેક વાસ્તવિક મુશ્કેલીઓમાંથી પસાર થઈને વાર્તાઓ લિપિબદ્ધ થાય. આવા કેટલાક સંકુલ પ્રશ્નોનો - ક્ષેત્રકાર્યની પસંદગીથી માંડીને ભાષક-વિશેષો સાથેની કાર્યરીતિ, ધ્વનિમુદ્રણ, લિપ્યંતર, કામયાબ ધ્વનિની તારવણી વગેરે જેવા બોલીલેખન સંદર્ભે સર્જાતા અનેક સમસ્યારૂપ પ્રશ્નોનું 'બોલીવિજ્ઞાનઃ કેટલાક પ્રશ્નો' પુસ્તકમાં આલેખન કર્યું છે.

ભાષક પાસેથી કથા મેળવ્યા બાદ તેમનું ભાષાવિજ્ઞાની તરીકેનું કાર્ય આરંભાય. સાંભળેલી – લિપિબદ્ધ થયેલી વાર્તાને આધારે જે-તે બોલીનું ભાષાકીય પૃથક્કરણ કરવું. માન્યભાષા સાથે એ બોલીના ધ્વનિઓની તુલના કરવી, વ્યાકરણી વ્યવસ્થાઓની તુલના કરવી, વિશેષ શબ્દભંડોળ તારવવું – અને એ બોલીનું ભાષાસ્વરૂપ વર્ણવવું.

૧૯૬૨-૬૪ દરમ્યાન ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાન વિભાગમાં ડો.પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ મદદનીશ સંશોધક તરીકે (રિસર્ચ આસિસ્ટન્ટ) તરીકે શાન્તિભાઈએ કચ્છી બોલી પર ક્ષેત્રકાર્ય કરીને બોલીઅભ્યાસનો આરંભ કર્યો હતો. તેના પરિણામરૂપે 'સૅગમેન્ટલ ફોનીમ્સ ઑવ કચ્છી' (૧૯૬૬)માં વૈજ્ઞાનિક અભિગમથી તારવેલા કચ્છીના ધ્વનિઘટકોની યાદી તથા લગભગ ૪૦૦ કચ્છી શબ્દના અંગ્રેજી, ગુજરાતી તથા સિંધી અર્થો આપ્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે તેમણે કચ્છી શબ્દ અને તેના ગુજરાતી, સિંધી સમાનાર્થી શબ્દો આઈ.પી.એ. (ઈન્ટરનેશનલ ફોનેટિક આલ્ફાબેટ)માં નોંધ્યા છે, જે ઉચ્ચારણને નોંધવા માટેનું, અત્યંત મહેનત માગી લેનારું કામ છે. તેમણે પીએચ.ડી.ના સંશોધનકાર્યના ભાગ રૂપે કરેલા 'હાલારી બોલી (એક ભાષાવૈજ્ઞાનિક અધ્યયન)'માં તેમણે હાલાર પ્રદેશ અને હાલારી વાક્-સ્વરૂપની ઐતિહાસિક ભૂમિકા જણાવીને હાલારી બોલીના વિભાજ્ય ધ્વનિઘટકોનું વિગતે વિવરણ કર્યું છે. ત્યાર બાદ સંશોધનકાર્યની પદ્ધતિનું વર્ણન કરીને ખેતી અને કુંભારકામની વર્ગીકૃત શબ્દાવલિ તથા હાલારી બોલીના નમૂના આપ્યા છે.

શાન્તિભાઈએ કચ્છી બોલી સાથેના એમના લગાવને કારણે કચ્છી ગદ્યને રજૂ કરી તેના વ્યાકરણનું પ્રાથમિક પૃથક્કરણ કરવા 'કચ્છી ગદ્ય (લોકકથાઓ) અને તેમનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન'(૧૯૮૯)માં ૧૨ કચ્છી લોકકથાનું સંપાદન કર્યું.

ત્યાર બાદ તેમણે ઉત્તર ગુજરાતની તથા સાબરકાંઠાના વિવિધ વિસ્તારની બોલીઓના નમૂના રૂપે વિવિધ ભાષકો પાસેથી વિવિધ કથાઓ મેળવી અને એ કથાઓનું ભાષાવૈજ્ઞાનિક - સામાજિક વિશ્લેષણ કર્યું, આ સંશોધનલેખો સમયાંતરે 'ભાષાવિમર્શ', 'વિદ્યાપીઠ', 'વિદ્યા' આદિ સામયિકોમાં પ્રકાશિત થતા રહ્યા. આમાં તેમણે શામળાજી પાસેની ભીલી બોલીની 'સાસિ આય', પોશીનાપટ્ટાની ભીલી બોલી 'સાલોર ટુઠી જુગોજુગ', બનાસકાંઠા જિલ્લાની વાવેચી બોલીની 'ત્રત દોન', ઉપરાંત મેઘરજ, પહાડપુર, સાબરકાંઠાના નવા, નાંદોજ જેવા વિસ્તારની વાર્તાઓનું ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું છે.

આ સામયિકોમાં પ્રકાશિત થયેલી તથા તે ઉપરાંતની વાર્તાઓનું તેમણે 'હેંડો વાત માંડીએ' (૧૯૯૦), 'સાબરકાંઠાની ભીલી વાર્તાઓ (એક ભાષાગત સામાજિક વિશ્લેષણ)' (૧૯૯૨) તથા 'અમે બોલીઓ છીએ' (૨૦૦૯)માં સંપાદન કર્યું.

તેમણે ઉત્તર ગુજરાતની ભાષાનો પણ વિગતે અભ્યાસ કર્યો છે. 'ઉત્તર ગુજરાતની ભાષાઃ સર્વેક્ષણ અને અભ્યાસ'(૨૦૦૧)ના સંશોધનકાર્ય સંદર્ભે તો શાન્તિભાઈ પોતે જ નોંધે છે કે 'અમારા ઉત્તર ગુજરાતના સર્વેક્ષણકાર્ય વિશે બેધડકપણે કહી શકાય તેમ છે કે તેલુગુ ભાષાના આવા એક કાર્યને બાદ કરતાં તે અજોડ કહી શકાય તેવું કાર્ય છે.' શાંતિભાઈના બોલીઓના આ શાસ્ત્રીય અભ્યાસને કારણે જ 'દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ'ની પ્રસ્તાવનામાં શ્રી હસુ યાજ્ઞિક નોંધે છે કે 'ડૉ.શાન્તિભાઈ આચાર્યથી જ ગુજરાતી કંઠપરંપરાની લોકકથાઓના શાસ્ત્રીય સંપાદનનો આરંભ થાય છે.'

શાંતિભાઈએ બોલીનો ભાષાવૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કર્યો હોવાથી તેના ધ્વનિગત, રૂપગત અને વ્યાકરણગત વ્યવસ્થાઓનો અભ્યાસ કરતા હતા. રૂપગત અભ્યાસ કરવાને પરિણામે તેઓ જે-તે ભાષાસ્વરૂપના શબ્દભંડોળમાંથી પણ પસાર થતા હતા. પૂર્વનો કોશનો અનુભવ અને સામે રહેલ ભાષાની શબ્દસામગ્રી. આ બાબતે તેઓ વિવિધ બોલીઓના કોશ રચવા પ્રેરાયા.

શાન્તિભાઈએ બોલીઓના કોશરચનાકાર્યની શરૂઆત ૧૯૬૬માં 'કચ્છી શબ્દાવલિ' (લગભગ ૨૫૦૦ શબ્દો) અને 'ભીલી-ગુજરાતી શબ્દાવલિ' (લગભગ ૧૩૦૦ શબ્દો) થી કરી. 'ગુજરાતી ભીલી વાતચીત' (ગરાસિયા સ્વરૂપ) (૧૯૬૭)માં ખેતી, જંગલ, સામાજિક બાબતો વગેરે જેવા વિષયોને લગતા લગભગ ૪૬૦ પરિચયાત્મક ગુજરાતી વાક્યો અને તેનો અર્થ ધરાવતા ભીલી વાક્યોનો વાક્યકોશ છે. ભીલી ગુજરાતી શબ્દકોશ કે વાતચીત – આ પુસ્તકોમાં તેમણે ગુજરાતીથી જુદા પડતાં કેટલાંક વિશિષ્ટ ભીલી ઉચ્ચારણો વિશે નોંધ લીધી છે. ત્યાર બાદ તેમણે લગભગ ૪૦ વર્ષ પછી 'ભીલી ગુજરાતી શબ્દકોશ' (૨૦૦૬) (લગભગ ૪૫૦૦થી વધુ શબ્દો)માં આપ્યો છે, જેના દ્વારા તેમનો ભીલી ભાષાસ્વરૂપ સાથેનો લગાવ સમજી શકાય છે.

ચોધરી ભાષાના કોશ 'ચોધરી અને ચોધરી શબ્દાવલિ' (૧૯૬૯)માં (લગભગ ૨૭૫૫ શબ્દો)માં ચોધરી ધ્વનિઓનાં ઉચ્ચારણ વિશેની માહિતી ઉપરાંત ચોધરી સમાજ અને સંસ્કૃતિનો પણ પરિચય આપ્યો છે. કેટલાક શબ્દોનાં રેખાચિત્રો આ કોશની વિશેષતા છે. હાલમાં જ તેમનો 'કોંકણી ગુજરાતી શબ્દકોશ' પ્રકાશિત થયો છે, જે તેમનું મરણોત્તર પ્રકાશન છે. આ ઉપરાંત, હજુ આ પ્રકારની ઘણી અપ્રકાશિત સામગ્રી છે, જે તેમની અભ્યાસનિષ્ઠાનો પરિચય કરાવે છે.

બોલીનો અભ્યાસ કરવા માટે શાંતિભાઈ ક્ષેત્રકાર્ય કરીને જે-તે બોલીના ભાષક પાસેથી કથા મેળવી, લિપ્યંતર કરી, ભાષાવૈજ્ઞાનિક પદ્ધતિથી જે-તે બોલીના ધ્વનિતંત્ર, વ્યાકરણવ્યવસ્થા અને શબ્દભંડોળનો અભ્યાસ કરતા. આને કારણે બે બાબતો બની. ૧. શાંતિભાઈ અનાયાસે લોકસાહિત્યના સંપાદન તરફ વળ્યા. ૨. અન્ય લોકસાહિત્યસંપાદકો કરતાં તેમની કાર્યપદ્ધતિ વિજ્ઞાનને અનુસરતી હોવાથી અલગ હતી. એટલેકે, સામાન્ય લોકસાહિત્યસંપાદક માટે લોકસાહિત્ય લક્ષ્ય હોવાથી તેને જે સંભળાય તે રીતે કૃતિ આલેખે. શક્ય છે કે સ-શ-હ જેવા ધ્વનિઓ ભાષક એક બોલ્યો હોય અને સંપાદકને

તે અન્ય સંભળાયો હોય. જ્યારે શાંતિભાઈનું લક્ષ્ય ભાષાસ્વરૂપ હતું. તેથી તે એ ધ્વનિ સાંભળવાની કોશિશ કરતા, જે ભાષક બોલ્યો હોય. અન્ય લોકસાહિત્યસંપાદક માટે લોકકૃતિ જાણનાર વ્યક્તિ મહત્ત્વની હોય, જ્યારે શાંતિભાઈ માટે જે-તે બોલીના શુદ્ધ ઉચ્ચાર કરનાર (ઘરડી વ્યક્તિ, બોખી વ્યક્તિ આદિના ઉચ્ચાર બદલાઈ જાય – એ દૃષ્ટિએ) ભાષક મહત્ત્વનો હોય. આ કારણોસર શાંતિભાઈ બોલીવિજ્ઞાન અને લોકસાહિત્ય - બન્ને ક્ષેત્ર વચ્ચે સામંજસ્ય ધરાવનાર અનોખી વ્યક્તિ બની રહે છે. એટલું જ નહીં, ભાષાવૈજ્ઞાનિક પદ્ધતિએ લોકસાહિત્યનું સંપાદન થયું હોય ત્યારે તેનું ભાષાકીય દૃષ્ટિએ દસ્તાવેજી મૂલ્ય વધી જાય તે સ્વાભાવિક છે. 'કચ્છી ગદ્ય(લોકકથાઓ) અને તેમનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન', 'હૈંડો વાત મોંડીએ', 'સાબરકાંઠાની ભીલી વાર્તાઓ (એક ભાષાગત સામાજિક વિશ્લેષણ)' વગેરે આ પ્રકારની વિશેષ માવજત પામેલી લોકકથાઓનું સંપાદન છે.

જો કે,

'સીદી-કચ્છી વાર્તાઓ (અને તેમનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન)' (૧૯૮૮) ગુજરાત સાહિત્ય અકાદમીના લોકસાહિત્ય સંબંધિત અભ્યાસના ૧૪મા પુસ્તક તરીકે પ્રકાશિત થયેલ છે, જેનું લક્ષ્ય લોકસાહિત્ય હોવા છતાં બોલીવિજ્ઞાની શાંતિભાઈએ તેના પરિશિષ્ટોમાં ભાષકજૂથની વિગતો, સામાજિક વિગતો અને વાર્તાઓનું ધ્વનિ, રૂપ, શબ્દ અને વાક્યને ધ્યાનમાં રાખીને ભાષાપૃથક્કરણ કર્યું છે.

'(સંખેડા તાલુકાના તડવીઓમાં મંડાતી) લવઘણાની વાર્તા : તેના પરિસરમાં' (૧૯૯૧), 'દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ' (૨૦૦૧), 'ગુજરાંનો અરેલો : એક તુલનાત્મક સમીક્ષા (બગડાવત લોકગાથાનું ભીલી રૂપાંતર)' (૨૦૦૨) તથા 'દેવ કનસરીની કથાઃ એક તુલનાત્મક અભ્યાસ'(૨૦૦૩)માં તો અભ્યાસનું લક્ષ્ય લોકકથા - લોકસાહિત્ય જ છે. તેમ છતાં જ્યાં તેમને અનુકૂળતા લાગી હશે, ત્યાં તો ભાષાકીય અભ્યાસ, શબ્દપ્રયોગો આદિ આપ્યા છે.

રમણલાલ જોશી સંપાદિત 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ના બીજા મણકારૂપ મોનોગ્રાફિક પુસ્તિકામાં શાન્તિભાઈએ પોતાના ગુરુ 'ડૉ. પ્રબોધ પંડિત' (૧૯૭૭)ના જીવન અને તેમના ભાષાવિજ્ઞાન ક્ષેત્રે કરેલા પ્રદાનની વિગતે ચર્ચા કરીને જાણે પોતાના ગુરુને શ્રદ્ધાંજલિ આપી છે.

બોલીવિદ્ તરીકે જાણીતા અને શાસ્ત્રીય અભિગમ ધરાવતા આ વિદ્વાનને તેમના વિવિધ લોકસાહિત્ય સંપાદન માટે ગુજરાત સાહિત્ય અકાદમીનાં પુરસ્કાર અને પારિતોષિક પ્રાપ્ત થયાં છે. તેમની 'સીદી-કચ્છી વાર્તાઓ' તથા 'દેવ કનસરીની કથા'ને પ્રથમ પારિતોષિક તથા 'દક્ષિણ ગુજરાતની કૂંકણી વાર્તાઓ'ને દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે. પરંતુ જેમ પ્રબોધ પંડિત, યોગેન્દ્ર વ્યાસ જેવા ભાષાવિજ્ઞાનીઓને ગુજરાત યોગ્ય રીતે પોંખી શક્યું નથી, તેમ જેમના બોલીના કામ વિશે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વિદ્વાનોએ વખાણ્યું છે, તેવા શાંતિભાઈ આચાર્યના બોલીવિજ્ઞાનના કાર્યને પણ યોગ્ય રીતે પોંખી શકાયું નથી, તેનો વસવસો જરૂર રહેશે.

■

# ........તો પછી કિમ વાચવ્યમ્ ?

કિરીટ દૂધાત

‘એક માણસ પોતાની આસપાસ વિખરાયેલાં સિગારેટનાં ઠૂંઠાં અને અડધા ખાલી ચાના કપથી ભરચક એવી ઠંડીગાર રૂમમાં, ઝળી ગયેલું નાઇટગાઉન પહેરીને, ભાંગ્યાતૂટ્યા ટેબલ સામે બેસી ધૂળવાળા કાગળોના ઢગલા વચ્ચે પોતાના ટાઇપરાઇટરને બાજુના ખીચોખીચ ભરેલા પલંગ પર ટેકવવાની જગા શોધવા ફાંફાં મારે છે. તે કાગળિયાંનો નિકાલ પણ કરી શકતો નથી, કારણ કે કચરાપેટી પહેલેથી જ આવા કાગળોથી ભરાઈ ગઈ છે, વધુમાં, જવાબ લખવાના બાકી પત્રો અને ન ચૂકવાયેલાં બિલો વચ્ચે શક્ય છે કે ક્યાંક બે રૂપૈડીનો ચેક હોય જેને એ લગભગ તો ખાતરી છે કે બૅંકમાં જમા કરાવવાનું ભૂલી ગયો છે. વધુમાં પત્રો પણ છે જેનાં સરનામાં ડાયરીમાં ટપકાવવાનાં બાકી છે પણ એણે સરનામાંની ડાયરી ખોઈ નાખી છે, અને એને શોધવાનો કે બીજું કંઈ પણ શોધવાનો, વિચાર કરવા કરતાં આપઘાત કરી લેવો સારો એવા વિચારથી એ રિબાય છે....

તે પાંત્રીસ વર્ષનો છે, પણ દેખાય છે પચાસનો. એને ટાલ પડી ગઈ છે, એને વેરિકોઝ વેઇન્સ થયો છે, સવારના સાડા અગિયાર વાગી ચૂક્યા છે, શિડ્યુલ મુજબ એણે બે કલાક પહેલાં કામ શરૂ કરી દેવાનું હતું; એણે એમ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો હોત તોપણ; ટેલિફોનની ઘંટડી, બાળકના ભેંકડા, શેરીમાંથી આવતા ઇલેક્ટ્રિક શારડીના ઘોંઘાટ અને લેણિયાતોની આવ-જાથી જરૂર ધ્યાનભંગ થયો હોત.

કહેવાની જરૂર નથી કે આ વ્યક્તિ લેખક છે.... પણ માનોને, એ પુસ્તક-સમીક્ષક છે. કાગળોના ઢગલામાં અડધું છુપાયેલું એક ભારેખમ પાર્સલ છે જેમાં પાંચ ગ્રંથો છે જે છાપાના સંપાદકે ‘સમયસર અવલોકન મળી જવાં જોઈએ’ની નોંધ સાથે મોકલ્યા છે... આમ તો પાર્સલ ચાર દિવસ પહેલાં આવેલું, પણ છેલ્લા અડતાળીસ કલાકથી સમીક્ષકજીની હિંમત લકવો મારી ગઈ હોવાથી એ ખોલી શક્યા નહોતા. છેવટે ગઈ કાલે મન કાઠું કરીને ખોલ્યું તો એમાંથી પાંચ ગ્રંથો નીકળી આવ્યા છે જેમાં, **પેલેસ્ટાઇનની દ્વિધા, પશુપાલનની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, યુરોપીય લોકશાહીનો સંક્ષિપ્ત ઇતિહાસ** (જે ૬૮૦ પાનાં અને સાડા ત્રણ કિલો વજનનો છે), **પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકાના આદિવાસી રીતરિવાજો** અને એક નવલકથા, **ઇટ્સ નાઇસર લાયિંગ ડાઉન**નો સમાવેશ થાય છે જે ભૂલથી મોકલી આપી હોય એવું લાગે છે. આવતી કાલ બપોર સુધીમાં આ બધાનાં અવલોકન એણે ૮૦૦-૮૦૦ શબ્દોમાં લખી પાડવાનાં છે....’’

જોર્જ ઓરવેલના નિબંધ Confessions of a Book Reviewerની શરૂઆતનો આ ભાવાનુવાદ છે. આખો નિબંધ પુસ્તકોનાં અવલોકનકારોની દરિદ્રતા (જ્ઞાનની નહીં, રૂપિયા-પૈસાની!) અને સમયમર્યાદા જાળવવાનાં એનાં ઝાવાં વિશે કરુણ-હાસ્યથી લખ્યો

છે. (અવલોકન માટે આવેલાં પુસ્તકોનાં શીર્ષક જુઓ, એકેયમાં રસ પડે એવું છે?) ગઈ સદીના ત્રીજા-ચોથા દાયકામાં યુરોપ અમેરિકામાં ઘણા અવલોકનકારો હતા જેની દાળ યા રોટી આવાં અવલોકનોમાંથી આવતાં. હવે એવું નથી. અત્યારે વિદેશમાં સમીક્ષકોને પ્રતિષ્ઠિત છાપાં-સામયિકો એક અવલોકનના ૯,૦૦૦થી ૮૫,૦૦૦ રૂ. પુરસ્કાર આપે છે. આ અહીં લખવાનું કારણ શું?

એ કે **વૉશિંગ્ટન પોસ્ટ**માં પ્રસિદ્ધ થયેલી તા. ૧૮/૮/૨૦૨૫ની પોતાની કૉલમમાં રૉન ચાલ્સ જણાવે છે કે **ઍસોશિએટેડ પ્રેસ** નામની વિશ્વમાં પ્રતિષ્ઠિત સિન્ડિકેટ સમાચાર સેવા હવેથી નવાં પુસ્તકોનાં અવલોકન નહીં છાપે. અવલોકનકારોને લખેલા પત્રમાં સંપાદકે ચોખવટ કરી છે, 'કમનસીબે પુસ્તકની સમીક્ષા વાંચનારા ઓછા છે. વળી એક સમીક્ષાનાં આયોજન, સંકલન, લેખન અને સંપાદન કરવા પાછળ સમય ખર્ચવો **પોસાય** એમ નથી. **પોસાય** એમ નથી એટલે એવું ન ધારતા કે આર્થિક રીતે **પોસાય** એમ નથી. આ એજન્સીની કુલ વાર્ષિક આવક ૭ ખર્વ (૭ ઉપર ૧૧ મીંડાં લગાડીએ એટલા) રૂપિયા છે. એને એક અવલોકનના રૂ. ૭૫ હજાર ફેંકી દેવાનું સહેજેય પોસાય પણ એના વાચકો ક્યાં?

ગુજરાતમાં અત્યારે નવાં પુસ્તકોનાં અવલોકનો નિયમિત છાપતું કોઈ સામયિક નથી. **દિવ્યભાસ્કરને** બાદ કરતાં (kudos to લલિત ખંભાયતા!) કોઈ અખબાર capsule review પણ છાપતું નથી. સાત વરસ અગાઉ સહ-સંપાદનના કામમાં પડ્યો ત્યારે ખબર પડી કે માગ્યા વગર આવતાં અવલોકનો યા તો અધ્યાપકોનાં હોય છે જેમને ISSN નંબરવાળા સામયિકમાં લેખ છપાય તો આગળ ઉપર નોકરીમાં પ્રમોશન માટે જરૂરી API પૉઇન્ટ્સ મળે છે યા તો Ph.D.ના શોધછાત્રોનાં હોય છે જે ડિગ્રી મેળવવા એમણે ફરજિયાત છપાવવાં પડે છે. નર્યા સાહિત્યપ્રેમથી લખાયેલાં અવલોકન નહિવત્ મળે છે. વાચકને ગયા માસના **પરબ**માં પાના નંબર ૨૭ ઉપરના ચુનીલાલ મડિયાના અવતરણની યાદ આવ્યા વગર નહીં રહે!

આજે અંગ્રેજીમાં પણ અવલોકન વાંચનારા ગણ્યાગાંઠ્યા હોય અને જે છે એમાં ઝડપથી ઘટાડો થતો જતો હોય તો આપણે તો બધું છોડવા માટે ખ્યાત એવી અપરિગ્રહી પ્રજા છીએ! બાકી, પોતાને સમાનધર્મા મળશે એવી ખાતરી હોય તો કોઈ પણ અવલોકનકાર પુરસ્કારની રકમમાં સમાધાન કરે જ. ગુજરાતી વિદ્યાજગત પર નજર કરીએ સમીક્ષાના સામયિક નિમિત્તે ખોટનો વેપલો કરનારા યશવંત દોશી કે રમણ સોની જેવા કેટલા? કયુ પુસ્તક સારું અને કયુ ઠીક એનો ખ્યાલ ન હોય તો ઘઉં કયા અને કાંકરા કયા એનો ખ્યાલ કેમ આવશે? લાગે છે વાચનની જ્ઞાન પરંપરા જ સદંતર ખતમ થઈ જશે.

બધું હતાશાજનક લખાઈ ગયું તો વાત રમૂજથી પૂરી કરીએ. ગઈ સદીના છટ્ઠા-સાતમા દાયકામાં સૌરાષ્ટ્રના એક ગામડાગામમાં ભણતો ત્યારે ખેડૂતોની બહુમતીવાળા એ જિલ્લામાં ન ભણવું એ દુન્યવી ડહાપણ ગણાતું. બાળક ચાર-પાંચ ચોપડી માંડ ભણે કે એને એમ કહીને ખેતીમાં જોતરવા ઉઠાડી લેતા કે, 'ભણ્યે કોનાં નળિયાં સોનાનાં થયાં છે?' તો સંસ્કૃતના કેટલાક પ્ર-ખરો તો આખી વાતને દેવભાષામાં સમજાવતા, 'ભણતવ્યમ્ તોય મરીજાતવ્યમ્ અને નહીં ભણતવ્યમ્ તોય મરીજાતવ્યમ્, તો પછી કિમ ભણતવ્યમ્?' ચાલો, આપણે પણ કહીએ કે 'વાચવ્યમ્ તોય મરીજાતવ્યમ્ અને નહીં વાચવ્યમ્ તોય મરીજાતવ્યમ્, તો પછી કિમ વાચવ્યમ્?' સાચું?

■

# સાભાર–સ્વીકાર

## કવિતા :

- **શ્વાસ** : યોગિની ગુણવંતલાલ પંચાલ 'યુક્તિ', યોગિની પંચાલ, અમદાવાદ, ૨૦૨૫, ડે. પૃ. ૧૦૫, રૂ. ૧૫૦, ૯૯ કાવ્યોનો સંગ્રહ.
- **મહુડે ઝરતી રાત** : વસંત જોશી, બીજલ પ્રકાશન-વડોદરા, ૨૦૨૩, ડે. પૃ. ૧૩૭, રૂ. ૨૦૦, ૨૪ કાવ્યોનો સંગ્રહ અને કવિતાનો અનુવાદ અને 'ક્ષિતિકર્ષ' કાવ્યસંગ્રહ વિશેના લેખો.
- **રે રિષભ! અંજલિ... અઢી અક્ષરની...** : ગાયત્રી ભટ્ટ, બી-૩૫, સમ્રાટનગર સોસાયટી, બામરોલા રોડ, ગોધરા, જિ. પંચમહાલ, ૨૦૨૫, ડે. પૃ. ૭૨, રૂ. ૧૫૦, ૬૩ કાવ્યોનો સંગ્રહ.

## ઇતિહાસવિષયક પુસ્તિકા :

- **સ્વાતંત્ર્યઆંદોલનમાં રાસ** : પ્રા. ચંદ્રકાન્ત પટેલ, દ્વિતીય આ. ગુજરાત ફાઉન્ડેશન ઈન્ક, યુ.એસ.એ., ૨૦૨૫, ડે. પૃ. ૧૮૬, રૂ. –, રામ ગામનો ઇતિહાસ.

## સંપાદન :

- **સાહિત્ય પરિક્રમા** : લે. : પ્રો. જશવંત શેખડીવાળા, સંપાદક : ફરહાનાબાનુ મેહમુદશા દીવાન, વિદ્યુતેજક પરિષદ, આણંદ, ૨૦૧૬, ડે. પૃ. ૩૪૨, રૂ. ૩૭૫. જશવંત શેખડીવાળાનો ૨૬ લેખોનો સંગ્રહ, સાહિત્ય પરિક્રમાનું સંપાદન.

## અનુવાદ :

- **હેમરપૉન્ડ પાર્ક** : યામિની પટેલ, ઝેન ઓપ્સ., ૨૦૨૫, ડૉ. પૃ. ૧૧૬, રૂ. ૨૫૦, વિશ્વની ચૂંટેલી ૧૭ રહસ્યકથાઓનો અનુવાદ.
- **અબ મેરા ક્યા!** : ડૉ. દેવીદાસ તારુ, હિન્દી અનુ. : ડૉ. ઉમા દેશમુખ, ન્યૂ એરા પબ્લિશિંગ હાઉસ, ૨૦૨૪, ડે. પૃ. ૧૭૬, રૂ. ૨૮૦, ઝુલસે હુયે બ્રાહ્મણ કી આત્મકથા.

■

# પરિષદવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

### પુનશ્ચ પ્રબોધ પંડિત (વિરલ વિદ્વાનની વંદના) વિશે એક દિવસીય પરિસંવાદ

આંતરરાષ્ટ્રીય સ્તરના ભાષાવૈજ્ઞાનિક પ્રબોધ પંડિત જેમણે પ્રારંભ અતિહાસિક ભાષાવિજ્ઞાનથી કર્યો. અને પછી તેઓ ધ્વનિશાસ્ત્ર, સંરચનાવાદી ભાષાવિજ્ઞાન, પ્રજનક ભાષાવિજ્ઞાન અને પછી તેઓ સમાજ–ભાષાવિજ્ઞાનમાં પ્રસર્યા.

ઉમાશંકર જોશી સ્વાધ્યાયપીઠ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને સરકારી વિનિયન કૉલેજ, વલ્લભીપુરના સંયુક્ત ઉપક્રમે પુનશ્ચ પ્રબોધ પંડિત (વિરલ વિદ્વાનની વંદના) વિશે તા. ૫-૮-૨૦૨૫ના મંગળવારે સરકારી વિનિયન કૉલેજ, વલ્લભીપુરમાં એકદિવસીય પરિસંવાદ યોજીને સ્મરણવંદના કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. સરકારી વિનિયન કૉલેજ વલલભીપુરના આચાર્ય ડૉ. સુનિતા નિમાવતે સૌનું સ્વાગત કર્યું હતું. ઊર્મિ દેસાઈએ ‘પ્રબોધ પંડિત : વ્યક્તિત્વ અને વિદ્વત્તા’ વિશે વાત કરી હતી. પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય ઉદ્‌બોધન કર્યું હતું. આ બેઠકનું સંચાલન સેજલ શાહે કર્યું હતું. રાજેન્દ્રસિંહ મોરીએ આભારવિધિ કરી હતી.

પ્રથમ બેઠક ૧૧ કલાકે શરૂ થઈ હતી. જેમાં અરવિંદ ભાંડારીએ ‘વ્યાકરણ અર્થઃ અને આકાર’ વિશે હેમન્ત દવેએ ‘પચરંગી સમાજમાં ભાષા’ વિશે અને અજય સરવૈયાએ ‘ભાષાવિજ્ઞાનના અર્વાચીન અભિગમો’ વિશે વક્તવ્યો આપ્યાં હતાં. આ બેઠકનું સંચાલન કિશોરસિંહ ચુડાસમાએ કર્યું હતું. બીજી બેઠક ૪-૦૦ કલાકે શરૂ થઈ હતી. જેમાં પિંકી પંડ્યાએ ‘ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન’ વિશે, નીલોત્પલા ગાંધીએ ‘પ્રાકૃત્ત ભાષા’ વિશે, વક્તવ્યો આપ્યાં હતાં. સંચાલન ભારતી સોનીએ કર્યું હતું.

### ‘નાટ્યાનંદ’ નામે કાર્યશાળા

ગુજરાતી સાહિત્ય પરિષદમા તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે, સાહિત્યના એક અંગ નાટકના વિષયમાં ‘નાટ્યાનંદ’ નામે કાર્યશાળાના સ્વરૂપનો આરંભ કરવામાં આવ્યો. આ કાર્યશાળાના સંયોજક તરીકે સાહિત્યકાર ચેતન શુક્લ અને નાટ્યકાર ધરા ભટ્ટ કાર્ય કરશે.

‘નાટ્યાનંદ’ની પહેલી કડીમાં ડૉ. વિક્રમ પંચાલ અને શૌનક વ્યાસલિખિત નાટક ‘શિકાર’નું વાચિકમ યોજાયું. આ નાટકના વાચિકમમાં સર્વશ્રી શૌનક વ્યાસ, સત્યેન્દ્ર પરમાર, ઉમા પારેખ, આર્ય સાગર, વરદા યાજ્ઞિક, એશા ઠક્કર, ખુશી જોશી અને યશ દેસાઈએ ભાગ લઈને નાટકનું પઠન કર્યું હતું. નાટકમાં સંગીતનું આયોજન પ્રબુદ્ધ જોશીએ

કર્યું હતું. આ નાટકના વાચિકમમાં ભાવક તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ અને કાર્યક્રમના સંયોજક ચેતન શુક્લ, વિનોદ જોશી, નટવરભાઈ પટેલ, ચિરાગ ઠક્કર, ભરત જોશી, ગિરિમા ઘારેખાન, હેમંત વાળા, ડૉ. હર્ષદ લશ્કરી તથા નાટ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

'શિકાર' નાટક સમલિંગી સંબંધો ધરાવતી બે યુવતીની કથા છે. સમાજમાં સ્વીકૃતિ નહીં મળવાની પીડા ભોગવતી બે યુવતીઓ સમાજમાં સ્થાપિત થવા માટે છળનો આશરો લઈને એક શાળામાં શિક્ષક બને છે. શાળામાં બનેલી એક ઘટનામાં એ શિક્ષક ઉપર ગંભીર આરોપ મુકાયા બાદ એક ઇન્સ્પેક્ટર દ્વારા ભૂતકાળમાં કરેલા ગુનાની પણ ઊલટતપાસ લેવાય છે. બદલાની ભાવના અને કર્મ કોઈને છોડતું નથી એવા ભાવને પ્રગટ કરતું આ નાટક એના સંવાદો અને વિષયના સાયુજ્ય વડે મનભાવન કૃતિ બની છે.

### 'શારદા સાહિત્ય ગોષ્ઠિ' અંતર્ગત વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત 'શારદા સાહિત્ય ગોષ્ઠિ' અંતર્ગત તા. ૨૨-૮-૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે, ગુજરાતી ભાષા સાહિત્યભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડોલરરાય માંકડ સભાગૃહમાં 'રમેશ પારેખની કવિતા' વિષય પર ડૉ. નીતિન વડગામાએ વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાતી ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષશ્રી ડૉ. દીપક પટેલ, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રી ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા, પ્રા. પ્રભુભાઈ ચૌધરી તેમજ ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અનુસ્નાતક અને પી.એચડી.ના વિદ્યાર્થીઓ અને નગરમાંથી પધારેલા સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસ્તુત, વિક્રમ એકેડમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા નિર્મિત સતીશ વ્યાસલિખિત અને ડૉ. વિક્રમ પંચાલ, શૌનક વ્યાસ દિગ્દર્શિત 'બાલ્કની' નાટકની પ્રસ્તુતિ તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ સાંજે ૭-૩૦ કલાકે, રા. વિ. પાઠક સભાગૃહમાં કરવામાં આવી હતી. જેમાં દીપા, તારિકા ત્રિપાઠી, જય મહેતા અને શૌનક વ્યાસે કલાકારની ભૂમિકા ભજવી હતી. હરીશ ઉપાધ્યાય, રાજેશ મહીડાએ પ્રકાશનું આયોજન કર્યું હતું. સંગીતસંચાલન ભાર્ગવ પરમારે કર્યું હતું. નિર્માણસહાયક તરીકે ભૌતિક બારૈયાએ સહકાર આપ્યો હતો. નેપથ્યમાં આર્ય સાગર, રાજેશ મહિડા, ઉમા પારેખે સંચાલન કર્યું હતું. આ નાટ્યપ્રસ્તુતિમાં મોટી સંખ્યામાં ભાવકો હાજર રહ્યા હતા.

### વીર કવિ નર્મદ જન્મજયંતી

તા. ૨૪-૮-૨૦૨૫ના રોજ બારડોલીની 'સાહિત્ય સરવાણી' સંસ્થા અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે વીર કવિ નર્મદ જન્મજયંતીનો કાર્યક્રમ ખૂબ સરસ રીતે ઊજવાયો. શરૂઆતમાં ભારતીબહેન નાટેકરે જય જય ગરવી ગુજરાત દેશરાગમાં પોતે કરેલાં સ્વરાંકનમાં ગાયું. સપન પાઠક અને વિરલ વ્યાસે ખૂબ સરસ સંચાલન કરીને એક પછી એક વક્તાને રજૂ કર્યા. પરિષદમંત્રી સમીર ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા આપી હતી. ડૉ. નરેશ શુક્લએ નર્મદના સુધારક વ્યક્તિત્વની વાત રસપ્રદ શૈલીમાં કરી. અતિથિવિશેષ તરલા શાહે મજાનું વક્તવ્ય આપ્યું. દક્ષા વ્યાસે નર્મદ અને દલપતરામ બંનેની વાત

કરી. સાહિત્ય સરવાણીના મિત્રોએ પોતાની સરસ કવિતાઓ રજૂ કરી હતી. શરૂઆતમાં સંધ્યા ભટ્ટે 'સાહિત્ય સરવાણી'ની નવ વર્ષની ગતિવિધિ કહી અને ભારતીબહેન રાણેએ મહેમાનોનો પરિચય આપ્યો. આભારવધિ સ્વાતિ મહેતાએ કરી હતી.

### 'સાહિત્ય : જીવનનું શાસ્ત્ર' વિષય પર પ્રો. પરમ પાઠકનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ અને એન. એસ. પટેલ(ઓટોનોમસ) કૉલેજ આણંદના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્ય જીવનનું શાસ્ત્ર' વિષય પર પ્રો. પરમ પાઠકનું વ્યાખ્યાન તા. ૨૬-૮-૨૦૨૫ના રોજ ગુજરાતી વિભાગના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. એમ. કે. ચૌધરીએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. કૉલેજના પ્રાધ્યાપિકા ડૉ. નીલાબહેન ચંપાવતે વક્તાઓનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. પ્રતીક્ષાબહેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ વક્તાશ્રી પ્રો. પરમ પાઠકે 'સાહિત્ય : જીવનનું શાસ્ત્ર' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનમાં યુ. આર. અનંતમૂર્તિની 'સંસ્કાર' નવલકથા અને હરમાન હેસની નવલકથા 'સિદ્ધાર્થ'ને આધારે વિષયને જોડીને વ્યાખ્યાન આપ્યુ હતુ. ડૉ. બી. બી. વાઘેલાએ આભારવિધિ કરી હતી.

### આર્ટીજન, વૈભવ મુકેશ દેસાઈ સર્જિત યાદગાર નાટક 'હું આવું છું – નર્મદ'

આર્ટીજન, વૈભવ મુકેશ દેસાઈ સર્જિત યાદગાર નાટક 'હું આવુંછું-નર્મદ' ગુજરાતી સાહિત્ય પરિષદના સથવારે નર્મદજયંતીની ઉજવણી અંતર્ગત નર્મદનગરીમાં ભજવાયું.

વીર નર્મદનગરીમાં નાટક 'હું આવું છું' નર્મદાશંકર લાલશંકર નૃત્ય-નાટક ભજવાયું. પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદી, મહામંત્રીશ્રી સમીર ભટ્ટ અને પરબના સંપાદક શ્રી કિરીટ દૂધાતે હાજરી આપી હતી. સંવાહક શ્રી રાજન ભટ્ટ, બકુલ ટેલર અને નાટ્યવિદ્ શ્રી કપિલદેવ શુક્લ અને નિમાર્ત્રી અલકા મુકેશ દેસાઈ વગેરેની હાજરીમાં ભજવાયું. નર્મદનાં ગીતો ઉપર અદ્ભુત નૃત્યો અને અભિનય રંગમંચ ઉપર નવો રંગ ઉમેરી ગયાં. વૈભવ મુકેશ દેસાઈનું લાજવાબ દિગ્દર્શન અને આ સર્જન ફરી એક વાર સુરતની રંગભૂમિને નવી ઊંચાઈએ લઈ ગયું. એમના દરેક સર્જન નવો વિષય, નવી વિશેષતાને વરેલા હોય છે. કવયિત્રી એષા દાદાવાલા દ્વારા સુંદર રીતે આલેખિત આ નર્મદ જલદ રીતે ઊભરી આવે છે. આ એક્સપેરિમેન્ટલ થિયેટર જેમાં ઉત્તમ સંગીતકાર મેહુલ સુરતી સ્વરાંકિત ગીતો અનેરું વાતવરણ સર્જે છે. પાર્થિવ ગોહિલ, નૂતન સુરતી, દ્રવિતા ચોકસી, અમન લેખડિયા, સત્યેન જરીવાલા વગેરેના હૃદયસ્પર્શી સ્વર છે. નૃત્યમાં હિરલ બલસારા, માસુમ નાયક, વિવાન સુરતી અને મનાલી કંથારિયાનાં નૃત્યાંકનો જેમાં ભૂરો ભાસ્યો, દાંડિયો, રેખ રૂઠીને, હોળી, હારી ઠામે ઠામે અને યા હોમ કરીને પડો ફતેહ છે આગે જેવા શ્રેષ્ઠતમ ગીતોને નવતર હૃદયસ્પર્શી દશ્યમય આકાર અર્પે છે. મેઘ પંડિતનો સુંદર અભિનય અને સંવેદનશીલતા મંચ ઉપર ઊભરી આવે છે. સાથે મુકુન્દ કિનખાબવાલા, જિજ્ઞેશ કાનન, રાજેશ, પ્રદીપ હરસોરા, સંજય, પલ ચૌહાણ, અભિનયમાં અને રાજવી દેસાઈ, દેવાંશી ઉપાધ્યાય, અદિતિ વાનખડે, જીનલ પટેલ, યેષા છત્રીવાલા નૃત્યોકારો તરીકે મંચાકર્ષક પીઠબળ આપે તે ખરેખર દરેક પેઢીને જોવું, જાણવું અને માણવું ગમે એવા આ નાટકનો સુરતમાં પાંચમો પ્રયોગ હતો.

## 'હું ગૂર્જર ભારતવાસી...'

આપણા ઋષિ કવિના આ શબ્દો ચરિતાર્થ કરતા કાર્યક્રમો પણ ગુજરાતી સાહિત્ય પરિષદના આંગણે વારંવાર રચાયા છે. આ પરંપરાનો વિસ્તાર સાધતો એક કાર્યક્રમ પરિષદના આંગણે તા. ૨૬-૮-૨૦૨૫ના રોજ સાંજે ૫થી ૭ દરમિયાન યોજાયો હતો. જેમાં કેરળસ્થિત કવયિત્રી ડૉ. અનામિકા 'અનુ'એ પોતાની સર્જનની ક્ષણો કહીને કવિતાનું પઠન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે કાર્યક્રમની પ્રાસંગિક વાત કરી હતી. બિંદુ ભટ્ટે કવયિત્રીનો પરિચય કરાવીને તેમની 'છત્રી' વાર્તાનું પઠન કર્યું હતુ. કેરળસ્થિત અનામિકા 'અનુ'એ કાવ્યપાઠ અને સર્જક કેફિયત આપી હતી. પરિષદ પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

## શ્રદ્ધાંજલિ

રેણુકાબહેન યાજ્ઞિકનું તા. ૨૨-૭-૨૦૨૫ના રોજ અવસાન થયું છે. રેણુકાબહેન આકાશવાણી, રાજકોટનાં ઉદ્‌ઘોષિકા રહ્યાં હતાં. જાણીતાં અભિનેત્રી. બાલસભા કાર્યક્રમના માધ્યમથી તેઓ નાનીબહેન તરીકે ખ્યાતિ પામ્યાં હતાં. ગુજરાતી સાહિત્ય પરિષદ રેણુકાબહેન યાજ્ઞિકને શ્રદ્ધાંજલિ અર્પે છે.

જાણીતાં કવયિત્રી અને અનુવાદક જયા મહેતાનું મુંબઈ ખાતે તા. ૨૬-૮-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયું. ગુજરાતી સાહિત્ય પરિષદ જયા મહેતાને શ્રદ્ધાંજલિ અર્પે છે.

■

ગ્રંથકાર થયું થવાતું નથી. વ્યાકરણદોષરહિત ભાષા લખતાં આવડે, એટલે કાંઈ પણ લખીને છપાવી, ગ્રંથકારની પંક્તિમાં ખપવાની લાલસા વિદ્યાના પ્રદેશમાં કામ આવતી નથી. પ્રત્યેક ભાષામાં અનેકાનેક નાના-મહોટા ગ્રંથો રચાય છે. પણ કાલની કસોટીમાંથી તે જ પાર ઊતરે છે કે જેમાં ખરો સાર હો છે. જે એક દિવસ બે-ચાર માસ કે પાંચ-દશ વર્ષનું આયુષ્ય ભોગવનાર લખે છે તે સ્વતઃ જ વિસ્મરણમાં પડી નિર્મૂલ્યપ્રાય થઈ જાય છે, જેમાં કાંઈ સાર હોય છે તે બે-ચાર દશકા કે સો-બસો વર્ષ આવરદા ભોગવે છે; ને જે જગત્‌ના અનેક ઉદયાસ્ત થયા છતાં પણ તેમના તેમ જનસમાજની પ્રીતિને પાત્ર રહે છે તે તો પરમ પ્રતિભાના જ સંગ્રહ છે. ગ્રંથ કરવાની પ્રવૃત્તિ ગ્રંથ કરવો ધારીને કરવી એથી કશું સાર્થક નથી; ઉત્તમ પ્રકારની પ્રતિભા જેને પ્રેરણા કરે અને કાંઈ પણ લખાવે તે જ લખવાને અધિકારી છે. લખતાં-વાંચતાં આવડે એવાં પ્રત્યેક સ્ત્રીપુરુષ કાંઈ પણ લખવા ધારે તો લખી શકે, છાપખાનામાં છપાવવાનું ધન પાસે હોય તો છપાવી પ્રસિદ્ધ પણ કરી શકે, તેમજ આટલા વિશાલ વિશ્વમાં જેવું લખનાર તેવું વાચનાર પણ મળી રહે.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

ઈતુભાઈ કુરકુટિયા

### ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાયેલા સાહિત્યિક કાર્યક્રમો

ગુજરાત વિશ્વકોશની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં 'મહાભારતમાં પ્રગટ થતાં જીવનમૂલ્યો' વિશે શ્રી દર્શના ધોળકિયાએ તથા 'નળાખ્યાન : રૂપરાગથી સ્નેહરાગની સફર' વિશે શ્રી રમજાન હસણિયાએ વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ વ્યાખ્યાનો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પરથી ઑનલાઇન પ્રસારિત કરવામાં આવ્યાં હતાં. શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્રના ઉપક્રમે 'આપણા ગુજરાતની ગૌરવગાથા' એ વિષય પર ધો. ૮થી ૧૨ના વિદ્યાર્થીઓની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દક્ષાબહેન પટ્ટણી સ્મૃતિ-વ્યાખ્યાન અંતર્ગત શ્રી પ્રકાશ ન. શાહે 'ગાંધી, બુદ્ધ અને યુદ્ધ' વિશે વક્તવ્ય આપ્યું. શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી મીનળ દવેએ '૨૧મી સદીની પહેલી પચીસીનું ગુજરાતી લેખિકાનું નવલકથાવિશ્વ' વિશે વ્યાખ્યાન આપ્યું. કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી મનસુખભાઈ સલ્લાએ 'પસંદગી વિદ્યાલય અને જેલ વચ્ચે કરવાની છે' વિશે વક્તવ્ય આપ્યું. શ્રી ચિંતન ભટ્ટલિખિત 'પૃથ્વીથી અંતરિક્ષ ભણી' પુસ્તકનું વિમોચન સ્પેસ ઍપ્લિકેશન સેન્ટરના ડાયરેક્ટર શ્રી નીલેશ દેસાઈએ કર્યું અને વક્તવ્ય આપ્યું હતું.

### ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા સાહિત્યિક કાર્યક્રમો

તા. ૧૭-૮-૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે, શાસન સમ્રાટભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં શ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' શીર્ષક હેઠળ જૈન સાહિત્યસર્જક હરજી મુનિના જૈન સાહિત્યગ્રંથ 'વિનોદચોત્રીસી' વિશે કીર્તિદા શાહે અને સહજ કીર્તિના જૈન સાહિત્યગ્રંથ 'હરિશ્ચંદ્ર ચોપાઈ' વિશે બળવંત જાનીએ વક્તવ્યો આપ્યાં. તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ) અમદાવાદમાં પદ્મશ્રી પુરસ્કૃત પ્રવીણ દરજીના ૮૨મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ પ્રવીણ દરજીએ પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. ઉપરોક્ત બંને કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

### કાવ્યહેલી

જનજાગૃતિ અભિયાન-વડોદરા અને GTPLના સંયુક્ત ઉપક્રમે સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ વર્ષાભીની સાંજે એવરેસ્ટ ડિગ્નિટી-૨ના સભાખંડમાં કવિ સંમેલનનું આયોજન

થયું. જનજાગૃતિ અભિયાનના મૅનેજિંગ ટ્રસ્ટી / સંસ્થાપક શ્રી મનહરભાઈ શાહ અને મીનાક્ષીબહેનના એવરેસ્ટ ડિગ્નિટી-૨ના નૂતન ગૃહપ્રવેશ પ્રસંગે વિશેષ આયોજિત કવિ સતીન દેસાઈના અતિથિવિશેષપદે આ કવિસંમેલનમાં સર્વશ્રી દિનાબહેન શાહ, દિપ્તીબહેન વચ્છરાજાની, કવિ સતીન 'પરવેઝ', શ્રી સુન્દરમ્ ટેલર, કૌરેશ વચ્છરાજાની, નૈષધ મકવાણા, અંકુર દેસાઈ, ગિરિરાજ બ્રહ્મભટ્ટ, કવિ 'ભીનાશ', વિનોદ ગોર અને મકરંદ મુસળેએ કાવ્યપઠન કર્યું હતું.

## ગુજરાતી કવિતાના બે પ્રતિષ્ઠિત કાર્યક્રમો

ગુજરાતી કવિતાના ક્ષેત્રમાં બે પ્રતિષ્ઠિત પુરસ્કારો આપવામાં આવે છે. યુવા શાયરો માટે 'શયદા' ઍવૉર્ડ અને વરિષ્ઠ સર્જકો માટે 'કલાપી ઍવૉર્ડ' આ પરંપરા ૧૯૯૭થી ચાલે છે. તા. ૧૪-૮-૨૦૨૫ના રોજ ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈમાં વર્ષ ૨૦૨૫ માટે કાવ્યપ્રતિભા અને કાવ્યપ્રદાનને ધ્યાનમાં લઈને અપાતો 'કલાપી ઍવૉર્ડ' યોગેશ જોષીને તથા યુવા શાયરો માટેનો 'શયદા' ઍવૉર્ડ કવયિત્રી હર્ષવી પટેલને એનાયત થયો હતો. બંને સાહિત્યકારોને સાહિત્ય પરિષદ અભિનંદન પાઠવે છે.

## સુરત ખાતે નર્મદજયંતીની ઉજવણી

તા.૨૪-૮-૨૦૨૫ના રોજ સુરતમાં નર્મદ સાહિત્ય સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ચેમ્બર્સ ઑફ કૉમર્સ, અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ, ગોષ્ઠિ, લાયન્સ કલબ્સ, જીવન ભારતી શૈક્ષણિક સંસ્થાન વગેરે સંસ્થાઓના ઉપક્રમે નર્મદજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ નવલકથા માટે નંદશંકર ચંદ્રક શ્રી માધવ રામાનુજની નવલકથા 'યુગાન્તર'ને એનાયત કરવામાં આવ્યો.

## ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા પ્રજ્ઞાપુરુષ ડૉ. અંબાશંકર નાગરની જન્મશતાબ્દી પર વ્યાખ્યાન

તા. ૨૩-૮-૨૦૨૫ના રોજ સવાર ૯-૩૦ કલાકે, જેઠાલાલ જોશી સભાગૃહ રાષ્ટ્રભાષા હિન્દીભવનમાં પ્રજ્ઞા પુરુષ ડૉ. અંબાશંકર નાગરની જન્મશતાબ્દી પર ડૉ. બિંદુબહેન ભટ્ટે 'મધ્યકાલીન કાવ્યના અધ્યાપક ડૉ. અંબાશંકર નાગર' વિશે અને ડૉ. સર્વદમન વોરાએ 'મેરે શોધગુરુ ડૉ. અંબાશંકર નાગર' વિશે વક્તવ્યો આપ્યાં હતાં.

## ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ' ભુજ ઍવૉર્ડ વિતરણ સમારંભ

ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ' દ્વારા ડૉ. જયંત ખત્રી-બકુલેશ ઍવૉર્ડ અને ડૉ. મનુભાઈ પાંધી ઍવૉર્ડ વિતરણ સમારંભ સંસ્મૃતિના પ્રમુખ શ્રીમતી રમીલાબહેન પી. મહેતાના પ્રમુખસ્થાને અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીના અતિથિવિશેષપદે તા. ૩૦-૮-૨૦૨૫ના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, ભુજ-કચ્છમાં યોજાયો હતો.

ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન આપનાર શ્રી કિરીટ દૂધાતને સને ૨૦૨૪નો ડૉ. જયંત ખત્રી-બકુલેશ ઍવૉર્ડ, તેમજ કચ્છી સાહિત્યમાં વિશેષ પ્રદાન આપનાર વાઢિયા ચંદેને સને ૨૦૨૪નો ડૉ. મનુભાઈ પાંધી ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. બંને સાહિત્યકારોને અભિનંદન.

■

# સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

**હર્ષદ ત્રિવેદી** — પ્રમુખ
**સંજય ચૌધરી** — કોષાધ્યક્ષ
**સમીર ભટ્ટ** — મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૩. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૪. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૬. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૭. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૮. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૯. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| | **ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન** | | |
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

## નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ
- જયશ્રી જિતેન્દ્ર ચૌધરી — બારડોલી
- ડૉ. હર્ષદ વી. કામદાર — અમદાવાદ
- કિશોર ડી. પ્રજાપતિ — બારડોલી

# આ અંકના લેખકો


**અજય રાવલ** : ૧, ઋષિલ હોમ્સ, જલદીપ-૩, આરોહી ક્લબ રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.
ajayraval22@gmail.com * મો. ૯૮૨૫૫૦૬૯૪૨

**અજય સરવૈયા** : Department of Linguistics, Bhasha Sahitya Bhavan, Feculty of Arts., Nr. University Guest House, Pratapgunj, Vadodara-390002 (M. 9825473097)

**આબિદ ભટ્ટ** : ‘નિર્ઝર’ મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧.
(મો. ૯૪૦૯૦૨૨૧૩૦)

**ઈતુભાઈ કુરકુટિયા** : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
(મો. ૯૭૧૪૬૪૦૧૫૬)

**Ishan Doshi** : Room No. 2, Barrac No. 12, Munshinagar, Bhavans College Campus, Andheri (west) Mumbai-400088. (M. 9833180574)

**કિરીટ દૂધાત** : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦. (મો. ૯૪૨૭૩ ૦૬૫૦૭)

**ચંદ્રેશ મકવાણા** : ૨૦૨, મહાદેવ કૉમ્પ્લેક્સ, શાકમાર્કેટ, નવાવાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
(મો. ૯૦૯૯૦૫૪૨૭૭)

**દર્શના ધોળકિયા** : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ)
મો. ૯૦૯૯૦૧૭૫૫૯

**દિનેશ ડોંગરે “નાદાન”** : ૩૯/સી, રામવાટિકા સોસાયટી, આયુર્વેદિક કૉલેજ રોડ, વૃંદાવનપાર્ક પાસે,
પાણીગેટ બહાર, વડોદરા-૩૯૦૦૧૯. (મો. ૯૮૯૮૩૪૬૮૭૭)

**દીપક રાવલ** : એ/૫૦૨, સત્ત્વ ફ્લૅટ્સ, કૃણાલ ચાર રસ્તા પાસે, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧.
(મો. ૯૯૯૮૪૦૨૨૫૪)

**ધર્મેશ ગાંધી** : ૧૦૭, વિઝન કૉમ્પ્લેક્સ, પારસી અગિયારી પાસે, તરોટા બજાર,
નવસારી-૩૯૬૪૪૫, (મો. ૯૧૦૬૪૮૦૫૨૭)

**પંકજ ત્રિવેદી** : ‘હર્ષ’ ગોકુલપાર્ક સોસાયટી, ૮૦ ફૂટનો રસ્તો, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨.
(મો. ૮૮૪૯૦૧૨૨૦૧)

**પિંકી પંડ્યા** : ૧૦૪, ૧૦મે માળ, ગેલેક્ષી એપાર્ટમેન્ટ, હૉટલ ગ્રાન્ટ ભગવતી સામે, એસ.જી.
હાઈવે- બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪ (મો. ૯૪૨૮૪૧૨૯૫૫)

**પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ** : ૩૨, ચંદન ટેનામેન્ટ્સ, વિભાગ-૨, જશોદાનગર બસસ્ટૉપ પાસે, વટવા
GIDC રોડ, જશોદાનગર, અમદાવાદ-૩૮૨૪૪૫ (મો. ૯૯૨૪૪૪૫૬૮૬)
purviaa5@gmail.com

**Partistha Pandya** : 3068, Prestige Kensington Gardens, 17, H.M.T. Main Road,
Nr. H. M. Theatre Jalahalli, Bangalore-560013. (M. 8511418808)

**પ્રવીણ પંડ્યા** : એચ/૯૦૧, સામ્રાજ્ય ફ્લૅટ્સ, ડ્રાઈવઈન રોડ, માનવમંદિર સામે, મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨. (મો. ૯૪૨૬૭૦૦૯૪૩)

**પ્રવીણ સરવૈયા** : ‘હરિવંશમ્’, ૫૭૬૧/બી, પ્રમુખસ્વામીનગર, વિદ્યાધીશ સ્કૂલની પાસે,
કાળિયાબીડ, ભાવનગર-૩૬૪૦૦૨. (ગુજરાત) (મો. ૯૯૭૯૦૩૩૩૯૩),
Email : pgsarvaiya@gmail.com

**રઈશ મનીઆર** : ૬/બી, રત્નસાગર ઍપાર્ટમેન્ટ, ચાંદની ચોક પાસે, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭. (મો. ૯૮૨૫૧૩૭૦૭૭)

**રાઘવજી માધડ** : પ્લોટ નં. ૭૧૫/૧, સેક્ટર ૭/બી, ગાંધીનગર-૩૮૨૦૦૭, (મો. ૯૪૨૭૦૫૦૯૯૫)

**રાજેશ પંડ્યા** : એ-૫ ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ (મો. ૯૪૨૯૨૫૫૯૫૭)

**રીના પરીખ** : 'રાઘવ', ૧૫/૧૬, વૃંદાવન સોસાયટી, પૅલેસ રોડ, રાજપીપળા, જિ. નર્મદા, (મો. ૯૯૨૫૯૪૫૭૪૫)

**લલિત ખંભાયતા** : એ/૫૦૪, શિલ્પ સોલેમા, હીરાધન સિટી પાસે, આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪, (મો. ૯૯૭૯૭૫૮૧૦૯)

**વિકી ત્રિવેદી** : સહજાનંદ સોસાયટી, શેરી નં. ૧, ઇસ્કોન હાઇટ્સ પાસે, અંબિકા ટાઉનશિપ, રાજકોટ-૩૬૦૦૦૪. (મો. ૯૭૨૫૩૫૮૫૦૨)

**વિનોદ ગાંધી** : ૮૩, સુવિધાનગર, ભુરાવાવ, ગોધરા-૩૮૯૦૦૧ (મો. ૯૭૨૬૧૬૬૦૩૧)

**વિરલ શુક્લ** : 'સમર્પણ', ૯, જે. પી. પાર્ક, ૧૧/૩, પટેલ કૉલોની, જામનગર-૩૬૧૦૦૮. (મો. ૯૯૦૯૯૭૨૩૭૧)

**Sudhir Patel** : 7504, Doublesprings Court, Charlotte, N.C.-28262. U.S.A. 707-717-9616.

**સુમન શાહ** : sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. (મો. ૯૭૨૩૫૫૯૯૪)

**હર્ષદ દવે** : "ગાયત્રી", ૧, યોગી નિકેતન પ્લોટ, નિર્મલા કૉન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ (મો. ૯૮૭૯૦૭૮૫૮૭)

**હર્ષ બ્રહ્મભટ્ટ** : "પ્રસાદ", ૭૪/૯, જગાભાઈ પાર્ક, રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. (મો. ૯૯૭૯૮૪૦૫૦૩)

Hiral Vyas : C/૩૦૪, Gala Celestia, Opp. Balaji Windpark and beside Gala Haven, Nr. Vaishnodevi Circle. Ahmedabad-૩૮૨૪૨૧. * skype-hiralavyas * (M. : ૯૦૯૯૦૨૦૫૭૯)

■

પ્રાચીન સમયમાં પ્રતિભાની પ્રેરણાથી વિશ્વને ઉપદેશ આપનાર મહાત્માઓ, અવતાર, પેગંબર, કવિ આદિ માનને પામી, જગત્‌ની ઉન્નતિને સાધવાના અનેક માર્ગ કરી, આપી ગયા છે. મુખપરંપરાથી ઉપદેશ આપવાનો સંપ્રદાય લખવા તથા છાપવાની કલાએ મંદ પાડ્યો, ત્યારથી અવતારો અને પેગંબરોનો પ્રકાશ થતો બંધ પડ્યો છે; પણ જનસમાજને ઉન્નતિ અર્પનાર લેખની પ્રવૃત્તિ જે પ્રતિભાને આધીન છે તે પ્રતિભાના સામ્રાજ્યમાં એક રેખ પણ ઊણી થઈ નથી. પ્રતિભાવાળા લેખોએ જ ઇતિહાસમાં નવા નવા પરિવર્તો કરી આપ્યા છે, જનહૃદયમાં ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, શૂર, પરાક્રમ, સ્વાર્પણ, આદિ ઉન્નત ભાવ પ્રેર્યા છે, અને એમ પોતાની સાર્થકતા કરી આપે છે. **વોલ્ટર** અને **રુસો**ના લેખથી ફ્રેન્ચ રાજ્યવિપ્લવ થયો, ટોમસ પેનના લેખથી અમેરિકામાં પ્રજાસત્તાક સ્થપાયું. **મહાભારત** અને **ચંદના રાસા**ના શ્રવણથી ક્ષત્રીઓએ આર્યત્વની વિશુદ્ધિને અર્થે રાજ્ય અને પ્રાણ સુધાંત હોમી દીધાં.

**– મ. ન. દ્વિવેદી સાહિત્યશ્રેણી-૭, સુદર્શન ગદ્યગુચ્છ-૩, સંપાદકઃ ધીરુભાઈ ઠાકર**

## *ધરતીને અડીને (૧૮ કડીઓમાંથી ટૂંકાવીને)

આ ધરતીને અડીને ઊભું છે આભ, એમાં કૈં જ નથી છેટું, છે ઓરું.
ધરતી જેવું એના લીલું કશું નથી, સરવાળે સાવ બધું કોરું, આ ધરતીને.

બીજ વાવીને તમે ફળને લણો, એવી નથી ધરતી, નથી મોલ.
તરણાં નથી, બેન, હરણાં નથી, નથી બાળકના કાલા બોલ.
ઘડપણ નથી, ભૂખ-તરસ નથી, નથી ઘરમાં કુટુંબ-કલ્લોલ.
અંમર છે એટલે નહીં રે હરખના સાજનવાજનના ઢોલ,
હસતી આંખોને બેન, વળિયાં નથી – સહુ અક્કડ આરસનું મોરું. આ ધરતીને.

નાથે કહ્યું : જરા બેસ તો કઉં મેં કીધું : બેસાય તે ક્યાંથી?
રઝળે છે નાથ, મારાં કામ, હું જઉં તમે અંતરના એકલા સાથી,
તેથી કીધું, કાંક કરજો. સમરથ, ધાર્યું તવ થાય, હું જાણું.
'જાઉં છું નાથ' કહી ચાલી. એ બોલ્યા, ને હુંથી એ કૈં ના સહાણું :
"તારે કંઈ જોંય? તું માગ, છું રાજી. ના માગતાં મન રાખ મોળું." આ ધરતીને.

'મારે શું જોંય?' મેં વળતું કીધું : 'એવી લાલચૂડી હું નથ'.
ભવને ભુલામણે રીબવવી હોય તો લાલચ દેવા ભલે મથ.
પણ સ્વારથને કાજ મને સાંભરે છ ત્યાં લગ કોઈને ભરી નથી બથ.
તું માને તો માનજે, કોઈને જ નૈં, મેં તુંને કીધું આજ તથ.
ફાવે તે લખ, તને સોંપ્યું કેદુનું જીવન-પતાકડું કોરું'. આ ધરતીને.

કેતાં કીધું ને હાલી પણ હાલતાં ડગમગતી, કાંક કાંક થાતું.
કચવાવી નાથને આવી હું આમ! એને હૈયે હશે શું થાતું!
પણ લાગે કે નાથ મારી હાલે સંગાથ, પણ જોયે દેખાય નાં કૈં,
પગલાં પડે, હું અટકું તો અટકે ને લાગે કે વીંટળાઈ રૈ.
જીવી છું નાથને આસરે તોય કદી નો'તું લાગ્યું આમ ઓરું. આ ધરતીને.

જેને સંભારી દરણાં દળું ને ગાઉં પરભાતિયાં ખાંતે,
દિ શું કે રાત, કરું કામ એને નામ, બેન જીવું હું એમને નાતે,
હું જેવી તું તેથી કીધી આ વાત, બાકી ઘરડાંની વાત હોય કેવી!
મરમી અનુભવી હોય તે જાણે નકર મનમાં જ રાખવા જેવી,
તેદુનું બેન મારું લીલું ખેતર, મને લાગે ના સીમમાં કોરું, આ ધરતીને.

સંવાહક : **પીયૂષ પારાશર્ય**, ભાવનગર
(મો. ૯૮૨૫૧૮૭૦૦૭)

**મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય**
(૧૩-૨-૧૯૧૪, ૧૯-૫-૧૯૮૫)

---

* આ કાવ્યના ભાવક તેવા કવિશ્રી રમેશ પારેખે (અમરેલી-રાજકોટ) કહેલું કે મુકુન્દભાઈ મારા, અનિલ જોશી અને મનોજ ખંડેરિયાના પૂર્વસૂરિ છે.

## સૂના ખોરડાં

*સૂનું રે ફળી, સૂનાં ખોરડાં,*
*સૂની લીમડાની ડાળ,*
*સૂનાં પાનોથી છલકે વાયરે*
*આખા ફળિયાનો થાળ;*
*રાતે ચૂવે નભનાં નેણલાં.*

*સૂની ઓસરી, સૂના ઓરડા,*
*સૂનાં જાળી ને ખાટ,*
*સૂની અધખોલી તૂટી ડેલીએ*
*ઊભું જુએ કો વાટ;*
*ઝબકે મિજાગરું વાયરે.*

*નહીં રે ઝાંઝર, નહિ કો ઘૂઘરો,*
*નહિ કો સંચરતું ગાય,*
*વળગી અવાવરું આંગણે*
*કુંકુમ પગલીની ઝાંય!*
*નયને લહરાતી ગળતી ચૂંદડી.*

*સૂના રે સંસારે, સૂની રાતના*
*નહિ કો દીવડો ન દીપ,*
*સમદર તીરે રવડે રેતમાં*
*મોતી વિહોણી છીપ.*
*સૂનકારે એકલતા સામટી.*

*રે'તાં રે રે'તાં તે દી સામટાં,*
*આજે ઉજ્જડ આવાસ.*
*તોયે રે રઘવાયા મારા જીવને,*
*વળગ્યોવિરહ સહવાસ.*
*રણના વંટોળે સૂકું પાંદડું.*

**મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય**
(૧૩-૨-૧૯૧૪, ૧૯-૫-૧૯૮૫)

સંવાહક : **પીયૂષ પારાશર્ય**, ભાવનગર
(મો. ૯૮૨૫૧૮૭૦૦૭)

## માતૃભાષા ગુજરાતીનું ગૌરવગાન હવે ઑનલાઈન પર ઉપલબ્ધ

- ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ એકમાત્ર સચિત્ર વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)
- એક હજાર પૃષ્ઠનો એક એવા છવ્વીસ ગ્રંથોમાં આવેલા ૨૪,૦૦૦થી વધુ લેખો https://gujarativishwakosh.org પર જોઈ શકાશે. દર મહિને પોણા બે લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ઑનલાઇન શબ્દકોશ ગુજરાતી લૅક્સિકન https://gujaratilexicon.com પર જોઈ શકાશે. જેની દર મહિને દોઢ લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- 'વિશ્વકોશ તમારે આંગણે' દ્વારા રોજેરોજ વૉટ્સએપ ઉપર પ્રસ્તુત થતી માહિતીપ્રદ અને વિચારપ્રેરક સામગ્રી
- વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર' – ઓડિયો મૅગેઝિન રૂપે ઉપલબ્ધ જેના મૂલ્યવાન લેખો યૂટ્યૂબ ઉપર સાંભળી શકાશે.
- વિશ્વકોશમાં યોજાતાં અનેકવિધ પ્રવચનો યૂટ્યૂબ ઉપર પ્રાપ્ત
- દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે બાળકોને ગમતી બાળવાર્તા અને બાળગીતની રજૂઆત

Gujarat Vishvakosh Trust

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

9898042699

Gujarat Vishvakosh

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

**૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી ‘પાટ’ પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)

‘મહાપંથ’ અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, ‘મહાપંથ’ લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ ‘લોકધર્મ’ તરીકે પણ ઓળખાય છે.




---

## શબ્દમૂળની શોધ




લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬,

કિ. રૂ. ૬૫૦/-)

‘શબ્દમૂળની શોધ’ [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

# જૂની આવૃત્તિનાં, ઓછી કિંમતે ઉપલબ્ધ
# વસાવવા જેવાં વિશિષ્ટ પુસ્તકો




## વહાલું વતન

**સં. રોહિત શાહ;**

**કિં.: 350**

આ પુસ્તકમાં વિશ્વવિખ્યાત જાદુગર કે. લાલ, શાહબુદ્દીન રાઠોડ, ભીખુદાન ગઢવી અને જોરાવરસિંહ જાદવ જેવા લોક-કલાકારો, અરવિંદ જોશી અને ઉપેન્દ્ર ત્રિવેદી જેવા અભિનેતાઓ, ટી. યુ. મહેતા અને ચિન્મય જાની જેવા ન્યાયમૂર્તિઓ અને વકીલો, ઉશનસ્, ભોળાભાઈ પટેલ, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર, રઘુવીર ચૌધરી, મનસુખ સલ્લા, હર્ષદ ત્રિવેદી, પ્રિયકાંત પરીખ જેવા સાહિત્યકારો વગેરે કુલ 68 પ્રતિભાઓએ પોતાના મૂળ વતન સાથેનાં અને પોતાના બાળપણનાં ઇમોશનલ અને ઇન્ટરેસ્ટિંગ સંસ્મરણો આલેખ્યાં છે.

આ પુસ્તકમાં વાંકાનેર, સાવલી, કડી, બગસરા, કલોલ, ભરૂચ, સુરત, થાનગઢ, નાંદોલ, ચીખલી, સાવરકુંડલા, રાજપીપળા, બાપુપુરા, વિજાપુર, આકરુ, પાટણ, ગોઝારિયા, ટીંટોદણ, નવસારી, લખતર, ધોળકા, ધંધુકા, જૂનાગઢ, ખેરાળુ વગેરે જેવાં 68 ગામ-નગરોનો વિશેષ પરિચય પણ મળે છે.

## હાસ્યમંદિર

**લે. રમણભાઈ નીલકંઠ, વિદ્યાગૌરી નીલકંઠ**

**કિં.: 125**




ગુજરાતી હાસ્ય-સાહિત્યમાં સૌથી જુદા પ્રકારનું વિસ્મયકારક આ પુસ્તક છે. પતિ-પત્નીએ સાથે મળીને આ પુસ્તક લખ્યું છે. એમાં કુલ 38 લેખો છે. ક્યાંક નાટક પણ છે તો ક્યાંક ભાષાશુદ્ધિ અને વ્યાકરણ વિશેના હાસ્યલેખો પણ છે. સો ટકા શુદ્ધ અને ડંખ વગરનું ભરપૂર હાસ્ય માણવા માટે આ પુસ્તક વસાવવું તો જોઈએ જ.




## જયંતિ દલાલની પ્રતિનિધિ વાર્તાઓ

**સંપા. : રાધેશ્યામ શર્મા, દિગીશ મહેતા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

**કિં.: 55**

જયંતિ દલાલ ગુજરાતી સાહિત્યના ખૂબ અગ્રણી વાર્તાકાર હતા. તેમની અઢળક વાર્તાઓમાંથી ત્રણ વિદ્વાન સંપાદકોએ ખાસ પસંદ કરેલી 19 વાર્તાઓ આ પુસ્તકમાં છે. આ પુસ્તકના પ્રારંભે કવિ ઉમાશંકર જોશીએ જયંતિ દલાલની વાર્તાઓને આવકારીને પોતાનો ઉમળકો વ્યક્ત કર્યો છે. આ પુસ્તક નવી પેઢીને વારસામાં આપવું જ જોઈએ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

મો.: 9227055777, 9662275777 E-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,

પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15 ફોન: 26934340

E-mail: gurjarprakashan@gmail.com ❑ website: www.gspbooksmall.com

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની**
**પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

**રન્નાદે પ્રકાશન**

**૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

**ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪**

## ગઝલસંગ્રહો-ગીતસંગ્રહો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **ખામોશી** (ગઝલસંગ્રહ) (એજન્સી) | શ્વેતા તલાટી | ૧૯૦.૦૦ |
| **અંગત છે** (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૭૦.૦૦ |
| **સાવ જુદું છે** (ગઝલસંગ્રહ) | કિશોર જિકાદરા | ૧૮૦.૦૦ |
| **હૈયાસરસી** (ગઝલસંગ્રહ) | કિશોર જિકાદરા | ૧૮૦.૦૦ |
| **કેડી તૃપ્તિની** (ગઝલસંગ્રહ) | ડૉ. મુકેશ જોષી | ૪૦૦.૦૦ |
| **રાત થૈ ચૂકી** (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૭૦.૦૦ |
| **બારીમાંથી** (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૨૦.૦૦ |
| **ગુલમોરની મોસમ** (ગઝલસંગ્રહ) | ડૉ. વિરંચિ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| **તમે જ કહો** (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૦૫.૦૦ |
| **હૃદયબાની** (ગઝલસંગ્રહ) | કવિતા શાહ | ૧૦૦.૦૦ |
| **મનસાગરનાં મોતી** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૯૦.૦૦ |
| **સમી સાંજની પાળે** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૬૫.૦૦ |
| **રણમાં તરાપો** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૮૦.૦૦ |
| **આ નાવ અમે હંકારી** (ગીત-કાવ્યસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૯૫.૦૦ |
| **પાછો ફર્યો છું** (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૦૦.૦૦ |
| **સોડી ઝમકુડી** (આદિવાસી ગીત સંગ્રહ) (એજન્સી) | દુર્ગેશ ઉપાધ્યાય | ૧૨૫.૦૦ |
| **ગુનો કબૂલ છે** (ગઝલસંગ્રહ) | સુરેશ પરમાર 'સૂર' | ૧૨૦.૦૦ |
| **સ્વ-છંદી ગઝલ છું !** (ગઝલસંગ્રહ) | દયારામ મહેતા | ૧૪૦.૦૦ |
| **એ માણસને શોધી કાઢો** (ગઝલસંગ્રહ) | પ્રતાપસિંહ ડાભી | ૧૨૫.૦૦ |
| **જય જવાન, જય કિસાન** (દેશભક્તિના ગીતો) | પુરૂષોત્તમ સોલંકી | ૯૫.૦૦ |
| **ગરાસ** | ડૉ. નીરજ મહેતા | ૧૦૦.૦૦ |
| **ઘૂટ્યો કસુંબ ઘેરો** (ગઝલઅને ગીતસંગ્રહ) | દયારામ મહેતા | ૧૦૦.૦૦ |
| **પર્ણોમાં સરોવર** (ગીતસંગ્રહ) | નવનીત ઉપાધ્યાય | ૧૪૫.૦૦ |
| **હે ગઝલ! આવ, પ્રગટ થા!** | દક્ષા સંઘવી | ૧૦૫.૦૦ |
| **હવાના હોઠ પર** | ફિલિપ ક્લાર્ક | ૧૯૫.૦૦ |
| **સૂરાલય** (શે'રો શાયરી સંગ્રહ) | લલિત રાણા | ૯૫.૦૦ |
| **પુષ્પોના ડંખ** | 'કામિલ' બુખારી | ૨૦૫.૦૦ |
| **ભીતરનો શંખનાદ** | ભાવેશ ભટ્ટ | ૧૨૫.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **સંવેદનાની મહેંક** (એજન્સી) | દીપક નાયકવાડે 'દીયા' | ૧૫૦.૦૦ |
| **દ્વિધા** | ડૉ. જિતેન્દ્ર જોશી | ૧૫૫.૦૦ |
| **સાવ સૂની પળ** | કિરીટ ગોસ્વામી | ૭૫.૦૦ |
| **પ્રસ્તુત** | પુષ્પકાન્ત ગાંધી | ૧૦૦.૦૦ |
| **આંસુનો તરજુમો** | વિરંચિ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| **શબ્દનાદ** (અછાંદસ રચનાઓ) | વિજય જોષી | ૪૦૦.૦૦ |
| **અલખના અસવાર** (સંવર્ધિત ગઝલસંગ્રહ) | યોસેફ મેકવાન | ૧૩૫.૦૦ |
| **ભીતરના અવાજો** | ડૉ. મનોજ જોશી | ૧૨૦.૦૦ |
| **ભીના પડઘા** | તથાગત પટેલ | ૭૫.૦૦ |
| **અડસઠ તીરથ** (સંપાદન) | સંકલન : હંમેશ મોદી | ૮૦.૦૦ |
| **મધુકાન્ત કલ્પિત એક અફવા છે** (ગીતસંગ્રહ) | મધુકાન્ત કલ્પિત | ૬૫.૦૦ |
| **તરકીબ** (ગુજરાતી રદીફોવાળી ઉર્દૂ ગઝલો) | આદિલ મન્સૂરી | ૯૦.૦૦ |
| **આયના ટોળે વળ્યા** | ડૉ. દીના શાહ | ૮૦.૦૦ |
| **પ્રેમ ઝરૂખો** | દિનેશ દેસાઈ | ૭૦.૦૦ |
| **પુષ્પનાં પગરણ** | પુષ્પકાંત ગાંધી | ૫૦.૦૦ |
| ગુલછડી (ભાગ : ૧) (ગઝલોના આસ્વાદ) | ડૉ. રશીદ મીર | ૧૮૦.૦૦ |
| **અહમ્ ઓગાળવા આવ્યા** | શોભિત દેસાઈ | ૧૫૦.૦૦ |
| ગઝલને વળાંકે | ઉશનસ્ | ૬૫.૦૦ |
| **વૈશાખી શ્રાવણ** | રશ્મિ શાહ | ૬૫.૦૦ |
| **હાથની હોડી** | હર્ષદ ચંદારાણા | ૭૦.૦૦ |
| **તરબતર** | રમેશ શાહ | ૫૫.૦૦ |
| **મહેંદીછાયું આકાશ** | અશોક બારોટ 'આકાશ' | ૬૦.૦૦ |
| **ક્ષણોની સફર** (ગીત-ગઝલ) | નંદિતા ઠાકોર | ૭૦.૦૦ |
| **ચશ્માંનાં કાચ પર** | રમેશ પારેખ | ૬૫.૦૦ |
| **ઈથાકા અને જેરુસલેમ** (કાવ્યનો અનુવાદ સંચય) | અનુ. ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૭૦.૦૦ |
| **મનહરનો મ** (મનહર મોદીના શેરોના આસ્વાદ) | રતિલાલ અનિલ | ૫૫.૦૦ |
| **સંગતિ** (ગઝલ સંપાદન) (એજન્સી) | સંપા. મુસાફિર પાલનપુરી | ૧૭૦.૦૦ |
| **પગલાં તળાવમાં** (એજન્સી) | અશોક ચાવડા | ૫૦.૦૦ |
| **કોહેનૂર** (ચૂંટેલા ૧૦૦૦૦ શેઅરો-શાયરી) | ચિનુભાઈ ગી. શાહ | ૬૦૦.૦૦ |
| **જૌહર હૂં જૌહરી ચાહતા હૂં** (એજન્સી) (ચૂંટેલા ૧૦૦૮ ઉર્દૂ શેઅર) | ચિનુભાઈ ગી. શાહ | ૧૦૦.૦૦ |
| **ઝમરખ દીવડો** (ઉત્તર ગુજરાતના લોકગીતોનો સંગ્રહ) | અમૃત પટેલ | ૬૦.૦૦ |
| **ચંપાની કળીઓમાં કસ્તુરી** (એજન્સી)(લોકગીત સ્વરૂપ અને પ્રકાર) | અમૃત પટેલ | ૩૮.૦૦ |

# વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન | – |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net



# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– **મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | | |
|---|---|---|
| Name | : | OM COMMUNICATION |
| Bank Name | : | Punjab National Bank |
| Branch | : | Sola Road. |
| A/c. No. | : | 3937000100083947 |
| IFS Code | : | PUNBO393700 |
| Address | : | 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684 |

પશ્ચિમમાં નારીવાદના નારાનાં ત્રણ ત્રણ બાઇબલ છે. હેનરિક ઇબ્સનનું નાટક ‘ડોલ્સ હાઉસ’, જેમાં પત્ની દરવાજો પછાડી ઘર અને પતિને છોડી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ શોધવા નીકળે છે. ૧૯૪૯માં આવેલું ફ્રેન્ચલેખિકા સિમોન દ બુવ્વાનું ‘ધ સેકન્ડ સેક્સ’ કે જેણે સિંગ્મડ ફ્રોઇડની સાઇકૉલોજિકલ થિયરીનાં ચીથરાં ઉડાવી દીધેલાં. એ વર્તમાન મહિલા મોરચાઓની ગળથૂથીમાં છે. સ્ત્રી ને પુરુષ સરખાં જ છે. સ્ત્રીને સ્ત્રી બનાવાય છે. એના ઉછેર, ભેદભાવ, રીતરિવાજ, સંસ્કાર વગેરેના ઉપયોગથી એનું બ્રેઇન જ નહિ, બૉડીવૉશિંગ પણ થાય છે. એવો તર્ક આ પુસ્તકથી પ્રચલિત બન્યો. પણ ખરા અર્થમાં નારીવાદની પહેલનો પાયો નંખાયો અમેરિકન લેખિકા વર્જિનિયા વુલ્ફથી! ‘અ રૂમ ઑફ વન્સ ઑન’(પોતાનો ઓરડો)માં ફેમિનિસ્ટ રિવૉલ્યૂશનના અંકુરનું વાવેતર છે.

**– જય વસાવડા**

પ્રો. બ્રાઉન ફારસી ભાષાનો પ્રારંભકાળ ઈ.સ. પૂ. ૫૫૦થી ૩૩૦નો ગણે છે. તે શિલાલેખોમાં જોવા મળે છે. જ્યારે અર્વાચીન ફારસી ભાષા-સાહિત્યનો પ્રારંભ ઈ.સ.ની નવમી સદીનો ગણાય છે. તેનો પ્રથમ કવિ રુદકી સમરકન્દી ગણાય છે. અરબી અને ફારસી બન્નેમાં કસીદા, ગઝલ, મસ્નવી અને રુબાઈ મુખ્ય કાવ્યપ્રકારો ગણાય છે. અરબીમાં ‘રુબ્અ’ એટલે ચાર. પ્રાચીન ફારસીમાં રૂબાઈને ‘તરાન’ કે ‘દોબયતી’ પણ કહેવાય છે. આ કાવ્યપ્રકાર ગાગરમાં સાગર જેવો છે. ખય્યામ પૂર્વે પણ ફિરદૌસી અને સનાઈ તે પ્રયોજતા. રુબાઈમાં રહસ્યમય દર્શનને ટૂંકમાં કહી દેવાય છે. રુબાઈ એકવચન છે અને રુબાઇયાત બહુવચન છે.

**– સુભાષ ભટ્ટ**

ફ્રેન્ચ ક્રાન્તિકારી જીન જેમ્સ રૂસોનો જન્મ ૨૮મી જૂન, ૧૭૧૨ના રોજ જિનીવા સ્વિટ્ઝર્લૅન્ડમાં થયો હતો. નાનપણમાં દસ્તાવેજ તૈયાર કરનારને ત્યાં મદદનીશ તરીકે કામ કર્યું. રૂસોના અકલ્પ્ય એવા અનુભવોનું ભાથું એટલે ‘કન્ફેશન્સ’ - એકરાર. નાના-મોટા એવા પાંચેક વિભાગમાં એમણે આત્મવૃત્તાન્ત આપ્યું છે. વિશ્વનાં શ્રેષ્ઠ આત્મચરિત્રોમાં ‘કન્ફેશન્સ’નું સ્થાન અગત્યનું છે. પૂરી નિખાલસતાથી રૂસોએ આપવીતી લખી છે. એકેય વાત છુપાવી નથી.

**– સુરેશ શુક્લ**

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## સુખી થવાની સાદી ચાવી : અસતો માઁ સત્ ગમયઃ

માણસે માણસમાંથી સારા બનવા માટે મહેનત કરવી પડે છે. સારા બની જવું એ તો સહેલું કામ છે પણ સારા બની રહેવું એ અઘરું કામ છે. એ અઘરા કામને સહેલું બનાવનારાં ત્રણ પગથિયાં છે :

**સત્ સંગ; સત્ વાચન; સત્ આચાર.**

આજના, અસત્થી ઊભરાતા યુગમાં સત્પુરુષનો મેળાપ થવો એ સદ્ભાગ્યની નિશાની ગણાય.

ખારાધૂધ મહેરામણમાં સત્ની મીઠી વીરડી જેવા સત્પુરુષનો સમાગમ તો ઈશ્વરની કૃપા થાય ત્યારે જ થાય.

એટલે આ વીરડીને સતત પામવી જરૂરી છે. રોજનું સત્-વાચન, વાચન સાથે સત્-શ્રવણ અને સત્-દર્શન પણ વણી લેવાનાં છે જ.

ડગલે ને પગલે ઠેબે ચડતા

અસત્ વાચન-શ્રવણ-દર્શનના ઉકરડા જેવા ઢગલામાંથી સત્ ને વીણી લેવાના, પરખવાના અને એ પરખવાનું આવડી જાય, ફાવી જાય તો એ સત્ વાચન, શ્રવણ અને દર્શન, સત્-આચારને જન્માવ્યા વિના ન રહે.

આવા સદાચારી એટલે **નિર્વ્યસની**, આવા સદાચારી એટલે **વિનયી**, આવા સદાચારી એટલે **સજ્જન.**

આવા સદાચારનો પ્રકાશ જેના જીવનમાં પથરાય તે સદાચારી.

'સદાચારી તે સદા સુખી' – એ ન્યાયે એ હંમેશાં સુખી રહે છે. આ સુખની ચાવી છે.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

## સંયમ એ યમનો પણ યમ છે

નગર કે શહેર ફરતો કોટ કે કિલ્લો હોય તે નગરનું બંધન નથી પણ સુરક્ષાનું કવચ છે. તે અત્યંત મજબૂત હોવા જોઈએ. હા, તેમાં યોગ્ય સમયે જવા-આવવાના દરવાજા હોવા જોઈએ; કોઈ અનિષ્ટકારક તત્ત્વો પ્રવેશી ન જાય તેની કાળજી રાખનાર રખેવાળ-ચોકિયાત પણ હોવા જોઈએ. કિલ્લાની એક ઈંટ પણ કાચી પડે, નાનું બાકોરું પડે કે ગઢમાં ગાબડું પડે, તો તરત જ તેની મરામત કરાવી લેવાય છે. ગઢ તો છિદ્ર વિનાનો જ હોવો જોઈએ. તે જેટલો મજબૂત તેટલી આપણી સલામતી. આ સમજણ સ્પષ્ટ છે, કિલ્લામાં સુરક્ષિત રહેનાર એની મજબૂતીનું ગૌરવ અનુભવે છે.

તન, મન અને જીવનની સાત્ત્વિકતાને સદાય વિકસિત રાખવા માટે, એની ઉત્તરોત્તર સમૃદ્ધિ માટે, બહારનાં કોઈ નુકસાનકારક તત્ત્વો અંદરની પવિત્રતાને અભડાવી ન દે, ખંડિત ન કરે તે માટે આપણને સંયમ–નિયમના કિલ્લાના રક્ષણની જરૂર છે. આપણી વૃત્તિ અને પ્રવૃત્તિ ઉપર કાબૂ રાખવો હિતાવહ છે.

આ તો નહીં જ

આ તો ખરું જ

આવા સંકલ્પ કરીએ અને તેને દઢ બનાવવા માટે, એની ફરતો કિલ્લો બનાવીએ, એનું નામ પ્રતિજ્ઞા–નિયમ.

આવા નિયમો જેટલા દઢ, પોલ વિનાના, તેટલી આપણાં આંતર-જીવનસૌંદર્યની સલામતી વધારે. સ્વચ્છ અને ડાઘ વિનાના જીવન માટે તે જરૂરી છે.

એક કહેવત યાદ રાખવા જેવી છે :

નાથ વિનાનો બળદ નકામો અને નિયમ વિનાનો મરદ નકામો.

આપણે સ્વેચ્છાએ, તન-મન-જીવનને સ્વચ્છ, સ્વસ્થ અને સત્ત્વસભર બનાવવા, નિયમિત થવાનો, સંયમિત થવાનો પ્રયત્ન કરીએ.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

**અમદાવાદ**

Ganpat University
|| विद्यया समाजोत्कर्षः ||
CENTRE OF EXCELLENCE
NOTIFIED BY GOVERNMENT OF GUJARAT
GSIRF
CareEdge

## National Additive Manufacturing Center West:

# Pioneering Careers in 3D Printing

The National Additive Manufacturing Center West (NAMCW), an initiative by MeitY, Government of India, is driving innovation in Additive Manufacturing (AM), commonly known as 3D printing. This transformative technology constructs objects layer by layer from digital designs, enabling intricate geometries and precise customization. Unlike traditional subtractive methods, AM minimizes waste, making it environmentally friendly, while its rapid prototyping capabilities accelerate production cycles and reduce costs for small-scale and on-demand manufacturing.




Widely adopted across industries like aerospace, healthcare, construction, and jewelry, AM is central to Industry 4.0, integrating digital technologies for smarter production systems. The global AM market is projected to grow at a CAGR of 23.5%, reaching Rs.350 billion by 2025, with over 9 million jobs expected worldwide. NAMCW plays a crucial role in fostering talent development and preparing professionals for high-demand roles such as Additive Manufacturing Engineers, Materials Scientists, and Quality Assurance Specialists. Emerging career paths include generative design specialists and sustainability experts promoting eco-friendly practices.

Professionals can enhance their prospects with expertise in CAD software, material science, and certifications in AM technologies. With salaries averaging 30% higher than traditional manufacturing roles and opportunities for innovation, AM offers a promising future. NAMCW continues to lead the transformation by driving industrial adoption and creating pathways for success in this dynamic field.

***At NAMCW, we offer different short term training programs, B.Tech. Minor/Major in Additive Manufacturing and M.Tech. in Additive Manufacturing.***

*Visit this to know all other programs offered by Ganpat University.*
guni.ac.in/programs

Ganpat Vidyanagar-384012,
Mehsana-Gandhinagar Highway
Dist.: Mehsana, Gujarat (North)

8100 61 61 61
www.guni.ac.in

**PARAB 2025 September**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month**

**ISSN : 0250-9747**

₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**